તંત્રી · બચુભાઈ રાવત

# કુમાર

વર્ષ તેંતાળીસમું · અંક નવમો · સપ્ટેમ્બર ઈ. ૧૯૬૬
સળંગ અંક ૫૧૩


સંસ્થાપક · રવિશંકર રાવળ

ઝરૂખા અને ઝૂંપડાં   ફોટો · ઝવેરીલાલ મહેતા

સમાજના બે મુખ્ય વર્ગ વચ્ચેના વિરોધાભાસને વેધક સચોટતાથી રજૂ કરતું કલાત્મક સંયોજનાવાળું કૅમેરાલક્ષી ચિત્રસર્જન



આવતી કાલનાં નાગરિકોનાં જ્ઞાન, સાહિત્ય, કલા અને સંસ્કારઘડતરનું અગ્રણી માસિક



**કૃષ્ણ-યશોદા**
કલાકાર : નંદલાલ વસુ

કૃષ્ણયશોદાના પ્રસંગો એટલે માતાના વાત્સલ્ય અને બાલસહજ ટીખળ-તોફાનોનું સુંદર દર્શન. ભારતવાસીઓ આજ સદીઓથી એ કથારૂપકમાં રાચતા રહી પુલકિત બને છે અને ભર્યાભર્યા જીવનના આનંદના એ પ્રસંગોને સાહિત્ય તથા કલા દ્વારા વ્યક્ત કરતા આવ્યા છે. એક હાથમાં માખણનો પિંડ પકડીને પોતાની પાછળ ઊભેલા બાલકૃષ્ણની હજી પણ નહિ સંતોષાતી લાલચથી પુલકિત યશોદામાતાનું આ ચિત્ર નંદબાબુએ ભારતીય પરંપરાનાં પોથીચિત્રો ભીંતચિત્રો આદિની શોભનશૈલીએ કરેલું છે. બે થાંભલાથી ટેકવેલી કમાનની નીચે યશોદા-કૃષ્ણનાં પાત્રો સામે મંથનની ગોળી અન્ય સામગ્રી તથા છત-માંથી ઝૂલતા પોપટ પાછળ આંગણાનાં ઝાડ અને લાલ પશ્ચાદ્‌ભૂમિ સર્વની, સંયોજના અને રંગાવટમાં એમણે શોભનલક્ષી સુરુચિ દાખવી છે.

(બ્લૉક : શ્રી અભય ખટાઉ તથા શ્રીમતી કૃષ્ણાબહેન ખટાઉના સૌજન્યથી)





# અનુક્રમણિકા

સપ્ટેમ્બર ૧૯૬૬ • અંક ૫૧૩




કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માટે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦

## વાચકો લખે છે

ઉદીચ્ય બ્રાહ્મણોના ઉદય, વિકાસ અને સામાજિક હ્રાસના ઇતિહાસમાં 'કુમાર'ના વાચકોને સ્વાભાવિકતયા રસ ન હોય; પરંતુ શ્રી રવિશંકર રાવળે એમનાં 'સ્મૃતિચિત્રો'માં અન્ય વિષયો ભેગા આ જ્ઞાતિને સ્પર્શતા વિવિધ પ્રશ્નોની ચર્ચાને પ્રધાનપદ આપ્યું છે એટલે એમાંની એક વિશિષ્ટ સમસ્યાના યથાર્થ જ્ઞાન માટે એના ઊજળા પાસાનો વિચાર આવશ્યક છે.

ઉદીચ્યોની અવદશા વર્ણવતાં શ્રી રાવળે જ્ઞાતિમાં અગ્રસ્થાન ભોગવતા કેટલાક વાડાઓમાં ભૂતકાળમાં ચાલતી 'વરવિક્રય' (આ શબ્દ શ્રી રાવળે વાપર્યો નથી)ની કુત્સિત પ્રથાનો ઉલ્લેખ કર્યો છે. આની વર્તમાન સ્થિતિ કેવી છે એ તો તેઓ કહે ત્યારે જણાય, પણ જે ગતિએ 'સ્મૃતિચિત્રો' અંકાય છે એ જોતાં, ઈ. ૧૯૬૬નું ચિત્ર આંકતાં ઠીક સમય લાગશે. એ કાળે, સંભવે છે કે, હું નિર્વાણપદ પામ્યો હોઉં. એટલે–સૌરાષ્ટ્રનો મને પરિચય નથી પરંતુ–ઉત્તર ગૂજરાતના ઉદીચ્યોમાં મૂર્ધન્ય ગણાયલી સિદ્ધપુરની ઉદીચ્ય જ્ઞાતિના અનુસંધાનમાં વરવિક્રયની પ્રથાની પરિસ્થિતિનો કંઈક પરિચય આપવા લલચાઉં છું.

સિદ્ધપુરની જ્ઞાતિમાં એક કાળે પ્રવર્તતી વરવિક્રયની પ્રથાનું શ્રી રાવળે એમનાં સ્મૃતિચિત્રોમાં રસપૂર્વક વર્ણન કર્યું છે. જાહેર સ્થળોમાં વરના ભાવનાં પાટિયાં મૂકવાની અતિશયોક્તિનો અંશ જવા દઇએ તો એમનું કથન સાચું છે. એ સમય એવો હતો કે જ્યારે, પોતાની કન્યા માટે સિદ્ધપુરનો કુલિન વર મેળવવા, ઉત્તર ગૂજરાતના ઉદીચ્યોમાં રૂ. ૧૦૦૦ કે ૧૫૦૦, ક્વચિત્ ૨૦૦૦થી ૩૦૦૦ જેટલી રોકડ રકમની પરઠણ (√પરઠવું =સોદો કરવો) આપવા પડાપડી થતી. માહ્યરામાં બેઠેલો સિદ્ધપુરનો વર વધુ પૈસાના લોભે અધવચ ઊભો થયાના પ્રસંગો પણ બનેલા.

કાલાન્તરે આનો પરિણામ વૃદ્ધવિવાહ અને અનેક પત્નીત્વ તથા એનાં આનુષંગિક નિરાધાર ત્યક્તાઓ ને બાલવિધવાઓની સંખ્યાવૃદ્ધિમાં આવ્યો. આવા અનુભવોથી ત્રાસી ઊઠેલો છતાં 'तातस्य कूपोऽयम्'ની રૂઢિચુસ્ત મનોદશાવાળો ઉ. ગૂજરાતનો ઉદીચ્ય સમાજ મૂઢભાવે સિદ્ધપુરને અવલંબી રહ્યો હતો. સિદ્ધપુર છોડીને અન્યત્ર કન્યા આપવાનો વિચારમાત્ર પણ એમના માટે અકલ્પ્ય હતો.

પરંતુ આ પ્રદેશની કારુણ્યાસ્પદ ઉદીચ્ય કન્યાઓનો ભાગ્યોદય થયો અને આ પ્રણાલિકાનું ઉન્મૂલન કરનાર એક વિરલ વ્યક્તિ નીકળી. એમનું શુભ નામ શ્રી હરિશંકર દેવશંકર આચાર્ય. ઊંઝાના વતની. વ્યવસાયે અંગરેજી શાળાના શિક્ષક. મારા એક કાળના વિદ્યાગુરુ અને અમને કુમારોને પ્રેરણાદાયી બ્રાહ્મણત્વના પરમ આદર્શ. શ્રી નથુરામ શર્માના સદ્ગુરુ લીમડીના સ્વામી જગન્નાથતીર્થના શિષ્ય. સિદ્ધપુરની નાગચૂડમાંથી જ્ઞાતિજનોને છોડાવવા એ પ્રતિજ્ઞાબદ્ધ થયા. સને ૧૯૨૨-૨૩ના અરસામાં એમણે, વડોદરા રાજ્યના સરકારી ધારા અનુસાર, ઉત્તર ગૂજરાતના ઉદીચ્યોની સહકારી મંડળી (ચલણી ભાષામાં 'ગોળ') કહાડી. મંડળીનો પ્રધાન ઉદ્દેશ : મંડળીના સભ્યોએ સિદ્ધપુરમાં કન્યા આપવાનું સદંતર બંધ કરી દેવું અને અંદરોઅંદર કન્યાની લેવડદેવડ કરવી. અદમ્ય ઉત્સાહ, અદ્ભુત સંગઠનશક્તિ અવિરત પ્રયત્ન ને એકધારા પ્રચારકાર્ય દ્વારા શ્રી હરિશંકરે મંડળીનું કાર્ય ચલાવ્યું. પરિણામે અલ્પ સમયમાં સિદ્ધપુરને કન્યા આપનાર ઊંઝા પ્રમુખ તમામ ગામો—સાથેસાથે અમદાવાદને એકાન્ત અવલંબી રહેલાં નાંદોલ જેવાં ગામો—ના ઉદીચ્યો મંડળીમાં જોડાઈ ગયા અને પરસ્પર છૂટથી કન્યા આપતા થઇ ગયા.

આ 'ગોળ'ની સફળતાની ચાવી એના સભાસદોની સહકારવૃત્તિ અને કડક શિસ્તપાલનમાં હતી. એનો ભોગ હું પણ બનેલો. મારા ગામમાં મારું કુટુમ્બ એકલું જ 'ગોળ'માં જોડાયું નહિ, પરિણામે મારા એક કુટુમ્બીનો વિવાહ લગ્ન આડા આઠદસ દિવસમાં જ તોડી નાખવામાં આવ્યો. અમે ઠીકઠીક મોભાવાળા ગણાઇએ (જોકે શ્રી રવિશંકર સંપાદિત 'ઓ૦ રૌપ્ય મહોત્સવ ગ્રન્થ'માં અમારા કુટુમ્બના અસ્તિત્વનો ઉલ્લેખ સરખો ય નથી), એટલે એ ભગ્નમનોરથ ભાઇનો અન્યત્ર વિવાહ થયો. ત્યાં પણ ગોળના આગેવાનો ઉપસ્થિત. એમણે અમારી જાન ઊતરી હતી એની બરોબર સામે આવેલી બ્રાહ્મણવાડીમાં ગોળના સ્થાનિક સભ્યોની સભા યોજી અને અમારા વિરુદ્ધ પ્રચારાત્મક ભાષણ કર્યાં. પણ જ્ઞાતિના આગેવાનોની મારા કુટુંબ પ્રત્યે ભારે મમતા, એટલે ગોળના અગ્રણીઓના હાથ હેઠા પડયા અને 'क्रोधोऽपि देवस्य वरेण तुल्यः' ન્યાયે ગોળમાંથી જ વધુ કન્યાઓ અમારા અગોળિયાના ઘરમાં આવી.

ગોળની શિસ્તનો વધુ કડવો અનુભવ તો ગોળના સભાસદોને થયો હતો. છતાં મને એમાં કાંઈ જ અજુગતું લાગતું નથી. આવી સંસ્થાઓની સફળતાનો મુખ્ય આધાર એમના સભાસદોની સંસ્થા પ્રત્યેની વફાદારી અને શિસ્તપાલન પર રહે છે. જોકે બધે બને છે એમ, આમાં પણ 'બકરી' ઈદ થતી હોય છે, 'વાઘ'ની ઈદ કરવાનો કોઈને વિચાર જ આવતો નથી.

ગોળનું કાર્ય રાગે પડયું ત્યાં કાયદાની ગૂંચના લીધે આ સહકારી મંડળી વિખેરી નાખવી પડી. સામાજિક સુધારાનો જે પ્રચંડ જુવાળ ચહડયો હતો એમાં ઓટ આવી. અને કેટલાંક કુટુમ્બો ગોળમાં રહીને પણ પાછાં સિદ્ધપુરમાં કન્યા આપતાં થયી ગયાં. શ્રી હરિશંકરનો પુરુષાર્થ છઠ્ઠા-તેરમાને સર્વથા સ્થાનભ્રષ્ટ કરવામાં સફળ ન થયો, પરંતુ વેદંગરાયના હાથીને બાગમાં ઝૂલતા એમણે બંધ કરી દીધા એ તો નિર્વિવાદ જ. આને હું સાચી ક્રાન્તિ કહું છું. 'ઉત્તર ગૂજરાત ઉદીચ્ય સહકારી મંડળી'નું ઉત્તમ પાસું એ હતું કે એમાં તવંગર-ગરીબ, મોટા-નાના, ઊંચા-નીચાનો સઘળો ભેદ ભૂલાઈ ગયો હતો ને બધાયને કંકુને ચાંલ્લે કન્યા મળવાનો સરખો લાભ મળતો થયો હતો.

ઉત્તર ગૂજરાતનો ઉદીચ્ય સમુદાય, અન્ય સમવાયોની સરખામણીએ, કેળવણીમાં પછાત અને આછીપાતળી આર્થિક દશાવાળો ગણાય. એને વારસાગત રૂઢિના પંકમાંથી કહાડી સન્માર્ગે ચહડાવવો, એ અત્યંત ભગીરથ કાર્ય ગણાય. શ્રી હરિશંકરે સ્વબળે આત્મનિર્ભર રહી એ કાર્ય સફળતાથી પાર પાડયું. ઉદીચ્ય સમાજમાં અન્યત્ર આવી ક્રાન્તિ થયી હોય તો એ હું જાણતો નથી, પણ હું દૃઢપણે માનું છું કે આ જ્ઞાતિના સદાચારનો ઇતિહાસ લખાય તો એમાં શ્રી હરિશંકરનું સ્થાન અગ્રપદે હોવું જોઈએ.

આજે ધન, સત્તા, વિદ્વત્તા કે સામાજિક પ્રતિષ્ઠાના બળે સમાજના કતિપય આગેવાનો એક ગોળમાંથી બીજા ગોળમાં કે એક પ્રાન્તમાંથી બીજા પ્રાન્તમાં પરસ્પર કન્યાની આપલે કરે છે અને એને જ્ઞાતિસુધારાનું નામ આપી હરહર મહાદેવ બોલાવે છે, એ કેવળ હાસ્યાસ્પદ છે. એમણે જાતે ચોકો બદલ્યો, પણ એમનાં જ કુટુમ્બીજનો એની એ જ પુરાણી દશામાં સબડતાં રહે છે. સાચો સુધારો એને

કહેવાય કે જેમાં અગ્રણી અને છેલ્લી પંક્તિમાં બેસનાર સર્વને કન્યાની લેવડદેવડનો સરખો લાભ મળે. 'ઉત્તર ગૂજરાત ઉદીચ્ય સહકારી મંડળી'માં આ તત્ત્વ સંપૂર્ણપણે સચવાયું હતું.

છેવટે કવચિત્ રૂપિયા ૧૦૦૦-૧૫૦૦નો રેડિયો-સેટ, કહિક રૂ. ૫૦૦૦નું સ્કૂટર કે રૂ. ૧૫૦૦૦ની મોટરગાડી, એથી આગળ વધીને પરદેશ ભણવા જવાનું ખરચ—એમ કોઈ ને કોઇ રીતે દશમા ગ્રહની* શાન્તિતુષ્ટિ થતી આજે કયાં જોવામાં આવતી નથી?–પછી એ ગૂજરાત હોય કે બંગાળ, અથવા મહારાષ્ટ્ર કે ઉત્તર પ્રદેશ. આ 'વરવિક્રય' નહિ તો બીજું શું? આવું 'દાન' આપવાને અશક્ત પિતાની, વિધાતાએ નવરાશની વેળાએ હળવા હાથે ઘડેલી રૂપરૂપનો અંબાર અને ભણેલીગણેલી કન્યાને વર માટે વલખાં મારવાના પ્રસંગ કયાં અજાણ્યા છે?

(અમદાવાદ) —'પટણીકુલસંભવ'

[*જોડણી આદિ લેખકનાં યથાતથ રાખ્યાં છે. શ્રી રાવળ ઉત્તરમાં જણાવે છે કે 'પટણીકુલસંભવ'નું લખાણ મારા અવલોકનનું સમર્થન કરે છે. કોઈ વિશિષ્ટ સ્થાન કે વ્યક્તિની ચર્ચા આવા પ્રવાહી લેખમાં અજુગતાં લાગે. એ ભાઈ જ્ઞાતિના કોઇ ચોપાનિયામાં શ્રી હરિશંકર આચાર્યે કરેલી ક્રાન્તિનું સ્વરૂપ વધારે વિગતથી આપી શકે. કન્યાપક્ષને આજે પણ અન્યાય ઘણો થાય છે અને લેખક કહે છે તેમાં 'જામાતાઓ' પણ નવા યુગની માગણીઓ કન્યા પક્ષ આગળ મૂકે છે તે મારી જાણમાં છે. તેમાં સિદ્ધપુરની ટેક(!)ના દાખલા પણ છે. પરંતુ વાતાવરણનો સ્પર્શમાત્ર આપી કેવા સંજોગોમાં યુવકોનું જીવન આગળ વધતું હતું તે જ હું દર્શાવવા માગું છું. —ર. મ. રા.]

ઑગસ્ટ અંકમાં ઔદીચ્ય ટોળકિયા વિષેની ચર્ચા વિષે શ્રી રાવળના ખુલાસામાંથી પત્રલેખકોએ ઊભા કરેલા મુદ્દાનો જવાબ ન મળ્યો. શ્રી હરિનારાયણ આચાર્યે શિહોર વિષે અને શ્રી હરિપ્રસાદ વ્યાસે મૂળરાજ સોલંકીએ બોલાવેલા બ્રાહ્મણોની સંખ્યા વિષે મુદ્દા ઉઠાવેલા. આ મુદ્દાના જવાબ અપાયા હોત તો ઇતિહાસ ઉપર સારો પ્રકાશ પડત. બાકી ટોળકિયાઓ એક 'સંસ્કૃતિ' છે તેવો દાવો એકે ય પત્રલેખકે કર્યો નથી. શ્રી હરિનારાયણ આચાર્યે સ્પષ્ટ લખેલું કે ટોળકિયા એ 'સંપ્રદાય' છે. શ્રી રાવળ લખે છે: 'આવી ટોળાં કે તડાંની વિગતો ઔદીચ્યોના સામાન્ય ઇતિહાસ માટે જરૂરી ગણાવી ન જોઇએ.' પરંતુ તેમનાં સ્મૃતિચિત્રોમાં જો સહસ્રનો ઉલ્લેખ વારંવાર આવે તો ટોળકિયાની વિગત માટે બે લીટી ફાજલ પાડવાનું બિનજરૂરી ન જોઇએ. તેમના જવાબમાં આ બાબતનો સ્વીકાર થયો હોત તો અત્રેના ટોળકિયામાં અસંતોષ જન્મ્યો છે તે ન જન્મત.

(વડોદરા) —નરેન્દ્ર મ. વ્યાસ

બિપિનચંદ્ર ઝવેરીએ નિર્દેશેલા ને ગુજરાતના વિદ્યાર્થીવર્ગમાં વપરાતા ચારેક 'સ્લૅંગ' વિષે: ૧) 'દાતણ': સામાન્ય અર્થથી જુદો 'રમણ દાતણ છે' એવા પ્રયોગ દ્વારા તે 'સ્વાર્થી કે લુચ્ચો' છે એમ દર્શાવાય છે. ૨) 'બામ': કોઇ અંગ દુખે ત્યારે માલિશ કરવાની ઓષધિ માટેનો આ શબ્દ ખોટી લમણાંઝીક કરનાર, માથું દુખવી દે તેટલી હદ સુધી લવારો કરનાર માટે. ૩) 'ચમચો': 'રમણ પાઠક સાહેબનો ચમચો છે'–એમાં ચાડીચુગલી કરનાર, વિદ્યાર્થીવર્ગની વાતો સાહેબ સુધી પહોંચાડી વહાલો થનાર વિદ્યાર્થી. ૪) 'વહેમ': ઘણી વાર કૉલેજમાં કોઈક વિદ્યાર્થી માટે 'વહેમ છે'ની બૂમો સંભળાય છે એનો અર્થ વિસ્તૃત થાય છે. કોઈક પોતાને ફિલ્મી ઍક્ટર જેવો રૂપાળો માની એકાદ ઍક્ટરનો સમોવડિયો હોવાનો મનમાં ફાંકો રાખે ત્યારે વપરાય છે.

(નવસારી) —નગીન મોદી

કિશોરાવસ્થામાં અમે પણ અજ્ઞાતપણે આ પ્રકારના શબ્દો વાપરતા. કોઈ સુંદર પુસ્તક કે ચિત્ર કે ફિલ્મ વિષે પ્રશસ્તિવાચક શબ્દ તરીકે 'જલ્લાદ' વાપરતા. ત્યારે વડીલો ટોકતા, પણ અમારો ભાવ એથી બરાબર વ્યક્ત થતો.

(અમદાવાદ) —જિતેન્દ્ર છગનલાલ પંડયા

દારૂડિયાઓમાં વપરાતા ઉપશિષ્ટ: તેઓ દારૂ ગાળવાની ભઠ્ઠીને 'રિફાઈનરી' કહે છે. દારૂ માટે 'લઠ્ઠો', 'અડધિયું', 'સૂંઘિયું' વગેરે વપરાય છે. કોઇ નાનો યુવાન તેના શરીર કરતાં ભારે શરીરવાળી બૈરી પરણી લાવ્યો હોય તો 'મોટી 'ડૉજ' (ટ્રક ઉપરથી) લાવ્યો' કહે છે. પોલીસ માટે 'ઠોલો', 'મફતલાલ' વગેરે વપરાય છે. જો કોઈ આબાદ રીતે છેતરાઈ જાય તો કહેશે: 'મારુ 'કૅન' કરી નાખ્યું.'

(બાવળા) —ધીરુભાઈ ગજ્જર

જૂન અંકમાં શ્રી રસિક ઝવેરી લિખિત 'જલમભોમકા' ખૂબ જ રસપ્રદ લાગી. જન્મભૂમિથી હજારો માઈલ દૂર છતાં જે ઉત્કૃષ્ટ ભાવના કાનજીભાઈમાં જોવા મળી તે આજના યુવાનોમાં અહીં ભાગ્યે જ દેખાશે.

બ્રિટનના પ્રવાસ દરમિયાન એકબે ભાઈઓના માતૃભૂમિ વિષેના ખયાલો તો ખરે જ મનને કટુતાભર્યું બનાવે છે. પોતાને સુશિક્ષિત ગણાવતા ભાઈ બ્રિટનમાં આવીને બે વર્ષના ગાળામાં માતૃભાષા ભૂલી ગયાનું કહે તે દુઃખદ નથી? પોતાના ભાવિ સંતાનને તે ભારતના ભવ્ય વારસા અંગે શી પ્રેરણા આપી શકશે! એક મિત્રનો અનુભવ છે: સુશિક્ષિત સજ્જનના બાળકે શ્રી ગણપતિની છબિ નિહાળી 'મમ્મી she is elephant' કહીને એમને જબરો આઘાત પહોંચાડેલો.

દૂર રહેવા છતાં માતૃભાષાના જ્ઞાનને પુરસ્કૃત કરવા સામયિકો અને દૈનિકોનું વાચન આવશ્યક છે. અગ્રણી સામયિકો અને દૈનિકોના માલિકો વિદેશમાં વસતા ભારતીયોને રાષ્ટ્ર અને સંસ્કૃતિવિમુખ બનતા અટકાવવા થોડું યજ્ઞકાર્ય કરે એ આવકારપાત્ર ગણાશે.

(વેમ્બ્લી-લંડન) —રમણિકલાલ સોલંકી

અંક ૫૦૯માં ભાનુપ્રસાદ પંડયાનું 'બારી' કાવ્ય ફરીફરી રસપૂર્વક વાંચ્યું. દીવાલની કેડ ઉપર લટકતી બારીનું ને સમય સમયના ભાવદર્શનનું એમાં સચોટ વર્ણન છે. અમે (આર્કિટેક્ટ) આખો દિવસ ડ્રૉઈંગ-બોર્ડ ઉપર વિવિધ-પ્રકારનાં બારીબારણાં આલેખીએ છીએ, પણ બારીની આ પ્રકારની સજીવતા કદી કલ્પનામાં આવી નથી. સવારે સૂર્યનાં કિરણો જોતાંવેંત ઓરડીની ભોંય પર ઢળી પડતી, રાત્રે દીવો થતાં શિશુ જેમ શેરીમાં આળોટતી—અરે મધરાતે એના તારામઢયા મુખમાં યશોદાએ કૃષ્ણના મોંમાં કર્યું હતું તેવું વિરાટ દર્શન કરાવતી,...આવી કલ્પના તો કવિ જ કરી શકે! ઘણું જ પ્રશંસનીય કાવ્ય!

(વાનકુવર-કૅનૅડા) —અશ્વિન ભાવસાર

૫૦૦મા અંકમાં ડૉ. પીયૂષ શાહે ઝીણાં બીબાં વિષે અંગુલિનિર્દેશ કર્યો છે. તેના જવાબમાં ઝીણાં બીબાંથી આંખો બગડવાનો ભ્રમ ફેડવાનો આપે ફરીથી સચોટ પ્રયત્ન કર્યો છે. ૪૨ વર્ષ પહેલાં અમેરિકાના ખ્યાતનામ નિસર્ગોપચારક તેમ જ કસરતબાજ બર્નાર મૅકફૅડનનું 'સ્ટ્રૅન્થનિંગ વીક આઈઝ' વાંચ્યું હતું. તેમાં આંખોને મજબૂત બનાવવા માટે અને નજરને વધુ તીવ્ર બનાવવા સારુ ઝીણા ટાઈપમાં છપાએલાં પુસ્તકો વાંચવાની હિમાયત કરી હતી એ હજુ યે ભુલાયું નથી.

(ગોરેગાંવ) —ત્રિભુવન વી. હેમાણી

(અનુસંધાન પૃષ્ઠ ૩૧૮મે)

*મારા બનેવીએ સિદ્ધપુરમાં એમના રસોડાની ભીંતે લાલ અક્ષરે લખેલો શ્લોક:

सदा वक्रः सदा क्रूरः सदा पूजाम् अपेक्षते
कन्याराशिस्थितः नित्यं जामाता दशमो ग्रहः

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક કુમાર ૫૧૩
સપ્ટેમ્બર ૧૯૬૬
તંત્રી બચુભાઈ રાવત

વ્યક્તિઘડતર · ૧૫

# વાસના અને ભાવના

રેવ૦ ફાધર વાલેસ

**નીરોગી માનસ સ્ત્રીમાં સૃષ્ટિનું આભૂષણ, પુરુષમાં શીલનો રક્ષક, નીતિતંત્રમાં સર્જક ચૈતન્યનો ચમત્કાર, લગ્નમાં જીવનશાળા ને કુટુંબમાં સ્વર્ગનું આંગણું જુએ છે.**

વિદ્યાર્થી-અવસ્થાને આપણે ત્યાં પ્રાચીન કાળે બ્રહ્મચર્યાશ્રમ કહેતા એ સકારણ હતું. વિદ્યાપ્રાપ્તિ, શરીરસંધારણ અને ચારિત્ર્ય-ઘડતરમાં બ્રહ્મચર્યનું અગત્યનું સ્થાન છે. વ્યક્તિત્વની દૃષ્ટિએ વિચાર કરીએ તો માણસમાં રહેલી સૌથી પ્રબળ વૃત્તિને પલોટવી, જાતીય ભાન થતાં સ્ત્રી-પુરુષોના સમાજમાં પોતાનું સ્થાન સરળતાથી પ્રાપ્ત કરવું અને કુટુંબની એકતામાં સામી જાતિની વ્યક્તિની સાથે આત્મીયતા સાધવી એ પરિપક્વ વ્યક્તિત્વની આવશ્યક શરતો છે,–અથવા કહો કે જાગ્રત સંસ્કારી વ્યક્તિની અમોલ સાધના છે. એ સિદ્ધિ માટે જે તાલીમ ને પુરુષાર્થ જોઇએ (પુરુષાર્થ શબ્દમાં જ સ્ત્રીજાતિને પરોક્ષ અન્યાય શું નહિ થતો હોય?) તે તરુણ વયમાં સાધવાનાં હોય છે, અને તેથી એ સાહસનું જોખમ, તાકીદ ને રોમાંચકતા વધે છે. વ્યક્તિઘડતરના સંબંધમાં જ્ઞાન ને સંયમની, મનોબળ અને જીવનધ્યેયની જે જે વાતો આપણે કરી છે તેનો પહેલો પ્રયોગ બ્રહ્મચર્ય ઉપર ચલાવવો રહ્યો. ભણવામાં જે વિષય વિશેષ અઘરો હોય તેનો પેપર પરીક્ષામાં જો પાર કરી શકાય તો બીજા બધામાં વાંધો ન આવે એમ વિદ્યાર્થીઓ કહે છે. એ જ રીતે યુવાન માણસની જીવનપરીક્ષામાં જો બ્રહ્મચર્યની કસોટી સફળ નીવડે તો એના વ્યક્તિત્વનાં બીજાં બધાં પાસાં આપોઆપ ગોઠવાઈ જવાનાં. સેનાપતિ હણાયો એટલે આખી સેના શરણે આવી.

વ્યક્તિઘડતરનું પહેલું પગલું જ્ઞાનનું હતું તે અહીં પણ છે. વહેમ, ભ્રમ ને ગપ્પાંઓથી કુદરતની મંગળ યોજના ઢંકાઈ જાય છે; એટલે જ એ ભુલભુલામણીમાંથી સીધો રસ્તો કાઢવો મુશ્કેલ થઈ પડે છે. કુદરતની યોજના સરળ ને પવિત્ર છે: ધરતી ઉપર માનવજાતિને ટકાવી રાખવા માનવહૃદયના ઊંડાણમાં એણે કેટલીક તેજ વૃત્તિઓ રોપી છે. એમાં દેહને નિભાવવા ખોરાકની જરૂર છે માટે કુદરતે માનવતંત્રમાં ભૂખની વ્યવસ્થા કરી છે. ભૂખ ન હોત તો પૈસા ખર્ચીને તથા સમય કાઢીને કોણ ખાવા બેસત? પણ ભૂખ ટકોરા મારે એટલે પેટમાં કંઈક નાખ્યા વિના ચેન પડે નહિ; અને પેટ ભરવાથી શરીર બંધાય છે ને પ્રકૃતિનો હેતુ સરે છે. આ થઈ અલગઅલગ માનવીઓના પાલનપોષણની વાત. હવે એ માનવીઓમાંથી બીજા પેદા થાય એની વ્યવસ્થા પણ કરવાની હતી. એ માટે કુદરતે માણસના અંતરમાં બીજી–ને વધુ પ્રબળ–'ભૂખ' મૂકી છે, જેને પ્રતાપે માણસ નવું જીવન ઉત્પન્ન કરવા તૈયાર થઈ જાય છે. એ છે વિષયવાસના. જેમ ખોરાકની ભૂખ લાગવી એ કોઈ શરમની વસ્તુ નથી, ઊલટું નીરોગી તબિયતનું લક્ષણ છે, (પછી લોકો સ્વાદની પૂજા કરીને ભૂખની વૃત્તિ પાસેથી વિપરીત કામ લે છે અને અત્યાહારથી માંદા પણ પડે છે એ જુદી વાત છે.) તેમ કામ-વાસના મૂળે કોઈ ખરાબ ચીજ નથી (પછી લોકો તેનો દુરુપયોગ કરીને શરીરની તથા મનની બીમારી નોતરે છે એ બીજી વસ્તુ છે).

સર્જનહાર એક કુશળ કારીગર છે અને નવા જીવનના અવતારની તૈયારી તે અદ્ભુત કળાકૌશલ્યથી કામવૃત્તિની પાસે કરાવે છે. પ્રથમ તો સ્ત્રી-પુરુષના હૃદયમાં એકબીજાની તરફ એક ગુપ્ત આકર્ષણ એ જગાવે છે. તે ઉંમરથી ને પરિચયથી વધીને સ્વયં પસંદગીથી કે સંજોગોથી અનેક વ્યક્તિઓમાંથી એક ઉપર કેન્દ્રિત થતું જાય છે, અને તેના હૃદયમાં સામી લાગણીઓ જન્માવે છે. આ પ્રથમ તબક્કે એ સહજ વૃત્તિ વિશુદ્ધ પ્રેમનું રૂપ ધારણ કરે છે, એમાં દેહનો ખયાલ હોતો નથી. નિર્દોષ યુવકયુવતી નિખાલસ-રીતે આ રસ્તે આગળ વધ્યાં હોય અને સમાજની ફરિયાદ સાંભળીને સહજ ભાવે જવાબ આપે કે 'અમે તો ભાઈબહેન છીએ, એમાં અમે સમાજનો શો ગુનો કર્યો?' ત્યારે એમની વાત ને એમની પવિત્રતા સાચી હોય છે; પણ એમને ખબર નથી હોતી કે એમણે જે રસ્તા ઉપર પગ મૂક્યો છે તે ભાઈ-બહેનનો તબક્કો વટાવી આગળ લગ્ન-મંડપ સુધી લઈ જનારો છે; એટલે સમાજની ચેતવણી પણ સાચી જ હોય છે.

હૃદયનાં નાજુક ચક્રોમાં એક વખત વેગ આવ્યો કે તે અચૂક રીતે પોતાની ગતિ કરતાં રહેવાનાં. પ્રેમની અકળ શક્તિ એ બે વ્યક્તિઓ વચ્ચે પૂરી એકતા જમાવતી જવાની: મનની, દિલની, દેહની. તેમના વિચારો એક થઈ જવાના, તેમની રુચિ-અરુચિઓ સરખી થઈ જવાની, તેમના વ્યક્તિત્વની ખોડ એકબીજાથી પુરાવાની અને તેઓ બધી રીતે એકબીજાની નજીક ને નજીક આવતાં રહેવાનાં. એકને જોયા મળ્યા કે સાથે રાખ્યા વિના બીજાને ચેન નહિ પડવાનું, એકના સુખ રક્ષણ ને કલ્યાણ માટે પોતાનો ભોગ આપીને બીજું ધન્યતા

**કામવૃત્તિના સંકલન ને ઊર્ધ્વીકરણથી, બ્રહ્મચર્યની યોગશાળાની તાલીમથી, જીવનસાથીને અનુકૂળ બનવાની સાધનાથી, કુટુંબમાં બીજાંઓને માટે જીવવાની ઉદારતાથી, સમાજનું ઋણ અદા કરવાની કૃતકૃત્યતાથી અને વિશ્વયોજનામાં પોતાનો ભાગ ભજવ્યાના આત્મસંતોષથી માણસનું વ્યક્તિત્વ અતિ દૃઢ ને સમૃદ્ધ બને છે.**

અનુભવવાનું. આ છે તો આકરી સાધના. પણ કામદેવનો આશીર્વાદ તે સરળ બનાવી આપે છે. આમ, બે વ્યક્તિઓમાંથી જાણે એક થઈ ચૂક્યા પછી, પુરુષની શક્તિ અને સ્ત્રીની હૂંફના સુયોગથી જેમાં પ્રેમફળસ્વરૂપ બાળકનાં ઉછેર-પાલન-પોષણ પ્રેમાદરપૂર્વક થઈ શકે એ કુટુંબમંદિર બંધાય છે. એ પવિત્ર તીર્થમાં, એકતાની સાધનાને અંતે, આત્મીયતાના સંકેત રૂપી સાંનિધ્યમાં, કૃતાર્થ કુદરતે બક્ષેલા સુખસ્પંદનની વચ્ચે નવું જીવન અવતરે છે અને દુનિયાના બગીચામાં એક નવું કમળ ખીલે છે... ખરેખર, સર્જનહારની યોજના સુંદર છે, પવિત્ર છે, મંગળ છે.

પરંતુ...જેમ યોજના મંગળ તેમ તેની વિકૃતિ અમંગળ બની જાય. જેમ શિખર ઊંચું તેમ પતન ભયંકર. જેમ શક્તિ વધારે તેમ તેના દુરુપયોગમાં જોખમ વધારે. અને સર્જનશક્તિ એવી જ શક્તિ છે. નવું માનવજીવન પેદા કરવામાં સર્જનહારના ભાગીદાર બનવું એ માણસ માટે ભારે માનની વાત છે; પણ એમાં જ જો માણસ પોતાનો સ્વાર્થ આગળ ધરીને કષ્ટ વિના સુખ, આત્મમેળ કરતાં વિષયભોગ, ભાવનાને બદલે વાસના પસંદ કરે, તો એ કુદરતનો ગુનેગાર બની જાય. સર્જનકાર્ય સિવાય—અને તે માટે યોગ્ય તૈયારી પણ કર્યા સિવાય સર્જનશક્તિનો ઉપયોગ ન કરવો એવો કુદરતનો આદેશ છે. બંધની પાળમાં ચિરાડા નહિ હોય તો જ પાણી ભરાશે અને ખરે વખતે નહેર વાટે ખેતરોને નવજીવન બક્ષવા દોડશે. બંધ એ બ્રહ્મચર્ય અને નહેર એ પતિ-પત્નીનો એકનિષ્ઠ વ્યવહાર. લગ્ન પહેલાં કે લગ્નની બહાર સર્જનશક્તિનો ઉપયોગ કરવો એ ભ્રષ્ટ પ્રયોગ છે.

કુદરતની યોજનાનો આછો પણ ચોક્કસ ખયાલ મેળવ્યા પછી તેનો આપણે સ્વીકાર કરવો ઘટે. વ્યક્તિ-ઘડતરમાં 'આત્મજ્ઞાન' પછી 'આત્મસ્વીકાર' આવે છે, એ સામાન્ય વાત આપણે આગળ જોઈ હતી તે અહીં વિશેષ લાગુ પડે છે. આપણામાં એ કામવૃત્તિ, એ પ્રેમની ભાવના ને એ સર્જનતંત્ર છે, એ વિનાસંકોચે સ્વીકારવું જોઇએ. 'હું માનવી છું, અને માનવીમાત્રની શક્તિઓ ને નબળાઇઓ મારામાં છે' એ ફિલસૂફની કબૂલાત આપણે પણ પોકારીએ. આંખ આડા કાન કરવાથી ન આંખ કે ન કાન સારું કામ આપશે. જાતીય વ્યવસ્થામાં શરમ ને સૂગ જ અનુભવવી, લગ્ન તરફ તિરસ્કારની નજરે જોવું, સામી જાતિની વ્યક્તિઓ પ્રત્યે સતત વહેમ સેવવો...એ અસ્વસ્થ માનસનાં લક્ષણ છે. નીરોગી માનસ સ્ત્રીમાં સૃષ્ટિનું આભૂષણ, પુરુષમાં શીલનો રક્ષક, જાતિતંત્રમાં સ[illegible]ક ચૈતન્યનો ચમત્કાર, લગ્નમાં જીવનશાળા, કુટુંબમાં સ્વર્ગનું આંગણું જુએ છે. દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

**મા**નસશાસ્ત્રના એક અભ્યાસીએ પોતાના સંશોધનકાર્યને અંગે અમદાવાદની કેટલીક શિક્ષણસંસ્થાઓમાં ભણતાં યુવક-યુવતીઓના જાતિ વિષેના અંગત અભિપ્રાયો પદ્ધતિસર ભેગા કર્યા હતા. એમના આંકડા પ્રમાણે ૫૪ ટકાનું વલણ નિષેધાત્મક છે, ૩૨ ટકા ઉદાસ છે ને ફક્ત ૧૪ ટકા જાતિવ્યવસ્થા તરફ રચનાત્મક દૃષ્ટિએ જુએ છે. ૪૯ ટકા છોકરાઓ આ બાબતમાં છોકરીઓ પ્રત્યે અવિશ્વાસ, શંકા, વહેમ ને ભયની લાગણીઓ સેવે છે, અને ૬૬ ટકા છોકરીઓ એ જ હીણ ભાવ છોકરાઓ તરફ અનુભવે છે. લગ્નસંસ્થાને ૨૨ ટકા ઠીક માને છે, ૩૨ ટકા ઘૃણાસ્પદ ઠરાવે છે, જ્યારે બાકીના એ પ્રત્યે ઉદાસીનતા બતાવે છે. આ આંકડા સ્વસ્થ મનોવૃત્તિના નથી.

દુનિયામાં મલિન વ્યવહાર ઘણો ચાલે છે એની ના નથી; અને તેથી, મૂર્ખમાં ખપવું ન હોય તો ચેતી જવું જોઇએ. પણ સોનું કાળા બજારમાં વપરાય એથી એની ઝલક ઝાંખી થતી નથી અને દવાનો ઉપયોગ આપઘાતમાં થાય એથી એનો ગુણ ઓછો થતો નથી. સ્ત્રી-પુરુષ પોતાની સર્જનશક્તિ સુખબજારમાં વટલાવે, ને તેનો વિપરીત ઉપયોગ માન, રૂપ ને સ્વાસ્થ્ય હણવામાં કરે તોપણ એ અસલ વ્યવસ્થાનાં સૌંદર્ય ને તેજ ઝાંખાં પડતાં નથી. બજારમાં નકલી માલ મુકાય છે તેથી શું આપણે સાચો માલ બનાવવાનું બંધ કરીએ?

એક બાજુ કુદરતી યોજનાનું માંગલ્ય ને બીજી બાજુ ભોગી માણસોને હાથે થતી એની વિકૃતિ, એ બંને પાસાંની વાસ્તવિક ને તટસ્થ દૃષ્ટિ રાખ્યા વિના સમતુલિત વ્યક્તિત્વ સંભવે નહિ. એ સમદૃષ્ટિ કેળવવાથી, અને તે અનુસાર કુદરતની યોજનાને બરાબર સમજીને, દિલથી અપનાવીને આચરણમાં મૂકવાથી માણસનો અસલ સ્વભાવ ને ચારિત્ર્ય ઓર ખીલી ઊઠે છે. કામવૃત્તિના સંકલન ને ઊર્ધ્વીકરણથી, બ્રહ્મચર્યની યોગશાળાની તાલીમથી, જીવનસાથીને અનુકૂળ બનવાની સાધનાથી, કુટુંબમાં બીજાઓને માટે જીવવાની ઉદારતાથી, સમાજનું ઋણ અદા કરવાની કૃતકૃત્યતાથી, અને વિશ્વયોજનામાં પોતાનો ભાગ ભજવ્યાના આત્મસંતોષથી માણસનું વ્યક્તિત્વ અતિ દૃઢ ને સમૃદ્ધ બની જાય છે.

સર્જનહારનો શુભ હેતુ પાર પાડનાર ઉપર સર્જનહારનો આશીર્વાદ ઊતરે છે.

---

વદે જનો : વ્યર્થ મનુષ્યની આ
છે વેદના ને શ્રમ રોજરોજના,
આ વ્યર્થ એની વણઝાર કાળનાં
વીંધી રહી શાશ્વત મેર વાધની.
બન્યું ભલે નિષ્ફળ હોય જીવન,
તેથી સદા નિષ્ફળ એ થવાનું?
નથી હજી શું યુગના યુગો પડ્યા
અમો સમક્ષે પુરુષાર્થ ખેડવા?
આ ભીષણા સૃષ્ટિ વિષે નથી શું
સૌન્દર્ય રોમાંચક સૌ દિશામાં?
(શ્રી અરવિંદ)

## રસ્તા ઉપર / ચંદ્રકાન્ત શેઠ

• ગઝલ •

રે! સાંભળો છો? સૂર્યનો છે સાદ આ રસ્તા ઉપર;
છે ચાલવા જેવો સમય, ચાલો બધા રસ્તા ઉપર.

આ મ્હેલ આલીશાન, એ બોલી શકે તો બોલશે,
કે છે અમારે બારણાં તો ત્યાં જવા રસ્તા ઉપર.

શું થૈ જશે ઘર કબર એવો ભય તમોને છે નહિ?
તો રોજ કાં નીકળી પડો છો ઘૂમવા રસ્તા ઉપર?

કૈં કેટલાંની આવજા હર પલ અહીં ચાલ્યા કરે,
ને તોય રહે છે વ્યોમનો અવકાશ આ રસ્તા ઉપર.

ક્યારેક તો રસ્તા ગયા છે કોઈની પાછળ ચહી,
પણ એમનાં ઘર એમની પાછળ ન'તાં રસ્તા ઉપર.

છે કોણ પોતાની નજીક ડગલું ય પણ પ્હોંચી શક્યું–
જેઓનથી આવી શક્યા, ચાલી શક્યા રસ્તા ઉપર?

જે છે ઝરણનો જીવ તે બાંધ્યો કદી રહેશે ખરો?
એનો થયો છે જન્મ પણ જળ નાચતાં રસ્તા ઉપર!

રસ્તે રઝળતા જોઈને અફસોસ કરશો શું તમે?
તેઓ જ હારે છે, નથી જે આવતા રસ્તા ઉપર.

ભૂલા પડે છે તે જ જે મનને ચણે છે ભીંતમાં,
ને તેમને પૂછવું પડે છે—જે સદા રસ્તા ઉપર.

કેવી રીતે ગુફા મહીંથી મ્હેલમાં આવી શકત
જો આ બધા ક્યારે ય આવ્યા હોત ના રસ્તા ઉપર?

---

## પગલાં / ભાનુપ્રસાદ પંડ્યા

• મનહર •

ધૂળભર્યા મારગપે સીમતણી સોડેસોડે
ધીરે સરે પગલાંની છાની વણજાર!
પ્રભાતમાં પડી પેલી પોલીપોલી પગલીની
ટચૂકડી આંગળીઓ—ગુલાબનાં ગાત!
તેની જોડે વાંકાંચૂકાં ઠરડાતાં આંગળાંમાં
ખરી પડ્યો નેવુંનેવું વરસનો થાક!
ઊંડાં અને રેળાએલાં પગલાંમાં પથિકની
પીઠતણો ચીતરાયો આબેહૂબ ભાર!
વાડીભણી બપોરના મરડાતી વહી જતી
કૂણીકૂણી મોજડીથી કેવડાની ગંધ!
કોઈકોઈ નાલ તથા રિવેટની તસવીરે
તગતગી રહ્યો કેવો જુવાનીનો તોર!
ચોપગાંની ખરીઓમાં રેખાયો છે રગેરગ–
સીમાડાના સ્પરશનો લીલેરો ઉમંગ!
દ્વિજગણે ક્યારે ક્યારે ગગન ને તરુ તજ્યાં
તેનો અહીં મારગની કોરેકોરે–ખેતરમાં–
અભિનવ લિપિમહીં આલેખ્યો છે લેખ!
પૂરેપૂરી પારખું ત્યાં સૂસવતા પવનની
પીઠે ચડી વણજાર પલકમાં ગેબ!

---

## હરીન્દ્ર દવે / મેળો

• ગાન •

'વરસું'–'ના વરસું' કહી વાટ જોતી વાદળીએ
વરસી લીધું જ્યાં એક વેળા;
આભ થકી ઝૂકેલી ચાંદની, ને સાગરથી
ઊડતા તરંગ થયા ભેળા:
અંતરિયાળ આવા યે હોય, અલ્યા, મેળા!

ભીની માટીથી જાણે ફૂટીને ધાર
જઈ પહોંચી આ વાદળીના ઉંચે;
લીલી વનરાજીનો રંગ આ વિમાસે
એના સંગાથે જઈએ– ના જઈએ;
તમરાંના સૂરમાં પરોવાતી ઝરમરના
ગીતથી વીંધાઈ ગઈ વેળા.

મોરની કળામાં વસી જળ-થળની માયા,
વસ્યું કોકિલને કંઠ ઝીણું ઝરણું;
ફોરમતા ફૂલનો ઉઘાડ જોઈ કોળી ઊઠ્યું
તાજું ફૂટેલ એક તરણું;
સોડ મહીં શ્વાસને ન મારગ મળ્યો,
જ્યાં બેઉ માણસ મળ્યાં કે થયા મેળા.

---

## 'ઝાહિદ' શિનોરવાળા / વન

લઈ વંટોળ, ઝૂલે ડાળ પર, તૂટી પડે છે વન;
પણે પારેવડાંની પાંખમાં, રહે તરફડે છે વન.
પડે છે બુંદ વર્ષાનાં અને ઝીલી રહ્યાં વૃક્ષો;
છુપાઈ પાંદડે ને પાંદડે, કોઈ રડે છે વન.

---

## હજી... / ચંદ્રકાન્ત ટોપીવાળા

• કટાવ •

હજી હજી આ આંગળીઓમાં
કેસરકેસર પીળચટા પાકેલા ફળ શો
આંગળીઓનો સ્વાદ!
હોઠમહીં પડઘાતા
તારા ઘટ્ટ સ્મિત સ્મિત રણક-હોઠના
લાલ લાલઘૂમ પડઘાઓના નાદ!
ડોક જુએ છે
તારો તાજો ગરમગરમ ઉચ્છ્વાસનો તડકો,
આંખમહીં મ્હેકે છે
તારાં ઝુલ્ફાંઓનાં સતત પીગળતા
કાળાકાળા ગુલાબ-ખડકો,
હજી કર્ણને સ્પર્શે છે તવ બોલબોલથી
ચાંદનીનાં ફરફર ફીણનો આહ્લાદ!
અંગ અંગ પર આલિંગનના હજી ય ભરડા,
પવન પવન પર
પતંગિયાની પાંખો કરે ઉઝરડા,
હજી લોહીમાં
લિસ્સી લિસ્સી લિસ્સી ગતિએ
લસર લસરકે સરકે તારી યાદ!

---

## અણુકાવ્યો

રઘુવીર ચૌધરી

• હાઈકુ •


ખભે ધૂંસરી,
ગળે ઘુઘરા, પૂંઠે
મહેકે ઘાસ.

અશ્વ દોડતા,
પાછળનાં વૃક્ષોમાં
પથ સંતાય.

ડાબલા આછા
થૈને ભળે આખરે
નીરવતામાં.

એકદંડિયો
મ્હેલ નમીને જોતો
જલમાં છાયા.

પગમાં કેડી,
બીજ સંમુખે, સંગે
છાયા આછેરી.



ચંદુભાઈના પિતા મણિલાલ દેસાઈનું મોસાળ અને જન્મસ્થાન ભરૂચ, પણ એમનું નિવાસસ્થાન અમદાવાદમાં શોભારામ સૂરતીની પોળમાં. ચંદુભાઈનો જન્મ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં, અમદાવાદમાં ખાડિયામાં આવેલી ગોટીની શેરીમાં, તેમના માતામહને ત્યાં ઈ. ૧૮૮૨ની ૨૯મી સપ્ટેમ્બરે, ભાદરવા સુદ ચૌદશે—અનંત ચતુર્દશીને દિવસે થયો હતો. ત્યારે પિતા પાલનપુર સ્ટેટમાં ચીફ મેડિકલ ઑફિસર હતા. માતા ધનલક્ષ્મીબેનનાં છ સંતાન–જયાબેન, ચંદુભાઈ, હરિલાલ, નંદુબેન, કપિલાબેન અને મુક્તાબેન– માંથી આજે તો ચંદુભાઈ, હરિભાઈ અને મુક્તાબેન જ હયાત છે. ડૉ. હરિલાલ (એફ. આર. સી. એસ.) અમદાવાદ રહે છે અને મુક્તાબેન પૂના.

પિતાની કમાણી સારી હતી. કુટુંબ સુખી, એટલે ચંદુભાઇનો ઉછેર વૈભવપૂર્ણ વાતાવરણમાં થયો. પણ પિતા શિસ્તપાલનના આગ્રહી હોવાથી શ્રીમંતાઈનાં અપલક્ષણોમાંથી સંતાનો ઊગરી ગયાં. ઘરમાં સૌને માટે એકસરખો આદરભાવ રહેતો, તે એટલે સુધી કે નોકરને પણ તુંકારાથી બોલાવી ન શકાય. દૃઢ ધાર્મિક સંસ્કારો ધરાવતું આ કુટુંબ નવા સુધારા અને નવી ભાવનાઓના રંગે રંગાયું હતું. વેદાન્તના



ડાબી બાજુ: ડૉ. ચંદુલાલ દેસાઈ તરુણ વયે; મથાળે: શુમારે ઈ. ૧૯૫૦માં; સામેના પાને: સુપરિચિત વ્યક્તિત્વ

**'મર્દ માથું આપે—નાક નહિ' એ જીવનમંત્રને**

ઘંટારવની સાથે દેશભક્તિની નોબત વગાડનાર સ્વામી વિવેકાનંદનો પ્રભાવ આ કુટુંબ પર સારો પડયો હતો.

ચંદુભાઈનું પ્રાથમિક શિક્ષણ શરૂમાં પાલનપુરમાં ને પછી અમદાવાદમાં થયું. બાળપણમાં તોફાની ભારે. એક વાર ધીંગામસ્તી કરતાં એમનાથી પિતાશ્રીની કાચની પિચકારી ભાંગી ગઈ. પિતાશ્રીએ બાળકોનો ખુલાસો માગ્યો, પણ કોઇએ ગુનો ન કબૂલ્યો. છેવટે પિતાશ્રીએ કહ્યુ: 'આ ઘરમાં કોઈ જૂઠું બોલતું નથી; કોઈથી જૂઠું બોલાય જ નહિ.' આ વાણીની એવી તો અસર થઈ કે ચંદુભાઇએ પોતાનો ગુનો કબૂલ કર્યો; અને – પિતાશ્રીએ તે દિવસે ઘરમાં મિજબાની આપી! આ પ્રસંગે ચંદુભાઇમાં નિર્ભયતા ને સત્યપ્રિયતાના ઊંડા સંસ્કાર રોપ્યા.

વિદ્યાર્થી-અવસ્થામાં તેમને સાહિત્યનો શોખ જાગ્યો. છઠ્ઠા ધોરણમાં હતા ત્યારથી કાવ્યલેખનની શરૂઆત કરવા માંડેલી. ઈ. ૧૯૦૬માં મૅટ્રિકની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પાસ થઇને ગુજરાત કૉલેજમાં દાખલ થયા ત્યારે પણ કાવ્યપ્રવૃત્તિ ચાલુ જ હતી. કૉલેજના પ્રથમ વર્ષમાં હતા ત્યારે તેમણે, સળંગ કથાનક ધરાવતું, કલ્પનાની હળવી ચમકવાળું 'વિધવા' કાવ્ય, સરળ અને પ્રાસાદિક શૈલીમાં લખ્યું. વિધવા નારી પ્રત્યેની અનુકંપાવાળું આ ખંડકાવ્ય વાંચીને તો કવિ નાનાલાલ એમને ખોળતા આવેલા ને અભિનંદન આપેલાં.

ઈ. ૧૯૦૫માં અંગ્રેજ સરકારે પાડેલા બંગાળના ભાગલાથી લોકોમાં રોષ ભભૂકી ઊઠયો. સ્વદેશીની હિલચાલ શરૂ થઈ. દેશના યુવાનો સ્વામી વિવેકાનંદનું 'ઉદ્‌બોધન', લોકમાન્ય ટિળકનું 'કેસરી' અને અરવિંદ ઘોષનાં 'કર્મયોગી' ને 'વંદેમાતરમ્' વાંચતા ને તેમાંથી પ્રેરણા મેળવતા. ઠેરઠેર સભાઓ થતી ને સ્વદેશનાં ગીતો ગવાતાં. ચંદુભાઈ તો શાળામાંથી જ દેશસેવા કરવા થનગની ઊઠેલા. ઈ. ૧૯૦૨ની અમદાવાદની કોંગ્રેસમાં એમણે સ્વયંસેવક તરીકે કામગીરી બજાવેલી અને ૧૯૦૪ની મુંબાઈની કોંગ્રેસમાં પણ ગએલા.

આ અરસામાં ચંદ્રમણિબેન સાથે એમનું લગ્ન થયું. થનગનતો વછેરો લગામમાં જકડાય એમ ચંદુભાઈ ગૃહસ્થાશ્રમના બંધનમાં જકડાયા. પણ કુદરતનો સંકેત જુદો જ હતો. લગ્ન પછી ચારેક વર્ષે પત્નીનું પ્લેગમાં અવસાન થયું. નાનું સંતાન પણ પાછળથી ગુજરી ગયું.

દેશમાં રાષ્ટ્રભક્તિની પ્રચંડ જ્યોત એવી તો જ્વલંત બની હતી કે કઈ પળે એમાંથી જ્વાળા પ્રગટશે અને દેશના ખૂણેખૂણે ફરી વળશે તે કહેવું મુશ્કેલ હતું; અને ગૃહસ્થધર્મમાંથી મુક્ત બનેલા ચંદુભાઈ ક્યારે આ અગ્નિજ્વાળામાં ઝંપલાવશે એનું ઠેકાણું નહોતું. એ વેળા ચંદુભાઈના પિતાએ બે નિર્ણય લઈ લીધા: એક તો, પુત્રને દંતવિજ્ઞાનના અભ્યાસાર્થે વિલાયત મોકલી દેવાનો; ને બીજો, એને ફરીથી ગૃહસ્થાશ્રમમાં જોડવાનો. ચંદુભાઇએ પહેલો નિર્ણય કબૂલ રાખ્યો ને ઈ. ૧૯૦૮માં ઈન્ટર આર્ટ્સ પાસ થઇને ઇંગ્લૅન્ડ જવા રવાના થયા. બીજા નિર્ણય બાબત વિદેશ જતાં માર્ગમાંથી જ પિતાને જણાવી દીધું કે હવે લગ્ન માટે રાહ ન જોતા. કન્યાના પિતાને પણ લખી દીધું કે 'તમારી પુત્રીને બીજે પરણાવી દેશો; બીજી વાર લગ્ન કરવાની મારી ઇચ્છા જ નથી.

ચંદુભાઈને આર્થિક મુશ્કેલી તો હતી જ નહિ, એટલે પરદેશમાં એ ઠાઠથી રહેતા. ઊંચી જાતનાં રેશમી શર્ટ, સરસ કટનો ને કુશળ દરજીનો સીવેલો કોટ અને નવામાં નવી ફૅશનની હૅટ પહેરીને વાહનમાં બેસીને ફરતા ચંદુભાઈના સહાધ્યાયી મિત્રોમાં પણ કેટલાક શ્રીમંત કુટુંબના નબીરા હતા. એમના મિત્રમંડળમાં ડૉ. દેશમુખ, ડૉ. એરુલકર,

## પોતાની રગેરગમાં ક્રાન્તિ ઉતારીને ગુજરાતના ઘેરઘેર ગાજતો કરનાર સત્યાગ્રહ-સંગ્રામના નીડર સેનાની 'છોટે સરદાર'

# ડૉ. ચંદુલાલ દેસાઇ

લેખક · પ્રો. નરોત્તમ વાળંદ

વીર સાવરકર અને સરદાર વલ્લભભાઈ પટેલનો સમાવેશ હતો.

રમતગમત અને સાહિત્યના શોખી ચદુભાઈનું વાચન વિવિધતાથી ભરપૂર હતું: તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, એન્જિનીઅરિંગ અને મીલીટરી કૅમ્પેઈન્સ એમ વિવિધ વિષયે.માં તેમને એકસરખો રસ પડતો. બાલ્કનં વિગ્રહ વખતે તો પોતાના નિવાસસ્થાનની દીવાલો પર નકશો ભરાવી રાખીને દરરોજની લશ્કરી હિલચાલનો બારીકાઈથી અભ્યાસ કરતા. હિંદમાંથી ઇગ્લૅન્ડ અભ્યાસ માટે આવેલા વિદ્યાર્થીઓમાં રાજકીય ચર્ચાઓ વખતે નગીનલાલ સેતલવડ આગળપડતો ભાગ લેતા. એમનું ઇતિહાસજ્ઞાન વિશાળ હોઈ, તેઓ જે કહેતા તેનું સમર્થન ઐતિહાસિક દૃષ્ટાંતોથી કરતા. ચંદુભાઇનું ઇતિહાસજ્ઞાન એટલું બધું નહિ, એટલે એક વારની ચર્ચામાં એમણે મિત્રોને કહી દીધું: 'You people read history and we make history' (તમે ઇતિહાસ વાંચ્યા કરો, અમે ઇતિહાસનું સર્જન કરીશું).


ઈંગ્લૅન્ડમાં વીર સાવરકરની પ્રવૃત્તિ પાછળ પોલીસ ચાંપતી નજર રાખતી, એટલે એમના સાથી તરીકે ચંદુભાઈની પણ તપાસ થવા માંડી અને હિંદમાં એમને ઘેર પણ પોલીસ અવારનવાર પૂછપરછ કરી જતી. પિતાશ્રી સરકારી અમલદાર હોઈ રાજકીય બાબતોમાં ભાગ લઈ શકે તેમ હતું નહિ, પણ અંદરખાનેથી એમનો ટેકો રહેતો. આથી, હિંદ પાછા ફરતાં સુધીમાં તો ચંદુભાઈ પાકા દેશભક્ત થઈ ચૂકચા હતા.

દંતવિદ્યાના ચાર વર્ષના અભ્યાસ બાદ એલ.ડી.એસ.ની ડિગ્રી મેળવીને તેમાં વધુ પ્રાવીણ્ય મેળવવા તથા વિદેશના સમાજને વધુ સારી રીતે ઓળખવા માટે તેઓ બીજાં ત્રણ વર્ષ વિલાયતમાં રહ્યા. ઈ. ૧૯૧૪માં તે સ્વદેશ પાછા ફર્યા ત્યારે ડૉ. દેશમુખે તેમને મુંબાઈમાં સ્થિર થઇને રહેવાની ગોઠવણ કરી આપી. મુંબાઈમાં દાંતનું દવાખાનું શરૂ કર્યું તેને પહેલે જ દિવસે એક મહિનાના ખર્ચ જેટલી રકમ મળી ગઈ! પછી તો પ્રૅક્ટિસ ધમધોકાર ચાલી અને બીજી બાજુ રાજકીય પ્રવૃત્તિમાં પણ તેઓ ઊંડો અને સક્રિય રસ લેતા ગયા. થોડા જ સમયમાં તેમણે ડૉક્ટર સાઠેના નૅશનલ યૂનિયનમાં જોડાઇને રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં પ્રવેશ કર્યો અને વ્યવસાય સમેટી લઈ મુંબાઈની ઇ. ૧૯૧૮ની સ્પેશ્યલ કૉંગ્રેસના કાર્યવાહક બન્યા. સાથોસાથ હોમરૂલ લીગનું સંચાલન પણ સંભાળી લીધું. આ અરસામાં તે લોકમાન્ય ટિળકના ગાઢ સંપર્કમાં આવ્યા ટિળકનો એમના પર ઘણો પ્રેમ હતો. ટિળકના અવસાન પહેલાંની માંદગી વેળા બહુ ઓછાંને તેમની મુલાકાતે જવા દેવાતા. ચંદુભાઈ છેલ્લી વેળા દર્શન કરવા ગયા ત્યારે ટિળક તેમને જોતાં જ બોલ્યા: Co-operating Chandu or non-co-operating Chandu? (સહકારી ચંદુ કે અસહકારી ચંદુ?) અસહકારની ચળવળમાં તે સૌ સાથે સહકારથી કામ લેતા હોઈ એક મીઠા વિનોદ તરીકે ટિળકે આમ કહેલું.




ફોટો · રમેશ પટેલ · અંકાય

લાંબા સમય સુધી વીસરાએલી કલમ હવે એમણે ફરી હાથમાં લીધી. ૧૯૧૯માં 'કુમારિકા' નામે સળંગ કથાનકવાળું પોતાનું કાવ્ય તથા ૭૫ જેટલાં બાળગીતો, દેશભક્તિનાં ગીતો ને ઊર્મિગીતોનો સંગ્રહ 'ટહુકાર' 'વસંતવિનોદી'ના નામથી તેમણે પ્રકટ કર્યાં. તેમાંનાં 'તારા ધીમા ધીમા આવો' જેવાં મધુર કુમાશવાળાં બાળગીતો ખૂબ જાણીતાં થયાં. 'જનનીસેવનનો મધુમધુરો અવસર ક્યાં મળે રે?', 'જગતના સર્વ દેશોમાં અમારો દેશ ન્યારો છે' ને 'અમે તો ભરત-



મથાળે: ચાર અગ્રણીઓ (ડાબી બાજુથી) સ્વ. કનૈયાલાલ દેસાઈ, ડૉ. ચંદુલાલ દેસાઈ, શ્રી મોરારજી દેસાઈ, શ્રી દિનકરરાવ દેસાઈ; (નીચે) અસહકારની લડત વખતે દક્ષિણ ગુજરાતને ખડું કરનાર ડૉ ચંદુલાલનું સાપ્તાહિક 'વિકાસ'; (છેડે) એવા જ સૂરતના સાપ્તાહિક 'પ્રતાપ'ના કાર્યાલયમાં-ડાબેથી-હિંમતલાલ ગાંધી કાલિદાસ શેલત (તંત્રી), દિનકરરાવ દેસાઈ, ડૉ. ચદુલાલ દેસાઈ, સુધીર મુનશી.



Registered No B. 2551

મેદાને પડે તેજ મર્દ.

# વિકાસ

મર્દ માથું આપે—નાક નહીં.

આ બ્લોક ભાડે આપવાનો છે.

## મેદાને પડે તેજ મર્દ.

### આપણા સ્વાતંત્ર્ય યુધ્ધની શરૂઆત થઇ ચૂકી છે.


સરદાર વલ્લભભાઈ પકડાયા છે અને મહાત્માજી પકડાવવાની તૈયારીમાં છે.

આપણી ખરેખરી કસોટી આવી છે.

હવે, ખોટી બડાઈઓ નહિ ચાલે

મેદાને પડે તેજ મર્દ





ડૉ. ચંદુભાઈની તાજી (૨૬ જૂન '૬૬) છબિ (ફોટો : રમેશ પટેલ)

ભૂમિનાં બાળ' જેવાં ચિરંજીવ સૌંદર્યવાળાં દેશભક્તિનાં તેમનાં ગીતોએ તે કાળે જનહૃદયમાં ઉત્સાહ, વીર્ય ને સમર્પણના ભાવો પ્રસરાવ્યા.

ઈ. ૧૯૧૪ થી ૧૯૧૮ના સપ્ટેમ્બર સુધીનાં મુંબાઇવાસનાં સાડા ત્રણ વર્ષ દરમ્યાન ચંદુભાઈના મનમાં જીવનમાર્ગ નક્કી કરવાનું મંથન ચાલતું હતું. એક બાજુથી સર્વસ્વ હોમી દઇને દેશસેવા કરવા માટે ઝંપલાવવાના વિચારો થઈ આવતા, તો બીજી બાજુથી સર્વસ્વનો ત્યાગ કરીને સંન્યસ્ત લેવાના પણ વિચારો ચાલતા. એક સાંજે તો તેમણે તેમના મિત્ર ડૉ. એરુલકરને પોતાનો નિર્ણય જણાવી પણ દીધો: 'મેં પ્રૅક્ટિસ મૂકી દઈ દેશને જીવન અર્પણ કરવાનો નિર્ણય કર્યો છે.' ડૉ. એરુલકર જાણતા હતા કે ચંદુભાઇનો નિર્ણય ફેરવવો મુશ્કેલ છે, છતાં તેમણે થોડીક ચર્ચા કરી. પરિણામ કંઈ ન આવ્યું.

ચંદુભાઈના અભ્યાસ વેળાના મિત્ર કેશવપ્રસાદ ઠાકોર (જે પાછળથી 'કેસરીપ્રસાદ'ને નામે જાણીતા થએલા) બૅરિસ્ટર બનીને સ્વદેશ પાછા ફર્યા એમણે તો સીધો હરદ્વારનો જ માર્ગ લીધો. પણ કેશવપ્રસાદના ગુરુ ગોખલેજીએ ઠક્કરબાપાને મોકલીને એમને પૂનાની 'સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાએટી'માં બોલાવી લીધા. ત્યાં બંને મિત્રોએ સંતલસ કરી કે બેઉએ એક્સાથે સંન્યાસ લેવો, અને તે અંગે નર્મદા કિનારે જઈ રહેવાનું વિચાર્યું. બંને ભરૂચ આવ્યા અને ત્યાંથી શુકલતીર્થ જઈ ધર્મશાળામાં મુકામ રાખ્યો. એવામાં ચંદુભાઈના મોટા કાકા બીમાર પડયા. એ ચંદુભાઇને મળવા ઝંખતા હતા એવો પિતાશ્રીનો પત્ર આવતાં તે અમદાવાદ ઊપડયા. ત્યાં સંન્યાસની વાત નીકળતાં પિતાએ ઉતાવળ નહિ કરવા જણાવ્યું, ત્યારે તેમણે પોતાનું હૈયું ઠાલવતાં પિતાને કહ્યુ: 'તમને તમારી જાત પર વહાલ છે કે મારા પર! જો મારા પર વહાલ હોય તો મને મારા અંતઃકરણનું (અનુ. ૩૩૧)

આત્મકથાનક
૫૬

# જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
અને આલેખક
રવિશંકર
રાવળ

## ૨૬૨ ફરી મુંબાઈમાં

નવસારી ઘણા ભારે હૈયે છોડયું. ગ્રાન્ટરોડ ઊતર્યો ત્યારે મનુએ સ્ટેશન પર વધાવી લીધો મુંબાઈમાં ચોમાસું બેસી ગયું હતું. ત્યાંનો આકરો સાસરવાસ હવે વેઠવાનો હતો. મનુને તો મારી હાજરીથી જાણે નવો જીવ આવ્યો. તેને તેના ભાઈ લખુભાઈ કરતાં પણ મારી સાથે વધુ જીવ મળેલો હોઈ બહુ ફાવતું હતું હું જે કંઈ કરું તેમાં તે ભાગ્યે આનાકાની કરતો. લોકલમાં લોઅર પરેલ જઈ અમારી પોતીકી ઓલીમાં હું હળવો થયો અમને સ્વાગત કરે એવું બીજું કોઈ ત્યાં નહોતું.

બીજા દિવસથી નિત્ય-નિયમ શરૂ થઈ ગયો. સ્કૂલમાં જઈ રાબેતા મુજબ કામ શરૂ કર્યું. પણ વાતાવરણમાં રંગ નહોતો. રોબોથામ છ મહિનાની રજા લઈ ઇંગ્લંડ સેક્રેટરી ઑાવ સ્ટેઇટને મળી પોતાના માટે કંઈ વ્યવસ્થા કરવા ગયા હતા તે એકદમ આવી ઊભા રહ્યા તેથી સૌને આશ્ચર્ય થયું. તેણે જોરશોરથી કામ શરૂ કરી દીધું; છતાં સાધારણ માન્યતા એવી હતી કે લાંબુ રહેશે નહિ. તે બપોર પછી અમારા વર્ગમાં આવતા અને ડિઝાઈન વિષે નવા ખયાલો આપતા. કામની હવે ખરેખરી ધગશ જાગી, ત્યારે રોજ લોકલમાં મગનબાગ જઈ રાંધવું, રહેવું અને શહેરમાં આવવું કંટાળાજનક બની ગયું. મને થયું કે કોઈ પણ રીતે મુંબાઈમાં આવીને રહેવું જેથી કામનો સમય વધારે મળે.

## ૨૬૩ પિતા બન્યો

એક દિવસ રોજની લોકલ પકડવા સ્ટેશન તરફ જતો હતો ત્યાં રસ્તે ટપાલીએ મારા નામનું કવર આપ્યું. તે એમ ને એમ હાથમાં રાખી સ્ટેશનમાં જઈ લોકલની રાહ જોતા રેલવેના બાંકડા પર બેસી ફોડયું, તો ભાવનગરથી બહેનનો પત્ર હતો કે તા. ૨૮-૩-’૧૨ના રોજ તેનાં ભાભીએ એક પુત્રને જન્મ આપ્યો છે. પત્ર હાથમાં રાખી હું ઊંડા વિચારમાં ઊતરી ગયો. હજુ તો મારા અભ્યાસનું બીજું વર્ષ છે અને રહેવા જીવવાનાં ઠેકાણાં નથી ત્યાં જીવનની આ ગંભીર જવાબદારી આવી પડી તેમાં શી રીતે પાર થવાશે? પણ મારાં બહેનના પત્રમાં તો આખા કુટુંબનો હર્ષ—મારા પિતાશ્રીએ ત્રીજી પેઢીનો પહેલો વારસ જોયો તેનો આનંદ—વર્ણવ્યો હતો. મારા પિતા પૌત્રનું મુખ જોઈ ભાગ્યશાળી બન્યા હતા અને આ પ્રસંગ કુટુંબનો મંગળ પ્રસ્તાવ હતો એમ તેઓએ માન્યું હતું. છતાં મારે હવે વધુ ચીવટથી આગળ વધવું જોઈએ તેની ચિંતા તો જાગી તે જાગી જ. મુંબાઇમાં જઇને રહેવાનો વિચાર હવે વધુ દૃઢ થઈ ગયો.

## ૨૬૪ ફરી પીપળવાડીમાં

એવામાં હરિભાઇએ ખબર આપી કે પીપળવાડીમાં ઉપરના માળે એક રૂમ ખાલી થઈ છે. મગનબાગની રૂમ અને રેલવેની આવજા કંટાળારૂપ બની ગઈ હતી. અહીં હરિભાઈ અને તેમનાં માતુશ્રી કાશીબાની હમેશાંની હૈયાધારણ મળશે એમ વિચારી મેં એકદમ તે રૂમ રાખી લીધી. લખુભાઈ મગનબાગ છોડવા રાજી નહોતા, પણ મનુની મારી સાથે જ રહેવાની લાગણી તે સમજી શકયા અને અમે સૌએ મગનબાગનો સામાન ઉઠાવી પીપળવાડીમાં વાસ કર્યો.

લખુભાઈને નોકરી મળી નહોતી એટલે હાથે જ રાંધવાનો આગ્રહ રાખ્યો. મુંબાઈના ચોમાસાનાં ઝાપટાં અને ભેજમાં ચાલીઓમાં રહેનારની શી વલે થાય છે તે તો રહેનારાં જ જાણે છે. પણ અમે


જુવાન
જુગતરામભાઈ

એકલા પુરુષો જ હતા અને રૂમ બે હતી એટલે બહાર ગૅલેરીમાં કોઇને સૂવાની જરૂર નહોતી. ઊલટા નીચેથી હરિભાઇએ પણ રાત્રે અમારી સાથે સૂવા આવવાનું રાખ્યું. અમે એટલા પણ તેમને ઉપયોગી થઈ શકયા તેનો અમને સંતોષ થયો.

## ૨૬૫ સ્વામી આનંદની નિકટમાં

ચાલીમાં બીજા ઘણા સોબતી મળી ગયા. એક વાર સ્વામી આનંદ પણ ભેટી ગયા. તેમણે કહ્યું કે પોતે પણ એ ચાલીમાં એક રૂમ રાખી છે અને ત્યાં ઘણી વાર આવે છે. તેમનાં માનેલાં બહેન (ધર્મભગિનિ) શ્રીમુખબહેન પણ તે જ માળ પર રહેતાં, અને પોતાની રૂમમાં સ્વામીએ ત્રુળજાશંકર યાજ્ઞિક તથા યુવાન જુગતરામ દવેને પણ વસાવ્યા હતા, એટલે સ્વામી તેમની સાથે મારી પણ ખબર હવે અવારનવાર કાઢતા અને ઘણી વાર મારા ટેબલ પાસે બેસી પ્રેમથી વાતો કરતા. એ વખતે તે પ્રો૦ ટી. કે. ગજ્જરના સેક્રેટરી બન્યા હતા એટલે એ મહાપુરુષની કેટલીક વિચિત્રતાઓ કહી હસાવતા. નિર્દોષ તોફાનભરી વાતોમાંથી રમૂજ મેળવવાનું સ્વામીને ગમતું. પીપળવાડીમાંથી સ્વામી સાથે મારો સંબંધ ગાઢ અને ઉચ્ચતર બન્યો. તેમને મોંએ વિવેકાનંદ, ભગિનિ નિવેદિતા, કુમારસ્વામી વગેરેની વાતો સાંભળી તેમનાં જીવનચરિત્રોમાં મને રસ લાગ્યો અને ‘નૅશનલ આર્ટિસ્ટ’ થવાની ધગશ તેમણે મારામાં જગાડી. સ્વામીને હું આપ્તજન તરીકે ચાહતો. મને તે હમેશાં પ્રેમથી ‘રવુભાઈ’ કહેતા. પણ એ સમયે તેમને મહાન રાષ્ટ્રસેવક તરીકે ઓળખવાનું કઠણ હતું. તેમની પ્રવૃત્તિઓથી હું પૂરો વાકેફ ન હતો અને તેમના વિશાળ મિત્રમંડળમાંથી કોઈકને જ હું ઓળખતો થયો હતો.

## ૨૬૬ નર્મદાશંકર રામજી ભટ્ટ

એક દિવસ અમારી ચાલીને કાટખૂણે જોડાએલી બીજી ચાલીમાં મારા બાળપણના મિત્ર નર્મદાશંકરને જોયા અને જાણ્યું કે તે ભાવનગર રેલવેની ઑાડિટ-ક્લાર્કની નોકરી છોડી ઑાડિટ-ઍકાઉન્ટન્સી શીખવા આવ્યા હતા. સાથે તેમનાં વિધવા માતુશ્રી મણિબહેન રાંધી આપવા આવ્યાં હતાં અને તેમની એક બાળકી પણ સાથે હતી.

નર્મદ (અમે તેને એ નામે જ મિત્રોમાં ઓળખતા)નાં માતુશ્રી બહુ જ માયાળુ હતાં. તેમના પતિ રામજીભાઈ પ્રૌઢ વયે પણ અકાળે ગુજરી જતાં નૉનમૅટ્રિક નર્મદને ખાતાના અધિકારીએ તેના પિતાની રૂ. ૩૦ની ક્લાર્કની નોકરી અપાવી હતી અને મણિબહેન તેના શ્રેય માટે વારંવાર ઉપરી-અધિકારીઓને ઘેર જઈ વિનંતી કરતાં. છેવટે





ઈ. ૧૯૧૧-૧૨માં હું પરિણીત જીવનનો અનુભવ પામ્યો તેની કલ્પના અને ભાવ આ બે ચિત્રોમાં ઉતારવા પ્રયત્ન કર્યો છે. બાઈબલનાં આદમ અને ઇવ ખુદાના બાગમાં ફરતાં હતાં ત્યાં સેતાને તેમને જ્ઞાનવૃક્ષનું ફળ ચખાડવાનો પેંતરો કર્યો હતો. તે રીતે નિર્દોષ યુગલમાં સંસારભાવ જાગ્યો ત્યાર પછી માનવજાતિનો વિસ્તાર થયો. પહેલા ચિત્રમાં પુષ્પધન્વા કામદેવના ઉપવનમાં વિહરતું દંપતી કામદેવનું નિશાન બને છે. યોગ્ય સમયે, પોતાનું નિશાન આબાદ લાગ્યું છે તેનો પરિતોષ અનુભવતો તે બીજા ચિત્રમાં દેખાય છે.

મહત્ત્વાકાંક્ષી નર્મદને થયું કે પોતે વિશેષ અનુભવ અને જ્ઞાન મેળવવાં, પટ્ટણી સાહેબને અરજી કરીને તેણે નવી પરીક્ષાઓ માટે સ્કૉલરશિપ મેળવી હતી અને એક નાની નોકરી પણ શોધી કાઢી હતી. લગ્ન થઈ ગયું હતું અને એક બાળકી પણ હતી, પણ પત્ની સાથે મનમેળ ન થતાં માત્ર બાળકી અને માતાને લઇ અહીં પીપળવાડીમાં ઓરડી મેળવી ભણવા રહ્યા હતા. મને તેનો પરિચય ગુજરાતી ચોથા ધોરણથી અને પછી નથુરામ શર્માના શિષ્યમંડળમાં પણ સમાન વયસ્કો તરીકે અમે વારંવાર ભેગા થતા.

એમની ઓરડી મારા માટે એક વિશ્રાન્તિસ્થાન બન્યું. માતુશ્રી મણિબહેન તેના માટે કંઇક સારી વાની બનાવે તો મારા માટે રાખી મૂકે અને સાંજે તેમની પાસે બેસવા જાઉં ત્યારે મને હેતથી ખવડાવે. એ અવારનવાર મને કહેતાં: 'ભાઈ, તારી જેમ મારો નર્મદ ક્યારે ડાહ્યો થશે?' નર્મદને ભણવાની ધગશ તો હતી, પણ તેનાં માતુશ્રીના આ શબ્દોનું હાર્દ એ હતું કે ક્યારે તેની પત્ની સાથે મેળ કરશે. મણિબહેન પાસે હું ઘરની, બાની, બહેનની ને પત્નીની વાતો કરતો. મને રોજ ઘરનાં સ્વાદ અને સગવડો યાદ આવતાં અને મનમાં જરા ઓશિયાળો બની જતો. મારું મન બહુ જ બેચેન બનતું.

## ૨૬૭ તબિયત ખરાબ થઈ

અમારા ખોરાકમાં કંઈ રસ હતો નહિ. હાથે રાંધતા, પણ તે વેઠ ઉતારવા જેવું. સવારે જેવા આવડે એવા ભાખરા જ કરતા; તેને જેમતેમ ચોડવતા અને કાચાપાકા પણ ખાઈ લેતા. શાક, દહીં અને ગોળ તેમાં સહાયક. ભાત કે ખીચડી રાત માટે રાખતા. મારી તબિયત પર ખરાબ અસર થવા લાગી. કાં બંધકોશ થાય, કાં ઝાડા છૂટી જાય. ઊંઘ ન આવે. આવે તો ભયંકર સ્વપ્નાંવાળી. તેમાં વળી લાકડાનાં પીઢિયાંવાળી એ જૂની ચાલીમાં ઉપરથી માકણ ટપકે ને તે વીણવામાં રાતો વીતે. સવારમાં વહેલા ઊઠી ન હવાયોવાની ને પાણી સંઘરવાની ચિંતા. મારો સ્વભાવ એવો કે બીજાને કામ કરતો જોઉં એટલે બેસીને જોઇ ન રહું, તબિયતે કે ના-તબિયતે પણ મારા કામનો ભાગ પૂરો કરું.

છેવટે ભૂલેશ્વરમાં ધીરાકાકા પાસે ગયો. મારી નાડીની શિથિલતા જોઈ તેમણે શિવાક્ષાર પાચનની પડીકીઓ આપી; પંચામૃત પર્પટીનો ૨૧ દિવસનો પ્રયોગ કરાવ્યો. ધીમેધીમે તાકાત ઓછી થતી ગઈ. ઘસડાતો સ્કૂલમાં જાઉં અને ઢગલો થઇ સાંજે ઘેર પહોંચું. કંઈ કામ કરવું ન ગમે, જીવનમાં કોઈ દિશા ન સૂઝે. મુંબઇમાં ખર્ચ કરતા દિવસો વીતે.

મુંબઇનું ચોમાસું પૂર બહારમાં જામી ગયું હતું. હું લગભગ અર્ધો દિવસ સ્કૂલ ભરતો, બાકી રૂમમાં બેજાર પડ્યો રહેતો. નિશાળનું વર્ષ લંબાયું હતું તેથી સારો થઇશ કે તરત અભ્યાસને પહોંચી વળીશ એવી મનમાં હામ હતી, પણ શરીરમાં દૈવત રહ્યું નહોતું. હરિભાઇને ત્યાં આવતા મિત્રો-સંબંધીઓને અમારી ખાલી રૂમ બેઠક માટે ગમી ગઈ હતી. એમનું યત્કિંચિત્ સ્વાગત કરતાં મારા માટેની તેમની ભાવનાનો જવાબ તો આપી શકાતો, પણ તેમની સોગઠાંબાજી કે પાનાંની રમત મોડી રાત સુધી ચાલતી ત્યાં સુધી હું સૂઈ શકતો નહિ; અને સૂવા વખતે પાછી માકણનું સૈન્ય હઠાવવા (અનુસંધાન પૃ. ૩૨૬)

# મૃચ્છકટિક

**ઘટનાતત્ત્વની દૃષ્ટિએ સંસ્કૃત નાટકોમાં શ્રેષ્ઠ ગણાએલા શૂદ્રકના વિખ્યાત નાટકનું વાર્તારૂપ**

શેક્સ્પીઅરની નાટ્યકથાઓનાં વાર્તાંતરોથી પ્રકીર્તિત
**ડૉ. મધુસૂદન પારેખની**
કલમે શરૂ થતી સંસ્કૃત નાટકોનાં વાર્તાંતરોની માળા

**વસંતસેના** બીધેલી હરણીની જેમ નાસતી હતી એનાં રૂપ સૌંદર્યનો શિકાર કરવા માટે રાજા પાલકનો સાળો શકાર અને તેના સેવકો પૂંઠે પડ્યા હતા. વસંતસેના નગરની સુપ્રસિદ્ધ ગણિકા હતી. એની નૃત્યકળાનો જોટો જડે તેમ ન હતો. એનાં અંગેઅંગમાં વસંતની સ્ફૂર્તિ હતી. એનાં રૂપની, એની સૌંદર્યશ્રીની સહુ નગરજનો અદબ જાળવતા. લોકહૃદયમાં વસંતસેનાનું વિશિષ્ટ સ્થાન હતું.

એ જ નગરમાં વણિક ચારુદત્ત વસતો હતો. તેનાં વહાણો દેશ-દેશાવરમાં દરિયો ખેડતાં હતાં. પોતાની તમામ લક્ષ્મીને તેણે વહેતી રાખી હતી. પરંતુ અકસ્માત વહાણો ડૂબ્યાં અને સાથે તેનું ભાગ્ય પણ. છતાં દરિદ્રાવસ્થામાં પણ તે સ્વમાનપૂર્વક દિવસો વિતાવતો હતો. તેની ઉદારતા અને સુજનતા સંસ્કારિતા માટે સહુ નગરજનો તેનું સમ્માન કરતા. ચારુદત્ત વાણિજ્ય ખેડનારો માત્ર વહેવારિયો ન હતો: તે કલાપ્રવીણ હતો. સંગીત-નૃત્યની તેને સારી પરીક્ષા હતી. એની કલા-સંસ્કારિતાની નગરમાં નામના હતી. એક પ્રસંગે કામમંદિરમાં વસંતસેના નૃત્ય કરતી હતી. ચારુદત્ત નિર્ણાયક હતો. વસંતસેનાની ચમક ચમક થતી રૂપજ્યોત અને તેની ચપલાગતિ પર ચારુદત્ત મુગ્ધ થયો. વસંતસેનાનાં નેત્રોમાંથી પ્રગટ થતી અમીધારાએ તેને ઇજન દીધું. બંનેને પ્રથમ દૃષ્ટિએ જ પરસ્પર અનુરાગ ઊપજ્યો. સુદૃઢ, સુકુમાર અને આકર્ષક ચારુદત્તની પ્રતિમા વસંતસેનાના ઉરમાં અંકિત થઈ ગઈ. ચારુદત્ત એની અમીભરી આંખોનાં ઇજનનું સ્મરણ કરીને સુખ-સમાધિમાં ડૂબી રહ્યો.

રાજા પાલકના સાળા શકારને વસંતસેના ચારુદત્તના પ્રેમસંબંધની જાણ થઈ. તે છંછેડાયો. તેણે વસંતસેનાને પ્રથમ વાર જોઈ ત્યારથી જ તે કામાતુર બન્યો હતો. એ રાજાનો સાળો હતો એટલો જ લોકોમાં તેનો મહિમા હતો. તેની મૂર્ખાઈની લોકો હાંસી ઉડાવતા, પણ તેની સત્તાથી ડરતા. તેનો રુઆબ જાલિમ હતો. મહેલના ગવાક્ષેથી તેણે વસંતસેનાને જતી જોઈ અને એનાં રૂપની મોહિનીએ તેના ચિત્તને ભમાવી નાખ્યું. એકદમ તેણે પોતાના પરિજનો સાથે તેનો પીછો પકડ્યો. વસતસેના ભયથી બાવરી બની ગઈ. શકારની બરછટ રીતભાત અને તેના સ્થૂલ ગ્રામ્ય સંસ્કાર પ્રત્યે એને ઘૃણા હતી. શકારના પંજામાંથી છટકવા એ ગતિ વધારીને નગરના નિર્જન માર્ગો પર ભયભીત મૃગલીની જેમ નાસતી રહી. પાછળ શિકારીઓ તેનું પગેરું શોધતા પૂંઠ પકડી રહ્યા હતા. એ કોઈ વિસામો શોધતી હતી. શકારની બૂમો તેને કંપાવતી હતી. માઝા મૂકીને શકાર વસંતસેનાને પોકારતો હતો: 'વસંતશેણી...ઓ શેણી, ઊભી રહે...હું તારો રાવણ, તું મારી કુંતી... ઊભી રહે.' વળી સેવકોને ઘાંટા પાડતો હતો: 'પકડો ઝટ, અલ્યા ...દોડો! રામના હાથમાંથી દ્રૌપદી નાશે તેમ એવી એ નાઠી છે; પણ ઝાલી લાવો એને...હું હનુમાનની જેમ એનું હરણ કરીશ...'

શકાર અને તેના સેવકો વસંતસેનાની સાવ નજીક આવી રહ્યા. વસંતસેનાનો શ્વાસ ભરાઈ ગયો હતો તે થાકી ગઈ...ગભરાટમાં પડી ગઈ. અચાનક એક વિસામો તેણે જોયો. આંખ મીચીને એ ઘરની ઓસરીમાં પેસી ગઈ અને શરીર સંકોચીને એક ખૂણામાં પારેવડીની જેમ ફફડતી લપાઈ રહી. તેણે કંઈક રાહતનો દમ ખેંચ્યો. તે જરાક સ્વસ્થ થઈ ત્યાં અંદરનું દ્વાર ઊઘડ્યું અને હાથમાં પૂજા-દીપ લઈને એક સ્ત્રી બહાર નીકળી. બહાર કલશોર થતો હતો. વસંતસેના મૂંઝાઈ. પણ તરત સમયસૂચકતા વાપરી તેણે પોતાના પાલવથી દીપ બુઝાવી નાખ્યો! ઓસરીમાં એકદમ અંધકાર વ્યાપી ગયો. પવનના ઝપાટે દીપ બુઝાયો માનીને પેલી સ્ત્રી ફરી દીપ પ્રગટાવવા જાય ત્યાં તો શકાર અને તેનાં માણસોએ અંધારામાં તેને પકડી લીધી. શકારે એકદમ એનો ચોટલો ઝાલી બહાર ઘસડી ને આનંદની ચિચિયારી પાડી ઊઠ્યો: 'પકડી છે, શેણીને મેં પકડી લીધી છે...ચાણક્યે જેમ દ્રૌપદીને ચોટલેથી ઝાલી હતી તેમ મેં એને ઝાલી છે...' વસંતસેના કંપતે હૈયે બહારની ચીસાચીસ સાંભળી રહી, ત્યાં ઘરની અંદરના ભાગમાંથી એક મૃદુ સંસ્કારી અવાજ આવ્યો: 'રદનિકા, ઓ રદનિકા...' અને તુરત જ એક પુરુષ ઓરડામાંથી બહાર નીકળ્યો. વસંતસેનાને આખે શરીરે સુખદ રોમાંચ થઈ ગયો: 'અહો, આ તો આર્ય ચારુદત્ત પોતે! અને એમનો જ વિસામો મને મળ્યો!' તૃપ્તિનો ઊંડો શ્વાસ તેણે લીધો: 'હાશ! આ જ જન્મારો ફળ્યો!'

ચારુદત્તે ફરી માયાળુ સ્વરે કહ્યું: 'રદનિકા, આ વસ્ત્ર રોહસેનને ઓઢાડજે એને ટાઢ લાગતી હશે...' એમ કહીને તેણે વસ્ત્ર નાખ્યું. વસંતસેનાની આંખો આનંદથી ચમકી રહી. વસ્ત્રમાંથી જૂઇનાં પુષ્પોની સુગંધ પ્રસરતી હતી. વસંતસેનાનું સમગ્ર હૃદય સુવાસિત બની રહ્યું ચારુદત્તનું દર્શન એ મન ભરીને માણી રહી. ચારુદત્તે ફરી કહ્યું: 'રદનિકા, હવે રોહસેનને ઘરમાં લઈ જા...' વસંતસેના મનમાં મીઠી મૂંઝવણ અનુભવી રહી: 'હાય રે, મને અભાગણીને ઘરમાં પ્રવેશવાનો અધિકાર નથી!' એટલામાં તો શકારના પંજામાંથી છૂટેલી રદનિકા હાંફતી-દોડતી ઓસરીમાં દાખલ થઈ. ચારુદત્ત વિસ્મિત બની તેને જોઈ રહ્યો: 'અરે, રદનિકા... તું?!...ત્યારે આ બીજી સ્ત્રી કોણ? હરિ હરિ! અજાણતાં જ આ યુવતી મારાથી દૂષિતા થઈ!'

**વ**સંતસેનાનું હૈયું ગુંજી ઊઠ્યું: 'દૂષિતા? ના...હું તો ભૂષિતા થઈ!'

પાલવથી મુખ ઢાંકેલી આ લાજવતીને ક્ષણભર ચારુદત્ત જોઈ રહ્યો. એનું કવિહૃદય આર્દ્ર થયું: 'શરદના અભ્રથી છવાએલી ચંદ્રલેખા!' પરંતુ એ સહસા સંકોચાયો: 'પરસ્ત્રીનું આમ મુખદર્શન એ પુણ્ય નથી!' આ લાવણ્યવતી કોણ હશે તેના સંભ્રમમાં ચારુદત્ત હતો ત્યાં બહારથી આવેલા તેના પરિજન મૈત્રેયે ઘટસ્ફોટ કર્યો: 'આ ન હોય પરાઈ સ્ત્રી; એ તો છે વસંતસેના...તમારી કામમંદિરવાળી પ્રિયતમા!' ચારુદત્ત હર્ષથી રોમાંચિત થઈ ગયો. પણ તરત મૈત્રેયે તેને ચેતવ્યો: 'રાજાના સાળા શકારે તમને ચેતવણી મોકલી છે: મારગમાંથી હટી જજો, નહિતર...મોત નીપજે તેવું વેર થશે!'

ચારુદત્તે એ ધમકીની સાવ ઉપેક્ષા કરી. તે વસંતસેનાની નિકટ આવ્યો. સ્નેહભરી નજરે તેને નિહાળી રહ્યો. વસંતસેનાની પાંપણો

ઢળી ગઈ. મધુર અનુભવની અપેક્ષાએ તે મીઠો કંપ માણી રહી. ચારુદત્તે મૃદુ-આર્દ્ર સ્વરે કહ્યું : 'વસંતસેના, તમને અજાણતાં દાસી ગણી બેઠો...તમારો અપરાધી છું, ક્ષમા યાચું છું...' વસંતસેના શરમથી જીભ કચડી રહી. મહામુસીબતે ગૂંગળાતી તે બોલી : 'ક્ષમા તો મને આપો. વિના અધિકાર મેં આપના ઘરમાં પ્રવેશ કર્યો.'

મૈત્રેય આ બંને ચતુરોની લીલા જોઈ મલકી રહ્યો. થોડી ક્ષણો મૌનમાં વીતી. વસંતસેનાને એક યુક્તિ સ્ફુરી : 'આર્ય, આપે મારા ઉપર ખૂબ અનુગ્રહ કર્યો. એક વિશેષ કરશો? આ મારાં આભૂષણો આપને સોંપું છું. આપત્તિનું મૂળ જ એ છે. આપ તેને જાળવશો?'

ચારુદત્ત ચિંતવન કરી રહ્યો સહેજ ઉદાસીથી બોલ્યો : 'આ ઘર હવે થાપણને યોગ્ય નથી.'

'થાપણ પુરુષને સોંપાય છે, ઘરને સોંપાતી નથી. હું એ આપને સોંપું છું' એમ કહીને વસંતસેનાએ પોતાના અલંકારો કાઢીને ચારુદત્ત સમક્ષ ધર્યા. વસંતસેનાની વાક્ચાતુરીથી રીઝેલા ચારુદત્તે એ આભૂષણો સ્વીકારી લેવાની મૈત્રેયને આજ્ઞા કરી. રમૂજી મૈત્રેય મુગ્ધ થઈ બોલ્યો : 'હા લાવો–સ્વસ્તિ કલ્યાણમ્!' ચારુદત્ત હસ્યો : 'મૂર્ખ, આ ન હોય આપણાં. આ થાપણ છે. બરાબર સાચવજે.'

મીઠી ગોષ્ઠિમાં સમય વહી ગયો. વસંતસેનાને હજુ ડર હતો, એટલે ચારુદત્ત તેને ઘરના દ્વાર સુધી વળાવી આવ્યો. બંને જરીક થોભ્યાં. થોડી પળ એકબીજાને અનિમેષ નિહાળી રહ્યાં. ચારુદત્ત ધીમે પગલે ચાલ્યો ગયો. વસંતસેના એને દૂર સુધી આતુર આંખે જોતી રહી.

ચારુદત્ત ચિત્ત ચોરી ગયો. વસંતસેના એના વિરહમાં વિહ્વળ બની રહી. એ હૈયાસૂની થઈ ગઈ. એના સ્નેહની વ્યથા એની અંગત દાસી–સખી મદનિકાથી છૂપી ન રહી. તેણે કળેકળે એના પ્રિયતમનું નામ કઢાવ્યું. વસંતસેનાએ આ વિશ્વાસુ સખી સમક્ષ પોતાનો ઉરભાવ પ્રગટ કરી દીધો. ચારુદત્ત એ વસંતસેનાનો હૃદયસ્વામી છે એમ જાણતાં જ મદનિકાએ ટકોર કરી : 'પણ એ તો દરિદ્ર છે.'

'હા, તેથી જ મને સવિશેષ પ્રિય છે.'

'પરંતુ આંબાનો મોર ખરી ગયા પછી ભમરીઓ તેને સેવતી નથી!'

'માટે જ તે ભમરી કહેવાય છે.'

વસંતસેના પોતાનાં અમૂલ્ય આભૂષણો ચારુદત્તને શા માટે સોંપી આવી હતી એનું રહસ્ય હવે મદનિકાને સમજાયું. એ સોંપણી નહોતી, સમર્પણ હતું. વસંતસેનાનો અનુરાગ અને એની લજ્જા નીરખીને મદનિકાનું ધૈર્ય પણ ચલિત થવા લાગ્યું. એની પણ પાંપણ પલકવા માંડી, એના ઉરધબકાર વધી ગયા.

બંને મદમીઠી ગોષ્ઠિમાં મશગૂલ હતાં, ત્યાં એકાએક કોઈ અજાણ્યો પુરુષ સીધો ઘરમાં ધસી આવ્યો. વસંતસેનાને જોઈને બોલી ઊઠ્યો : 'આર્યા, શરણાગત છું.' એનો શ્વાસ માતો ન હતો.

વસંતસેનાએ તેને નિર્ભય કર્યો. આવનારે પોતાનો પરિચય આપ્યો. એ ચારુદત્તનો જૂનો સેવક હતો. એનું નામ સંવાહક. જુગટું રમતાં એ દસ સોનામહોર હાર્યો એટલે નાઠો. રમનારાઓએ તેનો પીછો પકડ્યો. ચારુદત્તનું નામ સાંભળતાં જ વસંતસેનાએ તેનો ઉમળકાથી સત્કાર કર્યો. એને વિસામો આપ્યો. સંવાહક જરાક સ્વસ્થ થયો ત્યાં તેનું પગેરું શોધતા જુગારીઓ આવી પહોંચ્યા. સંવાહક ગભરાયો. પરંતુ દસ સોનામહોરના બદલામાં વસંતસેનાએ પોતાનું સુવર્ણકંકણ તેમને આપી દઈને વિદાય કર્યા. સંવાહક ઉપકારવશ બની ગયો. તેને ખૂબ લાગી આવ્યું : 'આર્યા, તમારું ઋણ નહિ ભૂલું.' એનો કંઠ ગળગળો થઈ ગયો. તે કશીક ઊંડી મથામણ અનુભવી રહ્યો. થોડી પળ થોભીને વસંતસેનાને વંદીને તે વિદાય થઈ ગયો.

ચારુદત્ત મોડી રાતે સંગીતની બેઠકમાંથી પાછો ફર્યો. થાકીને તે તો ઘસઘસાટ ઊંઘી ગયો, પરંતુ મૈત્રેયને અલંકારોનો દાબડો સાચવવાની ચિંતા હતી. એની આંખોમાં પણ નિંદર વ્યાપી વળી હતી. સોડમાં દાબડો લઈને સૂતો. થોડી વારમાં તો એનાં નસકોરાં ગાજવા લાગ્યાં.

મધરાત વીત્યે એક અણજાણ યુવાન ચારુદત્તના ઘરની ભીંત પાસે આવીને ઊભો. તેણે પોતાનાં ખિસ્સાં ફંફોળ્યાં, કંઈક બબડ્યો. પોતાના ગળામાંથી જનોઈ કાઢી. ભીંત પર કશુંક માપ લીધું. એ શર્વિલક હતો. એક સિદ્ધે નગરના રાજા પાલક વિષે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે પાલકનું રાજ્ય જશે અને ગોવાળિયાનો પુત્ર આર્યક રાજા થશે. શર્વિલક આર્યકનો પક્ષકાર હતો, છૂપો ક્રાંતિકાર હતો. ક્રાંતિની યોજના માટે તે આ નગરમાં આવ્યો, પરંતુ મદનિકાના મોહમાં લપટાયો. ક્રાંતિકારનું હૈયું એના પ્રેમસ્પર્શે મુલાયમ બની ગયું.

પરંતુ મદનિકા દાસી હતી; બંધનમાં હતી. એને દાસીપણામાંથી મુક્ત કરવા ધન જોઈએ. એ ધન માટે, મદનિકાની મુક્તિ માટે તે સાહસિક બન્યો. ચૌર્યકળામાં તે પારંગત હતો. તેણે માપસર સ્વસ્તિકાકારે દીવાલ કોચી ને વાંકો વળી હળવે પગલે તે ઘરમાં પ્રવેશ્યો. દીવાની જ્યોત ટમટમ થતી હતી. એના ઝાંખા પ્રકાશમાં તેણે આસપાસ દૃષ્ટિ નાખી અને એ ચકિત બની ગયો. એક તરફ વીણા હતી, તેની પાસે મૃદંગ...અને બીજી બાજુ પુસ્તકો પડેલાં હતાં. શર્વિલક વિચારમાં પડ્યો : 'આ નાટ્યશાળા તો નહિ હોય? આ ગૃહસ્થ દરિદ્ર હશે? કે પછી લક્ષ્મીને ભોંયમાં ભંડારી હશે? દાટેલી લક્ષ્મીને મુક્ત કરવી એ તો તસ્કરનો પ્રથમ ધર્મ!' એકાએક વિચારમાં તે ચમક્યો. ઊંઘમાં ને ઊંઘમાં મૈત્રેય પાસું બદલી કશોક પ્રલાપ કરતો હતો. તેની સોડમાં તેણે આભૂષણોનો દાબડો જોયો. ધીમો પદસંચાર...અને તે મૈત્રેયની નજીક સર્યો. એ ઊંઘમાં રટણ કરતો હતો : 'લ્યો ભાઈશાબ ...દાબડો તમે જ સાચવો...મારાથી નહિ સચવાય...' શર્વિલક એનો પ્રલાપ સાંભળી રહ્યો. દીવાની જ્યોત તેને વિઘ્નરૂપ લાગી. તેણે તત્કાળ પોતાની પાસેનું પતંગિયું છોડી મૂક્યું. જ્યોત પર પતંગિયું ઝૂમ્યું ને જ્યોત બુઝાઈ ગઈ. શર્વિલક મૈત્રેય ભણી વળ્યો. એનો પ્રલાપ હજુ ચાલુ જ હતો : 'દાબડો તમે જ રાખો...ના હું નહિ રાખું...તમે એ ના રાખો તો તમને બ્રહ્મહત્યાનું પાપ! તમને ગૌહત્યાનું પાપ!'

શર્વિલક હસ્યો : 'આણે તો સોગંદ દીધા. હવે હું અલંકારો ન સ્વીકારું તો મને ગૌ-બ્રાહ્મણની હત્યાનું પાપ બેસે!' તેણે હળવેક રહીને બ્રાહ્મણ પાસેથી દાબડો સેરવી લીધો. બ્રાહ્મણે ઊંઘમાં જ સંતોષનું સ્મિત કર્યું તે શર્વિલક જોઈ રહ્યો. આભૂષણો લઈને શર્વિલક બહાર નીકળ્યો...અને આકાશમાં ચમકતા તારાઓ જોતાં તેના ચિત્તમાં મદનિકાની સ્મૃતિ ઉભરાઈ એની નજર સમક્ષ મદનિકાની મોહક મૂર્તિ તરવરી રહી : 'મદનિકા, હું બ્રાહ્મણનો દીકરો. તારે માટે ચૌર્યકર્મ કર્યું. તેં મારું ચિત્ત ચોર્યું અને મને ય ચોર બનાવ્યો. પણ આ સંપત્તિ વડે હું તને દાસીપણામાંથી મુક્ત કરીશ.' આમ વિચાર કરી હરખાતો શર્વિલક વસંતસેનાના ઘરની દિશા ભણી વળ્યો.

પ્રભાત ઊગ્યું. વસંતસેનાનાં આભૂષણો ચોરાયાની વાત જાણી ચારુદત્ત ખિન્ન થઈ ગયો : 'અરેરે, પારકી થાપણ ચોરાઈ ગઈ.' ચારુદત્તની સ્ત્રી ધૂતા પતિનો સંતાપ જોઈ વ્યાકુળ બની ગઈ. તેણે તત્કાળ પોતાની રત્નમાળા ચારુદત્ત સમક્ષ ધરી દીધી. પત્નીના અલંકાર લેવાની વેળા આવી એથી પ્રથમ તો ચારુદત્તને શોકની લાગણી થઈ; પરંતુ નિર્ધનાવસ્થામાં પત્ની મિત્ર બની રહી તેનો તેને આનંદ પણ થયો. તેણે મૈત્રેયને આજ્ઞા દીધી : 'આ રત્નમાળા વસંતસેનાને આપીને કહેજે કે

૩૦૭ ('કુમાર' અંક ૫૧૩)

ચારુદત્ત જુગારમાં ભૂલથી તમારાં આભૂષણો દાવમાં મૂકીને તે હારી બેઠા. બદલામાં આ રત્નમાળા મોકલી છે તે સ્વીકારો.'

મૈત્રેય આભો જ બની ગયો: સમગ્ર આભૂષણો કરતાં ય અતિ મૂલ્યવાન એવી એ રત્નમાળા હતી. ચારુદત્ત એ ગણિકાને સોંપી દેવા તૈયાર થયો હતો! ચારુદત્તનો આદેશ સ્વીકારીને તે રત્નમાળા લઇને વસંતસેનાના નિવાસ ભણી વળ્યો. વસંતસેના પ્રભાતે ચારુદત્તનું ચિત્ર આલેખી રહી હતી. મદનિકા તેની પીંછી મંજાક કરી રહી હતી. થોડોક સમય વીત્યો ત્યાં એક દૂત સંદેશો લઇને આવ્યો. સંદેશો વાંચતાં જ વસંતસેનાની ભ્રમ્મર ખેંચાઈ. એની આંખમાં રતાશ આવી. શકારે દસ હજારના દાગીના અને રથ મોકલ્યાં હતાં...વસંતસેના માટે! તેણે પત્રના ચીરા કરી દૂતને ઇશારતથી જ વિદાય કરી દીધો. શકારે એનું પ્રભાતચિત્ર રોળી નાખ્યું તેથી તે દુ:ખી થઇ ગઈ. એનો જીવ ચૂંથાવા માંડ્યો. એને સ્વસ્થ કરવા માટે મદનિકા પંખો લેવા બહાર નીકળી તો શર્વિલકનું દર્શન! મદનિકાનું પ્રભાત ફળ્યું. ઉષાની રતાશ તેના ગાલ પર પ્રકટ થઈ. લજ્જામિશ્રિત આનંદથી તે ઉચ્ચારી ઊઠી: 'શર્વિલક! તમે અત્યારે...અહીં?' શર્વિલક મુગ્ધભાવે એના મુખ પરની લજ્જા નીરખી રહ્યો. એની દષ્ટિ મદનિકાની દેહયષ્ટિ પર સ્થિર થઈ ગઈ. એથી તો મદનિકાની લજ્જા સવિશેષ વધી ગઈ. એનો સમગ્ર ઉર-પ્રદેશ ધડકવા લાગ્યો. એનાં પોપચાં ઢળી ગયાં, ભૂમિ પર જડાઈ ગયાં. બંને સ્થળકાળને વિસરીને દર્શન-સમાધિમાં લીન બની રહ્યાં.

મદનિકાને પંખો લઇને આવતાં વાર થઈ તેનું વસંતસેનાને આશ્ચર્ય થયું. જરાક ઝૂકીને વસંતસેનાએ ઝરૂખેથી નીચે નજર નાખી...અને એ મુગ્ધ બનીને જોઈ જ રહી. બે અનુરાગી હૈયાં અનંગની છાયા-માયા હેઠળ મહેકતાં હતાં. વસંતસેનાને મદનિકાના આ પ્રેમસંબંધની જાણ હતી. આજે પહેલી વાર એના પ્રેમીને તેણે જોયો. એની આંખ ઠરી... બંને પ્રેમલુબ્ધ જીવોનું તે શુભ કલ્યાણ વાંછી રહી.

મદનિકા થોડી ક્ષણોમાં તો સાવધ થઇ ગઇ: 'શર્વિલક...' એની આંખમાં પ્રશ્નવિરામ જોઈ શર્વિલકે ધીમેકથી કહ્યુ: 'હાં...એક ગુપ્ત વાત છે: વસંતસેનાને મૂલ્ય ચૂકવીએ તો તને એ દાસત્વથી મુક્ત કરશે ને?'

મદનિકા પ્રસન્ન થઈ ઊઠી. શર્વિલકે સાવધાનીપૂર્વક આસપાસ નજર નાખીને કહ્યુ: 'રાત્રે સાહસ કરીને તારી મુક્તિ માટે આ અલંકારો ચોરી લાવ્યો છું.' મદનિકાએ જીભ કચડી: 'અરેરે અવિચારી, મારા પ્રેમને કારણે તમે તમારી પ્રતિષ્ઠાને કલંક લગાડયું?'

'કલંક કેવું? આ તો સાહસ! બંધનમાં પડેલી 'લક્ષ્મી' માટે સાહસ! ચૌર્યકળાની અજમાયશ કરી...' શર્વિલકની આંખોમાં ઉમળકો જોઇ મદનિકાને વહાલ ઉભરાયું: 'મારા મુગ્ધ સાહસિક...તમે ખોટું તો કર્યું જ, પણ ભલે ..એ અલંકારો લાવ્યા ક્યાંથી?'

શર્વિલકે સાવચેતીપૂર્વક અલંકારો દાબડામાંથી કાઢીને મદનિકા સમક્ષ ધર્યા. મદનિકા ચોંકી ઊઠી: 'અરે અરે અવિચારી, આ તમે શું કર્યું? આર્ય ચારુદત્તને ત્યાંથી...તમે એમના જીવને તો કશીહાનિ...' એટલું બોલતાં એને ડૂમો ભરાઈ આવ્યો. વસંતસેનાના કાન સરવા થયા. એનું કાળજું આ સાંભળીને જોરથી ધડકી રહ્યુ. એની આંખોમાં ભય ને આશંકા હતાં. શર્વિલક ડઘાઈ ગયો: 'ના મદનિકા ના; કોઈના જીવને લેશ પણ ઈજા નથી કરી.'

મદનિકાનો શ્વાસ હેઠો બેઠો. વસંતસેનાએ પણ મૂગી પ્રાર્થના કરી પ્રભુનો પાડ માન્યો. મદનિકાના આ વિચિત્ર વર્તનથી શર્વિલકને માઠું લાગી ગયું. 'એ ચારુદત્ત કોણ? એને માટે મદનિકાને આટલી બધી ચિંતા? ત્યારે તો હું છેતરાયો અંતે તો એ વારાંગના જ! ધન માટે તન વેચનારી...એનામાં હું ક્યાં મોહી પડયો? જલતરંગ જેવી એના પ્રેમની માયા! આકર્ષક છતાં અશ્રદ્ધેય!' અને ખિન્ન થઈને તેણે મુખ ફેરવી ચાલવા માંડ્યું. પણ ત્યાં તો મીઠું હસીને મદનિકાએ તેનો છેડો પકડયો: 'વાહ રે સાહસિક! સ્વમાન તો તમને જ હશે? પરંતુ કંઈ સમજો છો? આ અલંકાર તો આર્યા વસંતસેનાનાં છે. તેમણે ચારુદત્તને તે હાથોહાથ સોંપ્યા હતાં.' શર્વિલકને કંઈ સમજ પડી નહિ: 'ચારુદત્તને શું કામ સોંપ્યાં હતાં?' મદનિકાએ એના કાનમાં રહસ્ય કહ્યુ. શર્વિલક એ સાંભળીને લજવાઈ ઊઠ્યો: 'અરેરે, જે લતાનો વિસામો મને મળ્યો. તેને જ મેં પર્ણવિહોણી કરી!'

શર્વિલકનો પશ્ચાત્તાપ જોઇને મદનિકાએ તે અલંકારો વસંતસેનાને જાતે જઇને સોંપી આવવાની તેને સૂચના કરી. શર્વિલક સંકોચાતે પગલે વસંતસેનાના આવાસમાં ગયો વસંતસેનાને ઉદ્દેશીને ધીમેથી તેણે કહ્યુ: 'ચારુદત્ત શેઠે સંદેશો પાઠવ્યો છે. એમનું નિવાસસ્થાન જીર્ણ થઈ ગયું હોવાથી આવાં મૂલ્યવાન આભૂષણો હવે વધુ સમય સાચવવાં શક્ય નથી. આપને તે આભૂષણો પાછાં મોકલ્યાં છે.'

શર્વિલકની ચતુરાઈ પર વસંતસેના સ્મિત કરી રહી. તેણે ઉત્તર દીધો: 'આર્ય, આભૂષણોના બદલામાં મારે પણ એક વસ્તુ આપવાની છે...તમે તે લઈ જજો...' શર્વિલક મૂંઝાઈ રહ્યો: 'વસ્તુ?...બદલામાં?'

'હા...' હસીને વસંતસેનાએ કહ્યુ: 'આ મદનિકાને તમારી સાથે લઈ જજો. મને પણ આર્ય ચારુદત્ત તરફથી સંદેશો મળ્યો છે કે આ અલંકારો લાવનાર વ્યક્તિને મદનિકા સોંપી દેજો.'

શર્વિલક શરમથી પાણી પાણી થઈ ગયો: પોતાનું તરકટ પ્રગટ થઈ ગયું હતું કે શું? વસંતસેના અને ચારુદત્તની ઉદારતાથી તે આર્દ્ર બની ગયો. પાછળ ઊભેલી મદનિકા વસંતસેનાનાં ચરણો આગળ બેસી પડી: 'આર્યા, આખરે તમે જ મારો ત્યાગ કર્યો!' વસંતસેનાએ ઊભરાતા વહાલથી તેને ઊભી કરી: 'મદનિકા, હવે તો તું વંદનીય થઈ!' તેણે શર્વિલકના હાથમાં મદનિકા સોંપી. બંનેને ભાવભીની વિદાય દીધી.

મદનિકા અને શર્વિલક આવાસનાં પગથિયાં ઊતરી માર્ગ પર આવ્યાં, ત્યાં જ તેમણે દાંડી પીટાતી સાંભળી: રાજા પાલકે ગોપાલકપુત્ર આર્યકને પકડીને કારાગૃહમાં નાખ્યો હતો! શર્વિલકના અંગેઅંગમાંથી વીજળી પસાર થઈ ગઈ: 'અરે...હું મારું કર્તવ્ય ચૂક્યો! મારો રાજા, કારાગારમાં...ને હું કામાગારમાં? આ તે મારો કેવો વિનિપાત! તેણે તત્કાળ મદનિકાને તેના સંબંધીને ત્યાં મોકલી આપી.

વસંતસેના એકલી પડી. તેની આંખ આગળ મદનિકા તરવરી રહી. એનો સ્નેહ સફળ થયો. હવે પોતે ચારુદત્તને...

ત્યાં જ એની વિચારધારામાં વિક્ષેપ પડ્યો. ચારુદત્તનો સેવક મૈત્રેય આવ્યો હતો! વસંતસેના સમક્ષ આવીને તેણે રત્નમાળા ધરીને કહ્યુ: 'ચારુદત્ત તમારાં ઘરેણાંનો દાબડો જુગારમાં હારી ગયા તેથી બદલામાં તેમણે આ રત્નમાળા મોકલી છે તે સ્વીકારો...'

વસંતસેના પળવારમાં બધું રહસ્ય પામી ગઈ. મનમાં જ ચારુદત્તને પૂજી રહી: 'ચારુદત્ત કેવા કુલવાન! દાબડો ચોરાયો છતાં જુગારમાં હાર્યો એમ કહી ઉદારતાથી મને રત્નમાળા મોકલે છે!' તેણે જરાક વિચારીને રત્નમાળા સ્વીકારતાં કહ્યુ: 'આર્ય, તમે ચારુદત્તને કહેજો કે સાંજે હું તેમને મળવા આવીશ.'

મૈત્રેયના મનમાં અંદેશો પેદા થયો: 'આ ગણિકાની જાત! રત્નમાળા યે ઓછી પડી! હજુ ધરવ નથી થયો તે પાછી પજવવા આવશે?'

સાંજ પડી. વસંતસેના અભિસારે જવા સજ્જ થઈ ત્યાં અકાળે મેઘ ચડી આવ્યો. વીજળી ચમકચમક થવા માંડી. વસંતસેના વ્યાકુળ બની રહી. વરસતા મેઘમાં ભીંજાતી તે અભિસારિકા બનીને નીસરી.

એ આવી ત્યારે ચારુદત્ત ઉદ્યાનમાં ટહેલતો હતો. વસંતસેનાનાં નીતરતાં વસ્ત્રોમાંથી તેનું લાવણ્ય એ નીરખી રહ્યો; તેના રૂપસૌંદર્યથી તે મોહ પામી ગયો, વસંતસેના સમીપ આવી...ને લજવાતી ઊભી. થોડી ક્ષણો વીતી. વાતાવરણમાં ચમકારો થયો...ને વીજળી મેઘમાં સમાઈ ગઈ!

વસંતસેનાનું પ્રભાત મોડું ઊગ્યું. સુખસ્વપ્નમાંથી એ જાગી ત્યારે ચારુદત્ત તો પુષ્પકરંડ ઉદ્યાનમાં વિદાય થઈ ગયો હતો અને એને માટે ઉદ્યાનમાં આવવાનો સંદેશો મૂકતો ગયો હતો. વસંતસેનાએ સુખનો શ્વાસ લીધો. કુલવાન કુટુંબમાં તેને પ્રથમ વાર પ્રવેશ મળ્યો હતો! ચારુદત્તનાં સ્વજનોની વચમાં હવે તે હતી! ચારુદત્તની પત્ની ધૂતાએ તેનું સ્નેહથી અભિવાદન કર્યું. વસંતસેનાએ નમ્રતાથી તેની સમક્ષ રત્નમાળા ધરી: 'ધૂતાબહેન, હું તો ચારુદત્તની ગુણમોહિત દાસી છું... અને તમારી પણ. આ રત્નમાળા તમારી જ ગ્રીવાનું ભૂષણ બની રહો!' પરંતુ ધૂતાએ તે વસંતસેનાને જ કંઠે આરોપી દીધી. વસંતસેના આ સ્નેહોપચારથી વિવશ બની ગઈ સુખસ્મૃતિમાં એ લીન હતી ત્યાં રદનિકાની આંગળીએ વળગેલા એક બાળકે તેનું ચિત્ત આકર્ષ્યું. એને આ બાળકને જોતાં વાર વહાલ ઊપજ્યું. તેણે બાળકના મુખ પર ચારુદત્તની જ કાંતિ નિહાળી. બાળકને ખોળામાં લઈ લાડથી એ તેના માથે હાથ ફેરવવા લાગી. રદનિકાને એ બાળક વિષે પૂછપરછ કરી. એ ચારુદત્તનો જ પુત્ર હતો. એનું નામ રોહસેન. રોહસેનની આંખમાં આંસુ હતાં. વસંતસેનાએ પોતાના પાલવથી તે લૂછ્યાં...રદનિકાએ એના રડવાનું કારણ કહ્યું: 'બહેન, એની પાસે માટીની ગાલ્લી છે. તે એને ગમતી નથી...પડોશીના છોકરા પાસે સોનાની ગાડી છે તેવી તેને જોઇએ.' પછી રોહસેનને સમજાવતાં એ કહેવા માંડી: 'બેટા, હમણાં આ માટીની ગાલ્લીથી આપણે રમીએ. તારા બાપુ તાલેવંત થશે ને ત્યારે સોનાની ગાડી કરાવીશું...'

વસંતસેનાની આંખ ભીની થઈ: 'આર્ય ચારુદત્તની આ દશા? એમના બાળકને મૃચ્છકટિક?' એકદમ એ બોલી ઊઠી: 'ના,.ના; બેટા રોહસેન, તું પણ સોનાની ગાડીએ જ રમજે...બેટા!'

અત્યાર સુધી ટીકીટીકીને જોઈ રહેલો રોહસેન આ અજાણી વહાલ કરનારી સ્ત્રી ભણી આંગળી ચીંધીને રદનિકાને પૂછી રહ્યો: 'આ કોણ છે?'

'એ...તારી બા' રદનિકા બોલી. 'જૂઠું.' રોહસેન જુસ્સાથી બોલ્યો: 'મારી બા ઘરેણાં પહેરે છે?' વસંતસેનાને કાળજે ઘા થયો. આંખમાં આંસુ સાથે તેણે અંગ ઉપરથી આભૂષણો ઉતારવા માંડ્યાં: 'બેટા...હવે તો હું તારી મા ખરીને!' પછી રદનિકાને કહ્યું: 'આ આભૂષણો લઈ જા, તેમાંથી રોહસેન માટે સુવર્ણશકટિક કરાવજે...'

રોહસેનનો હાથ પકડી રદનિકા જવા માંડી ત્યાં તો રોહસેન ઊભો રહી ગયો: 'રદનિકા...આ તો રૂએ છે .એના દાગીના પાછા આપી દે.'

આંસુ લૂછી નાખીને વસંતસેનાએ સ્મિત કર્યું...રોહસેનને મુખે હાથ ફેરવ્યો: 'બસ...બેટા?'

રદનિકા રોહસેનને લઇને ગઈ. થોડી વારે વસંતસેનાને પુષ્પકરંડ ઉદ્યાનમાં તેડી જવા માટે રથ આવ્યો. વસંતસેના ઉતાવળી શણગાર સજવા ચાલી. રથ હાંકનારો અંદર મૂકવાના તકિયા ભૂલી ગયો હતો તે લેવા પાછો ગયો. અકસ્માત ત્યાં બીજો રથ આવી ચડ્યો. એ રથ શકારનો હતો. શકાર પણ પુષ્પકરંડ ઉદ્યાનમાં ગયો હતો ને પોતાનો રથ તેણે ત્યાં મંગાવ્યો હતો. શકારનો સારથિ સ્થાવરક રથ લઇને નીકળ્યો અહીં થઇને. ત્યાં કોઈ રથનું પૈડું ખોટવાઈ ગયું તેને મદદ કરવા તે નીચે ઊતર્યો. વસંતસેના ઉતાવળમાં બહાર આવી, રથ જોયો અને તરત તેમાં બેસી ગઈ...શકારનો સારથિ સ્થાવરક થોડી વારમાં પાછો ફર્યો અને તેણે પોતાનો રથ પુષ્પકરંડ બાગ ભણી હાંકી મૂક્યો.

ચારુદત્તનો સારથિ વસંતસેનાની અહીં વાટ જોતો ઊભો. અચાનક શર્વિલકના સહાયથી પાલક રાજાના કારાગારમાંથી નાસી છૂટેલો આર્યક પગમાં ઘસડાતી બેડી સાથે ત્યાં આવ્યો. રાજાના સૈનિકો તેનો પીછો કરી રહ્યા હતા. રાજ્યમાં તેના નાસી છૂટ્યાની દાંડી પીટાઈ ગઈ હતી. આર્યક મૂંઝવણમાં હતો. તેની નજર અચાનક રથ પર પડી. તેમાં કોઈ નથી એમ જોઇને તે એકદમ રથમાં બેસી ગયો. બેડીનો રણઝણાટ થયો અને વસંતસેનાનો એ અણસાર સમજીને સારથિએ રથ દોડાવી મેલ્યો. માર્ગમાં ચોકીઓ પર રથની તપાસ થતી હતી. આર્યક એના ભાગ્યબળે તેમાંથી છટક્યો અને તેનો રથ પુષ્પકરંડ ઉદ્યાનમાં આવી પહોંચ્યો. ચારુદત્ત ક્યારનો ય રથની પ્રતીક્ષા કરી રહ્યો હતો. રથ આવીને ઊભો એટલે ચારુદત્તે મૈત્રેયને આજ્ઞા કરી: 'જા હળવે રહીને વસંતસેનાને રથમાંથી ઉતાર...' મૈત્રેય છણકાયો: 'એના પગમાં શું બેડી જડી છે તે ઊતરવા માટે તેને મારી જરૂર પડે?' એમ બબડતો તે રથ પાસે આવ્યો ને પડદો હટાવ્યો ત્યાં તો એકદમ આશ્ચર્યથી પાછો ફરી ગયો: 'અરે આમાં તો વસંતસેના નથી...કોઈક વસંતસેનો બેઠો છે!'

ચારુદત્ત એકદમ રથ પાસે આવ્યો. વસંતસેનાને સ્થાને આર્યકને જોઇને આશ્ચર્યથી પૂછી રહ્યો: 'આપ...કોણ છો?'

આર્યકે ધીમેથી કહ્યું: 'શરણાગત; ગોપાલપુત્ર આર્યક.' ચારુદત્ત વાત પામી ગયો: શર્વિલકે જેને નસાડ્યો તે જ આ કેદી! તેણે આર્યકને બેડીમાંથી મુક્ત કર્યો ઉપકારવશ આર્યક બોલી ઊઠ્યો: 'તમે મને મુક્ત કર્યો, પણ સ્નેહની મજબૂત બેડીએ હું તો બંધાયો.' ચારુદત્તે તેને પોતાના જ રથમાં દૂર નાશી જવાની સગવડ કરી આપી.

બગીચામાં ઊભોઊભો શકાર કાગડોળે રથની વાટ જોઈ રહ્યો હતો. પળે પળે એની અકળામણ વધતી જતી હતી. એ ભૂખથી આકળો બની ગયો હતો. તેણે સારથિને ભૂંડી ગાળો ભાંડવા માંડી, પણ પથ પર રથ ક્યાં ય દેખાતો ન હતો. એવામાં સામેથી એક ભિક્ષુનાં દર્શન થયાં એટલે એના ગુસ્સાએ માઝા મૂકી. એને આ અપશુકન લાગ્યા. જીભે ચડ્યા તેટલા અપશબ્દો તેણે ભિક્ષુ પર ઠાલવ્યા. આખરે થાકીને એક શિલા પર તે બેઠો. પવનની મંદમંદ લહેરોએ એના ચિત્તને ડોલાવ્યું. વસંતસેનાની સ્મૃતિમાં તેનું હૃદય ડોલાયમાન થઈ રહ્યું. પાસે ઊભેલા સેવક વિટને કહેવા લાગ્યો: 'વસંતશેણી મારા હૃદય પર એવી ચડી બેઠી છે કે દુર્જનના વચનની પેઠે કાળજેથી ખસતી જ નથી.'

વિટ મનમાં જ હસી રહ્યો: 'આ કાણેલીપુત્ર આટલો ધિક્કાર પામ્યો તો ય હજુ ધરાયો નહિ!'

એવામાં દૂરથી રથ દેખાયો. શકાર ઊભો થઈ કૂદ્યો: 'વાંઝણીનો ખૂબ મોડો રથ લઈ આવ્યો!' રથ એની છેક પાસે આવી ઊભો રહ્યો. શકારે એકદમ પડદો હટાવીને રથ પર ચડવા પગ ઊંચો કર્યો ત્યાં જ એનાથી બૂમ પડાઈ ગઈ: 'અલ્યા વિટ! આ રથમાં કોણ બાઈ ચડી બેઠી છે? કિન્નરી છે કે રાક્ષશી? અલ્યા જો તો ખરો!' વિટે રથનો પરદો ઊંચક્યો. વસંતસેનાને જોતાં જ એના દિલમાં ફડકો પેઠો: 'અરેરે, મૃગલી વાઘને શે ઘતી આવી!' કંપતે હૈયે વસંતસેનાએ બે હાથ જોડી વિટને ધીમેથી કહ્યું: 'રથની ભૂલથાપમાં અહીં ભૂલી પડી. શરણાગત છું.'

વિટને એની લાચારી જોઈ દયા ઊપજી. તેણે શકારને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ એ તો મસ્તાન બની ગયો. રથ પાસે આવી બે હાથ જોડી શકારે વસંતસેનાનાં ચરણ સમક્ષ માથું નમાવી વિનંતી કરવા માંડી: 'હે શુભ્રદતી! બે હસ્ત જોડી ક્ષમા માગું છું. હે વીશનખી! જો, હું તને પાય લાગું.' વસંતસેનાએ ઘૃણાથી તેના માથા (અનુ. પૃ. ૩૨૭)

# સાહિત્યસંપર્ક

## શબ્દકથા: 'નેપથ્ય'

'નેપથ્ય' કહેતાં જ નાટક યાદ આવે. પણ 'નેપથ્ય'નો જૂનો અર્થ છે પ્રસાધન, વેશ, વેશભૂષા. પછી નટની વેશભૂષા માટે તે વિશેષ વપરાવા લાગ્યો.

નટને આ વેશપરિધાન કરવાનો ખંડ તે 'નેપથ્યગૃહ'. તેનું ટૂંકું રૂપ 'નેપથ્ય'. આથી 'નેપથ્ય'નો અર્થ 'રંગમંચના પરદા પાછળની જગ્યા, જ્યાં વેશભૂષા સજવામાં આવે' એવો પણ થયો.

અને આથી આગળ ચાલીને, જે કાંઈ પરદા પાછળથી સંભળાતું હોય, ત્યાં થતું હોય, તે 'નેપથ્યે'. સંસ્કૃત નાટકનો 'નેપથ્યે કલકલ:' કોણે નથી સાંભળ્યો?

'નેપથ્ય'નું સાચું મૂળ ન જાણતા હોવાથી ટીકાકારોએ કલ્પનાના ગોળા ગબડાવ્યા છે. વાસ્તવમાં 'નેપથ્ય' શબ્દ પ્રાકૃત ઉપરથી સંસ્કૃત રૂપે બનાવાયો છે.

'નિવસન' એટલે વસ્ત્ર. તેના મૂળમાં 'નિવસ્' ધાતુ છે. તેના 'નિવસ્ત' એવા લૌકિક રૂપ ઉપરથી પ્રાકૃતમાં 'નિવત્થ' થયું છે. આ 'નિવસ્ત' કે 'નૈવસ્ત્ય' ઉપરથી પ્રાકૃતમાં 'નેવત્થ' થયું. તેના ઉપરથી સંસ્કૃત 'નેપથ્ય' ઘડી કાઢવામાં આવ્યું!

સંસ્કૃત નાટકની રૂઢ શબ્દાવલિ અનેક સ્થળે લોકભાષાથી પ્રભાવિત છે. 'નેપથ્ય' આ તથ્યનું એક વધુ ઉદાહરણ છે.

હરિવલ્લભ ભાયાણી

## વિદ્યાવિભૂતિની આત્મકથા

આ અંકની 'માધુકરી'માં જેમની અવસાનનોંધ આપી છે તે વિદ્યાવિભૂતિ વાસુદેવશરણજીએ પોતાના અવસાન પહેલાં દોઢેક માસ પર, તા. ૯ જૂન ૧૯૬૬ના રોજ, રશિયા ગએલા પોતાના મિત્ર બનારસીદાસ ચતુર્વેદીજીને બે પત્રો લખેલા, તેમાં કોઈ અકળ સાહજિકતાથી તેમણે પોતાની જીવનકથાની રૂપરેખા આલેખેલી. તે રસમય હોવાથી આ નીચે તારવી છે:

'મારો જન્મ ઈ. ૧૯૦૪માં મેરઠ જિલ્લાના ખેડા નામે ગામમાં થએલો. મારા દાદા નર્યા ગ્રામ-વ્યક્તિ હતા. શિક્ષણ નહિવત: થોડી હિંદી વાંચી શકતા ને હિસાબ-કિતાબ રાખી શકતા. પણ હતા પ્રખર બુદ્ધિના પુરુષ. સત્ય અને ન્યાયમાં એમને ભારે નિષ્ઠા હતી. ઈ. ૧૯૪૦ સુધી હું દર વર્ષે લગભગ બે માસ તેમની પાસે નિયમિત ગાળતો. શરીરે તે ઊંચા ને હૃષ્ટપુષ્ટ હતા. એમના હાલતાચાલતા વ્યક્તિત્વમાં મને પ્રાચીન ભારતીય આર્યજનોની હજારો પેઢીઓનું દર્શન થતું. આસપાસનાં દસ-વીસ ગામના એ બેતાજ બાદશાહ હતા. એમના ચારિત્ર્યગુણોનો મારા પર સૌથી વધુ પ્રભાવ પડ્યો છે અને એમની પાસેથી જીવનમાં હું ઘણું શીખ્યો છું. મારી મા મને છ વર્ષનો મૂકીને ગુજરી ગયા પછી મારાં દાદીએ જ મને ઉછેરીને મોટો કર્યો. એ જનપદીય ગુણોના મૂર્ત આત્મા સમ હતાં. કુટુંબની નિઃસ્વાર્થ સેવા એ જાણે એમનું વ્રત હતું. એને નાંહાતું ગણતાં આવડતું કે ન તે પૈસાટકા રાખતાં. વૈદિક 'પુરન્ધિ' કે 'પોષિન્' શબ્દનું એ જાણે સાચું રૂપ હતાં. ગામ આખું એમને પોતાની વડવી માનતું. ભારતીય સંસ્કૃતિના અનેક છૂપા માતૃગુણ એમનામાં ૪૦ વર્ષ સુધી હું જોતો રહ્યો.

મારું શિક્ષણ ગામઠી શાળામાં થયું. મારા દાદાની કુશાગ્ર બુદ્ધિ અને ઉત્તમ સ્મરણશક્તિ મને વારસામાં મળી હતી. મારા પિતાજી વગેરે પાંચ ભાઈ હતા. ઈ. ૧૯૧૨માં તેમને નોકરી તથા વ્યાપારાર્થે લખનૌ જવાનું થવાથી મારો અભ્યાસ ત્યાં રસ્તે પડી ગયો. દેશમાં માણસ જેટલું શિક્ષણ પામી શકે તે બધું જ પિતાએ મને અપાવ્યું: હાઈસ્કૂલ, કૉલેજ, એમ. એ., પીએચ. ડી., બધી સીડીઓ હું ચડી ગયો.

મેં ઉપર કહ્યું તેમ મારા દાદા સાચા પૃથ્વીપુત્ર હતા. વર્ષો સુધી એમણે ખેતી કરી. આજુબાજુના પાંચ-દસ ગામનો કોઈ ખેડૂત એમની તોલે ન આવે. મળસ્કે ચાર વાગ્યે ઊઠીને તે પોતાની જમીનનું—કેટલાક માઈલનું ચક્કર લગાવતા. હું પણ તેમની સાથે જતો. ત્રીજા પહોરે તે પોતાને ત્યાં ચૌધરી, પંડિત, મુકદ્દમ, નંબરદાર અને ગામના અન્ય મિત્રોને ભાગવતની કથા સંભળાવતા. આ દેશમાં પેઢીઓથી ચાલતી આવેલી પરંપરાના તે સાચા સનાતનધર્મી હતા–બપોરે સ્નાન કરીને વિષ્ણુસહસ્રનામનો પાઠ કરીને, અને સાંજે ગામ બહારના શિવમંદિરે દર્શન કરીને જમતા.





યુવાનીમાં સ્વ. ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ છેલ્લે

મારામાં કેટલાક સંસ્કાર મારા દાદાના તથા પ્રારંભિક ગ્રામજીવનના સંપર્કથી આવ્યા. મહાભારત, ભાગવત અને રામાયણ એ આપણા મહાન ગ્રંથોનું વાચન તથા પાન કરવાનું હું ત્યાંથી શીખ્યો. આજ સુધીમાં મેં મહાભારતના ૨૪૦૦૦ શ્લોકો પર સાંસ્કૃતિક વ્યાખ્યા પૂરી કરી છે. એનું નામ 'ભારત-સાવિત્રી' છે અને લગભગ ૮૦૦ પાનાંમાં ત્રણ ખંડમાં તે વહેંચાએલી છે. એ જ રીતે આપણાં પુરાણોની સાંસ્કૃતિક અને ધાર્મિક વ્યાખ્યા લખવાનો મારો સંકલ્પ છે. એમાંથી ચાર પુરાણો તો મેં પૂરાં કર્યાં છે. રૂસી વિદ્વાનોને જો આપણાં મન-હૃદયનો નિકટ પરિચય પામવો હોય તો એમણે આપણાં પુરાણોના ચાર લાખ શ્લોકોનું સાહિત્ય જોવું જોઇએ.

૨

...લગભગ ઈ. ૧૯૧૫થી મારી રુચિ સંસ્કૃતના અભ્યાસ તરફ વળી. મારા પિતાજીને પંડિત જગન્નાથજીનો પરિચય થએલો. એ અવધમાં પ્રતાપગઢ જિલ્લાના સાત્ત્વિક બ્રાહ્મણ છે. હજી મેં હાઈસ્કૂલનું શિક્ષણ પણ પૂરું નહોતું કર્યું ત્યાં તો પિતાજીએ મને પંડિતજીને સોંપી દીધો. એમણે મને બરોબરનો સંસ્કૃત

વિદ્યામાં પ્રવેશ્યો. (મારા એ ગુરુ ૮૮ વર્ષના હજી હયાત છે.) મારે માટે જ્ઞાનનું એક નવું ક્ષેત્ર જ ખૂલી ગયું અને સંસ્કૃતના અભ્યાસમાં હું બહુ ઊંડો ઊતરી ગયો. મારા ગુરુની કૃપાથી પાણિનિના મહાન ગ્રંથ 'અષ્ટાધ્યાયી'નો મને પરિચય થયો. એ ગ્રંથ ભારતીય જનપદીય જીવનનું દર્પણ છે. ૧૯૨૯માં હું જ્યારે પ્રાચીન ઇતિહાસનો વિષય લઇ એમ.એ. થયો ત્યારે મારા ગુરુ ડૉ. રાધાકુમુદ મુખરજીએ ખાસ આગ્રહ કરીને મારી પાસે એ 'અષ્ટાધ્યાયી' ઉપર જ સંશોધન કરાવ્યું, કેમ કે એ જાણતા હતા કે મારામાં એ માટેની સવિશેષ યોગ્યતા હતી. બાર વર્ષ સુધી સતત મેં એના પર કામ કરીને 'ઇંડિયા ઍઝ નોઉન ટુ પાણિનિ'નો ગ્રંથ સમાપ્ત કર્યો, જેના ઉપર મને પીએચ. ડી.ની ડિગ્રી મળી. ફરી ૧૯૪૬માં એ જ ગ્રંથના વિસ્તૃત રૂપ ઉપર મને ડિ. લિટ્.ની ડિગ્રી માટે લાયક ગણવામાં આવ્યો. સાત વર્ષ બાદ ૧૯૫૩માં એ ગ્રંથ પ્રકટ થયો ત્યારે વિશ્વમાં જ્યાં જ્યાં સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ થાય છે ત્યાં સર્વત્ર મને ભારે યશ મળ્યો, અને દેશવિદેશમાં હું પ્રકીર્તિત બન્યો. આજે પણ જગતના વિદ્વાનો સમ્માન સાથે એ ગ્રંથનો અભ્યાસ કરે છે. એનો હિંદી અનુવાદ પણ મેં કર્યો. પાણિનિ, વ્યાકરણના વિદ્વાન તો હતા, પરંતુ સાથોસાથ તે વિલક્ષણ જનપદીય સહાનુભૂતિ ધરાવતા હતા. આ ભૂમિને તેમણે નિકટથી જાણી-પ્રમાણી છે ને ચાહી છે. ઘરની અંદરના તેમજ બહારના જીવનનું સૂક્ષ્મ વર્ણન એમના ગ્રંથમાં છે. મારો જન્મ ગામડામાં થયો હોઈ હું તેનું સાચું નિરૂપણ કરી શક્યો.

અનેકવિધ વિષયો પર મારી રુચિ ઘડાઈ છે. કોઈ ઘરને જેમ અનેક બારીબારણાં હોય એવું મારું મન છે. એમાં પચાસેક વિષય ભર્યા હશે. એ મારો અક્ષય ભંડાર છે. ૧૯૩૧માં એમ. એ. થઇને બે વર્ષ હું મથુરામાં પુરાતત્ત્વ સંગ્રહાલયનો અધ્યક્ષ થયો ત્યાં મેં ભારતીય કલા ને મૂર્તિશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ૧૯૪૦માં લખનૌ સંગ્રહાલયનો અધ્યક્ષ થયો ને ૧૯૪૫ થી ૧૯૫૨ના અંત સુધી નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સંગ્રહાલયના અધ્યક્ષપદે રહી કાશીના હિન્દુ વિશ્વવિદ્યાલયના કલા-વિભાગનું અધ્યક્ષપદ આજ સુધી સંભાળ્યું એ બધો સમય સંસ્કૃત વિદ્યા અને ભારતીય કલાનું મારું અધ્યયન વધુ ને વધુ ગાઢ થતું ગયું છે, અને મને લાગ્યું છે કે એ બંનેને નિકટ લાવવાં જોઇએ.

સંસ્કૃત સાહિત્યની મદદથી મેં કલા અને પુરાતત્ત્વ વિષયક હજારો શબ્દોનું નિરસન કર્યું છે. એના કેટલાક નમૂના મારા Indian Art Vol. I માં છે, જે હાલ છપાય છે. એમાં મેં ભારતીય શબ્દોમાં આપણી કલાની કથા કહી છે. જો જીવતો રહીશ તો એ કથા આગળ લંબાવીશ. ભારતીય કલાનું અધ્યયન કરતાં મને આજ પાંત્રીસ વર્ષ થયાં, અને મારો વિશ્વાસ બંધાયો છે કે મારી સમજમાં આવેલો દૃષ્ટિકોણ સાચો છે. પશ્ચિમના સૌ વિદ્વાનોને એક દિવસ એ જ બિન્દુ પર આવવું પડશે.

જનપદીય દૃષ્ટિકોણ, ભારતીય કલા અને સંસ્કૃત સાહિત્ય, એ ત્રણ વિષયો ઉપરાંત પણ ભારતીય સંસ્કૃતિના કૈં કેટલા ય વિષયો મારા મનમાં ઊભરાય છે. એમાં ભારતીય ભૂગોળ, પુરાણ-સાહિત્ય અને વૈદિક સાહિત્ય તરફ મારું આકર્ષણ તો ઠેઠ ૧૯૨૦થી થતું રહ્યું છે, પણ છેલ્લાં સાત વર્ષથી એ વધતું ગયું છે. જ્યારથી મેં દીર્ઘતમસ ઋષિના 'અસ્યવામીય સૂત્ર'ની ટીકા લખી ત્યારથી મારી પાકી ખાતરી થઇ છે કે વેદવિદ્યા જ સૃષ્ટિવિદ્યા છે અને એટલી ઊંચી બીજી કોઈ વિદ્યા નથી. પણ મારી આ વાત હજી કોઈ સમજ્યા નથી. એના ઉપર મેં લગભગ ૬ ગ્રંથ લખ્યા છે. જો હું યુરોપીય વિદ્વાનો સમક્ષ મારી આ વાત મૂકી શક્યો હોત તો તેઓ પ્રમાણી લેત કે માનવના નિત્યજીવન વિષે જે તત્ત્વ વેદોમાં નિરૂપ્યું છે તે મૂલ્યવાન છે. મને એ વાતનો સંતોષ છે કે મારા જીવનનો સાયંકાળ એ વેદવિદ્યાના સંપર્કમાં જ વીતી રહ્યો છે.

૩૧૧ ('કુમાર' અંક ૫૧૩)

## ગુજરાતી કાવ્યપ્રકારોની પ્રમાણભુત ચર્ચા

અવલોકન: પ્રો. ચન્દ્રકાન્ત શેઠ

ઈ. ૧૯૫૭-'૫૮ની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં શ્રી ડોલરરાય માંકડે આપેલાં પાંચ વ્યાખ્યાનોના આ સમૂહમાં* પ્રથમ વ્યાખ્યાનમાં કાવ્યપ્રકારોના વર્ગીકરણમાં કામે લગાડવામાં આવતા સિદ્ધાન્તોની તપાસ છે. વ્યાખ્યાતાએ ભારતીય કાવ્યમીમાંસામાં જે જે ધોરણોએ કાવ્યોનું વર્ગીકરણ થયું છે તેની સાધાર માહિતી આપી, પૃથક્કરણ કરી, એનું સારતત્ત્વ જુદું કરી આપ્યું છે, અને એ જ પદ્ધતિએ યુરોપીય સિદ્ધાંતની તથા ગુજરાતીમાં પ્રચલિત સિદ્ધાંતોની તપાસ કરી છે; ને અંતે પોતાની દૃષ્ટિએ કાવ્યપ્રકારોનું વર્ગીકરણ આપ્યું છે. તેમાં તેઓ માનવજીવન નિરૂપણની દૃષ્ટિએ (૧) મહાકાવ્ય (૨) ખંડકાવ્ય અને (૩) લઘુકાવ્ય એમ ત્રણ ભેદ આપે છે; વસ્તુના ઉદ્દીપનની દૃષ્ટિએ, કે અન્તરતત્ત્વની દૃષ્ટિએ ૧) રસધ્વનિ ૨) વસ્તુધ્વનિ ને ૩) અલંકારધ્વનિ એમ ત્રણ ભેદ આપે છે; અને વસ્તુના આલંબનની દૃષ્ટિએ (૧) આત્મલક્ષી અને ૨) પરલક્ષી એમ બે ભેદ આપે છે. આ બધા ભેદોનું પણ વર્ગીકરણ આપીને આજના ગુજરાતી કાવ્યપ્રકારોને એમાં ઉચિત સ્થાન આપવા એમણે પ્રયત્ન કર્યો છે.

બીજા વ્યાખ્યાનમાં મહાકાવ્યનાં વ્યાવર્તક લક્ષણો નક્કી કરી આપ્યાં છે. એમાં પણ પહેલાં મહાકાવ્યનાં લક્ષણો અંગે ભારતીય કાવ્યસિદ્ધાંતને તપાસ્યા બાદ અનુક્રમે યુરોપીય સિદ્ધાંતો અને ગુજરાતી વિવેચનમાં મહાકાવ્ય અંગે જે કંઇ મહત્ત્વનું વિચારાયું છે તેની રૂપરેખા આપી છે; અને આ પછી મહાકાવ્ય અંગેના વિવિધ મતોનો નિષ્કર્ષ કાઢી, મહાકાવ્યનું સ્વરૂપ સ્પષ્ટ કરી આપ્યું છે.

ત્રીજા વ્યાખ્યાનમાં ખંડકાવ્યની સ્વરૂપચર્ચા છે. આખ્યાનકાવ્યને તેઓ મહાકાવ્ય ને ખંડકાવ્યથી અલગ ગણતા નથી. તેનાં કારણોની ચર્ચા કરતાં આખ્યાનશૈલી અને કથાશૈલીના ભેદને તેઓ સ્પષ્ટ કરે છે. પછી ગુજરાતી કથાશૈલીનાં લક્ષણો દર્શાવીને આખ્યાન અને રાસાની તુલના પણ તેમણે અહીં જ કરી છે.

ચોથા અને પાંચમા વ્યાખ્યાનમાં લઘુકાવ્યની ચર્ચા છે. પ્રથમ તો લઘુકાવ્યના પોતાના અર્થને સ્પષ્ટ કર્યો છે. પછી લઘુકાવ્ય અને લિરિકની ચર્ચા કરી છે. લિરિકને તેઓ સ્વતંત્ર કાવ્યપ્રકાર ગણતા નથી. લઘુકાવ્યના પ્રભેદોમાં મુક્તક, સૉનેટ, અન્યોક્તિકાવ્ય, અપહ્નુતિકાવ્ય, પદ, ભજન, કીર્તન, ગરબીગરબા, રાસ-રાસડા, પ્રકૃતિકાવ્ય આદિની ચર્ચા કરી છે. પ્રકૃતિકાવ્યની તો વિગતે ચર્ચા કરીને તેના ભેદપ્રભેદોની પણ સમજ આપી છે.

આમ, શ્રી ડોલરરાયના આ ગ્રંથમાં ગુજરાતી કાવ્યપ્રકારો અંગેની પ્રમાણભૂત ચર્ચા મળે છે. આ પુસ્તક એમના સંગીન અભ્યાસની, તીક્ષ્ણ બુદ્ધિપ્રતિભાની અને સાહિત્યિક સૂઝની પ્રતીતિ કરાવે છે. વળી જે વિષયની ચર્ચા પોતે કરે છે તેની સામગ્રી પર એમનું પ્રભુત્વ છે, તેથી એમની ચર્ચા વ્યવસ્થિત, સ્પષ્ટ અને લાઘવયુક્ત છે. તર્કશુદ્ધિ તો એમના લખાણનો મોટામાં મોટો ગુણ છે. તેઓ नामूलं लिखते किंचित्–એ સંપ્રદાયના

---

* ગુજરાતી કાવ્યપ્રકારો (આવૃત્તિ: ૧) લે૦ ડોલરરાય માંકડ; પ્ર૦: કેશુભાઈ વળિયા, અલીઆબાડા, પૃ૦ ૨૧૯; રૂ. ૪-૫૦.

સમર્થક છે એ આ પુસ્તક જોતાં સમજાય છે. પરંપરાનો યથાશક્ય ખયાલ રાખીને જ તેઓ જે તે મુદ્દાની ચર્ચા કરે છે. વળી જે સામગ્રી (data) મળે છે તેનું પૃથક્કરણ કરવામાં તેમની દૃષ્ટિની સ્વચ્છતા, તીક્ષ્ણતા, સાવધાની અને કાળજી ભરેલી સમતુલા જોવા મળે છે. પારદર્શકતા એમની શૈલીનો એક આકર્ષક ગુણ છે. ફૂટમાં ફૂટ ચર્ચા પણ જે વિશદતાથી તેઓ કરે છે તેમાં એમની જે તે વિષય પરની પ્રભુતા જ કારણભૂત લાગે છે. વિષય, સંબંધ, પ્રયોજન અને અધિકાર — આ અનુબંધ-ચતુષ્ટયની પરિપાટીનું અનુસરણ એમના પુસ્તકમાં જોઈ શકાશે. આ પરિપાટીને કારણે જે તે મુદ્દાને એમની રજૂઆતમાં સચોટતા મળી શકી છે. તેઓ પરંપરાના અભ્યાસી છે, પણ પરંપરા-જડ નથી. એમના નિરૂપણમાં એમની મૌલિક વિચારસરણીનો પ્રભાવ અવારનવાર જોવા મળે છે. તેઓ કોઈ લેખકના મતનું અવતરણ લેતી વખતે પણ પૂરી સાવધાની રાખે છે. તે વ્યક્તિના કથનનું તાત્પર્ય પોતે જે સમજ્યા હોય તે રજૂ કર્યા પછી જ પોતાની વાત તેઓ મૂકે છે. આ પદ્ધતિમાં થોડુંક જોખમ છે, પણ એ જોખમ તેઓ સમજે છે અને તેથી મૂળ લેખકને ક્યાંય અન્યાય ન થાય તે માટે પૂરા સાવચેત રહે છે. આપણે ત્યાં વિવેચનમાં વૈજ્ઞાનિક અભિગમની ખૂબ આવશ્યકતા છે. આ પુસ્તક એ અભિગમનું સમર્થક હોઈ એની મૂલ્યવત્તા વિષે ઝાઝું ઉમેરવું જરૂરી નથી.

## ગ્રંથસંપર્ક

### સાહિત્ય સંગમનાં પ્રકાશનો

(ઠે. ગોપીપુરા, સુરત-૨)

**અનારકલી ભા. ૧-૨:** પ્રેમની વેદી પર એક પ્રેમ પ્યાસી તરુણીના લોહીભીના બલિદાનની હૃદયવિદારક કહાણી. રસિક મહેતા, અનારકલી ભા. ૧: પૃ. ૩૨૮, પાકું પૂઠું, રૂ. ૮. અનારકલી ભા. ૨: પૃ. ૫૧૨, પાકુ પૂઠું, રૂ. ૧૨.

**નારી નરનું રમકડું:** સ્ત્રી પુરુષને રમાડે છે કે પુરુષ સ્ત્રીને, એ પ્રશ્ન ચર્ચતી નારીના દુઃખી હૃદય અને વિચારોની નવલકથા. નાનુભાઈ નાયક, પૃ. ૩૧૧, પાકું પૂઠું, રૂ. ૭-૫૦.

**સમરસુષમા:** પ્રેમ ત્રિકોણની યુદ્ધ અને સૌંદર્ય વચ્ચેના ઘર્ષણની નવલકથા. રસિક મહેતા, પૃ. ૪૨૩, પાકુ પૂઠું, રૂ. ૧૦.

### આર. આર. શેઠની કંપનીનાં

(ઠે. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨)

**નરેન્દ્રયશ:** બૌદ્ધ ભિક્ષુકની ઐતિહાસિક પ્રવાસકથા. મૂ. લે. રાહુલ સાંકૃત્યાયન, અનુ. સુભદ્રા ગાંધી, પૃ. ૫૫૪, પાકું પૂઠું, રૂ. ૧૧-૨૫.

**વોલ્ગાથી ગંગા:** ઈ. પૂ. ૬૦૦૦ વર્ષથી શરૂ કરી અદ્યતન માનવસમાજને રેખાંકિત કરતી નવલકથા. લે. રાહુલ સાંકૃત્યાયન, અનુ. સુભદ્રા ગાંધી, પૃ. ૪૨૭, પાકું પૂઠું, રૂ. ૮-૭૫.

**સરમત સંધાર:** ગુજરાતના સાગરકાંઠાના જૂની સાહસિક સંઘારકોમને વિષય બનાવતી ઐતિહાસિક નવલકથા. ગુણવંતરાય આચાર્ય, પૃ. ૩૧૬, પાકું પૂઠું, રૂ. ૬-૭૫.

**કાયર:** એક સ્ત્રી પુરુષના હૃદયની દ્રાવિડ કથા. મોહંમદમાંકડ, પૃ. ૧૪૦, પાકું પૂઠું, રૂ. ૩ા.

**પડઘા અને પડછાયા:** એ જ નામની નવલકથાની સંક્ષિપ્ત આવૃત્તિ. પન્નાલાલ પટેલ, પૃ. ૧૩૧, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

**યૌવન:** એ જ નામની નવલકથાની વિદ્યાર્થીઓ માટેની સંક્ષિપ્ત આવૃત્તિ. પન્નાલાલ પટેલ, પૃ. ૧૨૮, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

**શિક્ષણ અને સંસ્કાર:** આઝાદી પછી વિકસતી જતી વિકૃતિ અંગેનાં સ્વ. રમણલાલ વ. દેસાઇનાં લખાણોનો અને વ્યાખ્યાનોનો સંગ્રહ. પૃ. ૨૨૭, પાકું પૂઠું, રૂ. ૫-૨૫.

**વાતવાતમાં:** મોહમ્મદ માંકડની ૨૫ વાર્તાઓનો સંગ્રહ. પૃ. ૨૩૧, પાકુ પૂઠું, રૂ. ૫.

**પેટલીકર વાર્તાવૈભવ:** ઇશ્વર પેટલીકરની જાણીતી ૧૪ વાર્તાઓનો સંગ્રહ. પૃ. ૨૨૨, પાકું પૂઠું, રૂ. ૩-૫૦.

# મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર: **ચંપકલાલ મહેતા**



**શ્રી રવિશંકર મહેતા**
તંત્રી 'જન્મભૂમિ'

**૧) તંત્રીનું કાર્યક્ષેત્ર ક્યા પ્રકારનું હોય?**

ઉ વ્યવસાયનિષ્ઠ તંત્રીનું કામ તલવારની ધાર પર ચાલવા જેટલું મુશ્કેલ હોય છે. પાર વિનાનાં શુભાશુભ દબાણો અને લાલચોનો તે સતત ભોગ બનતો હોય. છે પરંતુ એ બંનેથી ચલિત ન થવાની દક્ષતા અને દઢતા તે દાખવી શકે તો ચતુર્વિધ પુરુષાર્થ સિદ્ધ કરવા માટે બીજી કોઈ સાધના કરવાની તેને જરૂર નથી રહેતી. स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः એ ગીતાવાક્ય બીજાઓની માફક તંત્રીઓને પણ લાગુ પડતું હોય છે.

**૨) વૃદ્ધ વયે પણ તંત્રી નવપલ્લવતા ધારી શકે?**

ઉ મોટા ભાગના તંત્રીઓ ઊતરતી વયે વ્યવસાયી ઘરેડમાં પડી જતા હોય છે; તેમની કામગીરી યંત્રવત્ બની જતી હોય છે. પછીથી વિચારોના ગુણ અને તાજગીને બદલે લેખનકળાના ગુણને લીધે તેમની પ્રતિષ્ઠા જળવાઈ રહેતી હોય છે.

**૩) તંત્રીજીવનમાં આવશ્યક ગુણ ક્યા?**

ઉ પોતાની આસપાસના જીવનમાં સજીવ રસ, અને એ જીવન પ્રત્યે દ્રષ્ટાભાવ, એ કોઈ પણ સારા તંત્રીના આવશ્યક ગુણો લેખાય. પોતાના તંત્ર નીચેના તમામ વિભાગો અને કાર્યો સંબંધે સારી જાણકારી અને વધતીઓછી હથોટી વિના કોઈ માણસ સફળ તંત્રી બની શકે નહિ.

**૪) તંત્રીલેખ લખતાં કયું દૃષ્ટિબિંદુ સામે રાખો છો?**

ઉ એ વખતે મારા વાચકો સિવાય બીજા કોઈ કે કશાને હું લક્ષમાં રાખતો નથી. દેશ, કાળ અને વ્યવહારના મારા ખયાલ પ્રમાણે વાચકોના યોગક્ષેમના પોષક લાગે એવા વિચારો, તેઓ સમજી શકે એવી ભાષામાં રજૂ કરવાનો પ્રયાસ કરું છું અને સામાન્યરીતે अनुद्वेगकरं वाक्यं, सत्यं, प्रिय, हितंचयत् એ ગીતાબોધ્યા વાઙ્મય તપને પાળવાની શક્ય તેટલી કાળજી રાખું છું.

**૫) સામયિકોની સમૃદ્ધિ અંગે આપનો મત?**

ઉ પ્રજાના સંસ્કારજીવનની અને સામયિકોની સમૃદ્ધિ હમેશાં સમાન્તર પાટાઓ પર ચાલતી રહેશે એમ હું માનું છું.

ર. વ. મહેતા

# માંદગીમાં ખોરાક

આહાર અને આરોગ્ય - ૭૪

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

રોજિંદા ખોરાકમાં આપણે સ્વાદ સિવાય ખાસ વિચારતા નથી, પણ માંદા કે માંદગીની અશક્તિવાળા માણસના ખોરાકનાં જાત અને પ્રમાણ વિષે આપણે ખાસ વિચારવું પડે છે. આ ખોરાક સારો હોવા છતાં ય રોજના ખોરાકની સરખામણીમાં તો તે સાવ ફિક્કો લાગે છે. ઘરમાં કોઈ માંદું હોય અને તે પણ જો બાળક હોય તો તેને ખવડાવવાની વાત વિચારણીય થઇ પડે છે. તંદુરસ્તીમાં થોડા દિવસનો ભૂખમરો ખાસ માઠી અસરો ઉપજાવતો નથી, બે અઠવાડિયાં સુધી તો તે વરતાતી પણ નથી. આથી ઊલટું શરીરમાંથી પાણી વહી જવાથી એક જ દિવસમાં માણસની સ્થિતિ ગંભીર બને છે. જેમ ઉમર નાની તેમ આ ગંભીરતા વધારે. ઘણા માણસો, માંદા માણસોને ખાસ કરીને તાવવાળાને પાણી આપવામાં કોઇ નુકસાન હોવાનો વિલક્ષણ અભિપ્રાય ધરાવતા જોવામાં આવે છે. ખરી રીતે તો તેની શક્તિ જાળવવા કશું ખાદ્ય આપવાની ચિંતા કરવા કરતાં માંદા માણસને પૂરતું પ્રવાહી આપવાની વધુ જરૂર છે.

તાવવાળી માંદગીમાં ભૂખ મરી જાય છે. કોઇ ફળ થોડું દૂધ અને ઢીલી ખીચડી ખાવાથી શરીરને આધાર રહે છે. માંદગીમાંથી ઊઠ્યા બાદ રોગીને આપોઆપ ખાવાનું મન થાય છે. તે વખતે તેને થોડોથોડો અને જલદી પચે એવો હળવો ખોરાક આપવો જોઈએ.

હોજરીના બગાડા વખતે તો કોઇ પણ ખોરાક પથ્ય નથી. ખાવામાં આવે તો તે નીકળી જાય છે. આવે વખતે યે ખોરાક નહિ, પણ પ્રવાહીની જરૂર છે. હોજરીના ચાંદા (પેપ્ટિક અલ્સર)ના રોગીઓએ તો અમુક ખાસ ખોરાક જ લેવા જોઇએ. ચાંદાને ઍસિડ માફક નથી આવતો. જઠર રસ આમ્લિક હોવાથી તેને દવાથી નહિ, પણ ખોરાકથી શમ બનાવવો જોઈએ. આવા રોગીએ દિવસ દરમિયાન દર બે કલાકે અને રાતમાં જાગી જવાય ત્યારે ખાસ ખોરાક લેવાનો છે.

મધુમેહ (ડાયાબીટિસ) જેવા રોગોમાં ખોરાકનું મહત્ત્વ છે. રોગીએ શુક્ધાન્યો અને ગોળખાંડ તોળીતોળીને ખાવાનાં છે. જોકે દાક્તર સલાહ સૂચના તો આપે જ છે, છતાં આ અને બીજા રોગો દરમિયાન આહારના પથ્યનો પ્રાથમિક ખ્યાલ તો દરેકને હોવો જ જોઈએ.

આયુર્વેદમાં માંદગી દરમિયાન અને આરોગ્યની જાળવણી માટે પથ્યાપથ્ય વિષે ઘણું કહ્યું છે. ઘણાખરા રોગો અયોગ્ય કે દુષ્ટ આહારથી થતા હોવાનું ચરકનું સ્પષ્ટ કથન છે. અમુક કારણોથી અમુક રોગ થયો હોવાનું વિચારી વૈદ્ય પથ્યાપથ્ય સૂચવે છે. વળી ઘણા માણસો ખોરાક ગરમ વાયડો ભારે ને અપથ્ય હોવાનું પરંપરાગત જ્ઞાન ધરાવે છે અને તે અનુસાર માંદગીમાં ખોરાક લેવાનું સ્વીકારે કે સૂચવે છે. જોકે આવી માન્યતા કેટલીક વાર ખોટે માર્ગે પણ દોરી જાય છે.

કોઈ પણ રોગમાં માણસની જરૂરત પ્રમાણે ખોરાક હોવો જોઇએ એવું આહારશાસ્ત્રી હચિન્સનનું કથન છે. હોજરી ઉપર ભાર ઓછો કરવાની શુભ લાગણીથી પ્રેરાઈ રોગીને હળવો ખોરાક આપવામાં એનું પોષણ જોખમાવાનો ભય પણ ક્યારેક ઉત્પન્ન થાય છે. આનો અર્થ એવો પણ નથી કે એકલો ખોરાક આપવાથી બધા રોગો અટકે કે મટે છે. છતાં પણ ખાસ ખોરાકની જાળવણીથી કેટલાક રોગો મટવામાં સહાય થાય છે ખરી.

ઔષધોપચાર સાથે ખોરાક વ્યવસ્થા વિષે વિગતમાં લખવાનું આ સ્થાન નથી, પણ થોડાક રોગોમાં પથ્ય ખોરાક વિષે વિચારીશું.

## તાવમાં ખોરાક

તાવનો અનુભવ તો લગભગ બધાને થયો જ હશે.

તાવ જોકે એક લક્ષણ છે પણ તેની પાછળ રહેલી રોગાવસ્થાને હઠાવવા આયુર્વેદમાં આરંભમાં લાંઘણ કરવાનો આદેશ છે જેથી આમાશય (હોજરી)માં રહેલા આમ (કાચા જઠરરસ)ના દોષનું પાચન થાય. તાવવાળાને સાતમા દિવસે પથ્ય ખોરાક આપવાનું મહર્ષિ ચરક કહે છે. આ દરમિયાન તે યવાગૂ (રાબ) આપવાની છૂટ આપે છે.

પશ્ચિમી વૈદકના પિતા ગણાતા હિપોક્રેટિસ (ઈ.સ. પૂર્વે ૪૬૦) પણ તાવવાળા રોગીને દારૂ અને જવની પાતળી રાબ ઉપર રાખતા હતા. જે પ્રથા પછી આંતરડાંની આંતરત્વચાના દાહથી તાવ આવતો હોવાની માન્યતાના આધારે સદીઓ પર્યંત ચાલુ રહી, પણ ઓગણીસમી સદીના મધ્યમાં પોતાના નિરીક્ષણોના આધારે ગ્રેવ્ઝે તાવના રોગીને ભૂખે મારવાની પ્રથા ખોટી ઠરાવી અને તે પછી આજની હળવો ખોરાક આપવાની પ્રથા શરૂ થઈ.

આજે રોગીની પાચનશક્તિ અનુસાર પ્રવાહી કે અર્ધપ્રવાહી ખોરાક આપવાની પ્રથા છે. હા, પેટના બગાડાને લીધે આવતા તાવ વખતે ખોરાક આપતાં પહેલાં વિચારવું જોઈએ. રોગીને ખોરાક આપવાથી તાવ વધતો નથી અને તેને આપેલા હળવા ખોરાકનું અગાઉની જેમ જ શોષણ થાય છે.

તાવ વખતે જીવનક્રિયા (મેટાબોલિઝ્મ) ઘણી વધતી હોવાનું જાણવામાં આવ્યું છે. કૉલમૅન અને ડુ બોઈસે ટાયફૉઈડ તાવમાં વધારે તાવ વખતે તે સમસ્થિતિ કરતાં ૪૦ થી ૫૦ ટકા વધતી હોવાનું સાબિત કર્યું છે. શરીરે વધારે પ્રમાણમાં દાઝેલા રોગીમાં પણ જીવનક્રિયા ઘણી વધે છે. આ વખતે જલદી સુધારો થવા માટે વધારે પ્રોટીન અને વધારે કૅલોરીવાળા ખોરાકની જરૂર છે.

તાવ વખતે આયુર્વેદનો ઉપવાસનો નિયમ શરદી માટે અસરકારક છે. શરદી વખતે બેએક દિવસના ઉપવાસથી શરદી જલદી મટે છે. કલકત્તા સ્કૂલ ઑવ ટ્રૉપિકલ મેડિસિનના ડૉ. ચૌધરીનું નિરીક્ષણ છે કે મલેરિયાનો રોગી જ્યાં સુધી અર્ધભૂખ્યો રહેતો હોય ત્યાં સુધી એને તાવ નથી આવતો; પણ હૉસ્પિટલમાં પોષણદાયક આહાર મળતાં એને તાવ આવે છે. લિવરપુલ (ઈંગ્લંડ)ના ત્રીસ દાકતરોના અખતરાથી સાબિત થયું છે કે રોગી ઉંદરોને ગાયનું અને માનવીનું દૂધ આપવાથી રોગજીવાણુઓ દબાઈ જાય છે. આને પુષ્ટિ આપનાર હકીકત એ છે કે માના ધાવણ ઉપર નભતાં નાનાં બાળકોને જવલ્લે જ મલેરિયા તાવ આવે છે. વિજ્ઞાનીઓનું માનવું છે કે દૂધનું કોઈ તત્ત્વ મલેરિયાના જીવાણુઓની વૃદ્ધિ અટકાવે છે.

આ ઉપરથી આપણે એમ તારવીએ કે મલેરિયા તાવ વખતે પ્રથમ દિવસે ઉપવાસ અને પછી બેત્રણ દિવસ ફક્ત ગાયના દૂધ ઉપર વિતાવવા. આમ કરવાથી રોગ વહેલો કાબૂમાં આવે છે.

તાવમાં શરીરને પોષણ આપવાના ઍલોપથીના વિચારને આયુર્વેદાચાર્યો સ્વીકારતા નથી. તેઓ તો તાવમાં દૂધ પણ આપવાની વિરુદ્ધમાં છે. પ્રાચીન આયુર્વેદાચાર્યોએ આના કારણોનું સ્પષ્ટીકરણ કર્યું ન હોવાથી આપણને તેમના કથનની પ્રતીતિ થતી નથી. બાકી સૂક્ષ્મદર્શનોના આધારે થએલાં તેમનાં વિધાનોમાં ઘણું સત્ય ભર્યું પડ્યું હોવાના ઘણી વાર અનુભવ થાય છે. (અનુસંધાન પૃ. ૩૨૫)

## કલાગુરુ નન્દલાલ વસુ

લે૦ નગેન્દ્ર ભટ્ટાચાર્ય



અર્જુનનો વિષાદ · કલાકાર નંદલાલ વસુ

આ અંકમાંના કલા-પૃષ્ઠ પરના 'શિવનું વિષપાન' ચિત્ર નીચે નિર્દેશ્યા મુજબ નંદબાબુએ સર્જેલી લક્ષણમૂર્તિઓમાં કૃષ્ણ અને અર્જુનનાં પાત્રો પણ આવી શકે. કૃષ્ણાર્જુનનાં એમણે સર્જેલાં અનેક ચિત્રોમાં અર્જુન અને કૃષ્ણના ચોટદાર મુખભાવ માટે આ જાણીતું છે.

સામેના કૉલમને છેડે: માસ્તર મશાય (નંદબાબુ)ની પ્રતિભા એમના સ્કેચોમાં સર્વોચ્ચ રૂપથી પ્રકટી ઊઠે છે. 'દોલત ચંપા'નો આ સ્કેચ એમણે વાતવાતમાં પીછીની દાંડી બ્લુ શાહીમાં બોળીને પોતાના શિષ્ય જગદીશ મિત્તલને ઈ. ૧૯૪૭માં કરી બતાવ્યો હતો. બંગાળ શૈલીના ચિત્રકારોમાં નંદલાલ વસુ આલેખનસામર્થ્ય માટે સર્વાધિક ખ્યાત છે.

ઓગણીસમી સદીના અંતમાં ભારતને પાશ્ચાત્ય સંસ્કૃતિ સાથે ઘનિષ્ઠ સંપર્ક થયો ને એને કારણે ભારતના રાષ્ટ્રીય જીવનમાં એક નવી ચેતનાનો જુવાળ આવ્યો. આપણી કલાનો સુકાઈ ગએલો પ્રવાહ એ ધારાને ઝીલીને ભરપટ્ટે વહેવા લાગ્યો. આચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની ભાવનાઓમાંથી પ્રેરણા મેળવી ભારતીય કલાકારોમાં એક નવા સ્પંદનની સૃષ્ટિનો ઉદ્ભવ થયો. એને પરિણામે જે કલાકારોનો ઉદય થયો એમાં નન્દલાલ વસુનું પ્રદાન સૌથી વૈવિધ્યપૂર્ણ, વ્યાપક ને સુદૂરગામી છે. નવીન ભારતીય ચિત્રકલાના એ સર્વશ્રેષ્ઠ ને અંતિમ પ્રતિનિધિનો તથા એમની કૃતિઓનો વિસ્તૃત પરિચય ૫૧૦મા અંકમાં આપ્યો હતો.

ભારતની ચિત્રકળાને નાનાવિધ પ્રકારોથી સમૃદ્ધ કરનારાઓમાં નંદબાબુ શ્રેષ્ઠ સાધક છે. ભારત તેમજ પૂર્વની શૈલીઓને અપનાવીને તેમણે ચિત્રકળાને સમૃદ્ધ કરીને પ્રગતિ કરાવી છે. એમનું પ્રત્યેક ચિત્ર બળવાન અને નૂતનતાથી ભરપૂર છે. ચીનની શૈલી આત્મસાત્ કરીને કરેલાં એમનાં આ ચિત્રો આજ વિસરાઈ ગયાં જણાય છે: 'પાંડવોનું વનગમન', 'કોણાર્કમાં તૃપ્તિ', 'ચૈતન્યની પાઠશાળા'નું રેખાચિત્ર, 'નટીની પૂજા'ના થોડા ખંડ, 'રાધાનો વિરહ', 'ચૈતન્યનો જન્મ', 'વૃક્ષારોપણ પર્વ', 'હલકર્ષણ ઉત્સવ' વગેરે. જેણેજેણે એ જોયાં છે તેના માનસપટ પર એ સદાને માટે અંકાઈ રહ્યાં છે.

નંદબાબુના જીવન પર જે વિભૂતિઓનો પ્રભાવ પડેલો તે પૈકીના એક વિદ્વાન જપાની કલાકાર ઓકાકુરાનું કહેવું હતું કે રાષ્ટ્રીયચિત્રકલામાં જ રાષ્ટ્રીય આત્માની સૌથી ઊંડી અભિવ્યક્તિ થાય છે. (પશ્ચિમી ભાવનાઓ ને શૈલીઓથી અંજાઇને ચાતરેલા 'મૉડર્ન' કલાકારો આ સમજશે?) જપાનની વિશેષતા જપાનની કલા દ્વારા જ સમુચિત રૂપે પ્રગટી છે. અને મને શ્રદ્ધા છે કે જે દિવસે ભારતનો કલા-આત્મા જાગી ઊઠશે એ દિવસે એની સારી સત્તા પ્રાણસ્પંદનથી મ્હોરી ઊઠશે. આ આસ્થાથી પ્રેરાએલા નંદલાલ ભારતીય કલાસાધનાના તીર્થયાત્રી બન્યા. એ માટે એ ભારતના ગામેગામ અને માર્ગો તથા તીર્થોનું ભ્રમણ કરતા અને પાછા ફરી પોતાની સાધનામાં પ્રવૃત્ત થઇ જતા. ભારતનો કલા-આત્મા ઉદ્બુદ્ધ થાય એ એમની સાધનાનું ધ્યેય હતું. એમની કલાકૃતિઓમાં ભારતનું સત્ય મૂર્ત થઈ સામે આવે છે. સજીવતા એમની કલાસાધનાની વિશેષતા હતી. વિષયવસ્તુનું અનુકરણ નહિ પણ સ્વચ્છ પ્રકાશ તથા પ્રાણનું પ્રાચુર્ય એમાં દેખાય છે.

નંદબાબુનાં ચિત્રોમાં રેખાંકન એનો પ્રાણ છે. એમનાં સમર્થ રેખાચિત્રોમાં ભાસ્કર્યનો આસ્વાદ મળે છે. એમનાં ચિત્રોમાં એક બાજુ શિવ, સતી, દુર્ગા, પાર્થસારથિ, રામાયણ-મહાભારતની ને બુદ્ધજીવનની ઘટનાઓ મળે છે, તો બીજી બાજુ સંથાલ, બાઉલ, મછુઆ, કિસાન, વૃક્ષ, છોડ ને વનરાજિ, ગાય-બળદ આદિ પશુસૃષ્ટિ તથા ગ્રામજીવનની સહસ્ર-મધુર ઘટનાઓનાં દર્શન થાય છે. એક બાજુ એમણે વસુ-વિજ્ઞાનમંદિર, શાંતિનિકેતન તથા વડોદરાના કીર્તિમંદિરમાં વિશાળ ભીંતચિત્રો અંકિત કર્યાં, તો બીજી બાજુ હલકે હાથે હજારો સ્કેચ કર્યા, જે એમના સંખ્યાતીત શિષ્યો, મિત્રો તથા ભક્તોમાં ઠેરઠેર વિખરાએલા પડયા છે. ધર્મપ્રાણ નંદબાબુનું જીવન પ્રકૃતિ-પ્રેમ ને એક ઊંડી શ્રદ્ધાના સૂરથી ઓતપ્રોત હતું. એમનાં અનેક ચિત્રો અનેક જનોનાં






જલ ભરવા



વિનોબા



બાઉલ ભજનિક

'રેખા-સામર્થ્ય તો નંદલાલનું જ' એ પ્રશસ્તિની પ્રતીતિ કરાવતાં સંખ્યાતીત કાર્ડ તથા રેખાચિત્રો એમના શિષ્યો ને ચાહકોમાં આજે વિખરાએલાં પડયાં છે. કોરા કાર્ડ ઉપર કે (વચલા ચિત્રમાં છે તેમ) લીનો કે લાકડાના કટકા પર એમની કલમ પીંછી કે ફરસી-નરેણીનો લસરકો પડયો તે પડયો. એમના હાથમાંથી જેટલી ત્વરાથી તેટલી જ ચોકસાઈથી ફૂટતી રેખાઓ વડે ચિત્રો સર્જાતાં જોવાં એ એક લહાવો હતો.


હૃદયમાં શ્રદ્ધાના એ સૂર સંક્રમણ કરી શકે છે.

આધુનિક પાશ્ચાત્ય ચિત્રકલા સંબંધમાં એ કહેતા: 'આ કલા સાર્વજનીન નથી. બૌદ્ધિકતાના ભારથી એ દબાએલી છે. એનો સંબંધ મગજ સાથે છે, હૃદય સાથે નહિ. જ્યારે એનો સંબંધ હૃદય સાથે હોય છે ત્યારે એ હૃદયને સ્પર્શ કરે છે, ને ત્યારે એ સાર્વજનીન બને છે.'

નંદલાલ પોતાની પાછળ એક સમર્થ શિષ્ય-વૃંદ મૂકી ગયા છે, જેમાં રમેન્દ્રનાથ ચક્રવર્તી, વિનોદવિહારી મુખરજી, વિનાયક માસોજી, વીરભદ્રરાવ ચિત્રા, રામકિંકર બૈજ, મણીન્દ્ર-ભૂષણ ગુપ્ત, વિશ્વરૂપ વસુ, સુધીર ખાસ્તગીર, કનુ દેસાઈ, વનવિહારી ઘોષ, નિહાર ચૌધરી, રાણી ચંદ, ગૌરી મંજ, ઇન્દુલેખા ઘોષ, અરુણાચલ પેરુમલ, અનિલ સાહા, દિનકર કૌશિક, પૃથ્વીશ નિયોગી, જગદીશ મિત્તલ, કુમારિલ સ્વામી, કૃપાલસિંહ શેખાવત આદિ અનેક વ્યક્તિઓ પોતાના ક્ષેત્રમાં બહુ યશસ્વી થઇ છે; તો પણ એમનામાંથી કોઇ પણ નંદલાલના ઉત્તર સાધક છે એમ કહી શકાય તેમ નથી. નંદબાબુની કલા એમની કલામાં પ્રતિફલિત થઈ છે. ભારતના નવજાગરણ યુગમાં જે આદર્શ ને ચિંતનશૈલીએ સમગ્ર રાષ્ટ્રને પ્રભાવિત તથા સંજીવિત કર્યું એ યુગચિંતન નંદલાલની કલાકૃતિઓમાં પોતાની અમર છાપ મૂકી ગયું છે. (અનુવાદ: રમણલાલ મા. ભટ્ટ)

## ગૂડવિલનો ઘડો

# જયંતી પટેલ



'કુમાર'ના જૂના અંકોમાં એમનાં નાટકો (દુષ્યંત બીજો, મકર સંક્રાંત) અથવા જાણીતા વ્યંગ-ચિત્રકારો આર. કે. લક્ષ્મણ, કે વિકીના, યા 'પંચ'ના પરિચયથી જયંતી પટેલના સમાગમમાં તમે આવ્યા હશો. અને તમે ત્યાં નહિ મળ્યા હો તો અમદાવાદમાં એલિસ બ્રિજ આરોગ્ય સમિતિના મેદાનમાં કે ત્યાં આવેલી રંગમંડળની ઑફિસમાં, કે 'અખંડ આનંદ'નાં પાનાં ઉપર સામાજિક કટાક્ષકાર તરીકે લખાણ સાથેનાં 'રંગલા'નાં કાર્ટૂનોમાં, અથવા આકાશવાણી ઉપરથી ભવાઈ શૈલીમાં આજના પ્રસંગોને વેધોની ભાષામાં વાચા આપતા રંગલાનાં પાત્રમાં (જેનાં લખાણ પણ એ પોતે જ કરે છે) કે પછી અમદાવાદથી માંડીને મુંબાઇના કોઈ પણ નાટ્યગૃહમાં તમે એમને અથડાઇ પડયા હશો.

સાહિત્ય અને નાટકની પ્રવૃત્તિ નિહાળવા અને તે ક્ષેત્રની મહત્ત્વની વ્યક્તિઓ જોડે વિચારોની આપલે કરવાના હેતુથી અમેરિકન સરકારે આપેલી સ્કૉલરશિપથી તે હમણાં અમેરિકા ગયા. તે ઉપરાંત પશ્ચિમ જર્મની, ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ તરફથી પણ એમને ટૂંકા ગાળાની મુલાકાત માટે આમંત્રણ મળેલું છે. આ મુલાકાતનો હેતુ ગુડવિલનો છે. જીવનમાં પણ ગૂડવિલ મૂકી જવાની ભાઈ પટેલની મહત્ત્વાકાંક્ષા છે. એમની ઇચ્છા છે કે આપણે



ભવાઈના વિવિધ 'વેશ'નાં ભાઈ જયંતી પટેલે યોજેલાં સ્વરૂપો: ડાબી બાજુથી અનુક્રમે



જુઠણનો વેશ　　ભામટાનો વેશ　　વાણિયાનો વેશ　　રંગલાનો વેશ　　છેલબટાઉનો વેશ　　ઝંડાઝૂલણનો વેશ

અને ભગવાને જયંતી પટેલને ફાળે આપેલો જયંતી પટેલનો વેશ



સૌ એમને 'ગૂડવિલના ઘડા' તરીકે ઓળખીએ. જોકે માણસ જેવી રીત બોલે છે તેવી જ રીતે હમેશાં વર્તતો નથી. ત્યાંથી જ હસવાની શરૂઆત થાય છે. આ વાતની એમને ખબર છે, એટલું જ નહિ પણ એ કહે છે કે માણસ માણસ પ્રત્યે ક્રૂર વર્તન કરે છે, માનવતાવિહીન વર્તન કરે છે એ વાતમાં જ બધી હાસ્યકથાઓનું બીજ છે. એટલા માટે તો હાસ્ય કરુણની તદ્દન નજદીક છે.

૧૯૨૪માં અમદાવાદમાં એમનો જન્મ થએલો. અમદાવાદીપણામાં રહેલા જૅકિલ અને હાઇડ તત્ત્વના એ જાણભેદુ છે. એ કહે છે કે ગુજરાતની સાચી નાટ્યકલાનો આરંભ અમદાવાદમાંથી જ થશે કારણ કે જેને ગુજરાતની માટી કહી શકાય એવું વ્યક્તિત્વ આ શહેરમાં વિશિષ્ટ છે. એમની આ વાત કોઈ માનતું નથી, કેમ કે ઇટાલીના ગામ સિસિલીની ખૂબીઓ બતાવે એવો ડિ સીકા* જગતમાં પેદા થયો છે પણ અમદાવાદની ખૂબીઓ બતાવે એવો કોઈ હજી નીકળ્યો નથી.

અમદાવાદમાં દરિયાપુરમાં આવેલી હરમાનવાળી પોળના નાકે આવેલા મંદિરમાં ભગવાનનાં દર્શન કરીને પછી પોળમાં દાખલ થતાં લાલ પોળ આવે છે. આ પોળમાં ગાયો, કૂતરાં ને માણસો એક બીજાં જોડે સંપીને રહે છે. આ જગ્યાએ એમણે જીવનની શરૂઆત કરી હતી. ન્યૂ હાઈસ્કૂલ નામે જાણીતી શાળામાં શિક્ષકોને જ્ઞાન આપીને શિક્ષકો પાસેથી એમણે જ્ઞાન લીધું. બે વખતના પ્રયાસ બાદ એ મૅટ્રિકના તળાવમાં માંડમાંડ ડૂબતા બચીને સામે કાંઠે પહોંચ્યા. બેંતાલીસની ચળવળમાં એમણે ભાગ લીધેલો, (જેમાં એમને પગે ગોળી વાગી હતી) પરિણામે ગુજરાત કૉલેજમાંથી એમને હાંકી કાઢવામાં આવેલા. એમને એ વાતનું દુઃખ છે કે એમનો પગ ગોળીની હડફેટમાં આવી ગયો હતો છતાં હજી સુધી તેઓ સરકારની હડફેટમાં આવ્યા નથી—પ્રધાન બન્યા નથી. ઘણા કહે છે કે એમને બનાવવામાં એ લોકો ફાવ્યા નથી.

નાટકના એમના પ્રેમને લીધે ઘર છોડીને ૧૯૪૭માં એમણે 'રંગમંડળ'માં ઝુકાવ્યું હતું. ત્યાં નાટકની પ્રવૃત્તિ કોઈ શીખવનારું ન હતું, પણ હાથે જ શીખી લેવાની બધી તક એ સંસ્થા આપતી હતી. તમારે નાટકો લખવાનાં, ભજવવાનાં, ભજવનારાઓને બોલાવવાના અને એ બધું જોવા પ્રેક્ષકોને પણ સમજાવીને બોલાવી લાવવાના. ત્યાં એમણે ઘણાં નાટકોમાં ભાગ લીધેલો. ઉમાશંકર જોશી, જયંતી દલાલ, પન્નાલાલ પટેલ, ચૂનીલાલ મડિયા, રામનારાયણ પાઠક, પુષ્કર ચંદરવાકર, નંદકુમાર પાઠક વગેરે જાણીતા લેખકોનાં એકાંકીઓ અને બારણે ટકોરા, સોયનું નાકું, એળે નહીં તો બેળે, ટ્રિગોનોમૅટ્રી, મુકુન્દરાય, કહ્યાગરો કંથ જેવાં નાટકો એ જ એમની નાટકશાળા હતી. અમદાવાદમાં આજની માફક ત્યારે પણ નાટકો ક્લાસ (class) કે માસ (mass) માટે ભજવાતાં ન હતાં, પણ ફક્ત પાસવાળાઓ માટે જ ભજવાતાં હતાં. મુંબાઇની વાત જુદી છે. ત્યાં નાટકો એ ત્રણે માટે નહિ પણ બુકિંગ-ઑફિસ પર પૈસા મેળવવા ભજવાય છે.


રંગમંડળનાં એ વર્ષો પર પુસ્તક લખવાની એમની ઇચ્છા છે. એક વાર એવું બનેલું કે એ મૂછના વાળ બજારમાંથી ખરીદી લાવવાનું ભૂલી ગયા હતા. મેઈકઅપ સર્વિસની જવાબદારી લીધેલી એટલે કોઇનો ખેલ બગાડવો કેમ પોસાય? પરિણામે છેલ્લી ઘડીએ ભેંશનાં પૂછડાં કાપીને તેના વાળમાંથી મૂછો બનાવી ચોંટાડેલી. જેમના ઉપર એ પ્રયોગ કર્યો હતો એ આજે પણ નાટકમાં મૂછો લગાડવાની તરફેણ કરતા નથી!

રંગમંડળમાં ભજવેલાં નાટકોમાં પાણિગ્રહણ, બિન્દુનો કીકો, અચલાયતન, મોંઘેરા મહેમાન, સાથે શું બાંધી જવાના? ગાંધીજી એક રાત અહીં સૂતા હતા અને રંગમેળો, એ નોંધપાત્ર હતાં.

રંગમંડળ છોડયા પછી એ ફિલ્મલાઈનમાં ગયા. ત્યાંના અનુભવોને અંતે એ કહે છે કે હું જન્મ્યો તે અગાઉથી મને ફિલ્મનો શોખ હતો અને પરિણામે હું જન્મ્યો ત્યારથી આજ સુધી મારી ફિલ્મ ઊતરી રહી છે. એમનાં જે થોડાં ઘણાં માંડ પૂરાં થયાં છે તે ચિત્રો ડિસ્ટ્રિબ્યુટરો હવે થીએટરની બહાર બતાવે છે, જેથી પ્રેક્ષકો થીએટરમાં જાય છે. એમનાં ચિત્રોને એક ધંધાદારી સફળતા મળી છે ખરી: દૂરબીનમાં મૂકીને ફિલ્મ જોતા નિશાળના છોકરાઓને તેના ટુકડા કરીને વેચવામાં આવે છે.

વધુ સારી તક શોધવાનાં ફાંફાં મારતામારતા ભાઇ પટેલ મુંબાઈ ગયા. મુંબાઈમાં શરૂઆતમાં 'પથપ્રવાસી' નામે સંસ્થામાં એ એકાંકી નાટકો કરતા. ત્યાંથી 'ભારતીય વિદ્યાભવન' અને 'રંગભૂમિ' સંસ્થામાં કામ કર્યું. તે પછી ઇન્ડિયન નૅશનલ થીએટર તરફથી શ્રી ફિરોઝ આંટિયાના દિગ્દર્શન તળે શ્રી ધનસુખલાલ મહેતાએ તૈયાર કરેલા નાટક 'રંગીલો રાજ્જા'માં રસિકના પાત્રે એમને ઝળહળતી ફતેહ અપાવી. દિલ્હી ગુજરાતી સમાજે એમને તે માટે સુવર્ણચંદ્રક આપેલો. ચાર વર્ષ ચાલેલા એ નાટકે એમને નવા પ્રયોગો કરવાની તક આપી. મેરી ચેઇઝે લખેલા જગવિખ્યાત પુલિત્ઝર પારિતોષિક મેળવેલા નાટક 'Harvey' ઉપરથી રૂપાંતરિત 'મસ્તરામ'માં શ્રી ચંદ્રવદન ભટ્ટના દિગ્દર્શન હેઠળ એમણે ભજવેલી પરમસુખ પારેખની ભૂમિકા માટે મહા-

* ડિ સીકાનું ચિત્ર 'બાઇસિકલ થીફ' જાણીતું હતું. મુંબાઈમાં આજે 'યસ્ટર-ડે ટુ-ડે ઍન્ડ ટુ-મોરો' નામનું ચિત્ર ચાલે છે.



ગુજરાતના વિશિષ્ટ નાટ્યપ્રકાર 'ભવાઇ'નો અમેરિકાને પરિચય કરાવવા માટે જે અનેક તરીકાઓ યોજીને ભાઈ પટેલ પોતાની સાથે લઈ ગયા છે તેમાં ભવાઇના વિવિધ વેશનું નિદર્શન પણ છે. રંગીન અને સોનેરી–રૂપેરી કાગળના ટુકડા ચોડીને કરેલાં એવાં ચાર નિદર્શન ઉપર આપ્યાં છે. ડાબી બાજુથી અનુક્રમે: ગણેશ, ઝંડાઝૂલણ, રંગલો અને રંગલી.

રાષ્ટ્ર રાજ્ય તરફથી એમને પ્રથમ પારિતોષિક મળ્યું હતું. આ ઉપરાંત 'માઝમ રાત', 'મંગલમંદિર', 'સંભાવિત સુંદરલાલ', 'જમાઉધાર', 'ભલે પધાર્યા', 'મનુની માશી', 'કંચન ભયો કથીર', 'કોના બાપની દિવાળી', છે જે અનુક્રમે સી. સી. મહેતા, પ્રાગજી ડોસા, સ્વ. શ્રી રત્નમણિરાવ જોટ, શ્રી ભ. હી. ભૂખણવાલા, મધુકર રાંદેરિયા, હરીશ ત્રિવેદી, ધનસુખલાલ મહેતા, જ્યોતીન્દ્ર દવેનાં લખેલાં હતાં. તેમાં વિવિધ ભૂમિકાઓ તથા આકાશવાણી પરથી એમણે અનેક ભૂમિકાઓ કરી છે.


આ બધાં નાટકોમાં તે તે પાત્રની સૃષ્ટિમાં જીવવાનું પટેલને અનુરૂપ તો હતું, પણ પોતાના સ્વરૂપને મૂર્ત કરે એવા આગવા માધ્યમની શોધમાંથી ભવાઇના વેશોમાં રંગલા જોડે એમને છેવટે ઘરોબો બંધાઈ ગયો. ભવાઇનું નાટ્યસ્વરૂપ એ ગુજરાત પોતાનું કહેવડાવી શકે તેવું ને છતાં જગતનાં નાટ્ય-સ્વરૂપોની હરોળમાં આવી શકે એવું સ્વરૂપ છે.

શ્રી દીનાબહેન ગાંધીએ 'લોકભવાઇ' નામની એમની કૃતિમાં ભવાઈનાં જૂનાં સ્વરૂપનો ઉપયોગ કરી નવા વેશ આપવાનો પ્રયાસ કર્યો હતો. શ્રી ચંદ્રવદન મહેતાએ પણ 'હોહોલિકા' જેવી એમની કૃતિમાં ભવાઈનાં તત્ત્વો લેવાનો પ્રયત્ન કરેલો છે. અમદાવાદના નટમંડળે શ્રી રસિકલાલ પરીખ કૃત 'મેના ગુર્જરી' નાટકમાં ભવાઈનાં તત્ત્વોનો સરસ ઉપયોગ કર્યો હતો. જયંતી પટેલે એ પરંપરામાં 'નેતા-અભિનેતા'ના નાટકથી એક નવું જ પ્રસ્થાન કર્યું. એ પછી 'સરવાળે-બાદબાકી' નાટકમાં ભવાઇના વેશો જેવા જ નવા વેશો લઇને પશ્ચિમના નાટ્ય-સ્વરૂપ 'રેવૂ' જેવી રચના કરી, કે જેમાં એક સળંગ નાટકમાં બધા જ જુદાજુદા વેશ-સ્વરૂપો સાંકળી લઈને સૂત્રધારની મદદથી રોજબરોજની સમસ્યા અને પ્રસંગોને માનવસ્વભાવની સમસ્યા ને જીવનના પ્રસંગો જોડે સાંકળ્યા છે. તેઓ માને છે કે નાટકના આ સ્વરૂપનો ગુજરાતમાં જેટલો વ્યાવહારિક ઉપયોગ થશે એટલી ઝડપથી ગુજરાતને એના નાટકનું સ્વરૂપ મળશે.

ફક્ત સફળતાઓ માટે જ પટેલ પ્રખ્યાત છે એવું નથી. નિષ્ફળતાઓ પણ એમને એટલા જ પ્રમાણમાં મળેલી છે. એમનાં ઘણાં નાટકો નિષ્ફળ ગયાં છે. પણ એમાં શ્રી ચંદ્રવદન ભટ્ટ જોડે માઈકલ સ્કીગલના નાટક 'લુવ' ઉપરથી તૈયાર કરેલું નાટક 'લવ–લવ' પહેલી જ નાઈટે એવું નિષ્ફળ ગયું કે પ્રેક્ષકોએ પૈસા પાછા માગ્યા હતા!

**ના**ટક પછીનો ભાઈ પટેલનો શોખ તે કાર્ટૂનનો છે. બેંતાળીશમાં ગોળી વાગ્યા પછી એ ખાટલા ઉપર પડ્યા ત્યારે ડૉક્ટરે એમને કહ્યું હતું કે હવે પછી તમારે માટે ચાલવું કઠણ પડશે. એ સંજોગોમાં એમણે કાર્ટૂનિસ્ટ થવાનો મનસૂબો કર્યો. બંસીલાલ વર્માનાં ચિત્રો જોઇને એ પોતાની મેળે લીટા મારતા હતા અને એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં શ્રી રામનારાયણ પાઠક તથા બીજા પ્રોફેસરોનાં એમણે કરેલાં ઠઠ્ઠાચિત્રો ઉપર શ્રી રવિશંકર રાવળે એમને ઇનામ આપ્યું હતું, એટલું જ નહિ પણ પોતાના કલાસંઘમાં તેના અભ્યાસ માટે સગવડ પણ કરી આપી હતી. ચિત્રકલાનો એમનો મહાવરો ઓછો હતો, પણ માણસના સ્વભાવને ઘૂંટવાની એમની શક્તિમાંથી અને તેને રંગલાના મળેલા સહકારથી સામાજિક કટાક્ષક્ષેત્રે એમણે એક આગવી શૈલી ઊભી કરી છે. આપણે ત્યાં એક માન્યતા આજ સુધી એમ ઘર કરી ગઇ હતી કે કેળાની છાલ ઉપરથી લપસી પડે ત્યારે જ હસવું જોઇએ; પણ સામાન્ય બુદ્ધિના વ્યવહારમાંથી લપસી પડતા માણસો પ્રત્યે કોઈ હસતું નહિ. આ સમજવા માટે ફક્ત કાર્ટૂનનું ડ્રૉઇંગ નહિ, ફક્ત હસાવવાનો મહાવરો નહિ, પણ સંજોગોનો માનસશાસ્ત્ર જોડેનો ઉપયોગ એ પટેલની વિશિષ્ટતા છે. એ માટે તમારે છેલ્લાં ચાર-પાંચ વર્ષથી 'અખંડ-આનંદ'માં નિયમિત પ્રગટ થતી 'રંગલાની રામાયણ' વાંચવી જોઇએ. બે વર્ષ સુધી 'મુંબાઈ સમાચાર'માં રોજના એક કાર્ટૂનનો પ્રયોગ પણ કર્યો હતો; અને 'પૉપ'ની માફક 'દાસભાઈ'ની એક લાંબી પટ્ટી ચીતરી હતી. છેલ્લાં ચાર વર્ષથી તેઓ દિવાળીમાં નીકળતા વાર્ષિક 'આવાઝ'ના આનંદ-અંકનું સંપાદન કરે છે. જન્મભૂમિ ટ્રસ્ટ તરફથી એમણે 'ફૂલછાબ' નામના હાસ્યના એક અંકનું સંપાદન કરેલું ગુજરાતમાં 'જનસત્તા' અને 'નૂતન ગુજરાત'માં અનુક્રમે 'મુખડા કયા દેખો દર્પન મેં' તથા 'હસે તેનું ઘર વસે' નામનાં પાનાંનું સંપાદન આજે પણ તેઓ કરે છે. બસો શબ્દોમાં રોજના પ્રસંગનું વિવરણ હાસ્યની દૃષ્ટિથી રજૂ કરવાની કૉલમિનિસ્ટની હથોટી એમને ફાવી ગઈ છે. આ ઉપરાંત હાસ્યનું વિવરણ કરતા ઘણા લેખો તેમણે લખ્યા છે. પરિચય ટ્રસ્ટ તરફથી બહાર પડેલી તેમની પુસ્તિકા 'કાર્ટૂનની કથા' જાણીતી છે.







મૉન્ટ્રીઅલ (કૅનૅડા)ના આંતરરાષ્ટ્રીય કટાક્ષચિત્ર-પ્રદર્શનમાં પારિતોષિક પામેલું બંસીલાલ વર્મા 'ચકોર'નું ચિત્ર: ચીની દૈત્ય (ચીન) રાષ્ટ્રસંઘમાં જાય (જોડાય) તો...આફ્રોએશિયન માન્યતા મુજબ તે રાષ્ટ્રસંઘનાં નિયમ મર્યાદા અનુસાર વર્તવા મજબૂર બને; અને અમેરિકન દહેશત પ્રમાણે તે રાષ્ટ્રસંઘને જ છિન્નભિન્ન કરી નાખે.

## કટાક્ષચિત્રોમાં ગુજરાતનું ગૌરવ

કૅનૅડાના મૉન્ટ્રીઅલ નગરમાં ત્યાંની શહેર સુધરાઈ તથા દૈનિકપત્ર 'મૉન્ટ્રીઅલ સ્ટાર'ના ઉપક્રમે આ વર્ષના જુલાઈ માસમાં રાજકીય તેમજ હળવાં ને પ્રકીર્ણ કટાક્ષચિત્રો (કાર્ટૂન) અને ઠઠ્ઠાચિત્રો (કૅરીકેચર)નું એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન યોજાયું હતું. આ પ્રકારનું આ ત્યાં ત્રીજું પ્રદર્શન હતું. ચાર સમાજવાદી દેશ સાથે યુરોપના ૧૯, ઉત્તર-દક્ષિણ અમેરિકાના ૧૨, એશિયાના ૪, આફ્રિકાના ૩ અને ઑસ્ટ્રેલિયા. ન્યૂઝીલૅન્ડ વગેરે મળી કુલ ૩૭ દેશોએ એમાં ભાગ લીધેલો, અને ૧૪૦૦૦ ડૉલરનાં કુલ ૩૪ ઈનામો વહેંચાયાં હતાં.



ઉપર્યુક્ત પ્રદર્શનમાં રજૂ થએલી ઇન્દ્રદેવ આચાર્યની કૃતિ 'નેહરુનું નિધન'

ભારતમાંથી ચંદ્રી લાહિડી, અમલેન્દુ ચક્રવર્તી અને એસ. ડી. ફડનિસ સાથે 'ચકોર'– બંસીલાલ વર્મા–તથા ઇન્દ્રદેવ આચાર્યની કૃતિઓ ત્યાં રજૂ થઈ હતી. આ પાંચ ભારતીય કટાક્ષ-કલાકારોમાં છેલ્લા બે ગુજરાતી છે એ આનંદની વાત તો છે જ, પણ એશિયામાં આવેલાં ત્રણ ઈનામોમાંથી એક 'ચકોર'ને મળ્યું છે એ ગુજરાત માટે ગૌરવપ્રદ છે. કટાક્ષ-ચિત્રકાર તરીકે ભાઈ બંસીલાલ વર્મા–'ચકોર' માત્ર ગુજરાતી ભાષાભાષી વિસ્તારમાં જ નહિ પણ ફ્રી પ્રેસ જર્નલ (અંગ્રેજી દૈનિક) અને નવશક્તિ (મરાઠી) પત્રો દ્વારા દેશ આખામાં જાણીતા છે. વિદેશી પત્રોમાં યે એમનાં કાર્ટૂનો પ્રકટ થએલાં હોઈ પરદેશમાં પણ તેઓ છેક અજાણ તો નથી જ. 'ચકોર' ને 'વિચિત્ર'ની સહીથી કરેલાં મૌલિક કટાક્ષોવાળાં એમનાં રાજદ્વારી કાર્ટૂનો અને પાત્રની પ્રત્યેક લાક્ષણિકતાને સચોટતાથી રજૂ કરતાં એમનાં ઠઠ્ઠાચિત્રો (કૅરીકેચર) વડે એમણે ગુજરાતની કળાના એ સૂના અંગને સૌપ્રથમ અજવાળ્યું છે. છેલ્લેછેલ્લે એમણે રાજ્ય-સરકારને માટે કાર્ટૂનફિલ્મ પણ બનાવી છે.

સ્વસ્થ ચિત્રકળાના પ્રકારોમાં પણ બંસીલાલે પોતાની શક્તિનું સુંદર નિદર્શન કરી બતાવ્યું છે. એમણે કરેલાં વાર્તાચિત્રો અને પુસ્તકોનાં જૅકેટ-ડિઝાઇનો વળી એમની કલાશક્તિનું એક આગવું પાસું રજૂ કરે છે. અગાઉ ૨૧૪મા અંકમાં એમનો વિસ્તૃત પરિચય અને અવારનવાર એમની અન્ય કલાકૃતિઓ 'કુમાર'માં પ્રકટ થએલાં હોઈ 'કુમાર'ના વાચકોમાં તો તેઓ જાણીતા છે જ.

કટાક્ષચિત્રોના આ પ્રદર્શનમાં ભાગ લેનાર બીજા કટાક્ષ-કલાકાર ઇન્દ્રદેવ આચાર્ય પણ હવે ગુજરાતી વાચકવર્ગથી અપરિચિત નથી. અર્થશાસ્ત્રમાં ડૉક્ટરેટ મેળવી હાલ મુંબાઈમાં તેઓ જગતની એક અગ્રગણ્ય તેલકંપનીના આર્થિક પ્રશ્નોના સલાહકાર તરીકેના ઊંચા હોદ્દા પર કામ કરે છે. 'આચાર્યની આજકાલ'-ના મથાળા નીચે 'જનસત્તા'-'લોકસત્તા' દૈનિકોમાં નિયમિત પ્રકટ થતાં રહેલાં એમનાં વેધક કટાક્ષચિત્રો તથા 'નવગુજરાત' અઠવાડિકના હાસ્યના પાનાના સંપાદક તરીકે તેઓ ગુજરાતમાં હવે સારી પેઠે ખ્યાતિ પામ્યા છે.

કટાક્ષચિત્રો દ્વારા સામાન્ય માણસોને પજવતા પ્રશ્નોની વેધક રજૂઆત એ એમનો પ્રિય વ્યાસંગ છે અને એમાં એમણે સારી સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે. એમનો પરિચય પણ ૪૬૪મા અંકમાં આવી ગયો હોઈ વાચકોના એ સુપરિચિત છે.

આ બંને કલાકાર મિત્રોને અભિનંદન આપતાં અમે ગૌરવ અનુભવીએ છીએ.

## ચંદ્રવદન મહેતા અમેરિકાના વ્યાખ્યાનપ્રવાસે


પ્રાચીન ને અર્વાચીન ભારતીય નાટ્યવિદ્યા પોતાને ત્યાં શીખવવા માટે અમેરિકાના મિશિગન રાજ્યની સરકારી યુનિવર્સિટીએ આપેલા આમંત્રણથી શ્રી ચંદ્રવદન મહેતા આ માસની ૧૫મી તારીખે એ રાજ્યના પૂર્વ લેન્સિંગ નગર પહોંચી જશે, અને ત્યાં નવ માસ (તા. ૧૫-૬-'૬૭ સુધી) રહેશે જે દરમ્યાન તેઓ ઉચ્ચારશાસ્ત્ર વિષેનું સંશોધન પણ વિષયના મહાવિદ્યાલયમાં કરશે. વળી તેઓ એ વિદ્યાપીઠની સૂચના મુજબ અમેરિકાની બીજી વિદ્યાપીઠોમાં પણ વ્યાખ્યાનો આપવા જશે ને ઘણું કરીને આવતા વરસના સત્રાંતે કાલિદાસનું શાકુંતલ જાતિદેખરેખ હેઠળ ભજવાવશે.

હસ્તકળા, સહકારી પ્રવૃત્તિ, રાજકારણ, કલા અને નાટ્યક્ષેત્રે અદ્વિતીય રચનાત્મક કાર્યદ્વારા ઉત્તમ સમાજસેવા કરવા બદલ આ

## મૅગ્સેસે પુરસ્કાર-વિજેતા શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાય

વર્ષનો રૅમન મૅગ્સેસે પુરસ્કાર નામાંકિત લેખિકા અને લોકસભાનાં માજી સભ્ય શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાયને એનાયત કરવાની જાહેરાત ભારતીય નારીજગત માટે ગૌરવભરી બીના છે. દસ હજાર અમેરિકન ડૉલરનો આ પુરસ્કાર ફિલિપાઈન્સના સ્વ. (હવાઈઅકસ્માતથીઅવસાન પામેલા) રાષ્ટ્રપતિ રૅમન મૅગ્સેસેની પુણ્ય સ્મૃતિમાં છેલ્લાં નવ વર્ષથી દર વર્ષે અપાય છે. ભારતમાં શ્રીમતી કમલાદેવી ઉપરાંત આચાર્ય વિનોબા ભાવે ને જયપ્રકાશ નારાયણ આ પુરસ્કારના અધિકારી ગણાયા છે.

મૅગ્સેસે પુરસ્કાર ફાઉન્ડેશને જણાવ્યું છે કે 'રૂઢિચુસ્તતાને પડકાર ફેંકી સમાજના નવનિ-



ર્માણ પર વ્યાપક પ્રભાવ પાડનાર, આધુનિક ભારતનાં વિરલ શિલ્પીઓમાંનાં કમલાદેવી એક છે. એમણે બતાવી આપ્યું છે કે રૂઢિચુસ્ત સમાજમાંથી આવેલ સ્ત્રીઓ પણ સમાજ-સેવાનાં કાર્યોમાં સમાનતા પ્રાપ્ત કરવા ઉપ-રાંત પોતાના વધારે નાજુક સ્પર્શથી શોભતી નવી ઉપયોગી સંસ્થાઓ નિર્માી શકે છે.'

શ્રીમતી કમલાદેવીનું લગભગ સમગ્ર જીવન એક યા બીજા કાર્ય દ્વારા રાષ્ટ્રસેવાની વિવિધ પ્રવૃત્તિઓમાં જ વીત્યું છે. મૂળ મૅંગલોરનાં એ વતની. વયની વીસીનાં વર્ષોમાં તો સમાજ-સેવામાં ખુદ પોતાની માતાની હરીફાઇ કરતાં. ઈ. ૧૯૨૧માં માબાપે એમને ઉચ્ચ વિદ્યા માટે કૅમ્બ્રિજ મોકલ્યાં, પણ એ તો સમાજ-સેવાના ક્ષેત્રની તાલીમ માટે બેડફર્ડ કૉલેજ-માં જોડાયાં; અને ત્યાંથી લંડન સ્કૂલ ઑવ ઇકૉનૉમિક્સમાં શિક્ષણ મેળવી લઈ યુરોપ, અમેરિકા, આફ્રિકા, જાપાન અને દુનિયાના બીજા દેશોનો પ્રવાસ કરી એમણે ત્યાંનાં જી-વન, સમાજ, કલા વગેરેનો બહોળો અભ્યાસ કર્યો. ભારત આવીને સરોજિની નાયડુના સૌથી નાના ભાઈ જાણિતા કવિ-સંગીતજ્ઞ-અભિનયકાર હરીન્દ્રનાથ જોડે એમણે લગ્ન કર્યું અને સંગીત તથા નૃત્ય-નાટકનો નાનપણથી જ પોતે શૉખ કેળવેલો હોઈ પતિપત્ની બંને-એ અંગ્રેજી તથા ભારતીય નાટકો પણ ભજ-વેલાં. પાછળથી એ બંને છૂટાં પડી ગયાં.

ગાંધીજીના રાજકારણથી આકર્ષાઈ ૧૯૨૪ માં તે કૉંગ્રેસમાં જોડાયાં અને મહિલા-દળની તાલીમનું કામ ઉપાડી લીધું. મીઠાના સત્યા-ગ્રહમાં ઝુકાવી એ જેલમાં પણ ગયાં, અને એ આઠ વરસ સુધી. પોતાની પ્રવૃત્તિઓથી બ્રિ-ટિશ સરકારને એવી તો અકળાવી મૂકી કે મોટો ભાગ એમણે પૂના, બેલગામ, બૅંગલોર વેલોર અને મુંબાઈની જેલમાં જ ગાળેલો.



સ્વાતંત્ર્ય પછી રાજકારણમાંથી ખસી જઈ એમણે રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરી. અખિલ ભારત મહિલા પરિષદનાં તો એ માર્ગ-રેટ કઝિન્સ સાથે સ્થાપક સભ્ય અને આયો-જક-મંત્રી હતાં. ઇ. ૧૯૪૮માં ભાગલા પછી-ના નિરાશ્રિતોને સહાયભૂત થવા એમણે ભારતીય સહકારી સંઘની સ્થાપના કરી, અને એ કાર્ય પૂરું થતાં એ સંઘને હસ્તોદ્યોગ અને ગૃહોપયોગી ચીજ-વસ્તુઓના નિર્માણમાં યોજીને જે અપૂર્વ સફળતા મેળવી તેનો ખયાલ એટલા પરથી આવી શકશે કે આજથી ૧૫ વર્ષ પહેલાં એ સંઘ ભારતીય અર્થતંત્રના ઓર-માન બાળક જેવો હતો, તે આજે ભારત જેને માટે ગૌરવ લઇ શકે એવો જગપ્રતિષ્ઠિત ને ધીકતો ધંધો થઈ ગયો છે. હૅન્ડલૂમનું કાપડ, હાથકારીગીરીની ચીજો, ફર્નિચર, ઝવેરાત, ભરતગૂંથણ, રમકડાં આદિની તેની નિકાસ ઈ. ૧૯૬૧માં જે ૧૯ કરોડની હતી તે વધીને આજે ૩૦ કરોડ રૂપિયાની થઇ છે.

આજે ૬૩ વર્ષની વયે પણ ભારતીય સહ-કારી સંઘનાં સંસ્થાપક અધ્યક્ષ તરીકે, તેમજ ભારતીય નાટ્યસંઘ, અખિલ ભારત મહિલા પરિષદ અને અખિલ ભારત હસ્તોદ્યોગ મંડળ-નાં પ્રમુખ તરીકે, તથા સંગીત નાટક અકાદમી ને વિશ્વહસ્તકળા પરિષદનાં ઉપપ્રમુખ તરીકે-ની જવાબદારી તે અદા કરી રહ્યાં છે. જે કાર્ય માટે આજે એમને મૅગ્સેસે પારિતોષિક મળે છે તે જ કાર્ય માટે ભારત સરકારે તો એમને ક્યારનાં 'પદ્મભૂષણ' પદથી નવાજ્યાં છે.

### કેળાંની એક વાનગી

છાલ ઉતારી લીધેલાં છ મોટાં કેળાં છૂંદીને માવો કરી, એમાંનું પાણી ઊડી જાય એટલે તેને ઘીમાં સાંતળી લઈ ઠરવા મૂકવો. પછી ૨૫૦ ગ્રામ જેટલી ડુંગળીને ઝીણી સમારીને બદામી થઈ જાય એટલી સાંતળવી. આ જ રીતે પચાસેક ગ્રામ કિસમિસ પણ ફૂલી જાય એટલી સાંતળીને ડુંગળી ભેગી ભેળવી દેવી.

હવે કેળાંના માવાની થેપલી કરી (ન થાય તો એકાદ ચમચી લોટ નાખવો) એમાં વચ્ચે ડુંગળી-કિસમિસનું પૂરણ ભરવું ને ગોળો વાળી તેને ચારે બાજુથી ઢાંકી દેવો. આ ગોળાને દબાવીને થોડા ચપટા કરી, પાંઉના ભૂકામાં સહેજ રગદોળીને બદામી થાય એટલા તળી લેવા. વધુ ગળપણ ભાવતું હોય તો પછી ઉપર થોડી ખાંડ ભભરાવી ખાવા.

—

સામેના પાના પરનું ચિત્ર: રશિયાની એક સોયાની ગૂંથણકળાનો એક સુંદર નમૂનો.



ભારતની ખેતીપ્રધાન સંસ્કૃતિના સાંકેતિક દેવ

## ગણપતિ અને ગણેશોત્સવ

**મા**નવીને ઘરેડુ જીવનમાંથી મુક્તિ પામીને મનોરંજન મેળવવાની જરૂર રહ્યા કરે છે. એ જરૂરત ઉત્તમ રીતે પૂરી પાડવાનું કાર્ય આપણા પૂર્વજોએ ધાર્મિક તહેવારો ને ઉત્સ-વોની યોજના દ્વારા સરસ રીતે બજાવ્યું છે. એમાં આજના જમાનાની માગ ને અનુકૂળતા પ્રમાણે ફેરફારો કરીને એમને જીવતા રાખ-વાનો પ્રયાસ (થોડાક અપવાદો બાદ કરતાં) થયો નથી એ પ્રજાની મોટી કમનસીબી છે.

આવા અપવાદોમાં સર્વોત્તમ છે મહારા-ષ્ટ્રમાં લોકમાન્ય ટિળકે જેનો પુનરુદ્ધાર કર્યો તે ગણેશોત્સવ. ભાદરવા સુદ ચોથથી અનંત ચતુર્દશી સુધીમાં ઉજવાતો, ભારતના મોટા ભાગના લોકોનો આ માનીતો ગણેશોત્સવ, હિન્દુઓના ધાર્મિક તહેવારોમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. મહારાષ્ટ્રના પાટનગર મું-બાઈમાં બે, પાંચ, સાત કે અગિયાર દિવસ સુધી લોકો પોતપોતાને ઘેર ગણપતિની મૂ-ર્તિઓ બનાવી અથવા ખરીદી લાવીને દિવસ-માં બે વાર એની પૂજા કરી, પ્રસાદ વહેંચી અને મોડી રાત સુધી ભજનકીર્તનો કરી તે ઊજવે છે; આ વ્યક્તિગત પૂજન ઉપરાંત મહોલ્લા કે લત્તાના માણસો ફાળો એકઠો કરી સાતેક દિવસનો સામૂહિક ઉત્સવ ઊજવે છે, જેમાં નાટક, સંગીત-ભજન-કીર્તન, ધાર્મિક પ્રવચન ને કવિસંમેલન જેવા વિવિધ કાર્યક્રમો ગોઠવી પ્રજાને ધર્મની પશ્ચાદ્ભૂમાં ઉત્તમ મનોરંજન પૂરું પાડવામાં આવે છે.

ઉત્સવના અંતિમ દિવસે પાલખી કે રથમાં બેસાડેલી ગણપતિની ભવ્ય મૂર્તિનો વરઘોડો કાઢવામાં આવે છે. અનેક મોટરો, હાથલારી-ઓ, રિક્ષા, ટ્રક આદિથી અત્યંત લાંબુ બનેલું આ ધાર્મિક સરઘસ, 'ગણપતિ બાપા મો-રિયા'ના પોકારો કરતા ભજનોની ધૂન મચા-

વતા શંખ ફૂંકતા ને લેજિમના દાવ ખેલતા લોકોના ટોળા સાથે દરિયાકિનારે જઈ ત્યાં હજારોની મેદની વચ્ચે ગણપતિની પ્રતિમાની છેલ્લી પૂજા કરી એને સાગરમાં પધરાવી દે છે. પછી લોકો દરિયાકિનારાની રેતીની એકએક મૂઠી ઘેર લઇ જઇને ગણપતિની મૂર્તિના ખાલી સ્થાને મૂકી રાખે છે. દક્ષિણમાં ફેર માત્ર એટલો જ હોય છે કે ત્યાં ગણેશની મોટી મૂર્તિ સાથે એક નાની પણ હોય છે, જે મોટીને સાગરમાં પધરાવ્યા બાદ પાછી ઘેર એ સ્થાને નાનીને મૂકી રાખવામાં આવે છે.

વિઘ્નવિનાશક ગણપતિ આપણા ધર્મમાં અગત્યના દેવ ગણાય છે. એક દંતશૂળ ધરાવતા હાથીના માથાવાળી ને મોટા પેટવાળી એમની પ્રતિમાના ચાર હાથમાંથી એકમાં પાશ, બીજામાં પરશુ, ત્રીજામાં મોદક જેવું ફૂલ ને ચોથામાં ચક્ર છે. આ પ્રકારની સૌમ્ય અને પ્રસન્ન મુદ્રાવાળી મૂર્તિ પુરાણકાલીન સ્વરૂપભાવનાને અનુસરીને બનાવવામાં આવી છે.

વેદકાલીન ગણપતિનો અર્થ 'પ્રભુની સ્તુતિરૂપ વેદમંત્રોના કે પ્રકાશવાન દેવોના સમૂહ (ગણ)ના પતિ' એવો થાય છે. પુરાણકાળમાં ઇન્દ્ર, વરુણ, ચંદ્ર, સૂર્ય આદિ વેદકાળના દેવો જેમ વિવિધ માનસ સ્વભાવો લઈ પુનર્જીવન પામ્યા તેમ 'ગણપતિ' પણ પામ્યા.

'ગણેશપુરાણ'માં આપેલી અને પ્રેમાનંદે ઓખાહરણનાં કડવાં ૫, ૬, ૭માં વર્ણવેલી ગણેશોત્પત્તિની કથા આ પ્રમાણે છે: એક દિવસ સ્નાન કરવા બેઠેલાં પાર્વતીએ પુત્રપ્રેમની ઝંખનાથી પ્રેરાઈ પોતાના દેહના મેલમાંથી પુત્ર બનાવીને, રજા વિના કોઇને દાખલ ન થવા દેવાની એને સૂચના આપી બારણે ઊભો રાખ્યો. ત્યાં દૈવયોગે શંકર પોતે જ ઘેર આવી ચઢ્યા. એમને પણ પાર્વતીપુત્રે તો ઘરમાં પ્રવેશ કરતા રોક્યા, એટલે શીઘ્રકોપી શિવે એનું માથું ત્રિશૂળથી ઉડાવી દીધું, જે ક્યાં જઇને પડ્યું એની ખબર ન પડી.

પુત્રઘાતથી અત્યંત દુ:ખી થએલાં પાર્વતીએ શિવને એને સજીવન કરવા વિનંતી કરી. શિવે ખૂબ શોધ કરવા છતાં મૂળ મસ્તક ન મળતાં જે કોઇ પ્રાણી પહેલું હાથ આવે એનું માથું કાપી લાવવાની પોતાના ગણોને આજ્ઞા કરી. એ મુજબ આણેલા હાથીના મસ્તકને પાર્વતીપુત્રના ધડ પર રાખી શંકરે એને સજીવન કર્યો, અને આવા વિરૂપ સ્વરૂપને અન્ય રીતે બદલો આપવા પોતાના ગણોનો એને પતિ બનાવ્યો, તેમ જ દરેક શુભ કાર્યનો એના પૂજનથી આરંભ થશે એવા આશિષ આપ્યા.

ગણેશચતુર્થીના દિવસે ચંદ્ર સામે જોવું નિષેધરૂપ છે એવા પ્રચલિત વહેમ પાછળ પણ એક બીજી પુરાણકથા પ્રચલિત છે.

એક વાર બધા દેવો શંકરના દર્શનાર્થે કૈલાસ તરફ જતા હતા, ત્યાં માર્ગમાં ગણેશ પોતાના વાહન ઊંદર પરથી ગબડી પડ્યા. મોટા પેટ ને ઠીંગણા કદવાળા ગણપતિને ગબડતા જોઇ ચંદ્ર હસી પડ્યો. એથી ખિજાએલા ગણેશે શાપ આપ્યો કે 'તારા ગંદા મુખ તરફ જોશે એ અધોગતિ પામશે.' આ શાપથી કંપી ઊઠેલા ચંદ્રે ગણપતિની માફી માગી અને અન્ય દેવોએ પણ ચંદ્રને શાપમુક્ત કરવા વિનંતી કરી. દયાર્દ્ર બનેલા ગણપતિએ શાપનિવારણ કરતાં કહ્યું કે 'હું તને માફ તો કરું છું, પણ મારા શાપની અસર એક દિવસ માટે તો રહેશે જ.'એથી વર્ષમાં એક દિવસ–ગણેશચતુર્થીના દિવસે લોકો ચંદ્ર સામે જોતા નથી.

ગણપતિને વિદ્યા ને બુદ્ધિના દાતા દેવ તરીકે ગણવામાં આવે છે. એ પોતે અત્યંત બુદ્ધિશાળી હતા એ દર્શાવતી એક કથા પણ પુરાણમાં આપેલી છે અને લોકોમાં પ્રસિદ્ધ છે. એક વાર ગણેશ અને એમના ભાઈ ષણ્મુખ (કાર્તિકેય) વચ્ચે લગ્ન બાબતમાં સ્પર્ધા થઇ. બંને પોતપોતાની હોશિયારી બતાવી પોતે અન્ય કરતાં લગ્ન માટે વધુ લાયક છે એમ દલીલ કરતાં માતાપિતા શંકરપાર્વતી પાસે પહોંચ્યા. માતાપિતાએ એમનો ઝગડો ટાળવા કહ્યું કે જે પૃથ્વીની પ્રદક્ષિણા કરી પહેલો અમારી પાસે આવી જશે એને અમે પરણાવીશું. એ સાંભળતાં મોરનું વાહન ધરાવતા અને મજબૂત દેહવાળા કાર્તિકેય તો ખુશખુશ થતા પૃથ્વીની પ્રદક્ષિણા કરવા ઊપડી ગયા, પણ ઊંદરના વાહનવાળા ને મોટું પેટ ધરાવતા ગણપતિ વિમાસણમાં પડી ગયા.

ખૂબ વિચાર કરતાં એમને એક ઉપાય સૂઝ્યો: એ તો દોડતા ગયા નદીએ, ને સ્નાનવિધિ પતાવી માતાપિતા પાસે આવી પહોંચ્યા અને એમને સાથે બેસાડી એમની પૂજા કરવા લાગ્યા. આશ્ચર્યચકિત માતાપિતા કંઈ પૂછે એ પહેલાં તો ગણપતિએ પૂજા પતાવી એમની આસપાસ ફરવા માંડ્યું અને પાંચ આંટા પૂરા થતાં કહ્યું: 'જુઓ, હું જીતી ગયો; કેમ કે શાસ્ત્રમાં લખ્યું છે કે માતાપિતાની પૂજા ને પ્રદક્ષિણા એ પૃથ્વીની પ્રદક્ષિણા બરાબર છે!' ગણપતિની બુદ્ધિથી ખુશ થએલાં શિવપાર્વતીએ એમને પ્રજાપતિ વિશ્વરૂપની બે પુત્રીઓ સિદ્ધિ અને બુદ્ધિ સાથે પરણાવ્યા, જેમનાથી એમને કાળાંતરે અનુક્રમે ક્ષેમ અને લાભ નામના બે પુત્ર થયા. એ સ્ત્રીઓ ને પુત્રોના નામ પરથી, નવપ્રારંભે પૂજતા ગજાનનની આ રૂપકથાનો તાત્પર્યાર્થ સમજાશે.

વળી ગણપતિનું સ્વરૂપ, એનાં પૂજા-ઉત્સવ અને આખ્યાયિકાઓ ભારત જેવા ખેતીપ્રધાન દેશ માટે એક રહસ્યનું સૂચન કરે છે.

વર્ષા પછીની શરદ ઋતુમાં આવતો આ ઉત્સવ ખેતરમાં પાકી ગએલા મોલ સાથે નિકટનો સંબંધ ધરાવે છે. ધડ કરતાં પ્રમાણમાં ખૂબ મોટું ગણપતિનું હાથીનું માથું અનાજનાં કૂંડાં માથે લઇને જતા ખેડૂતનો આભાસ ઊભાં કરે છે. કાન સૂપડા જેવા, કેમ કે અનાજ સાફ કરવામાં એની જરૂર પડે. એક દંતશૂળ હળની અણી સૂચવે છે. મોટું પેટ ખળામાં એકઠા કરેલા અનાજના ઢગલાનું ચિત્ર ઉપસાવે છે; અને ચાર હાથનાં ચાર આયુધો અનુક્રમે પરશુ એટલે કે કુહાડી, પાશ એટલે રાશ, ચક્ર એટલે ગાડાનું કે કૂવાનું ચક્કર અને મોદક એટલે કોઇ પણ ફળ સૂચવે છે. એમનું વાહન ઊંદર એમના પગ નીચે દબાએલું છે તે એવું સૂચવવા કે ખેડૂતના પાકને નુકસાન કરતા ઊંદરને એમણે દબાવી રાખ્યો છે, એટલું જ નહિ પણ જરૂર પડે તો એનો નાશ કરવા એમણે પેટ પર સાપ પણ યજ્ઞોપવીતની જેમ ભરાવી રાખ્યો છે.

ખેતીની મોસમ પૂરી થતાં આદર્શ ખેડૂતના મુખ પર જે પ્રસન્નતા હોય છે એ ગણપતિની મુદ્રામાં પણ દેખાય છે. ગણપતિની પત્નીઓ સિદ્ધિ અને બુદ્ધિ (અથવા રિદ્ધિ) ખેતીમાં કુશળતાની આવશ્યકતા અને અંતે મળતી સિદ્ધિ સૂચવે છે. અને એમનાં નામ 'ગણપતિ'ને પણ ખેતી સાથે સંબંધ છે એમ બતાવી શકાય: ગણ એટલે સમૂહ; ખેતી સમૂહ વિના શક્ય નથી. આમ, ગણપતિ ભારતની ખેતીપ્રધાન સંસ્કૃતિના સાંકેતિક દેવ છે.

રવિશંકર મહારાજે પોતાના 'પર્વમહિમા' નામે પુસ્તકમાં ગણપતિનાં નામ ને સ્વરૂપનું રૂપક આ રીતે સ્પષ્ટ કર્યું છે; ગણપતિ એટલે સમૂહનો પતિ, આમ જનતાનો આગેવાન. એ આગેવાનમાં કેવા ગુણ હોવા જોઈએ તે ગણપતિના સ્વરૂપ પરથી સમજી શકાય છે: મોટા ને પહોળા કાન એટલા માટે કે એ કંટાળ્યા વિના સૌનું સાંભળે; ઝીણી આંખ એમ બતાવે છે કે એ બારીકાઇથી નિરીક્ષણ કરે, પણ તેમ છતાં લાંબા નાકથી દૂરથી સૂંઘીને એનો તાગ પામે; નાનું માથું અભિમાનનો અભાવ, ને મોટું પેટ ઉદારતા સૂચવે છે; ગણપતિની જેમ આગેવાનમાં બુદ્ધિ ને શક્તિ બંને જોઈએ. અને ઊંદરનું વાહન એટલા માટે કે ચાલે ત્યારે અવાજ ન થાય અને ખૂણેખાંચરે બધે જઈ શકાય. આમ, ગણપતિસ્વરૂપમાં સમાજના ગુણોનું સૂચન રહેલું છે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૨૯૬થી

કમનસીબે જૂનનું 'કુમાર' મળ્યું નથી, પરંતુ જુલાઈ અંકમાં વિવિધ મહાનુભાવોનાં વખાણ વાંચી એક મિત્ર પાસેથી ઉછીનું લેવું પડ્યું! સર્વાંગસુંદર અંક માટે અભિનંદન!

'જલમભોમકા' માટે શ્રી ઝવેરીને ધન્યવાદ. ગઈ કાલે જ ઘણા સમયથી અમેરિકામાં વસતા એક સુખી મિત્રે કહ્યું: '...ત્યાં બધું જ છે, પરંતુ ભારતવાસીઓમાં જે સંબંધ અને સ્નેહની ઉષ્મા છે તે ત્યાં નથી!' છતાં આપણું કેટલું યુવાન ધન, પૈસા અને એશઆરામના મોહમાં, પશ્ચિમ તરફ ખેંચાઈ રહ્યુ છે?

જુલાઈ અંકમાં પણ બીજી સુંદર વાર્તા માટે શ્રી નાનાલાલ જોષીને અભિનંદન આપવાં ઘટે. એ 'વલોણું' વાંચી વિશ્વવિખ્યાત નવલિકાકાર ઓ. હેન્રી કોને યાદ નહિ આવ્યા હોય?

(જૂનાગઢ) —પ્રસન્ન વછરાજાની

અચાનક 'કુમાર'ની જૂની ફાઈલ વાંચતાં નજરે પડ્યું કે પાલણપુરના રામચંદ ચૌહાણે ઑક્ટોબર, '૬૪ના અંકમાં પ્લાસ્ટિસીન વિષે માહિતી માગી છે.

હું અમારી શાળા માટે નીચે મુજબ 'પ્લાસ્ટિસીન' બનાવું છું; જે દરેક 'ચિત્રશિક્ષક' કે ઉદ્યોગશિક્ષકને ઉપયોગી થઈ પડશે.

સામગ્રી: ૧) ૩, ૪ કિલો ચૉકપાઉડર, ૨) ૨૫૦ ગ્રામ સફેદ મીણ, ૩) ૫૦૦થી ૭૫૦ ગ્રામ સફેદ વેસેલાઇન, ૪) તેલમાં ઓગળી શકે તેવો રંગ (લાલ, કથ્થાઈ, પીળો અથવા ગ્રીન જેવો લેવો સારો.)

રીત: એક મોટા વાસણમાં પ્રાઇમસ ઉપર મીણ ઓગાળી તેમાં વેસેલાઈન મેળવવું. એક નાની વાટકીમાં રંગ કાઢી તેમાં મીણ-વેસેલાઈનનું ગરમ પ્રવાહી થોડું નાખવું. એકરસ થાય એટલે પ્રાઈમસ પર ઊકળતા મીણ અને વેસેલાઈનના પ્રવાહીમાં તે મિશ્રણ નાખી દેવું. ત્યાર બાદ ચૉક પાઉડર નાખી, લોટ બાંધીએ તેમ બાંધીને જમીનથી બેત્રણ ફૂટ ઊંચેથી તે માટીને પછાડવી, જેથી એકરસ થશે.

(રાજકોટ) —રસિક હરખાણી

અંક ૫૧૧ની 'માધુકરી'માં ભારતના નવા સેનાપતિ લેફ. જનરલ કુમારમંગલમ્ વિષેની નોંધમાં જણાવાયું છે કે 'બીજા વિશ્વયુદ્ધમાં એમના તોપખળને મધ્ય એશિયામાં લઈ જવામાં આવ્યું.' આમાં હકીકતદોષ છે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન મધ્ય એશિયાનો વિસ્તાર કદી યુદ્ધગ્રસ્ત બન્યો ન હતો. *જર્મન સેનાપતિ રોમેલ ઉત્તર આફ્રિકામાં ઊતરી આવ્યો હતો અને ઇજિપ્ત સુધી આગળ વધ્યો હતો. અહીં તેની સામે પ્રથમ મિત્રરાજ્યોની પીછેહઠ થઈ હતી, પણ પછીથી તેને રોકવામાં આવ્યો હતો. કુમારમંગલમ્ એથી ઉત્તર આફ્રિકામાં રોમેલની સામે લડયા હોય.

(અમદાવાદ) —મણિલાલ દેવશંકર પંડ્યા

[* સાચી વાત; 'મધ્યપૂર્વ' જોઇએ.]

અંક ૫૦૯માં 'અમદાવાદના મિનારા હાલે છે?' વિષેનો લેખ: અમે એ મિનારામાં સામેસામે ત્યાંના રખેવાળની સાથે જ ગયા હતા. ઉપલે છજે પહોંચ્યા બાદ બંને મિનારાઓના ઝરૂખામાં સામસામે ગોઠવાયા બાદ રખેવાળે ઉપલા છજાના ઝરૂખાનો કઠેરો જોશથી હલાવતાં મારાં બહેન ગભરાઇ જવા સુધી હલન વ્યાપી ગએલું. મેં વધુ પાકી ખાતરી કરવા નીચે ઊભા રહીને તુરત જ મારી પછીના મુલાકાતીને એ જ અખતરો અનુભવવા માટે વધુ જોશથી મિનારો ઝુલાવવા કહ્યુ અને મેં સ્પષ્ટ નજરે ધ્રૂજતા મિનારાની ટોચ ઉપર મુલાકાતી જોએલા છે. તો આ એક આર્કિટેકચરલ ભ્રમ નથી, પરંતુ કંઈક અદ્ભુત છે. ઝૂલતા પૂલ જેવા એ મિનારાઓ હાલે છે. ભારતીય પુરાવિદો તેમજ સ્થાપત્યના તજ્જ્ઞોએ આ ગૌરવને બિરદાવવું જ રહ્યુ.

'કુમારમાં' બેએક જોડણી-ભૂલો વારંવાર આવે છે. એ વિષે લખું?

'સુદ્ધાં' નહિ પણ 'સુધ્ધાં'
'સદ્ધર' નહિ પણ 'સધ્ધર'
'અદ્ધર' નહિ પણ 'અધ્ધર'

આ તો માત્ર ધ્યાન ખેંચું છું, કારણ કે તમારી ચીવટ ને ચોકસાઇ માટે મને ખાતરી છે.

(મુંબાઇ) —રસિક ઝવેરી

## પ્રામાણિક ચોર

લાયબ્રેરીનો ખૂણેખૂણો હું ફરી વળ્યો. બારીઓ પાસે ખુરશીની કતારોમાં બેઠેલા પ્રત્યેક વાચકના હાથમાં કયું સામયિક છે તે તપાસી વળ્યો, પણ કયાં ય 'કુમાર' જોવા મળ્યું નહિ. મારે આ અંકમાં નંદબાબુનાં ચિત્રો અને ચરિત્ર જોવાં-વાંચવાં હતાં. જ્યારથી અંક બહાર પડ્યો ત્યારથી રોજ હું તે જોતો હતો. છેવટે 'કુમાર'ની ભાળ મળી. એક કિશોર તેનાં પાનાં અહોભાવથી ફેરવતો હતો ને સાથે તેના મોં ઉપર અવનવા રંગો પથરાયે જતા હતા. બે કલાક સુધી મેં 'કુમાર' મારા હાથમાં આવે તેની રાહ જોઇ. લાયબ્રેરીનો વખત પૂરો થયો, બારીઓ વસાવા માંડી, જૂજ રહેલાં લોકો બહાર નીકળ્યાં. પેલો કિશોર ચોમેર જોતો હતો. એની નજર મારી બાજુ આવી એટલે હું આડું જોઈ ગયો.

અને તેણે શર્ટ ઊંચું કરીને 'કુમાર'ને પેટસરસું પેન્ટમાં સરકાવી દીધું. દાદરો ઊતરતાં જ મેં તેના ખભે હાથ મૂક્યો. મારી વેધક નજરથી એ એટલો તો ગભરાઈ ગયો કે મને એની દયા આવી. એના મોં ઉપરથી લોહી ઊડી ગયું. ફફડતા હૈયે ને હોઠે એણે મારા હાથ પકડી લીધા: 'તમે ગ્રંથપાલને કહેતા નહિ, હું ચોર નથી. આ 'કુમાર' મેં કાયમ માટે નથી લીધું. તમે નહિ માનો પણ કાલે એ એની જગ્યાએ પાછું આવી જશે.'

'એમ કે?' મેં મજાકમાં પૂછ્યું.

'એમ કટાક્ષમાં ન બોલો, પ્લીઝ. તમને થશે કે પકડાઇ ગયા પછી સારો દેખાવા માટે હું મથું છું. પણ એમ નથી. હું આ અંક લઈ જઇને એમાંથી મને ગમતાં ચિત્રોની નકલ કરીશ. મેં એવી રીતે ઘણાં ચિત્રો બનાવ્યાં છે. તમે તે મારે ત્યાં આવીને જોઈ શકો છો. અને આ કાંઈ નવું નથી. હું દર વખતે આ રીતે જ અંક લઇ જાઉં છું ને પાછો મૂકી જાઉં છું.'

'પણ તમે ગ્રંથપાલને કહીને લેતા હો તો શો વાંધો?' મેં પૂછ્યું.

'અનેક વાર પૂછ્યું છે, પણ એમ લઈ જવા દે તો એ ગ્રંથપાલ નહિ. માસિક આવે ત્યારે દસ તારીખ સુધી ગ્રંથપાલના ઘેર અને એના મિત્રોને ત્યાં પડ્યું રહે, તેનો વાંધો નહિ, પણ મારા જેવા લે તે એમના નિયમ બહારની વાત ગણાય. એનું લવાજમ ભરવાના મારી પાસે પૈસા હોત તો કેવું સારું! મારી શાળાની ફી જ માંડ ભરું છું, ત્યાં લવાજમ તો કઈ રીતે ભરવું?'

'પણ તમારી શાળામાં 'કુમાર' નથી આવતું?'

'આવે છે, પણ શિક્ષકો કહે છે કે આમાં તમને કાંઈ ન સમજાય. તમારે તો 'ઇકામકા'ની ને 'મિયાં ફુસકી'ની વાતો જ સારી. એમ કહીને એ લોકો પોતાને માટે વાંચવા લઈ જાય છે. ઠીક ત્યારે, હું જાઉં.'

બીજે દિવસે 'કુમાર' લાયબ્રેરીમાં એની જગ્યાએ હતું. અને આ પછી પણ એ કિશોરને મેં અનેકવાર 'કુમાર'ની ઉઠાંતરી કરતાં જોયો છે—કામચલાઉ ઉઠાંતરી!

(એક સાચી લઘુકથા) —ઉજમશી છ. પરમાર




તમે કેવા છો? વ્યવહારદક્ષ કે વિચારદક્ષ? એ જાણવા માટે માનસશાસ્ત્રીઓએ યોજેલી કેટલીક કસોટીઓ (અંગ્રેજી પરથી ઉતારીને) આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંથી એટલા માટે ઉતારીએ છીએ કે 'કુમાર'માં આવતા રહેલા વિષયવૈવિધ્યનો ખયાલ આવે.

"તમે એકસમયસાધકવ્યવહારુ માણસ છો કે માત્ર સ્વપ્નદર્શી ને આદર્શવાદી જ છો? એ બરાબર જાણવું હોય તો માનસશાસ્ત્રીઓએ ઠરાવેલી નીચેની કેટલીક ચિકિત્સા કરી જુઓ.

અ—કાં ભાઈ? કેમ છો?

બ—આવો, સારું છે.

આ સાદા પ્રશ્નોમાં તો તમારા સ્વભાવની ચાવી છે. નવાણું ટકા તેમાંનું એક જ વાક્ય ઉચ્ચારશે. એ કયું? તમારી જાતને જ પૂછો કે તમે તમારા પિછાનદારને પહેલે જ તબક્કે આવકારો છો, કે જરા જેટલો વિલંબ કરી તેને પ્રથમ પૂછવાની તક આપો છો? એ જરા જેટલી પળમાં ચારિત્ર્યની કીમતી કસોટી છે.

ઉપલા સંવાદમાં પ્રશ્ન પૂછનાર 'અ' વર્ગવાળા સ્વભાવતઃ વ્યવહારપીઢ બનેલા હોય છે અને તેમનામાં તુરત વર્તન કરવાની ટેવ છે. પણ અક્કડ રહેલા 'બ' ભાઈ ઘણે ભાગે કલામાનસ (આર્ટિસ્ટિક ટેમ્પરામેન્ટ)વાળા હોય છે. તેમનામાં આદર્શપ્રેમીઓ, સ્વપ્નદ્રષ્ટાઓ, કવિઓ વગેરે સમાઈ જાય છે.

વળી, બહુ જ થોડા માણસો સ્પષ્ટ રૂપે એક જ વર્ગના હોય છે. આપણે બધા એ બંને વર્ગનું સંમિશ્રણ ધરાવીએ છીએ. પછી તેમાંના એકનો અંશ ચડતો હોય કે કમી હોય.

હવે તમારા પર એક બીજો પ્રયોગ કરી જુઓ. તમારામાં કયો અંશ ચડિયાતો છે તેની એ એક વિચિત્ર કસોટી છે.

તમારા બંને હાથ ભીડો અને આંગળાં સામસામા ગાળામાં ભરાવો. તદ્દન સહજપણે ને જરા યે પ્રયત્ન કર્યા વગર જ એ કરજો. ને પછી જુઓ કે કયો અંગૂઠો ઉપર રહે છે.

ક્રિયાપરાયણ માણસનો જમણો અંગૂઠો જ ઉપર આવવાનો; અને વિચારપરાયણ માણસનો ડાબો. એનું કારણ ન પૂછવું; કોઈ નહિ કહી શકે. પણ એ અજમાવી જુઓ અને તમને બરાબર પરિણામ આપશે.

જમણા અંગૂઠાવાળાનું મગજ વ્યવહારુ બાબતો પર ચોંટેલું હોય છે ને તે પ્રાપ્ત પણ કરી શકે છે. તે ફતેહમંદ ધંધાશાળી હોય છે. ફુરસદના દિવસે તેનો સમાગમ સરસ નીવડે છે. દેખાવમાં તે જીવનનો ખૂબ લાભ ઉઠાવતો જણાય છે, પણ તે સાથે રસવૃત્તિના અનેરા પ્રસાદોથી તે હમેશાં વંચિત રહે છે.

ડાબો અંગૂઠો ખુદ જીવનનું ચિંતન કરે છે. અપાર્થિવ, અમર્ત્ય એવી ઝંખનાઓને લીધે દુનિયાદારીની નજરે તો એ નિષ્ફળતા જ પ્રાપ્ત કરે છે. 'તરત દાન'નું પુણ્ય મેળવનાર વ્યવહારુની પેઠે તેનું ગાડું સરળ ચાલતું નથી. છતાં તેના માટે સાવ અશક્ય એવાં સત્યોની સમીપ તે પહોંચી ગયો હોય છે. સહાનુભૂતિ અને સચ્ચાઇમાં તે વધી જાય છે અને ઉત્તમ વિશ્વાસપાત્ર હોય છે.

આવી બાબતોના પ્રયોગો માટે માનસશાસ્ત્રીઓએ દસ પ્રશ્નો ઘડી કાઢ્યા છે. તેનો પ્રામાણિક જવાબ મળે તો દરેક જણ પોતાનો ખરો વર્ગ સમજી શકે. ધારો કે નીચેના બધા પ્રશ્નોના જવાબ 'હા' આવે તો તમારા ઘડતરના મસાલામાં સ્વપ્નદર્શીનું તત્ત્વ પ્રબળ છે એમ માનવું. પ્રામાણિક 'નકાર' થાય તો જરૂર તમે એક વ્યવહારદક્ષ પુરુષ છો.

(૧) તમારી ઓળખાણનું મંડળ ખાસ પસંદગીનાં જ પાત્રોનું બનેલું છે?

(૨) તમને વાતવાતમાં ઓછું આવે છે અથવા દુઃખ લાગે છે?

(૩) તમને એકલાં જ કામ કરવું ગમે છે?

(૪) લોકોને કામ કરતાં જોઈ તેમનામાં જોડાઈ જવાનું તમને મન થાય ખરું?

(૫) તમે બેઠાબેઠા તરંગો કરો છો?

(૬) તમે જે કામ લઈ બેસો તેમાં અતીવ મશગૂલ થઇ જાઓ છો ખરા?

(૭) તમને રાક્ષસો પકડવા આવતા હોય અને તમે નાસતા હો એવાં સ્વપ્ન આવે ખરાં?

વ્યવહારદક્ષ માણસમાં બીજો એ પણ ફેર છે કે તે કોઈ પણ વાતનો નિર્ણય તરત કરી લે છે; તરંગવશ માણસ શું કરવું તે ઘણી વાર કહી શકતા નથી ને પ્રસંગનો વળ જોયા કરે છે.

દૃષ્ટિભેદની પણ એક કસોટી છે, જેથી એકમાં લોઢા જેવું નિશ્ચયીપણું જણાય છે, જ્યારે બીજામાં બધું ય સ્વીકારવાની વિશાળ દૃષ્ટિ પણ જુદી પડે છે. તરંગવાદીને બેચાર વિરોધી વાતોનો સામનો કરવો પડે તો તે બધીને આવકારે અને બંનેની સત્યતા જુએ; પણ તેનો પ્રતિદ્વંદ્વી તો એકને હિસાબમાં રાખી નકામા બધાને બાદ કરી નાખે છે.

લ્યો ત્યારે; હવે આ પૂરું કરતાંકરતાં પણ તમારા સ્વભાવની પરીક્ષા કરનારો એક પ્રયોગ છેવટનો કરી લ્યો. આ લેખ વાંચતાંવાંચતાં તમને, તમે પોતે 'અ' વર્ગમાં છો કે 'બ' વર્ગમાં, તેના વિચાર આવ્યા હશે જ; તેમજ તમારા મિત્રો ઉપર આ પ્રયોગો શું પરિણામ આપે છે તે જોયું હશે. તમે ચોખ્ખેચોખ્ખા 'અ' વર્ગના હશો તો આ કસોટી તમારા પર લગાડવાનું તમને ભાગ્યે જ સૂઝ્યું હશે."

· આત્મશ્રદ્ધા ·

છે પહાડ ઊંચો, ખડકો કઠોર,  
દૂકો ઝઝૂમી, પગથી ય ઝાંખી,  
ને ખીણ ઊંડી. પણ વીર યાત્રી!  
ડગે થવું છે દૃઢ ને ચકોરઃ  
આંતરદૃષ્ટિ કરી નીરખ ત્યાં  
જો હસે આત્મશ્રદ્ધા.

(દેશળજી પરમાર)

આપણા આંગણાના અવશેષો પર આજથી પચીસ વર્ષ પર લખાએલી લેખમાળા 'ભૂતકાળની શોધમાં' આવેલી, ઉર્વીસાર ગુજરાતના ઇતિહાસમાં માત્ર થોડી સદી ઝબકી ગએલા ચાવડાઓ, પંચાસર અને રૂપેણની હૃદયસ્પર્શી વાત.

"લોટેશ્વરથી શંખેશ્વર ચાર ગાઉ અને પંચાસર નવ ગાઉ છેટાં છે. એટલે જે સ્થળ જોવા માટે હું લાંબા સમયથી તલસી રહ્યો હતો ત્યાં આજ ને આજ જઇ પહોંચવાનો મેં નિશ્ચય કર્યો અને મળસ્કાના પાંચ વાગ્યાને શુમારે હું પંચાસરને પંથે પડ્યો. પુણ્યસલિલા પ્રાચી સરસ્વતીને કાંઠે સાડા પાંચસો વર્ષ લગી જે મહાન ગૂર્જર સંસ્કૃતિ પાંગરી હતી તેનાં બીજ હું જે ભૂમિ ઉપર હવે પગ માંડી રહ્યો હતો તેમાં રોપાયાં હતાં. અણહિલ્લવાડ પત્તન જેવી વિદ્યા, કલા અને રાજકારણની એ મહાનગરીનું તેમજ સાડા છ સૈકા સુધી હિંદી ઇતિહાસના મધ્ય યુગને જેણે દીપાવ્યો છે તે નગરીના સ્થાપક વનરાજ ચાવડા (ચાવડાને બદલે હું ચાપોત્કટ શબ્દ વાપરવાનું પસંદ કરીશ)નું વ્યક્તિત્વ ગુજરાતના પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસ વચ્ચે સીમાચિહ્ન સમું ઊભેલું છે. આ ચાપોત્કટ વનરાજના વડવાઓ એક દિવસે આ ભૂમિ ઉપર રાજ્ય કરતા હતા. શુભ્રદેહા રૂપેણને કાંઠે ઈ. સ. ૬૯૬ સુધી પુરી પંચાસર એમની પાટનગરી રહી હતી.

ઉત્તર ગુજરાતના આ પ્રદેશ ઉપર પુરાતન કાળમાં ધર્મારણ્યનાં વન ઢળેલાં હતાં. અહીંનાં પ્રાચીનતમ નગરોમાં આનર્તપુર (વડનગર) અને મોહેરોકપુર (મોઢેરા) ગણાયાં




ચાપોત્કટો સોમનાથ પાટણથી પંચાસર આવેલા. કાઠિયાવાડને દક્ષિણ કાંઠે માંગરોળથી મહુવા સુધી તેમનું રાજ્ય હતું. સોમનાથ જે અખૂટ સમૃદ્ધિ માટે પંકાતું તે આ રાજવીઓને જ આભારી હોવાનું કહેવાય છે. ત્યાં તેઓ મીઆણીથી આવેલા. અને મીઆણીમાં ઓખામંડળથી આવેલા, જ્યાં ચાવડાપાદરમાં તેમની રાજધાની હતી. ત્યાં એ પ્રજા દરિયામાર્ગે ક્યાંક પરદેશથી આવેલી. કચ્છમાં લાખા ફુલાણીની પૂર્વે તેમનું જ રાજ્ય હતું. ત્યાં તેમની પાટનગરી લખીઆર વીઅરા હતી.

છે, પણ પંચાસરનું નામ ક્યાંય જણાતું નથી. ઈ. સ. ૯૯૬માં પંચાસરનો નાશ થયો હતો એટલે આ નગરીની આવરદા ઓછામાં ઓછી અસોચારસો વર્ષ જેટલી રહી હશે.

ચાપોત્કટોનો જે કંઇ ઇતિહાસ નોંધપોથીઓ ને પ્રબંધાદિમાં મળે છે તેના ઉપર વિચાર કરતાં જણાય છે કે ગુપ્ત સત્તાના અસ્તકાળે, વલભીના સ્થાપનની લગભગ પરદેશથી પહેલવહેલા ઓખામંડળમાં આવી વસેલા એ લોકો જબરા વહાણવટી તેમજ ચાંચિયા હતા. એમની એક શાખા કચ્છને માર્ગે શ્રીમાલ પહોંચી અને બીજી મીઆણી થઇ પ્રભાસપાટણ ગઈ. પછી પંચાસરને આંગણે બંને શાખાઓ ભેગી મળી ને એમની એક શાખાએ વઢવાણમાં પણ રાજ્ય સ્થાપ્યું. (જુઓ નકશો) વઢવાણ શાખાના ચાપોત્કટ રાજા ધરણીવરાહનું ઈ. ૯૧૪નું તો એક તામ્રપત્ર પણ મળ્યું છે.

અગિયાર વાગતાં હું શંખેશ્વરને ગોંદરે આવી પહોંચ્યો. શંખેશ્વર ગુજરાતનું એક મોટું જૈન તીર્થ છે. ('કુમાર'ના ૧૪૯મા અંકમાં શ્રી હરિનારાયણ આચાર્યે લખેલા લેખમાં એની ઉત્પત્તિ સંબંધેની જૈન કથા તથા ત્યાંના શંખેશ્વર મહાદેવના પ્રાચીન મંદિરની હકીકત આવી ગઇ છે.) પંચાસર જઈ પહોંચવાની ઉતાવળને લઈ તાબડતોબ હું પંચાસરને રસ્તે પડ્યો. ત્રણ વાગ્યા સુધી સતત ચાલ્યા કર્યા પછી અચાનક એક વોકળાએ અમારા કેડીમાર્ગને આગળ જતો થંભાવી દીધો. નથી નદીઓના અસ્તિત્વની આગાહી આપતો ભૂમિનો ઢોળાવ કે નથી કાંઠાની વૃક્ષઘટાનું દૃશ્ય, ને કોઈ પણ પ્રકારની આગાહી વગર મારગ-આડે આવનાર આ સરિતા તે કઇ? મજૂરને પૂછતાં તેણે ઉત્તર આપ્યો કે 'આ તો રૂપેણ.' રૂપેણ? બસ આ જ રૂપેણ? ઘડીભર તો મને વિશ્વાસ ન બેઠો. સિદ્ધરાજના પિતા કર્ણદેવે જેમાંથી એક નાની શી નહેર કાઢી તે દ્વારા અનેક સહસ્રલિંગો સમાઇ રહે એવું કર્ણસાગર સરોવર જેના જળ વડે છલોછલ ભરી દીધેલું તે રૂપેણ શું આ જ? મોઢેરાની પુણ્યપ્રવાહિની પુષ્માવતી હર્ષભેર જેના ખોળામાં ઢળી જાય છે એ રૂપેણ તે બસ આવડી જ?

ગમે તેવી પણ આજે રૂપેણ જીવતી બેઠી છે ખરી. એની સંગાથિની અનેક સરિતાઓ સુકાઇ ગઇ, કેટલી યે પટ ફેરવી ક્યાંકની ક્યાંક જઈ પહોંચી, પરંતુ ઇતિહાસની અનેક કડવીમીઠી અનુભવતી રૂપેણ, અણહિલ્લવાડ પત્તનને આંગણે જે ગૂર્જર સંસ્કૃતિ પાંગરેલી અને પ્રકાશવંતી બનેલી તેની આદિ જનેતા આજે

ગમે તેવી પણ જીવતી છે; હતી ત્યાં ને ત્યાં છે. સરસ્વતીએ અનેકવાર મર્યાદા મૂકી છે, પણ રૂપેણે તેમ કર્યું નથી ને એ રૂપેણનું પાણી દ્વારકાની ગોમતી જેવું ખારું! આ શું એ જ અમૃત સરીખડાં નીર છે કે જેનું પાન ગૂર્જર દેશ(પંચાસરપુરીના રાજકવિ શંકરના શબ્દોમાં) કલ્યાણકટકના નૃપતિ ભૂવડની રાજસભામાં—


'દ્રવ્યસાર, પારસમણિ, વપુમેં વદન ક્હાત;
સારતરુન કો ફુલ જહીં, ઉર્વીસાર ગુજરાત.'

કહેવાવાને યોગ્ય લેખાયો હતો? ચાપોત્કટ જયશેખર, તેના દસહજાર સૈનિકો, તેની રાણી રૂપસુંદરી, સૂરપાળ, વનરાજ તથા મહાન સાધુ શીલગુણસૂરિએ શું એ જ ખારાં પાણી પીધાં હશે? ના, ના; એમ ન હોય.

ઈ. સ. ૬૯૬માં પંચાસરપુરીનું પતન થયું ત્યાર પછી ૧૨૪૫ (આજે ૧૨૭૦) દિવાળીઓ પસાર થઈ ગઇ. એ ગાળામાં કોણે આ રૂપેણને સંભારી છે? પ્રાચી સરસ્વતીને જેણે પોતાનું ગૌરવ અર્પી જગતમાં યશસ્વી બનાવી, અણહિલવાડ પત્તનનો ઇતિહાસ જ્યારે ભાવિના ગર્ભમાં હતો અને સરસ્વતીની આસપાસ જ્યારે પુરાણકથાઓ વીંટળાઈ નહોતી તે વેળાની ગૂર્જર ભૂમિની સમૃદ્ધિ (કે જેની યશકથા સાંભળી ભૂવડ ચડી આવ્યો હતો તે)-ને જેણે પાળીપોષી તે આ રૂપેણ જ હતી. પણ વનરાજે જે ઘડીએ સરસ્વતીતટનો આશ્રય શોધ્યો અને પંચાસરમાં બિરાજતા પાર્શ્વનાથ એ પુણ્ય નગરી ત્યજી અણહિલ્લવાડ પત્તનમાં પ્રતિષ્ઠિત થયા ત્યાર પછી રૂપેણને કોઇએ સંભારી નથી. પ્રબંધકારોએ તેને અવગણી છે. સરસ્વતી અને પુષ્પાવતીનાં પુરાણો રચાયાં, પણ રૂપેણની નોંધ સરખી યે કોઇએ નથી લીધી. કોઈ મહાદેવ એને કાંઠે પ્રતિષ્ઠિત થયા નથી કે કોઈ દેવી એને તીરે આવીને બિરાજી નથી.

## શતરંજનો કોયડો

BIRNOV



સ્થિતિ: 8/P1k5/3p4/8/2K3Rb/8/2p5/8.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું

અહીં કાળાના ઊંટ અને બે પ્યાદાંના બદલામાં સફેદ પાસે હાથી અને પ્યાદું છે તે જીતવા જેટલું વધુ બળ ન કહેવાય. બન્ને પક્ષનાં પ્યાદાં સાતમી પંક્તિએ પહોંચી ગયાં છે. પણ કાળાનું પ્યાદું વજીર થતાં જ શેહ આપે છે તેથી જો તેની ચાલ હોય તો તે જીતે, પણ સફેદની ચાલ છે. તે કેવી રીતે જીતી શકે એ વિચારો. (ઉકેલ માટે જુઓ નીચે)

એવો તે શો અપરાધ રૂપેણે કર્યો છે? આ બધા સંતાપથી રૂપેણનાં રૂપ કરમાઈ જાય, તેની કાયા કૃશ બની જાય અને તેના પટમાં પાણીને બદલે ખારાં અશ્રુઓનો પ્રવાહ વહેવા લાગે તેમાં નવાઈ શી?...રૂપેણને હૃદયાંજલિ અર્પી હું આગળ વધ્યો કે તરત જ પંચાસરપુરી, હજી પણ ઉન્નત મસ્તકે તેના પુરાતન કાળનાં પડોના ઊંચા આસન ઉપર બેઠેલી, દૂરથી દેખાવા લાગી. દીર્ઘકાળની ઝંખના પછી આજે મને પંચાસરપુરીનાં દર્શન થયાં.''

## શતરંજના કોયડાનો ઉકેલ

1. R–N7ch, K–N3; જો 1..., K–B3 રમે તો સફેદ 2. P–R8 (=Q)ch પછી સફેદને જીતવામાં કોઈ મુશ્કેલી નથી.

2. P–R8 (=N)+!

અહીં સફેદ જો વજીર બનાવે તો કાળાનું પ્યાદું પણ વજીર બને અને તરત શેહ આપે અને જીતી શકે. 2..., K–R3! અહીં 2..., K–R4? પછી 3. R–R7 mate થાય છે.

3 N–B7ch, K–R4; 4. R–N1, B–N4. સફેદ કાળાના પ્યાદાને વજીર થતું અટકાવવા C1નો કાબૂ મેળવવા હાથી N1 ઉપર ચાલે છે. કાળો પણ તે જ હેતુથી ઊંટનો ભોગ આપે છે. પહેલાં તો એમ લાગે છે કે સફેદ હાથી ઊંટને મારીને ફરી પાછો C1નો કાબૂ મેળવવા આવી જશે. પણ-

5. R×B ch, P–Q4 ch! થી કાળો સામી શેહ આપે છે તેથી સફેદ હાથી પાછો પહેલી પંક્તિ ઉપર તરત જઇ શકે તેમ નથી.

6. R×P ch, K–R5;

હવે સફેદ હાથી પહેલી પંક્તિ ઉપર આવી શકે નહિ. એટલે કાળો નક્કી વજીર મેળવે તેમ છે, છતાં સફેદ ચાર ચાલમાં મ્હાત કરે છે.

7. N–N5!, P–B8 (=Q) ch; 8. N–B3ch, K–R6; 9. R–R5ch, K–N7; 10. R–R2 mate.

સુરેશ મોદી

# અને બહાર

લેખક
ચન્દ્રવદન મહેતા



'શ્યામળો સૂરજ'નું એક દૃશ્ય


## બર્લિનની દીવાલની આ બાજુ

બર્લિન નગરી સોંસરવી ઉત્તર-દક્ષિણ ચાલી જતી દીવાલ પસાર કરતાં સૌકોઇને લાગે કે શહેરની મધ્યમાં આવેલા આલિશાન લત્તાઓનો કેવો કચ્ચરઘાણ નીકળી ગયો છે. જ્યાંથી સલ્તનતના અગનરૉકેટ જેવા હુકમો છૂટતા તે દફતર, તે રાજમહેલ, તે રોનકદાર ઇમારતોમાંથી આજે રડચાખડચા બેચાર ઇંટોડાં-પથ્થરા જ રહ્યાં છે. પણ એ ભાગમાંથી જરા આઘે જતાં વેસ્ટ બર્લિનની પાછી ખડકાવા માંડેલી તાજેતરની જાહોજલાલી પણ જોવા મળે છે. છે તો ચારે કોર ઈસ્ટની સત્તાથી ઘેરાએલું શહેર–અંગ્રેજ અમેરિકન ફ્રેન્ચ સત્તાની હકૂમત નીચે જીવતું શહેર, પરંતુ એટલામાં પણ સુંદર વિશાળ તળાવો, મોટર હાંકવાના બાર-પંદર માઇલ લાંબા સીધા સડસડાટ ઑટોબાન–રસ્તાઓ, ડેનમાર્ક સ્વીડન ફિનલૅન્ડ જેવા દેશોના સ્થપતિઓએ બાંધેલાં બેનમૂન મકાનો, બાગો, ઉદ્યાનો, સંગ્રહસ્થાનો અને એ બધાં ઉપરાંત તાજુબ કરી દે એવાં થીએટરો અને બજારો જાતજાતની માનવમેદનીથી ઊભરાતાં દેખાય છે.

મારું હોટલ સરસ હતું. પહેલે જ દિવસે ત્યાંથી બર્લિનનો જગમશહૂર થએલો કોન્સર્ટ હૉલ જોયો અને રાતે એમાં બેસી મલ્હારની સિમ્ફોની સાંભળી. અહીંના સંચાલક તો છે મશહૂર સંગીતજ્ઞ કારાયાન, પણ તે દિવસે ડ્યૂક ઑવ બારબોલી મહેમાન સંચાલક તરીકે આવ્યા હતા અને એણે સંઘગાન સાથે ઑરકેસ્ટ્રાનું હૃદયસ્પર્શી નિરૂપણ કર્યું. એમ તો અહીં બાખ, બેટોવન, મલ્હાર, હેડિન, શુબર્ટ એવા જૂના; તો લુકાસ ફોસ, જૉસેફ શેલ્બ, લાસ્સો લાયથા, રૉય હેરિસ, થીઓડોર બર્ગર જેવા નવા કંપોઝરોની કૃતિઓ રજૂ થતી રહેવાની; પણ આપણે તો ફક્ત આ અનોખો હૉલ–કોન્સર્ટ હૉલ જ જોવો છે, જ્યાં નાટક ઓપેરા ન જ થાય, થઈ પણ ન શકે, પરંતુ સંગીતનો જ જલસો થઈ શકે, એવો આ અદ્‌ભુત અદ્વિતીય હૉલ, ઇંટ ચૂનો સિમેન્ટ લક્કડ લોખંડ રંગ વીજળી થકી ઊભો કરેલો હૉલ; ૨૨૦૦ શ્રોતાઓ છાબડી જેવા ઘાટમાં ફરતા ચારે કોર બેસી, અને વચગાળે છાબડીની મધ્યમાં દોઢસો-બસો વાજિંત્રો વગાડનારા સંગીતની રેખાઓ ગૂંથતા કારાઝાનના હાથ હવામાં સાથિયાઓ પૂર્યા કરે તે પ્રમાણે સંગીતની સૂરાવલીઓ હવામાં ઘૂમતી ફરે, એવો આ હૉલ જેવો બીજો હજી પૃથ્વીપટે બંધાયો નથી. પ્રોફેસર હાન્સ શારોને આનો ઘાટ ઘડ્યો, પણ ઘણા સાથીદારોએ મળીને આ બાંધ્યો. બહારથી જોવો કદાચ ન ગમે, પણ અંદર દાખલ થયા તો ફરીફરીને જોયા જ કરો, નીચે તો સાદી ફરવાની ખાવાપીવાની ઓવરકોટ છત્રીઓ મૂકવાની જગ્યા જ છે, પણ જેમાં ૨૨૦૦ ઉપરાંત શ્રોતાઓ ફરતી બેઠકોમાં પંચખૂણે કે આઠખૂણીઆ ગોઠવણીઓમાં બેસે છે અને એ છાબડીના પોલાણમાં દોઢસો બજવૈયા બેઠા વગાડે છે, એ છાબડી તો આ નીચેના ખંડમાંથી ચાર ત્રાંસા સ્થંભો ઉપર ઊંચે ઊંચકાએલી છે, ઉપરના છાપરા છતઢાંકણને ટેકવવા વચ્ચે નડતો આડો કે ઊભો એક પણ થાંભલો નથી. એવો આ હૉલ.

અહીં બર્લિનની પ્રખ્યાત ફિલહાર્મોનિક ઑર્કેસ્ટ્રા મનમુગ્ધ કરે. ચંચળ મનને કલાક બે કલાક શાંત કરી એકાગ્ર કરે, વ્યવસ્થિત કરે, રસાનંદમાં તરબોળ કરે, પ્રકટ થતી સૂરાવલીઓમાં થનગનાવે, તરવરાવે, મસ્ત બનાવી મલકાવે, એવું આ રમ્ય સ્થાન, પણ આ રચનાનું કૌશલ્ય તો એ છે કે એક વાર એક સ્થાન ઉપર બેસીને સાંભળ્યા બાદ બીજી વાર સામે કે પડખેની બેઠકો ઉપર સાંભળવા બેસો, તો બાંધણીની કરામતનો દર વખત નવો ખયાલ તો આવે, પણ લૌકિક નહિ, એવો અલૌકિક અવનવો અનુભવ પણ કરાવડાવે. ઉપરથી નીતરતી રોશની સંગીતધારાની મનોરમ, દુ:ખદ, તેજીલી, વ્યગ્ર, મસ્તીભરી, દર્દીલી સંવેદનાને અનુરૂપ રોશનીનો પ્રકાશ પલટાતો રહે, એવી ઘડીઓમાં આંખ મીંચી ધ્યાનમગ્ન સાંભળો કે આંખ ખોલી ચારે કોર આ સજીવન થએલા વિશાળ ખંડમાં મહાલતો સચરાચરનો પ્રાણ જોયા કરો, બંને અનુભવોનું તાદાત્મ્ય સધાતાં જે આનંદ ભોગવવાનું સદ્‌ભાગ્ય સાંપડે એ માટે સર્જનહારનો ઉપકાર માનો, એવી આ બેનમૂન બાંધણીવાળી ઇમારત છે. મારા એકલાનો આ અનુભવ નથી, ઘણી વ્યક્તિઓના આવા અનુભવો છે. ૧૯૬૩માં જ બંધાયો અને તરત જ વિવેચકોએ એની બાંધણી માટે ઉપમાઓ શોધવા માંડી. અંદરની બેઠકોની અંતર ગોઠવણી માટે ડુંગરોની ખાણમાં ચઢઊતર દ્રાક્ષવાવણીથી માંડી ગણિતની સંખ્યાઓ ને અનાયાસ રચેલા નૃત્ય બાલે સુધી જાતજાતની ઉક્તિઓથી આ ખંડરચનાને બહલાવી છે. એની રોજની રચના, એની સફાઈ સ્વચ્છતા, એના એકૉસ્ટિક વિષે જેટલું કહીએ તેટલું ઓછું છે. સ્વરો ઉત્પન્ન થાય એનો નિર્મળ રણકો કેવી રીતે પ્રસરે, પાંગરે, એનો પ્રતિધ્વનિ શ્રુતિને ન કનડે, એનો ઘોર સંવાદિતામાં ઉમેરો કરે, એવી એવી પ્રત્યેક ઝીણી બાબતો માટે નિષ્ણાતોએ અભ્યાસ અને અથાગ પરિશ્રમ કરી નિર્ણયો લીધા હતા. બર્લિન જાય, અને એના ફિલહાર્મોનિક હૉલમાં સંગીત સમજે કે ન સમજે તોપણ ત્યાં એકાદ જલસામાં બેસવાનો લહાવો ન લે, એ પામરો તળાવે જઈ તરસ્યા આવ્યા છે, એ અભાગિયા હિમાલય જઈ હિમનાં દર્શન કર્યા વિના પાછા ફર્યા છે.

અને તે જ દિવસે સવારે નવા બંધાએલા દેવળમાં જઈ આવ્યા; હા, પ્રાર્થના પણ કરી. એ જ આપણે આગળ જોઈ ગયા તે ૧૯૩૩ થી ૧૯૪૫ સુધી નાત્સી જુલ્મના ભોગ થઈ રહેંસાઇ ગએલાઓની યાદમાં અત્યંત સાદાઈથી બંધાએલું આ કૅથોલિક સંપ્રદાયનું દેવળ. બાંધણીમાં અવનવા પ્રયોગો તો થાય, પણ જ્યાં રૂઢિ જ સર્વોપરી સત્તા ભોગવે તેવા ધર્મ-સંપ્રદાયના મંદિર બાંધવામાં પણ ભારે કુનેહ અને કલ્પના દોડાવી આ સ્થાન બાંધવામાં આવ્યું છે 'મારિયા



બર્લિન ફિલહાર્મોનિક

રેજિના મારટિરમ' એનું નામ, એમાં ઈસુ ભગવાનનો ક્રૉસ એ.ટો હરમટે બે વર્ષ સુધી મહેનત કરી સાત વિભાગમાં ધાતુઓમાં ગોઠવ્યો છે. આપણાં મંદિરોમાં જેમ રામાયણ યા ભાગવતની કથા ગૂંથી, ચીતરવામાં કે કોતરવામાં આવે છે એમ એમાં આખ્યાયિકા ગૂંથી છે. જીસસ ક્રૉસ લઈ, પડતા-આખડતા એની મા પાસે પહોંચતા, પછી સાઈમન એને ઉઠાડી એની સાથે ખભો મિલાવી આગળ જતાં ફરી ઠોકર ખાતા અને ત્યાર બાદ પેલા એમનાં વસ્ત્રો ઉતારી એમને વધસ્થંભ ઉપર ખીલે મઢે છે એ કથા અહીં સફાઈથી ધાતુશિલ્પમાં ઉતારી છે.

પણ આપણે તો નાટકની વાત કરવી છે. બરાબર. આપણે બર્લિનના એક શાંત પરામાં ડાહલેમ મ્યૂઝિયમ જોવા જઇએ. અહીં રેમ્બ્રાંનાં ૨૬ ચિત્રો ઉપરાંત બીજું અઢળક ખડકેલું ગોઠવ્યું છે, ૩ હજાર વર્ષ પહેલાંનું ઇજિપ્તની રાણી નેફરતીતીનું ચૂનાખડીમાં ઘડેલું બસ્ટ પૂતળું પણ સચવાયું છે, સિંહાસને બિરાજમાન ભગવાન બુદ્ધ પણ અહીં છે. પરંતુ ભારતના જે છે તે દૃષ્ટિએ, એટલે કે પ્રાપ્ત થયા છે એની ગણતરીએ પ્રથમ નાટકકાર અશ્વઘોષના સારીપુત્રપ્રકરણ નાટકનાં પાનિયાં પણ અહીં સચવાએલાં-ગોઠવાએલાં જોવા મળશે. હા, મને પરતાવો થયો અને ન પણ થયો, તરત નીકળી ગયો. આ ટ-આટલી બાબ વર્ષાથી ભરેલી લડાઇઓમાં એમણે બધી કલાકૃતિઓ જીવ જેટલી વહાલી, નહિ જીવ કરતાં યે વધારે વહાલી ગણી સાચવી. અસલના આપણા અસંખ્ય ગ્રંથભંડારો બોમ્બવર્ષાનો ભય નહોતો ત્યારે, દુશ્મન મારતે ઘોડે પણ આવતો હોય તો યે, આગળથી જાણી એને આપણે ન બચાવી શક્યા, ન સંતાડી શક્યા, ન સાચવી શક્યા. સંતાડવાની કળા પણ ન જાણી. પણ એમાં દુશ્મનોનાં ટોળાંને નગર જીતવા આવવાની કશી જરૂર નથી. આજે પણ આપણી બેનમૂન અસલી કલાકૃતિઓ, પુસ્તકો પરદેશમાં વેચાવા ક્યાં નથી જતાં? ગ્રંથભંડારનો ગ્રંથપાલક અને મંદિરનો રખેવાળ બંને, આ ધંધામાં જમાનાથી પારંગત થતો આવ્યો છે, વેચતો આવ્યો છે, વેચે છે. એ તો અભણ, પણ ભણેલા જાણકારો કલારસિક કહેવડાવનારાઓએ પણ આ ધંધો ક્યાં નથી કર્યો? મૂળ કે નકલ, ભગવાન જાણે પણ આ પાનિયાં હાથ લાગ્યાં પ્રોફેસર લ્યુડ્સંને ૧૯૧૧માં, મધ્યએશિયામાં અને પોતે જર્મન એટલે એ ત્યાં લઈ જાય એ સ્વાભાવિક છે, પરંતુ ૧૯૧૪ અને ૧૯૩૯ની બંને લડાઇઓની આગવર્ષા અને લૂંટફાટમાંથી એને સાચવી લીધાં, એવું કલાક્ષેત્રે અમોલું એવું એને સાચવવાનું પાકું શાસ્ત્ર રચી સાચવી લીધું એ અત્યંત ગૌરવની વાત છે.

સંગીત પ્રિય કહેવાતી નગરીમાં નૃત્ય નાટકની ઊણપ નથી. માક્ષ ફ્રિકસ, આઇનેસ્કો, ઓસબોર્ન, ટેનેસી વિલિયમ્સ, આલ્બી, તેમજ લેસિંગ અને ગએટેની કૃતિઓ વારંવાર ભજવાતી જોવા મળે. નૂતનોમાં અદ્યતન એવો 'શ્યામળા સૂરજ'નો બાલેતાત્યાના સોસ્કીએ રચ્યો તે, ગર્ટ અને તાના હર્ઝબર્ગે નવી તાજગીથી નવા આયોજનોથી રજૂ કરે છે તે અમે જોયો. રૂઢિબદ્ધ, ચાલતે ચીલે ચાલવાની ક્રિયા અહીં જોવા નહિ મળે. નવા ઘાટ, આયોજનો, નવતર અદાકારી, સંવેદનાની નવી અભિવ્યક્તિ અહીં જોવા મળે. એ બાલે ઓપેરા હાઉસ બીજા યુદ્ધમાં એવું ખંડાયું કે તખ્તો અને પ્રેક્ષાગૃહ સીધાં બૉબ થકી ઉચ્છેદાઈ ગયાં, બાજુમાંનું દફતરખાનું એમનું એમ બચી ગયું. લડાઈમાં તગડાએલો નવજુવાન આર્કિટેક્ટ બોર્નમાન-ચબરાક છે આંખ જેની, મીઠો છે અવાજ એનો, સ્હેરેગ્હોરે ચોખંડી, એણે નવી અને જૂનીનો સમન્વય કર્યો. જૂનું બાંધકામ રાખ્યું, એની સાથે નવું બહારથી નાતરિયા ન લાગે એ રીતે સાંધ્યું, અને અંદર નવા વીજઝુમ્મરથી માંડી, છત ગૅલેરી બેઠક પ્રેક્ષાગૃહ રંગભૂમિ અને અંતરપટમાં માગો તેવી સગવડો ગોઠવી બૉંબાએલા નર્કાગારમાંથી સ્વર્ગ ઊભું કરી દીધું. એ ઇમારત જોવી હોય તો આગલે દરવાજે દાખલ થઇ પાછળનો ભાગ જોવા ન જવું. દફતરખાનામાં જૂનાનવા નકશા જોઇ, લિફ્ટ, દરવાજા થોડી ચડઊતર ઓળંગી અંતર રંગભૂમિમાંથી ઑડિટોરિયમમાં આવી બહાર ફૉયરમાં નીકળવું. કલાક સવા કલાકની આ સવારીમાં જૂનામાંથી નવામાં આવવાનો રોમાંચક અનુભવ થાય, અને બહાર દરવાજા આગળની ફાઈબર ગ્લાસની અદ્યતન ભીંતો જોતાં છક થઈ જવાય. બોર્નમાન બોલતાં ન થાકે. અને કહે તે સવિસ્તર, રસપૂર્વક સહૃદયતાથી; એની સાથે ગાળેલી બે સાંજ, એમાંની એક સાંજે એ મને પોતાના ઓપેરા હાઉસમાંથી બે અઢી માઈલ દૂર વૉલ્કસબ્યુને એટલે કે લોકોની નાટકશાળા જોવા લઈ ગયો. અહીં જગ્યાની મોકળાશ હોવાથી, આ કારીગરે ઓપેરામાં જે અંદર સજાવટ કરી એ પ્રમાણે એણે અહીં બુદ્ધિ કસી નાખી. એણે જ તો મને કહ્યુ કે વેસ્ટ જર્મનીનું નાટકશાળાઓની દેખભાળ બાંધણી અને સંચાલન માટે ફક્ત ૩૦ કરોડ ડ્યુશમાર્કનું બજેટ, 'ફક્ત' શબ્દ તો હું કટાક્ષમાં આપણે ત્યાંની સરખામણીમાં લખું છું. ઓપેરા હાઉસ પાછળ ૯૦ લાખ એટલે લગભગ કરોડ ઉપર રૂપિયા ખરચ્યા, તો આ જુવાનિયો કહે છે કે એમાંથી જે કંઈ બચ્યું,—ઈશ્વરે પુરુષ અને સૃષ્ટિ પેદા કર્યાં અને કશું ન રહ્યું પછી નારી સરજવાનો વિચાર આવતા ચન્દ્રમાંથી ભૂરી અને વીજળીમાંથી ચાપલ્ય, એમ જેમ કવિઓ સ્ત્રીઓની ખૂબસુરતી માટે વખાણ કરે છે તેમ અહીં વધ્યાઘટ્યામાંથી ક્યાંકથી રૂપરંગ લઈ આ નાટકશાળા બાંધી. ફક્ત ૮ લાખ માર્ક એટલે દશેક લાખ રૂપિયામાં; સાદી, જરા નાની, નાટકો કરવા માટે. નાની એટલે આઠસો બેઠકો, ભીંત શ્યામળી, બહાર બેઠકો શ્યામળી, પણ રાતે જુઓ તો રળિયામણી લાગે એવી આ નાટકશાળાની આસપાસ એણે કૃત્રિમ વનરાઇ



મારિયા રેજિના મારટિરમ



એરવિન પિસ્કેટર

કહો કે વનરાજી કહો કે વનમંડપ કહો એવું ખડું કરી દીધું. બાકૂ ર દીવાની ગોઠવણ અદ્‌ભુત, પગથી-ઓ સરકતી, જરા ફંફરભરી, જાય રેસ્ટોરાંમાં; છાયા-પડછાયાની સંતાકૂકડીની રમત ગોઠવી આ સ્થળને ભૂતળ ઉપર મનુષ્ય જાત-ને ફરવા જોવા માટે રમ્ય અને મનોહર બનાવી દીધું દૂરથી એની ઉપર સ્વપ્નના તાણાવાણા થકી વણ્યું આવરણ ઢાંકી રાખ્યું હોય એવું જ લાગે: ત્યાં ફર્યા, બહુ વાતો કરી, અને જતાં બ્રેખ્ટની વાત નીકળી, ત્યાં મારાથી સહજ પુછાઇ ગયું કે ‘પિસ્કેટર વિષે તમે કંઈ જાણો છો? ઈસ્ટમાં ખબર કાઢી તો કોઇને એ નામ પરિચિત ન લાગ્યું.’

‘તમને એની ક્યાંથી ખબર?’ જરા હસતાં એણે કહ્યુ. ‘ખબર, અવારનવાર વાંચીએ, એટલે જાણીએ. ૧૯૧૯માં પિસ્કેટરે નાટકના ક્ષેત્રમાં ‘ડાડાઈઝમ’ની ચળવળ શરૂ કરેલી, માક્ષ રાઇનહાર્ટના વિદ્યાર્થી અને એક્ષપ્રેશનિઝમના ખાં અને બ્રેખ્ટ એનો નાનો સાથીદાર, હું એને વિષે કેમ ન જાણું?’ આ નાટકશાળામાં અમલદાર બે: ગર્ગ અને ગોઅર્ન; એમાંના એકને ત્યાંથી જતાં એણે કંઈક જર્મન ભાષામાં પૂછ્યું, અને એણે વાત ચાલુ રાખી, પણ મારો વહાલો મને હા કે નાનો નિશ્ચિત જવાબ નથી આપતો. ત્યાં દરવાજામાં એક વ્યક્તિ પસાર થતી જોઈ, એણે બાજુમાં બાર ઉપર ઊભેલા એક વેઈટરને ઇશારતથી બોલાવી નાની ચબરખી લખી મોકલી. ને ત્રણ ડ્રિન્કસનો ઑાર્ડર આપ્યો.

થોડી વારમાં આ બાજુથી ડ્રિન્કસ આવી ગોઠવાય છે અને બીજી બાજુથી જરા સ્થૂલ ભરાવદાર રેલાતી ચાલે ચાલનાર સિજેર-બોજેરની વચ્ચે પહોંચેલી એક વ્યક્તિ આવીને ઊભી રહે છે. બોર્નમાન હસતાંહસતાં એને કહે છે, ‘માસ્ટર! ભારતથી તમને પૂછતા, અને પરદેશીઓમાં આ પહેલા જ મને તમારે માટે જાતજાતની વિગતો આપનાર પ્રો. મહેતાને મળો, બેસો, અને આ ડ્રિન્ક લ્યો.’ અને પછી એણે પૂરું કરતાં મને કહ્યુ, ‘આ એરવિન પિસ્કેટર. બ્રેખ્ટના માસ્ટર. અમારા અહીંના પ્રોડયુસર. અત્યારે ‘ઈન્કવાયરી’ નામના પિટર વાઇસે નવા લખેલા નાટકને મઠારવાનું કામ હાથમાં લઇ બેઠા છે. મળો એમને, અને તમારે જે પૂછવું હોય તે પૂછો.’

હું તો ચોંકી જ ગયો, વીજળી પરોવાય એવા આંચકે તરત ઊભો થઈ ગયો, નમ્યો, મદીલી રોશનીમાં એની ચમકભરી આંખનો કલાનશો નજર મેળવી પીવાય એટલો પીધો, અને સ્વસ્થ થતાં એણે પણ એ જ પૂછ્યું ‘તમે મને કયાંથી ઓળખો?’

‘ડાડાઈઝમ મુવમેન્ટ, ઝ્યુરિખ, બર્લિન, લેનિન-રહેઠાણની સામે તમારો અડ્ડો, ક્લબ, તમારી ચર્ચાઓ, નાટકની રજૂઆતમાં મુદ્દાઓ પર ભાર મૂકવાની તમારી ઢબ, સચોટતા લાવવાનો તમારો કિસબ—’

‘બસ, બસ, તમે ઘણું જાણો છો.’

‘નાજી, તમારા ૧૯૩૦ પછી અમેરિકા જવા બાદ હું કશું જ જાણતો નથી.’

‘ના, પણ ૧૯૨૦નો પિસ્કેટર તો કયારનો કાળના ગર્ભમાં ગાયબ થઇ ગયો. ત્યાર પછી તો હું ઘણો બદલાઈ ગયો છું.’

‘વિકાસ સાધ્યો હશે, કારણ તમે નાત્સીવાદના વિરોધી હતા.’

‘હતો અને છું.’

તે રાતે હાઉપ્ટમાનનું એક નાટક ચાલે, એનો ઘડવૈયો પિસ્કેટર, કહે કે થોડો ભાગ જુઓ, અને પછી જાઓ. મરવા પડેલા માણસને એકાદું તેજીલું ઇંજેક્શન આપવામાં આવે તો એકાએક ચેતના આવતાં એણે મરતાં પહેલાં જે કંઈ કરવાનું બાકી હોય તે કરવામાં ઝડપ ને અધીરાઈ બતાવે એમ હું પાંસઠ વર્ષે પચ્ચીસની તાજગી પામી, તરસ્યાને શેરડીનો સાંઠો મળતાં એને ચાવ્યા જ કરે એમ, આ બ્રેખ્ટના વડીલ જોડે બ્રેખ્ટ સંબંધી, એમના જમાનાના રંગરાગ સંબંધી અનેક રસીલી વાતો કરવા ગુંથાયો. નાટકનો એક અંક જોયો, એના લાઈટ ચૅમ્બરમાં જઈ રોશનીનો કસબ કેટલો વિકસાવ્યો છે એનો અભ્યાસ કર્યો, બોર્નમાન મને જ્યારે હોટલ બર્લિન પર ઉતારી ગયા ત્યારે જ ખબર પડી કે રાતના અગિયાર વાગી ગયા છે, અને ખાવાની વાતનું તો કેવળ વિસ્મરણ જ થઈ ગયું છે. ગરમાગરમ ખડી જેવું બે કટોરા દૂધ પી હું અનેક વિચારે વમળાતાં ઊંઘમાં પડ્યો.

બર્લિનમાં દસપંદર માઈલ દૂર તળાવની પાળે એક સુંદર અમેરિકન ક્લબ છે, એમાં ફોજી જવાન જ સભ્ય થઈ શકે, અને મને લઇ જનાર મારા એક વખતના નિશાળના વિદ્યાર્થીએ આ વાત કહી ત્યારે હું અચંબામાં પડ્યો. ‘તે તમે જેકીભાઈ...’

‘હું કૅપ્ટન હતો અને મેં ફોજી તાલીમ લીધી છે, એટલે જ આ અમેરિકન ક્લબમાં હું સભ્ય છું. અને તમને મહેમાન તરીકે લઇ આવ્યો છું. જુઓ આ બટાટા, ઈંડાં, ટોમેટો ચટણી, પાંઉ આ બધું હરરોજ અમેરિકાથી પ્લેનમાં આવે છે, એવી આ લોકોની અહીંની જિંદગી માણવાની ઢબછબ છે.’ જગ્યા સરસ, એ બતાવવા જ અચાનક મને પ્લેનમાં એક વાર મળી ગએલા આ જેકિસ દયાળ ત્યાં લઈ ગયા હતા. જેકિસનનું એટલે કે જયકિશનનું જેકિસ કર્યું હશે, કોણ જાણે વર્ષોથી સકુટુંબ બર્લિનમાં રહે, વેપાર ખેડે, અને ત્યાંના નાગરિક તરીકે હરેફરે. દાળરોટલી ખાવા માટે એનું ઘર બહુ ઉપયોગમાં આવતું. એમણે મને ફેરવીને શહેર બતાવ્યું. પણ એમની સાથે ફરવા મારા બર્લિનના સરકારી બ્યૂરોએ વધારે વખત ફાજલ રાખ્યો જ ક્યાં હતો? એક દિવસ લેખક વિદ્વાન પ્રોફેસર ન્યૂડસન પાસે લઈ ગયા તો બીજે દિવસ શિલર વીએટરના પ્રો. બેસલર પાસે ચર્ચા કરવા લઈ ગયા.

ત્યાં એક સવારે વડોદરામાં મારી પાસે ભારતનું નાટક સાહિત્ય શીખવા આવેલી એક અમેરિકન છોકરી સુસાન બ્લૅાકે એની એક બહેનપણીને લખ્યું હશે, એટલે સીધી હોટલ ઉપર જ ડાએના એલિસ ચઢી આવી. આ પણ અમેરિકન, ન્યૂ યૉર્કની, અહીં બર્લિનમાં સમાજ-સેવાનું કામ કરવા ઊતરી આવી હતી.

ડાએના સાથે કલાકેક વાતો કરી; છોકરી હોશિયાર, શરીરની ખૂબસુરતી સુસાન બ્લૅાક જેટલી નહિ, પણ બુદ્ધિ ચકોર, સમજદાર, સૂક્ષ્મ ને ખૂબ વાંચને સંસ્કારાએલી, એ થકી મોઢા ઉપર તેજ, વર્તનમાં વિનય અને વાણીમાં વિવેક, એ બધા થકી પરિચય વધતાં એની અંતર ખૂબસુરતી સારી, એમ કબૂલવું પડે. એનો મને મળવામાં એક જ રસ. ગાંધીવાદનું સાહિત્ય શીખવું, ગાંધીજીના કોઈ આશ્રમમાં રહી અનુભવ લેવો, અને આખરે ગાંધીવાદી થઈ જીવન વ્યતીત કરવું. વાત કરું છું ત્યાં કુમારઅપ્પાથી માંડી પ્યારેલાલનાં, સ્લેડનાં, ગાંધીજી ઉપર લખાએલાં અંગ્રેજી પુસ્તકો મળ્યાં એટલાં એણે વાંચેલાં, થોડાં પચાવેલાં પણ લાગ્યાં, એટલે ભારતમાં ક્યાંક રહેવાના બંદોબસ્ત માટે ઘટતી વ્યક્તિને ઘટતા પત્રો લખી પણ દીધા. એ કામ પૂરું થતાં, અમે રોજ મળતાં, મારી સાથે મારા ગાઇડ મિસિસ સોએ—જર્મનબાઇ, ડેનિશને પરણેલી—ઉપરાંત ડાયેનાની પણ સોબત મને મળવા લાગી. છેલ્લાંછેલ્લાં નવી ઢબે રજૂ કરેલું ‘ધ બગ’ નામનું નાટક અમે જોયું,

પણ તે અમને ત્રણેને ન ગમ્યું. દર મિનિટે કહો તો ચાલે, એટલાં વહેલાં દશ્યો એમાં ફેરવાતાં રહ્યાં. ઝડપ, ઝડપ, ઝડપ, સ્પેસથી માંડી પાતાળ, પણ એમાં રસ જામ્યો નહિ. બર્લિન છોડયું ત્યારે ઍરૅડ્રૉમ ઉપર ડાયેના છેલ્લી ઘડી સુધી વાત કરતી રહી, અને છૂટા પડતી વખતે એણે ઘણું વહાલ બતાવ્યું.

હામબૂર્ગમાં બેત્રણ નાટકો જોયાં, એમાં ફ્રાન્સની કિશોરી સાગાંનું એક નાનકડું નાટક નાનામાં નાની નાટકશાળામાં જોયું. એનું નામ રશિયન ત્રિકોણ. વહુને ત્રણ લફરાં, એક પ્રેમીને મરી જવું છે, માટે પ્રેમ કરે છે, એટલા માટે કે બૈરીનો ધણી એ જાણે તો એને મારી નાખે! વર અઠંગ જુગારી છે, જુગારમાં બૈરીને પણ હોડમાં મૂકે. અને એમ કરતાં હારી પણ ગયો. મહાભારત એણે વાંચ્યું હશે? કોણ જાણે! ત્રીજો વરનો ભાઈ, એને પ્રેમ ખાતર પ્રેમ કરવો છે બીજી કશી જવાબદારી લેવી નથી. ચોસઠ ખુરશીનું આ થીએટર, કોઈ એક કાઉન્ટના નાના બંગલામાં બનાવેલું. આગળથી રીઝર્વેશન કરવાનું નહિ; તે દિવસે થીએટર ઉપર ટિકિટ મળે તો મળે, નહિ તો પાછા જાય.

હામબૂર્ગમાં મારો સારો ધડોલાડવો થઈ ગયો. કોઈ ન મળે. ત્રણ દિવસ લાગલાગટ રજાઓ આવેલી, એમાં કોઇને કંઈ ખબરો પહોંચેલી જ નહિ. ડાયેનાએ એના દોસ્તને કાગળ લખ્યો હતો, પણ એનો યે પત્તો નહોતો. ઍરૅડ્રૉમ ઉપર રાહ જોઈ થાક્યો ત્યાં કોઈ ન આવ્યું એટલે આપમેળે બસ પકડી રેલવે સ્ટેશન ઉપર જઈ હોટલ બ્યૂરોમાં પૂછતાછ કરી પહેલાં તો હોટેલ મેળવી, નહાઇ-ધોઈ શહેર પલોટવા નીકળ્યો. ગામ બંદરી, નાનું ખલાસીઓથી ભરપૂર, વ્યાપાર ભારોભાર પણ ત્યાંના બાગ જેવો બાગ બીજે ક્યાંય ન જોયો. ફૂલ તો બધે હોય, પણ આટલી જાતનાં અને જે રીતે ગોઠવેલાં એવી ગોઠવણીનાં ફૂલો બીજે ક્યાંય મેં જોયાં નથી. કલ્પનામાં ન આવે એવાં રંગબેરંગી વિવિધ પ્રકારનાં ફૂલો અને એ ક્યારડાઓમાંથી નાનકડી રેલવે ગાડીમાં બેસીને જોવા ફરો તો વળી ઓર લિજ્જત આવે. આ બાગમાં બહુ ફર્યો.

આખરે ત્રીજે દિવસે યુનિવર્સિટી ખૂલી ત્યારે મારો કાર્યક્રમ ઠેકાણે પડ્યો. હામબૂર્ગ યુનિવર્સિટીનો નવતર ઘાટના ઘુમ્મટવાળો નવો હૉલ, ચર્ચા અને પરિસંવાદ માટે ખાસ યોજેલો છે એ જોયો, ફ્રીશનું જૂના પરથી નવું રચેલું નાટક જોઈ હું ડચુસલડૉર્ફને માર્ગે વળ્યો.

આપણે શરૂઆતમાં એક વાર જર્મનીના આ ભાગમાં ફરતાં મોહને ડૅમ વિષે ચર્ચા કરી હતી. આ બાજુ વુપરટાલ ડોર્ટમૉટ, બોકમ અને એસેનના નવાં બાંધેલાં થીએટરો જોવા જેવાં છે. એમાં મને બોકમની બાંધણી વળી નવા પ્રકારની લાગી. એક નાટકશાળા, એમાં નાટક કરનારા અને નાટક જોનારા જોઇએ, એટલી અમસ્થી વાતમાં નાટકશાળાઓના જે પ્રકારો વિચાર્યા છે, અને બાંધી બતાવ્યા છે, એ જોઇને આપણે તો દંગ જ થઈ જઇએ. ભરતે ત્રણ પ્રકાર બતાવ્યા, અઢારસો-ઓગણીસસો વર્ષો પહેલાં. પછી આપણે ખુલ્લા મેદાનો સિવાય એ દિશામાં વિચાર્યું જ નથી. એમાં આપણો જ દોષ છે ને આ વિચારસરણી જર્મનીમાં ૧૯૫૦ પછી પાંગરી. પંદર વર્ષમાં તો આપણે પચાસ વર્ષમાં નહિ કરી શકીએ એ થકી પણ એ લોકો આગળ નીકળી ગયા છે.

જર્મનીના બ્લૅક ફૉરેસ્ટ નામે ઓળખાતા એક પ્રદેશમાં હવા ખાવાના સ્થળ તરીકે પ્રખ્યાત એવું બાડનબાડન નામનું ગામ, ત્યાં અસલ એક ઉમરાવજાદાએ પોતાનો શૉખ સંતોષવા પોતાના જ નિવાસસ્થાનમાં એક થીએટર બાંધ્યું. આપણે જોઈએ ને તો તરત જ ઠરી જઈએ. આમ બાંધણી ઉપર ફ્રિરાંસી અસર, કારીગરીમાં, કોતરકામમાં, નકશીમાં ક્યાંય મણા નહિ. ટોપલા ભરીને સોનું વપરાયું હશે, અને હજી જુઓ તો ગઈ કાલે બાંધ્યું હોય એવું લાગે. વળી ત્યાં આજે પણ નાટકો તો ભજવાય છે. એનાથી પૂર્વમાં એરલાંગન નામના નાના ગામમાં પણ નાનું ફાંકડું થીએટર છે, વળી ત્યાં યુનિવર્સિટી છે, તે હવે પોતાના ઉપયોગ માટે નવું થીએટર બાંધે છે. વુપરટાલમાં, વુઝબર્ગમાં, ઉલ્મમાં, સ્ટટગાર્ટમાં નવીનવી નાટકશાળાઓ બંધાઇ છે, બંધાતી જાય છે, અને એમાં કંઇ ને કંઈ ગૅલૅરીમાં તો ભીંતછતમાં, તો હવા સંચાલનમાં, તો રોશનીની કરામતોમાં નવુંનવું વિચાર્યે રાખે છે, કર્યે રાખે છે. એ બધાંની યાદી જ આપવામાં શો ફાયદો? (ચાલુ)

અનુસંધાન] **માંદગીમાં ખોરાક** [પૃ. ૩૧૩થી

તંદુરસ્ત માણસ ખાધા વગર રહે તો તેના શરીરની ચરબી અને પ્રોટીનમાંથી ઉષ્માંક પૂરાં પડે છે. ચરબી વપરાવાથી વજન ઘટે છે અને પ્રોટીનનો નાશ થવાથી માંસપેશીઓ અશક્ત બને છે ટાયફૉઈડમાં ૧૦૪ અંશ ફેરનહાઇટ તાવ વખતે મૌલિક જીવનક્રિયા (બેઝલ મેટાબોલિઝમ) ૪૦ થી ૫૦ ટકા વધતી હોવાથી દર કિલોગ્રામે ૪૦ ઉષ્ણાંકની સરાસરી જીવનક્રિયા વધી ૫૨ થી ૮૦ ઉષ્માંકની થતી હોવાના કૉલમૅન અને ડુ બોઈસના પ્રયોગો છે. વળી, તેમણે સાબિત કર્યું છે કે તાવ વખતે પણ શરીરમાં પ્રોટીન ચરબી અને કાર્બોહાઇડ્રેટ પૂરાં પચી તેમનું શોષણ પણ થાય છે.

ટાયફૉઈડ તાવમાં પૂરતા પ્રમાણમાં પ્રોટીન અને ઉચ્ચ ઉષ્માંક-મૂલ્ય-ધારક ખોરાક આપવાનો સિદ્ધાંત છે. પ્રોટીન-ધારક બે ખોરાકો છે: દૂધ અને ઈંડાં. ખાંડમાંથી કાર્બોહાઇડ્રેટ મળે છે. દૂધ ઉપરાંત લિંબુ ને મોસંબીના રસમાં ખાંડ ઉમેરાય છે. રોગીની રુચિ મુજબ દૂધમાં ચા, કૉફી કે સાબુચોખા ઉમેરાય છે. પોચા બ્રેડ કે ભાખરી અને માખણ; ખૂબ ચડેલા ભાત, બાફેલાં શાક ને બટાટા, માંસાહારીને ખૂબ ઝીણું કાપેલું (મિન્સ્ડ) માંસ ને ઈંડાં આપી શકાય. રોગીને આપવાના ખોરાકની યાદી આ પ્રમાણે છે. ચા ૧૬ ઔંસ, કૉફી ૮ ઔંસ, પોચા બ્રેડ કે ભાખરી ૪ ઔંસ, માખણ ૦॥ ઔંસ, ચડેલા પોચા ભાત ૨ ઔંસ, ઇંડાં નંગ ૨, દૂધ ૨૪ ઔંસ, ગ્લુકોઝ ૧ ઔંસ, ફળોનો રસ ૧૨ ઔંસ, ચિકનસૂપ ૬ ઔંસ. આ ખોરાક ચોવીસ કલાકમાં થોડા પ્રમાણમાં અવારનવાર આપવાનો છે. રોગીના વજન અને સ્થિતિ અનુસાર એમાં ફેરફાર થઈ શકે. વધારે તાવ વખતે આ ખોરાક આપવામાં વાંધો નથી. ઝાડા વખતે કેળાંનો છૂંદો આપી શકાય. લવારીએ ચડેલા, ઝાડા કે પેટ ચડવાની તકલીફવાળા રોગીને આ ખોરાક આપવાનો નથી. ઉપરના ખોરાકમાંથી રોગીને ૮૨ ગ્રામ પ્રોટીન, ૨૯૩ ગ્રામ કાર્બોહાઇડ્રેટ ને ૬૯ ગ્રામ ચરબી સાથે ૨૩૯૪ ઉષ્માંક મળે છે. ૧૩૦ રતલ વજનના રોગીને ૩૦૦૦ ઉષ્માંક આપવાની હચિન્સનની ભલામણ છે.

આ ખોરાકથી રોગની સમયમર્યાદા ઉપર અસર થતી નથી, વળી ઝાડા, પેટ ચઢવું, પરફોરેશન અને હેમોરેજ (લોહીસ્રાવ) જેવા ઉપદ્રવોનું પ્રમાણ ઘટ્યું છે. આવો પોષણદાયક ખોરાક આપવાથી રોગીને ગ્લુકોઝ અને વિ૦ સીનાં ઈન્જેક્શન આપવાં પડતાં નથી અને તાવ મટ્યા પછી અશક્તિનો ગાળો લંબાતો નથી. શરીર સાવ કૃશ બનતું નથી.

તાવ ઊતર્યા પછી સાતમા દિવસે રોગીને ઘટ્ટ ખોરાક આપવો. ઘણા દિવસ સુધી પ્રવાહી ખોરાક ઉપર રહેલા રોગીને અર્ધઘટ્ટ કે ઘટ્ટ ખોરાક ધીમેધીમે આપવો. શરૂઆતમાં બાફીને છૂંદેલાં શાક, ખૂબ ચડેલા ભાત ને મગનું પાણી તથા ઢીલી ખીચડી આપવાં. પછી ભાખરી કે રોટલાનો વચલા ભાગનો ભૂકો ને દૂધ અને તે પછી ક્રમશઃ રોજિંદા ખોરાક ઉપર આવવા માંડવું જોઈએ.

ટાયફૉઈડ ઉપરાંત બીજા તાવમાં પણ પૂરતાં પ્રોટીનો અને ઉચ્ચ ઉષ્માંકમૂલ્ય ધારક ખોરાક આપવાનો છે. દાઝવા કે મોટા ઘાની ઈજાઓ વખતે પણ પોષણનો આ સિદ્ધાંત લાગુ પડે છે. એનાથી સમારોગ્યતા (કૉન્વેલેસન્સ) બહુ લંબાતી નથી.

અનુસંધાન] **જીવનપટનાં સ્મૃતિચિત્રો** [પૃષ્ઠ ૩૦૫થી
બત્તી લઈ ગાદલામાં શોધ ચાલતી, એમાં ઊંઘનો સોદો થઈ જતો!

હું ઘણો ભાગ પથારીવશ રહેતો. ઘેર ચિંતા થાય તેથી કંઈ લખ્યું નહોતું. જે જે મિત્રો હરિભાઈને ત્યાં આવતા તે મારી ખબર કાઢવા આવતા. મનુ અને લખુભાઈને હું કંઇ મદદ કરી શકતો નહિ; કશું ખાઈ પણ શકતો નહિ. રુચિ અને નિદ્રા ચાલ્યાં ગયાં હતાં અને પેટમાં જડતા આવી ગઈ હતી. ધીરાકાકા કહે તું ઘેર ચાલ્યો જા; પણ સ્કૂલ છોડી જવા મન થતું નહિ.

## ૨૬૮ મોહનભાઈ દવે

હરિભાઈ ઘણી વાર અમારા એક જ્ઞાતિબંધુ મોહનભાઈનું નામ લેતા. એક દિવસ ગુલાબી ફેંટાવાળા, કાળો કોટ અને ખેસ પહેરેલા, ગોળમટોળ મોં પર આછી કાતરેલી કાળી મૂછોવાળા અને ફુવારા મારતી તબિયત સાથે હસતા હોઠ વચ્ચે સ્વચ્છ દંતાવલી ચમકાવતા, ઘરખમ અવાજવાળા, એક હાથમાં રૂપાના માથાવાળી લકડી અને બીજા હાથની બગલમાં ન્યુસપેપરોનું બંડલ (જેને તે પોતાની ખીચડી કહેતા) રાખેલા મોહનભાઈ દવેને હરિભાઈ લઈ આવ્યા ને કહે: 'આ મોહનભાઈ તમારી તબિયત જોવા આવ્યા છે.' મોહનભાઈએ ઝોળીમાંથી સંતરાં કાઢયાં: 'ચાલો, નાસ્તો કરીએ.' મોહનભાઈ ચોમાસામાં માત્ર દૂધ અને ફળ ઉપર રહે છે એ મેં સાંભળેલું. જેમના ઉપર સહજે ભાવ ઊભરાય એવા મોહનભાઇએ થોડી મિનિટોમાં આધ્યાત્મિક વચનોથી મને વશ કરી લીધો. વળી કોઇ બોલ્યું કે મોહનભાઈ તો ભજનો રચે છે અને જાતે ગાય છે. મને ય કોઈ સમય પસાર કરાવનાર કે આનંદ આપનાર જોઈતું હતું; અને મોહનભાઈને તો જરા સરખા સૂચનની જ જરૂર હતી. સંતરાંના નાસ્તા ઉપર મધરાત સુધી તેમણે પ્રેમથી ભજનો ગાયાં અને પછી પ્રસન્નતાભરી પૂરી મસ્તી સાથે, સાન્ટાક્રુઝ સ્ટેશનથી માઇલ પર આવેલી નગીનાવાડીની પોતાની એકાંત રૂમ પર પહોંચવા રાતના છેલ્લી ટ્રેઈન પકડવા ચર્નીરોડ ગયા. એ વખતે એમણે ગાએલાં ભજનોમાંથી એક લીટી મને હજી યાદ છે: 'હાં રે અમે કાઢયું છે એક કારખાનું, જેનુંતેનું તેલ કાઢવાનું-હાં રે અમે૦' આનો ભાવાર્થ 'દરેક વસ્તુનો સાર કાઢવો' એવો છે. ત્યાર પછી મોહનભાઈ સાથે નિકટ બનવાના પ્રસંગો વર્ષો બાદ બન્યા.

## ૨૬૯ માંદગીએ મુંબાઇ છોડાવ્યું

મોહનભાઇની ભજનની રાત પછી પણ મારી તબિયત તો વધુ બગડતી જ ચાલી. કશું ખાવાપીવાનું મન થાય નહિ. અનિદ્રા અને પેટમાં ઝેરી વાયુસંચારથી નિરાશા અને હતાશા અનુભવવા લાગ્યો. બધા કહેવા લાગ્યા કે સત્વર ઘેર જાઓ. પણ કંઇ સિદ્ધિ વગરનો માંદલો ઘેર જઇ શું કરું? પરીક્ષા રહી જશે, વર્ષ બગડશે વગેરે વિચારોએ મને મૂંઝવ્યો. એવામાં હરિભાઇને ત્યાં મારા જૂના સંબંધી કીર્તનિયા ગિરધરલાલ ત્રિવેદી મહેમાન થઈ આવ્યા. મારા પૂર્વ પરિચયથી તેમણે સૂવા-બેસવાનું મારી રૂમમાં રાખ્યું. મને તે સવારે-બપોરે પોતાનાં કીર્તન સંભળાવતા. મારી નિરાશામાં તેમની આ સોબત આનંદપ્રદ બની. તેમને ખબર હતી કે ભાવનગરમાં જે કુટુંબના કેટકેટલા લાડ પામતો તે હું અહીં બીમારીની સારવાર વગર પડયો હતો. મને મુંબાઈના ડૉક્ટરો તરફ નફરત હતી. ભાવનગરમાં મેં કદી ડૉક્ટરોની ફી ભરી નહોતી-અહીં માંદગીમાં શો ને શો ખર્ચ થઈ જાય તેનો ભય હતો. દેશમાંથી રકમ મંગાવવાની શરમ લાગતી હતી, અને એવી યે બીક હતી કે કદાચ ચિંતા કરી કોઇ લેવા પણ આવે.

છેવટે કીર્તનિયા ગિરધરલાલને દેશમાં પાછા જવાનો સમય આવ્યો ત્યારે મેં નિર્ણય કરી લીધો કે હવે મુંબાઇમાં રહેવું પાલવે તેમ નથી. સાથીઓને પણ મૂંઝવણ થતી. આર્થિક તંગી દરેકને હતી. કામ અને નોકરી દરેકને લાગ્યાં હતાં. ગિરધરભાઇએ મને સંભાળથી પહોંચાડવા હામ બીડી. વીરમગામ અને ભાવનગર કાગળ લખી હું એક દિવસે સવારે મારો સામાન બંધાવી તેમની સાથે ગાડીમાં ચડી બેઠો. આશા હતી કે મહિનામાં સાજો થઈ પાછો આવી જઈશ. મનુ વીલો થઈ ગયો. તેને છોડતાં મારો યે જીવ વલોવાતો હતો, પણ કોઈ દિવસે તેણે પણ પોતાનો માર્ગ એકલાએ કરવાનો જ હતો. વળી સાથે તેના મોટા ભાઈ લખુભાઈ હતા તેનું તેને સાંત્વન હતું. મુંબાઈ મને અત્યારે ઝેર બન્યું હતું અને ફરી પાછો આવી તેની પ્રવૃત્તિઓનાં ચંચળ ચકોમાં ચડી શકીશ કે નહિ તેની શંકા હતી. પણ અત્યારે તો મારા ધ્યેય માટે, મારા કુટુંબ માટે, પત્ની માટે, બાળક માટે જીવન સંભાળી લેવાની પહેલી જરૂર હતી.

તે રાત્રે દસ વાગ્યે વીરમગામ પહોંચી મુસાફરી થંભાવીને મગનભાઇને ત્યાં આરામ લીધો. એ બધાએ ચિંતાભરી નજરે મને જોઈ લીધો. બીજે દિવસે સવારે ભાવનગરની ગાડીમાં નીકળી ગિરધરભાઈની સારસંભાળ નીચે સાંજના ભાવનગર પહોંચ્યો ત્યારે માતાપિતાનાં ચરણોમાં પડી ખૂબ રોઈ લીધું. અંતરમાં થાક, નિરાશા અને ભાવિની આશંકાઓ ભરી હતી, પણ માતાપિતાની વત્સલ છાયામાં નિર્ભય બની ગયો. પત્ની દૂર ઊભી ઘૂમટામાંથી મને જોઈ રહી હતી. ઘોડિયામાં બાળક સૂતો હતો. કોઇને બોલવાની યે ઇચ્છા નહોતી. સૌના સંતાપ અંતરમાં સમાયા હતા: હું શું જીવીને પહેલાં જેવો સ્ફૂર્તિ અને ઉત્સાહ ધરાવતો યુવાન બની શકીશ? ખરાબ સ્વપ્નાં, અનિદ્રા અને ભાવિના વિચારોથી ઘેરાએલો હું એક હાડપીંજર બની ગયો હતો. બધાએ કહ્યુ: 'મુંબાઈનું પાણી લાગ્યું.'

બીજે દિવસે પિતાશ્રીએ કુટુંબના સંબંધી અને સ્વજન જેવા ડૉ. જટાશંકરભાઈને બોલાવ્યા. તેમની સાથે સલાહ માટે બીજા લોકપ્રિય ડૉ. પીરોજશાહને ભેગા કર્યા. મને તેમણે ખૂબ તપાસીને કહ્યુ: 'કંઇ નથી, કંઇ નથી; ટૉનિક લેશે એટલે સારું થઇ જશે.' વિલાયતી બાટલીઓ આવી, દૂધ અને પૌષ્ટિક પદાર્થો લીધા, પણ કશો લાભ જણાયો નહિ. ઊલટું દૂધના જ ધોળા ઝાડા થવા લાગ્યા. મને શરીરમાં અને મગજમાં ઝેરી વાયુ હોવાનું લાગ્યા જ કરતું. એ ફરિયાદ કોઈથી દૂર થઇ નહિ. મારો ખૂબ જ અસંતોષ જોઈ પિતાશ્રીએ એક જૂના આયુર્વેદાચાર્ય વૈદ્યરાજને બોલાવ્યા. તેમણે મને ધીરેધીરે પોતાના ઔષધાલયમાં બોલાવી, અભ્રકાદિ માત્રાઓની પડીકીઓ બાંધીને મંત્રો બોલી મારા હાથમાં મૂકી, અને ધીરેથી રૂપિયા પંદર મોકલી આપવા ભલામણ કરી. દરદીને શ્રદ્ધા અને આશા હોય જ. મેં તેમના કહેવા પ્રમાણે 'ઘૃતયુક્ત પૌષ્ટિક ખોરાક' લેવા માંડયો; પણ કશું પચે નહિ કે ચેન પડે નહિ. પથારીથી દૂર ન જવાય એટલી અશક્તિ વધી ગઈ. એકાદ મહિનો આમ ખરાબ હાલત રહી. (ચાલુ)

## ગુજરાતી સાહિત્ય પરિષદનું ચોથું જ્ઞાનસત્ર

ગુજરાતી સાહિત્ય પરિષદનું ચોથું જ્ઞાનસત્ર આગામી ૨૯-૩૦ ઑક્ટોબરે દ્વારકામાં મળશે. તે પરિષદના સભ્યો પૂરતું જ મર્યાદિત રહેશે તેથી ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં વાર્ષિક લવાજમ ભર્યું હશે તેમને જ દ્વારકા પહોંચવા માટેના રેલવે કન્સેશનનો લાભ મળી શકશે. ઉતારા ને ભોજનની સગવડ માટે દ્વારકાની સ્વાગત સમિતિને મોકલવાના રૂ. ૧૦ પરિષદ કાર્યાલયમાં મોકલવા. ચર્ચાના વિષયો: (૧) નવલકથા-નવું ઉત્થાન (૨) અસ્તિત્વવાદ (૩) કળામાં આકૃતિ (૪) કૃતિપરિચય. સાહિત્યકાર મિત્રોએ પહેલા ત્રણ વિષયો ઉપરનાં પોતાનાં વક્તવ્યો લખીને સાથે લાવવાં.

અનુસંધાન] મૃચ્છકટિક [પૃ. ૩૦૯થી

પર લાત લગાવી દીધી! શકાર માંકડાની જેમ ઊછળ્યો; એની કમાન છટકી: 'રાંડની, ઊતર હેઠી...તું તો પેલા ચારુદત્તડાને પ્રેમ કરવા આવી હઈશ! હરામડી, ઊતર મારા રથમાંથી...' અને એ લવારીએ ચડયો: 'રાંડને હવે તો એનો રૂપાળો અંબોડો પકડીને, પેલા જટાયુએ જેમ વાલીની વહુને પકડીને ખેંચી હતી તેમ ખેંચીને બહાર કાઢું!' પરંતુ વિટે સમયસૂચકતા વાપરી વસંતસેનાને મૃદુતાપૂર્વક રથમાંથી નીચે ઉતારી લીધી. શકારને પગથી માથા સુધી ઝાંઝ ચડી ગઈ: 'અલ્યા વિટ, એવી એ વીશનખીને મ રી નાખ. એ રાંડનું ગળું દાબીને અબઘડી મારી નાખ.' વિટે ના પાડી દીધી: 'મહારાજ. એ ગણિકા છે તથાપિ એના ગુણો વડે એ કુલવાન છે. એનો ઘાત હું નહિ કરું.'

શકારે અપમાનજનક અપશબ્દોનો ઢગલો વેરી દીધો ને સ્થાવરકને આજ્ઞા કરી: 'અલ્યા ચેટ, સ્થાવરક, આ વસંતશેણીને હણી નાખ, હમણાં ને હમણાં. તને શોનામહોર આપીશ.' સ્થ વરકે ડોકું ધુણાવ્યું: 'મહારાજ, નિર્દોષ અસ્ત્રીની હત્યા કરું તો મારો પરલોક બગડે.'

'હરામી! કુક્કર! મારી આજ્ઞાનો અનાદર કરનારો તું કોણ?' એમ કહેતાંક ને એ કુદ્યો અને સ્થાવરને ઢીબી નાખ્યો. અને બંને જણને બૂડી ગાળો દઇને હાંકી મેલ્યા. કાળજે ફફડતી વસંતસેના નત મસ્તકે ઊભી હતી. એનું રૂપ અને એની છટા જોઇને શકાર પીગળી ગયો. એને રીઝવવા ફરી એની પાસે ગયો: 'વા'લી વશંતશેના, તારી શાથે નહિ વઢું. ચાલ મારી શાથે. તને હું શોને મઢું...આપું તુજને મહોર શોનૈયા...ને મીઠું મીઠું બોલું. તું કહેતી હો તો લાંબો થઇને તારા ચરણમાં ડોલું. હે ઉજળ દંતાળી, તું બની જા મારી ઘરવાળી!' એમ કહી એ મોં વકાસીને એની સામે જોઈ રહ્યો. વસંતસેનાને હાડેહાડ ધિક્કાર છૂટયો: 'નીચબુદ્ધિ, સોનામહોર વડે સ્નેહની ખરીદી કરવા નીકળ્યો છે? કમળનો સંગ એક વાર થયા પછી ભ્રમર એને કેમ ભૂલી શકે? આમ્રવૃક્ષનું સેવન કર્યા પછી હું ખાખરાના વૃક્ષનો અંગીકાર કરું?'

શકારને આ મર્મવચન કાળજામાં લાગી ગયાં: 'રાંડની', ચારુદત્તને આંબો કહ્યો ને મને ખાખરો? રાંડ કેશૂડો ય કહેતી નથી! ને હજુ એ દળદરિયાને યાદ કરે છે! તારે ચોધરે હમણાં જ ભરડો લઉં છું. દળદરિયો ચારુદત્ત તને કેમ બચાવે છે તે હું જોઈશ. ચાણાકે શીતાને મારી ને જટાયુએ દ્રૌપદીને મારી, તેમ હું તને મારી નાખીશ.' એમ કહી તેણે વસંતસેનાના ગળાની આસપાસ બે હાથ ભીંસ્યા. વસંતસેના ચિત્કારી ઊઠી: 'આર્ય ચારુદત્ત...પ્રણામ...ચારુ...'

'હજી ય વાંઝણીની ચારુદિયાને યાદ કરે છે!' એમ બબડીને બધી દાઝ કાઢીને તેણે ગળાને ખૂબ ભીંસ્યું ને વસંતસેનાને ભોંય પર નાખી દીધી. સહેજ તરફડીને વસંતસેના અચેતન બની ગઈ. એના દેહ પર શકારે સંતોષનો શ્વાસ લીધો: 'રાંડ મરી...એના મોતે!' પણ એકાએક તેને ફાળ પડી: 'આ શેણી મરી તો ખરી...પણ એનું આળ મારે માથે આવશે તો મને શૂળીએ ચડાવશે.' તેના શરીરે ગભરાટથી પરસેવો વળી ગયો. એવામાં સદ્‌ભાગ્યે તેણે દૂરથી સ્થાવરકને જોયો. તેને બોલાવ્યો અને આ ગુનો તેના માથે ઓઢી લેવા સમજાવ્યો. બદલામાં સોનામહોરોની લાલચ દેખાડી. પરંતુ સ્થાવરકે આ અધમ કૃત્ય માટે તેનો ખૂબ ફિટકાર કર્યો. શકાર મુશ્કેલીમાં આવી પડયો. 'આવો આ સ્થાવરક જો આ ઘાતની વાત પ્રગટ કરશે તો?' એની આંખ આગળ શૂળી ઊભી થઈ ગઈ! એણે સાવચેતી વાપરીને સ્થાવરકને બેડી પહેરાવીને મહેલના ખૂણામાં બેસી દીધો. પણ તો ય એની ગભરામણ ટળી નહિ. અચાનક એને એક તુક્કો સૂઝ્યો. એનું મોં હસુંહસું થઈ રહ્યું. એણે વસંતસેનાના મૃતદેહને પાંદડાંથી ઢાંકી દીધો અને ખુશખુશાલ ન્યાયમંદિર ભણી ચાલ્યો. ન્યાયાલયમાં તેણે ફરીયાદ કરી દીધી: 'ચારુદત્તે વસંતસેનાની હત્યા કરી નાખી. મારા બગીચામાં આવું ઘોર પાતક કર્યું.' અને ચારુદત્ત દરિદ્ર હતો એટલે ઘરેણાંના લોભમાં તેણે વસંતસેનાની હત્યા કરી હોય એવી શકયતા પણ ન્યાયાલયમાં રજૂ કરી દીધી. ન્યાયમંદિર તરફથી ન્યાયાધીશે તરત જ વસંતસેનાની માતાને તથા ચારુદત્તને હાજર થવાના હુકમો છોડયા.

પુષ્પકરંડ ઉદ્યાનમાં વસંતસેનાના દેહને પાંદડાંથી ઢાંકીને શકાર વિદાય થઇ ગયા પછી થોડી વારે સ્નાન કરીને પેલો ભિક્ષુ જેને શકારે થોડા સમય પહેલાં અપશબ્દોથી નવાજી કાઢી મેલ્યો હતો એ પોતાનાં ચીવર ધોઈને વૃક્ષ પર સૂકવવા ત્યાં આવ્યો, પરંતુ વૃક્ષો પર વાનરની કૂદાકૂદ જોઈને તેણે ભૂમિ પર તે સૂકવવાનો વિચાર કર્યો. રજકણ ચોંટે નહિ એ રીતે ઘાસ પર તે વસ્ત્રો સૂકવવા ગયો, પણ ત્યાં પાસે જ પાંદડાંનો ઢગ જોઇ તેને નિરાંત વળી અને પોતાનું ભીનું ચીવર એ ઢગલા પર પાથરી દઈ એ બુદ્ધ ભગવાનની સ્તુતિ ગાતો ત્યાં બેઠો. પરંતુ તેની આંખો અચાનક આશ્ચર્યથી વિસ્ફારિત થઈ ગઈ. પાંદડાં પર પાથરેલું ચીવર હાલવા માંડયું અને ઢગલા નીચેથી કોઈકનો અલંકારભૂષિત હાથ ઊંચો થયો. એકદમ ચમકીને તેણે પાંદડાં ખસેડી નાખ્યાં અને એના મુખમાંથી આશ્ચર્યનો ઉદ્‌ગાર નીકળી ગયો: 'અરે...આ તો વસંતસેના!' તેણે વસંતસેનાને વાયુ ઢોળ્યો અને તેના મુખ પર પાણીનો છંટકાવ કર્યો. વસંતસેનાની ચેતના સળવળી. તેણે આંખ ઉઘાડી અને સામે ભિક્ષુને જોઇને ક્ષીણ કંઠે પૂછી રહી: 'આપ કોણ?'

'તમારો દાસ. તમે મને જુગારીઓ પાસેથી દસ સોનામહોરમાં ઉગારી લીધો હતો તે, હું સંવાહક!'

**વ**સંતસેનાની માતાની ન્યાયાલયમાં જુબાની શરૂ થઈ.

'તમારી પુત્રી વસંતસેના ક્યાં છે?' 'એના મિત્રને ઘેર...'

'મિત્રનું નામ શું?' આ પ્રશ્નથી એ મૂંઝાઈ. ફરી વાર એ જ પ્રશ્ન એને ભારપૂર્વક પૂછવામાં આવ્યો. અંતે તેણે કહ્યુ: 'ચારૂદત્ત પર મારી દીકરીનું મન લાગ્યું છે. એ શેઠ ખૂબ ઉદાર ને સંસ્કારી છે. મારી દીકરી એમને ત્યાં સુખ માણે છે.' શકારની તરફેણમાં મુદ્દો મળી ગયો. એ હસવા લાગ્યો.

થોડી વાર પછી ચારુદત્તની જુબાની શરૂ થઈ.

'બોલો, ચારુદત્ત, ગણિકા વસંતસેના તમારી મિત્ર છે?'

ચારુદત્ત લજવાયો, પરંતુ ન્યાયમંદિર સમક્ષ તેને સત્ય વાત કહેવી પડી: 'વસંતસેના મારી મિત્ર છે એમ તો કેમ કહું? અથવા ભલે...ગણિકા મારી મિત્ર છે, તો એ યુવાની દૂષિત છે, ચરિત્ર નથી.'

'ઠીક...ત્યારે અત્યારે વસંતસેના ક્યાં છે?'

'એને ઘેર ગઈ...'

'ઘેર રથમાં ગઈ કે ચાલતી ગઈ? સાથે કોણ હતું?'

ચારુદત્તને આ વિષે કશી માહિતી ન હતી. એ મૌન ધારી રહ્યો. એટલામાં તો સરકારી ચોકીદાર વીરક બૂમો પાડતો આવ્યો: 'મહારાજ, ફરિયાદ!' સહુ એના તરફ અજાયબીથી જોઈ રહ્યા. વીરકે સાક્ષી આપવા માંડી: 'મહારાજ, આર્યક કેદખાનામાંથી નાઠો ત્યાર પછી પરદો ઢાંકેલો એક રથ ચોકી પાસેથી નીકળ્યો. એમાં મેં કેદી આર્યક હશે એમ માની તપાસ કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે મારા સાથી ચંદનકે મને તેમ કરતાં રોકયો ને મને લાત મારી...'

'એ રથ કોનો હતો?' ન્યાયાધીશે વચમાં જ પ્રશ્ન પૂછ્યો.

વીરકે ચારુદત્તને જોતાં જ એની સામે આંગળી ચીંધીને કહ્યુ: 'આ ચારુદત્ત શેઠનો. તેમાં બેસીને વસંતસેના પુષ્પકરંડ બાગમાં જતી હતી એમ રથ હાંકનારે મને કહ્યુ....'

શકારના પાસા સવળા પડતા હતા. ચારુદત્ત ઝંખવાયો. ભાગ્ય એની વિરુદ્ધ વર્તતું હતું. ન્યાયાધીશે વીરકને આજ્ઞા કરી: 'તમે સરકારી માણસ છો. તમે જાતતપાસ કરી આવો. પુષ્પકરંડ બાગમાં કોઈ સ્ત્રીનું શબ પડ્યું છે કે નહિ.'

થોડી વારમાં વીરક તપાસ કરીને પાછો આવ્યો: 'મારી સગી આંખે મેં શબ જોયું. જાનવરોએ તેને સાવ ચૂંથી નાખ્યું છે.' ન્યાયાધીશે વેધક દૃષ્ટિએ તેની સામે જોઈ પ્રશ્ન કર્યો: 'શબ જાનવરોએ ચૂંથી નાખ્યું છે તો તમને શી રીતે ખબર પડી કે એ સ્ત્રીનું શબ છે?'

સાવધાનીપૂર્વક વીરકે ઉત્તર દીધો: 'વાળ, હાથ-પગ વગેરે પરથી.'

ન્યાયાધીશ વિચારમાં પડી ગયા. શકાર ખુશખુશાલ થઈ રહ્યો.

ન્યાયમંદિરમાં ચારુદત્તની વિરુદ્ધમાં પુરાવાઓ એકઠા થતા જતા હતા તે સમયે તેનો સેવક મૈત્રેય વસંતસેનાના ઘર ભણી જઈ રહ્યો હતો. તેના હાથમાં ઘરેણાંની પોટલી હતી. વસંતસેનાએ ચારુદત્તના પુત્ર રોહસેનને માટે સોનાની ગાડી કરાવવા સારુ પોતાના અલંકારો ઉતારી આપ્યા હતા, પરંતુ ચારુદત્તની પત્ની ધૂતાએ વિવેકપૂર્વક તેનો અસ્વીકાર કરીને મૈત્રેયની સાથે તે અલંકારો વસંતસેનાને ત્યાં પાછા મોકલ્યા હતા. મૈત્રેય એ પોટલી લઇને જતો હતો ત્યાં એને ન્યાયમંદિરમાં ચારુદત્ત સામે શકારની ફરિયાદના સમાચાર મળ્યા, એટલે એ સીધો ન્યાયમંદિરમાં જ આવી લાગ્યો. ત્યાં તેણે વિગતે વાત જાણી, શકારને જોતાં જ એનો રોષ વધી ગયો. તેણે શકારને બરાબર સરસ્વતી સંભળાવી. શકારે તેના પર હુમલો કર્યો. ન્યાયમંદિરમાં કોલાહલ મચી ગયો. પણ ઝપાઝપીમાં મૈત્રેયના હાથમાંથી અલંકારોની પોટલી છૂટી ગઈ અને અલંકારો જમીન પર વેરાઈ ગયા. ચારુદત્ત આશ્ચર્યથી બોલી ઊઠયો: 'અરે! આ આભૂષણો...'

મૈત્રેય મૂંઝાઇને ખુલાસો કરવા મથ્યો: 'હા,...એ ઘરેણાં... વસંતસેનાનાં...' શકારે એકદમ તક ઝડપીને ભૂમિ પરથી આભૂષણો ઉપાડી લીધાં ને શોર મચાવી મૂકયો: 'જુઓ,...આ રહ્યાં એ જ ઘરેણાં....આ ઘરેણાં માટે જ ચારુદત્તે વસંતશેનાને મારી નાખી.'

ચારુદત્ત નિસ્તેજ બની ગયો. દુર્ભાગ્યવશાત્ બધા પુરાવા એની વિરુદ્ધમાં પડયા હતા. વસંતસેનાના મૃત્યુની વાત જાણ્યા પછી તેને અણગમો થઈ આવ્યો હતો. જીવનમાંથી તેનો સમગ્ર રસ ઊડી ગયો ને તેણે આપમેળે વસંતસેનાની હત્યાનો એકરાર કરી દીધો. શકાર તેની સામે જોઈ મૂછે તાવ દેવા લાગ્યો.

મહારાજા પાલકે ઘરેણાં માટે વસંતસેનાને મારી નાખનાર ચારુદત્તને શૂળીએ ચડાવવાનું ફરમાન કર્યું. નગરમાં તેનો ઢોલ પીટાયો. ચાંડાલોએ ચારુદત્તને પકડીને નગરમાં ફેરવવા માંડયો. પ્રજામાં સર્વત્ર હાહાકાર ફેલાઈ રહ્યો. વસંતસેનાનું મૃત્યુ અને ચારુદત્તને શૂળી એ બે ઘટનાઓએ લોકહૃદયમાં અનેક પ્રકારના પ્રતિભાવો જગાવ્યા. ચાંડાલો ચારુદત્તને સાથે લઇને વધસ્તંભના માર્ગ ભણી વળ્યા ત્યાં એક દિશામાંથી ચીસ સંભળાઈ! ચારુદત્તનો બાળક-પુત્ર રોહસેન ચાંડાલો તરફ દોડતો આવતો હતો. ચારુદત્તની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેણે પોતાના પુત્રને છેલ્લીવાર ભેટી લેવા માટે ચાંડાલોને વિનંતી કરી રોહસેન આવીને પિતાને વળગી પડયો. ચારુદત્તે એને છાતી સરસો ચાંપી દીધો. રોતી આંખે રોહસેન ચાંડાલોને પૂછી રહ્યો: 'તમે મારા પિતાને શા માટે મારી નાખો છો?'

ચાંડાલોને પણ આ છોકરા પ્રત્યે કુમળી લાગણી જાગી. એકે સમભાવથી કહ્યું: 'છોકરા, રાજાજીનો હુકમ ગુનેગાર છે, અમે નથી.'

'તો પછી મને મારી નાખો. મારા પિતાને બચાવો.'

'ના દીકરા, ચિરંજીવ થા...'

ચાંડાલો ચારુદત્તને લઇને આગળ વધ્યા. વધસ્થળ આગળ દળદરિયા ચારુદત્તનો શિરચ્છેદ થતો જોવા માટે શકાર કયારનો ય તલપાપડ થઈ રહ્યો હતો. એણે ચાંડાલોને ધમકાવ્યા: 'અલ્યા ઝટ કરોને! શૂળીએ ચડાવતાં કેટલી વાર? એમાં મૂરત જોવાનું છે?'

ચાંડાલો ચારુદત્તને વધસ્થાનની લગોલગ લાવ્યા ત્યાં લોકસમૂહમાં ઘોંઘાટ મચી ગયો. મહેલમાંથી નાસી છૂટીને શકારનો સારથિ સ્થવારક પોકાર કરતો ત્યાં આવી પહોંચ્યો. તેણે બૂમ પાડી: 'સબૂર ચાંડાલો...થોભી જાઓ...વસંતસેનાનો હત્યારો ચારુદત્ત નથી.'

એકદમ શકાર તેની સમક્ષ ધસી આવ્યો. સ્થાવરકે તેની સાથે આંગળી ચીંધીને પોકાર કર્યો: 'આ રહ્યો એ હત્યારો. એણે જ ગળું દાબીને વસંતસેનાને બાગમાં મારી નાખી છે.'

શકારે આશ્ચર્ય પ્રગટ કરતાં કહ્યું: 'જા રે જા. રતનના ઘડા જેવો હું અબળા પર હાથ ઉગામું ખરો કે?'

સ્થાવરકે જોરથી બૂમ મારી: 'તેં જ એને મારી નાખી છે, તેં જ.'

શકારે એની સાવ પાસે જઇને એના હાથમાં સોનામહોર સેરવી દીધી: 'બસ? હવે મૂંગો રહે...' સ્થાવરક એ મહોર બતાવીને પોકારી ઊઠયો: 'જુઓ જુઓ, આ શકાર પોતાનું પાપ ઢાંકવા મને લાંચ આપે છે.' લોકો આ બધો તમાશો જોવા એમની આસપાસ ભેગા થઈ ગયા. શકારે એકદમ બાજી ફેરવી: 'અરે તમે મને, રાજાના શાળાને જૂઠો માનો છો? આ નોકરે મારી શોનામહોર ચોરી લીધી હતી તે જ આ મહોર છે. મેં એને એ ચોરી કરવા માટે ફટકાર્યો એટલે મારા પર વેર લેવા એ અહીં મારી વિરુદ્ધ બોલી રહ્યો છે.'

શકારના જૂઠાણાથી સ્થાવરક ડઘાઈ જ ગયો. ત્યાં શકારે ફરી કહ્યું: 'તમે એના શરીર પર લાકડીના સોળ જુઓ. પછી તો મારી વાત માનશોને?' એમ કહી તેણે સ્થાવરકની પીઠ પરનાં સોળ સહુને બતાવ્યા. સ્થાવરક લાચાર બની ગયો. ચારુદત્ત સામે જોઈ ધીમે સાદે દુઃખપૂર્વક તેણે કહ્યું: 'ભાઈ, મારું આટલું જ ગજું હતું.'

ચાંડાલોએ ચારુદત્તને વધસ્તંભ આગળ ઊભો રાખ્યો. એના કપાળ ઉપર મૃત્યુવેળાનું તિલક કર્યું અને ખડગ લઇને સજ્જ થયા. ઈષ્ટદેવતાનું સ્મરણ કરી ચારુદત્ત ગરદન ધરીને સ્વસ્થતાથી નમ્યો. ચાંડાલોના હાથ હવામાં ઊંચકાયા. ત્યાં વધસ્તંભની નજીકના સેળામાં કોલાહલ મચ્યો. એક સ્ત્રી અને એક પુરુષ ભર્યે શ્વાસે વધસ્તંભ ભણી ધસી આવ્યાં: 'થોભી જાઓ, ભગવાનને ખાતર થોભી જાઓ.' ચાંડાલોના હાથ અધ્ધર જ રહી ગયા. એ બંને વધસ્તંભનાં પગથિયાં ચડી ગયાં. લોકસમુદાય આશ્ચર્યથી ચકિત બની ગયો. એ બે વ્યક્તિઓમાં એક હતી વસંતસેના અને સાથે હતો ભિક્ષુ!

વસંતસેના ચારુદત્તના ચરણમાં ઢગલો થઈને પડી. ચારુદત્તે અત્યંત મૃદુતાથી સ્નેહપૂર્વક તેને ગ્રહી લઈ ઉરસરસી ચાંપી દીધી. એ જ સમયે શર્વિલક અને મદનિકા ત્યાં આવી પહોંચ્યાં. શર્વિલકની ક્રાંતિ સફળ થઈ હતી. રાજા પાલકને સ્થાને ગોપાલપુત્ર આર્યક રાજા બન્યો હતો. વધસ્તંભના પગથિયે વસંતસેના-ચારુદત્ત અને મદનિકા-શર્વિલકનાં યુગલ સોહી રહ્યાં. વધસ્તંભ વધામણીનો સંકેત બની રહ્યો!

# અમેરિકા અને આપણે

☆☆☆ ડૉ. પ્રહ્લાદ ચુ. વૈદ્ય

## ૨૧

૧૬ મે ૧૯૬૫

વહાલાં બાળકો,

...સૂચનાઓ લખવામાં કાગળ ઘણો ભરાઈ ગયો, એટલે હવે જે થોડી જગ્યા રહી છે તેમાં ગયા અઠવાડિયાના એક રસપ્રદ સમાચાર લખું.

પરમદા'ડે અહીં યુનિવર્સિટીમાં 'બર્મ્યુડા-શૉર્ટ-ડે' ઊજવાયો. બર્મ્યુડા એ અમેરિકાના પૂર્વ કિનારે આવેલો ટાપુ છે. શૉર્ટ એટલે ટૂંકી ચડ્ડી. બર્મ્યુડા ટાપુ ઉપર જેવી ટૂંકી ચડ્ડી પહેરાય છે તેવી ચડ્ડી પહેરવાનો દિવસ તે બર્મ્યુડા-શૉર્ટ-ડે. આ દિવસે ઘણાં છોકરાછોકરીઓ ગોઠણ ઉપર છ ઇન્ચ કે તેથી પણ વધુ ઊંચી ચડ્ડીઓ પહેરીને ફરે છે. ચડ્ડી ઉપર ટી-શર્ટ કે ખમીસ પહેરે અને તે ઉપર બ્લેઝરનો કોટ. આ બધી ચડ્ડીના પાયચા જરા યે પહોળા નહિ. તદ્દન ચે ટ્ટુસ! એવી માપસર સીવી હોય કે શરીરને ચપોચપ ચોંટીને રહે આખો દિવસ તડકામાં ચડ્ડી પહેરીને ફરે તેથી ચામડી તડકામાં લાલ તાંબા જેવી થાય અને તે બહુ સારું ગણાય...સામાન્યતઃ જરા તડકો નીકળે એટલે છોકરાઓ તો ચડ્ડી પહેરીને કૉલેજે આવે; પણ બર્મ્યુડા-દિનને દિવસે તો છોકરીઓ પણ ચડ્ડી પહેરીને આવે!

હું કૉલેજમાં ભણતો ત્યારે મુંબાઈમાં ચડ્ડી પહેરીને કૉલેજમાં જતો તેથી લોકોને બહુ નવાઇ લાગતી. કરવાવાળા સારા પ્રમાણમાં ટીકા પણ કરતા. આજે પણ આપણે ત્યાં એ જ સ્થિતિ છે. કૉલેજે ભણતો વિદ્યાર્થી ચડ્ડી પહેરીને જાય તે 'ખરાબ લાગે'!

અહીં ભણતા વિદ્યાર્થીને કૉલેજમાં ભણવા સિવાય બીજો કોઇ હેતુ નથી. અને ભણવું હોય તો ગમે તે કપડાં પહેરીને ભણાય. તો પછી ઓછા ખર્ચે, વધુ સગવડ પડે તેવાં કપડાં શા માટે ન પહેરવાં? આપણે ત્યાં કૉલેજમાં ભણતા વિદ્યાર્થી ફક્ત ભણવા માટે જ કૉલેજમાં નથી જતા; છોકરાછોકરીઓને મળવાહળવાનો કૉલેજ સિવાય બીજે ક્યાંય પ્રસંગ પડતો નથી. અને તેથી પોતાને સારા દેખાડવાનું કોઇ પણ સ્થળ હોય તો તે આપણા યુવક-યુવતીઓ માટે કૉલેજ જ છે. આથી જ કદાચ, આપણો વિદ્યાર્થી કે વિદ્યાર્થિની જ્યારે કૉલેજે જાય છે ત્યારે સાંજના ફરવા જતાં હોય કે પાર્ટી યા લગ્નમાં જતાં હોય તેવી રીતે પૂરાં સજીધજીને જાય છે. મારા જેવા 'ઓલિયા'ની વાત જુદી-એટલે આપણે ત્યાં ઊજવવો હોય તો 'બજરંગબલિ ચડ્ડી-દિન' કે 'શાર્કસ્કિન-સૂટ-દિન' ઊજવવા જોઈએ.

લિ. કાકાના આશિષ

## ૨૨

૨૩ મે ૧૯૬૫

વહાલાં બાળકો,

આ અઠવાડિયું ભણાવવા માટે છેલ્લું છે. શુક્રવાર સુધી વર્ગો ચાલશે; ને સોમવારથી પરીક્ષાઓ શરૂ થશે, તે શનિવાર સુધીમાં તો આખી યુનિવર્સિટીના બધા વર્ગોની પરીક્ષાઓ પૂરી પણ થઇ જઈને પછીના સોમવાર સુધીમાં બધાં પરિણામ રજિસ્ટ્રારની ઑફિસે પહોંચી જશે; અને બુધવારે દરેક વિદ્યાર્થીને સરનામે તેના પરિણામનો કાગળ પોસ્ટ થઇ જશે! આમ, પરીક્ષા લેવી, પેપર તપાસવાં, પરિણામ તૈયાર કરવું, એ સઘળું કામ ઝપાટાબંધ ૧૦ દિવસમાં પતી જશે.

પણ વધુ નવાઈની વાત તો એ છે કે અહીં ફાઈનલ પરીક્ષાઓ સોમવાર ૩૧મી મેથી શરૂ થાય છે અને ડિગ્રી લેવાનું કૉન્વોકેશન–પદવીદાન-તેની પહેલાંના રવિવારે તા. ૩૦મી મેના રોજ થવાનું છે! કૉન્વોકેશન તો પરીક્ષાથી પણ વહેલું! આમ કેમ થાય છે?

અહીં કૉન્વોકેશનને 'કમેન્સમેન્ટ' કહે છે. કમેન્સમેન્ટ એટલે પ્રારંભ. હવે જ, (ડિગ્રી લીધા પછી જ) જિંદગીનો પ્રારંભ થાય છે, માટે કદાચ આ નામ યોજાયું હશે. જેટલા વિદ્યાર્થીઓ જુદીજુદી પરીક્ષાઓમાં ડિગ્રી માટે બેસવાના હોય તેમની સંપૂર્ણ યાદી રજિસ્ટ્રારની ઑફિસેથી પ્રોફેસરોને મોકલવામાં આવે. હવે, સીનિયરના બધા જ વિદ્યાર્થીએ એક ક્લાસમાં હોય તેવું તો અહીં બનતું નથી. એક જ વર્ગમાં સીનિયરના, જુનિયરના, એમ એ.ના, એમ જુદાજુદા સ્તરના વિદ્યાર્થી હોય. શિક્ષક પાસે રજિસ્ટ્રારની યાદી આવે એટલે તેના વર્ગમાં જે ડિગ્રી લેનાર વિદ્યાર્થી હોય તેની તે આગલે અઠવાડિયે જુદી પરીક્ષા લઈ લે. બુધવાર તા. ૨૬ મે સુધીમાં તેવા બધા વિદ્યાર્થીનાં પરિણામ રજિસ્ટ્રારની ઑફિસે પહોંચાડવાનાં. ૨૮મી ને શુક્રવારે સૌ વિદ્યાર્થીને તેમનાં પરિણામની ખબર મળશે અને ૩૦મી ને રવિવારે ડિગ્રી મળશે! એક જ અઠવાડિયામાં પરીક્ષા, પરિણામ ને ડિગ્રી! આમ થઈ શકે છે તેનું કારણ એ છે કે છેલ્લી પરીક્ષા અહીં બહુ નાની ગણાય છે. સત્રના ત્રણથી ચાર ટેસ્ટ તથા રોજેરોજના ઘરકામ ઉપરથી પોણું પરિણામ તો નક્કી થઈ જ ગયું હોય અને વિદ્યાર્થી પણ તે જાણતો હોય. આથી અહીં આટલું બધું ઝડપી કામ થઈ શકે છે.

ડિગ્રી લેવાની વિધિ તો આપણા કૉન્વોકેશન જેવી જ હોય છે, પણ તેમાં એક ધ્યાન ખેંચે તેવી નવીનતા છે. દર વર્ષે ડિગ્રી લેનાર ઉપરાંત બીજા 'સુવર્ણ-સ્નાતકો' (ગોલ્ડન ગ્રૅડ્યુએટ્સ) પણ ડિગ્રી લેવા આવે છે. આ યુનિવર્સિટીને ૭૫ વર્ષ થયાં છે. ૧૯૬૫ના કમેન્સમેન્ટ વેળા, આજથી ૫૦ વર્ષ પૂર્વે (એટલે કે ૧૯૧૫ની સાલમાં) ડિગ્રી જેમણે લીધી હશે તે બધાને આ વર્ષના કમેન્સમેન્ટમાં હાજર રહેવાનું આમંત્રણ અપાશે. આ પચાસ વર્ષ પહેલાંના ગ્રૅડ્યુએટો તે ગોલ્ડન ગ્રૅડ્યુએટ. ગયે વર્ષે ૧૯૧૪માં ડિગ્રી લેનારને ગોલ્ડન ગ્રૅડ્યુએટ તરીકે આમંત્રણ મળ્યું હતું, આ વર્ષે ૧૯૧૫ના ગ્રૅડ્યુએટોને મળશે; એમ દર વર્ષે ગોલ્ડન ગ્રૅડ્યુએટ પણ કમેન્સમેન્ટમાં ભાગ લે છે. આ વર્ષે એવા ૩૯ સુવર્ણ સ્નાતકો પદવીસમારંભના સરઘસમાં ભાગ લેવાના છે. આમાંના ૫ સુવર્ણસ્નાતકોના પૌત્રો આજે આ યુનિવર્સિટીમાં ભણે છે, અને તેમાંના એકને તો આ યુનિવર્સિટી સાથે પાંચ પેઢીથી સંબંધ છે!

આપણે ત્યાં મુંબાઇ યુનિવર્સિટી ૧૦૦ વરસથી વધુ જૂની છે. અમદાવાદની ગુજરાત કૉલેજ, ભાવનગરની સામળદાસ કૉલેજ, વડોદરાની બરોડા કૉલેજ વગેરે પણ ૮૦ થી ૮૫ વર્ષ જૂની સંસ્થાઓમાં પણ આવા રિવાજ હોય તો વિદ્યાર્થીઓ અને સંસ્થા વચ્ચેનો સંબંધ કેટલાં બધાં વર્ષો સુધી સચવાઈ રહે! વળી, માણસ ૬૦ કે ૭૦ વર્ષનો થાય ત્યારે પણ તેને તેની યુનિવર્સિટી કે કૉલેજ માટે ગર્વની લાગણી ઊભી થાય! આ યુગમાં આપણે ત્યાં પોતાની યુનિવર્સિટી કે કૉલેજ તરફ એટલો પ્રેમ કે આત્મીયતાનો ભાવ ઉત્પન્ન થતો નથી ત્યારે આવા કાર્યક્રમનો અભાવ તરત જ નજરે ચડે છે.

ડૅડ્સ ડે, મૉમ્સ ડે, ગોલ્ડન ગ્રૅડ્યુએટ વગેરે કાર્યક્રમો અહીં એવા છે જેમાં વિદ્યાર્થી, તેનાં માત પિતા તથા દાદા-દાદી સુદ્ધાં ભાગ લે અને યુનિવર્સિટી કુટુમ્બનું અંગ બની રહે.

લિ. કાકાના આશિષ

## ૨૩

૩૦ મે ૧૯૬૫

વહાલાં બાળકો,

અત્યારે અમે બધું સંકેલી લેવામાં પડ્યાં છીએ અને અમેરિકાથી તમને લખાતા પત્રો આ સાથે પૂરા થાય છે. આજે તો આ નવ માસની અમારી યાત્રાના લાભાલાભ વિષે વિચાર કરવાનો 'મૂડ' છે.

૧) આ નવ માસ દરમિયાન તમારા સ્વભાવની કેટલી ય નવી બાજુઓથી અમે પરિચિત થયાં! સતત સાથે રહેવાથી અને જીવંત સંપર્ક રહેવાથી અમુક પાસાં ઘણાં જ સ્પષ્ટ થાય છે એ વાત સાચી, તથા સ્વભાવની ઝીણી ઝીણી વિગતોથી પણ માહિતગાર થવાય એ પણ સાચું; પરંતુ દૂર રહીને એ જ પરિસ્થિતિને જોવાથી વિગતોને બદલે પરિસ્થિતિનું સમગ્રપણું નજરે પડે છે. દાખલા તરીકે, ઘરમાં રહેતા તમે ભણવામાં કેવાં છો, ઘરમાં કામ કરવામાં તમારું મન કેવું ચોંટે છે, ગુસ્સે થવાનું તમારા સ્વભાવમાં કેટલું છે વગેરે તમારા જીવન અને સ્વભાવનાં વિગતવાર લક્ષણો ધ્યાન પર આવતાં હતાં; પરંતુ આ નવ માસ દરમિયાન એ બધી વિગતો પર ધ્યાન ન જતાં વ્યક્તિ તરીકે, અમારાં બાળકો તરીકે તમારો સ્વભાવ કેવો છે તેની ખબર પડી. આ નવ માસના અમારા દૂર વસવાનો સૌથી પહેલો અને સૌથી મોટો લાભ એ થયો કે હવે તમે અમારાં બાળક તો ખરાં પણ સાથે મિત્ર પણ બન્યાં. તમને સ્વભાવે વિગતવાર જાણ્યા પછી તમારું સમગ્ર વ્યક્તિત્વ પણ અમને જોવા મળ્યું.

૨) એ જ પ્રમાણે તમને બધાંને ત્યાં રહ્યે રહ્યે અમને દૂરથી જોવાનો તથા સમજવાનો પ્રસંગ મળતાં, જો તમને 'અંદર ઊતરીને' વિચારવાની ટેવ હશે તો, માતા-પિતા તરીકેનાં અમારાં સમગ્ર વ્યક્તિત્વનો પણ કંઈક ખયાલ આવ્યો હશે.

૩) તમને તમારા કાકા તથા મામાની મીઠી છાંયડીનો અનુભવ થયો. માતા પિતાની હાજરીમાં આ નજીકનાં સગાંને ઓળખવાની એટલી બધી આવશ્યકતા હોતી નથી, તેથી તેમની મીઠી લાગણી અને શીળા સ્વભાવ તરફ ખાસ ધ્યાન જતું નથી. ભારતના સંયુક્ત કુટુંબની ભાવનાની પવિત્રતા અને શીતળતાનો તમને આ નવ માસ દરમિયાન અનુભવ થયો એ મારે મન બીજો મોટો લાભ છે.

૪) તમે બધાંએ એક છાપરા નીચે રહીને ઘર ચલાવ્યું તથા એકબીજાથી મનદુઃખ ન અનુભવ્યું અથવા મનદુઃખ થયું હોય તો અમને જણાવા ન દીધું. એટલી તમારા બધાંના સ્વભાવમાં સહિષ્ણુતા કેળવાઈ તે ત્રીજો મોટો લાભ. સંસારમાં સૌ માનવીઓના સ્વભાવ સરખા હોતા નથી. સ્વભાવની આ વિવિધતાને કારણે જ સંસારમાં જે કાંઈ મીઠાશ છે તે ટકી રહી છે. આ વિધવિધ સ્વભાવનાં માણસો સાથે એકરાગથી રહેતાં શીખ્યા એટલે સંસારમાં સફળ થયા એમ પણ કહી શકાય. આમ બીજાનો સ્વભાવ સહી લેવાની શક્તિ કેળવવાની અગત્ય ઘણી જ છે. આ સહિષ્ણુતા કેળવવાનો તમને અનાયાસે પ્રસંગ મળી ગયો, ને તમે તેનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો એમ લાગે છે.

આ બધા 'ઊંડે ઊતરીને' વિચારવાથી નજરે ચડે તેવા લાભ થયા. એમ ને એમ ઉપરછલ્લી નજરે દેખાતા તો અનેક લાભ વર્ણવી શકાય, પરંતુ મેં ઉપર જણાવેલા લાભ મને વધુ મહત્ત્વના લાગે છે.

ઠીક, આવજો ત્યારે. ૮મી જૂને રાત્રે ૧૧-૩૦ વાગ્યે હવે મળીશું.


લિ. કાકાના આશિષ

---

## ટિકિટસંગ્રહ

બ્રિટને બહાર પાડવા માંડેલી અનેકવિધ ખાસ ટિકિટોમાંની કેટલીક નવી ટિકિટો. (જમણી બાજુ) બ્રિટિશ વનપંખીઓનાં સુંદર રંગીન ચિત્રોવાળી ચાર નવી ટિકિટો. (પ્રેષક: રામુભાઈ પટેલ, બર્મિંગહામ). એની નીચેની ચાર ટિકિટો સપ્ટેમ્બરની ૧૯મી તારીખે બહાર પડશે. એના પર ત્યાંના હુન્નરઉદ્યોગ-ટૅકનોલૉજીનાં પાસાંનું દર્શન છે. અનુક્રમે એમાં એસ.આર.એન.-૬ હૉવરક્રાફ્ટ, વિન્ડ સ્કેલ માટેનું ગૅસ-કૂલ્ડ રીએક્ટર, જૉડ્રેલ બૅંકનું રેડિયો દૂરબીન અને 'ઇ' પ્રકારની જેગ્યોર મિનિમાઇનોર નામે ઓળખાતી નાનકડી મોટરગાડીનાં આલેખનો છે. (પ્રેષક: રમણિકલાલ સોલંકી · લંડન) ૧૪મી ઑક્ટોબરે હેસ્ટિંગ્સના યુદ્ધની નવમી શતાબ્દી નિમિત્તે પણ બ્રિટન ખાસ ટપાલટિકિટ બહાર પાડશે. નીચે: કૉમનવેલ્થ રાષ્ટ્રોની આ વર્ષની રમત-હરીફાઈ નિમિત્તની ટાન્ઝાનિયા યુગાન્ડા કીન્યાની ખાસ ટિકિટ (પ્રેષક: હસમુખ શાહ, નાકુરુ, કીન્યા). આવતા વર્ષે, ભારત ચૂંટણી તથા નાગાલૅન્ડના નવા રાજ્ય નિમિત્તે ને સ્વ. શાસ્ત્રીજી તથા અન્ય વ્યક્તિવિશેષોની ખાસ ટિકિટો બહાર પાડશે.








શ્રી ભગુભાઈ મફતલાલ સેવાશ્રમ હૉસ્પિટલનું મકાન તા. ૧ માર્ચ ૧૯૫૩ના રોજ રાષ્ટ્રપ્રમુખ સ્વ. ડૉ. રાજેન્દ્રપ્રસાદના હસ્તે ખુલ્લું મુકાયું તે સમયની તસવીર (નીચે) ડાબી બાજુથી ડૉ. ચંદુલાલ દેસાઈ, એમની પાછળ દિનકરરાવ દેસાઈ, ડૉ. રાજેન્દ્રપ્રસાદ, ડૉ. હરિલાલ દેસાઈ (ચંદુભાઈના મોટાભાઈ) મોરારજી દેસાઈ.



સુખ મળે તેમાં ટેકો આપો અને આશીર્વાદ આપો. તમે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો છે, પણ તત્ત્વજ્ઞાન જીવનમાં ઊતરે તે તમે સહન નથી કરી શકતા.' વત્સલ પિતાએ પુત્રના હૃદયની ઇચ્છા સાંભળી અને પુત્રના માથે હાથ મૂકીને જણાવ્યું: 'I understand you. Go ahead and God bless you, my boy. I wish you success' આટલાં ટૂંકાં વાક્યો વડે અનાગ્રહી અને ઉદાર વિચારસરણીવાળા પિતાએ નવા યુગની ભાવના ઝીલતા પુત્રને અંતરાયરૂપ નહિ બનતાં તેના વિકાસના માર્ગે જવાની અનુમતિ આપી.

ઇ. ૧૯૧૯ની એ સાલ હતી. સાબરમતી આશ્રમમાં વલ્લભભાઈ ચંદુભાઈને ગાંધીજીની મુલાકાતે લઈ ગયા. કહ્યું: 'દાક્તર તો હવે ગુજરાતમાં આવ્યા છે.' ગાંધીજીએ આનંદ વ્યક્ત કર્યો, ત્યાં તો વલ્લભભાઈએ બીજું ચોંકાવનારું વાક્ય કહ્યું: 'એ તો બાવા થવા નીકળ્યા છે!' ગાંધીજીએ જુવાન ચંદુભાઈ તરફ દૃષ્ટિ ફેરવી. પછી કહ્યું: 'જે આત્મવત્ સર્વ ભૂતેષુ થઈ શકે તે જ સંન્યાસ લઈ શકે. એવો અધિકાર તો મારો પણ નથી થયો. ભગવાં કપડાં પહેરી લેવાં સહેલાં છે, પણ એમ કરતાં પહેલાં આપણે મનની આસક્તિ કાઢવી જોઈએ. મારું તો તમને એ કહેવું છે કે ભગવાં પહેરશો નહિ, પણ હૃદયને ભગવું રાખજો.'

ગાંધીજીની આ વાત ચંદુભાઈના હૈયામાં સોંસરી ઊતરી ગઈ. તેમણે સંન્યાસ લેવાનું માંડી વાળ્યું. ભરૂચ આવીને 'સેવાશ્રમ ટ્રસ્ટ'ની રચના કરી, ત્રણ રૂપિયાના ભાડાથી એક ઓરડી રાખીને મુંબાઈથી પોતાનાં સાધન મંગાવીને લોકહિતાર્થે દાંતનું દવાખાનું ખોલ્યું. દવા-



આ વર્ષ (૧૯૬૬) ૧૭મી એપ્રિલે ભરૂચના સાપ્તાહિક 'રાજહંસ'ના ઉદ્ઘાટન પ્રસંગે: (ડાબી બાજુથી) માઇક પાસે પ્રો. નરોત્તમ વાળંદ, શ્રી હરિસિંહ મહીડા, ડૉ. ચંદુભાઈ, શ્રી રવિશંકર રાવળ, અને શ્રી મોહનલાલ મહેતા (સોપાન) (ફોટો · રમેશ પટેલ)

ખાનામાં એક પાટિયું લગાવ્યું: 'જેની શક્તિ હશે ને છતાં નાણાં નહિ આપે તે ઇશ્વરનો ગુનેગાર થશે' પાસે, યથાશક્તિ દાનસ્વીકાર માટે ધર્માદાપેટી મૂકી. આ પ્રવૃત્તિને સારો આવકાર મળ્યો અને જિલ્લાભરમાંથી સર્વ કોમનાં માણસો ત્યાં ઊભરાવા લાગ્યાં.

અને એ દવાખાનું જોતજોતાંમાં રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર પણ બની ગયું. ગાંધીજીએ મુંબાઈની ધારાસભાનો બહિષ્કાર કરવાનો કાર્યક્રમ મૂક્યો તે ચંદુભાઇએ ઉત્સાહથી ઉપાડી લીધો. એમની સાથે એમના મિત્ર વકીલ દિનકરરાવ દેસાઈ પણ જોડાયા. ભરૂચના હૉલમાં ધારાસભામાં જનારા પક્ષ તરફથી મુંબાઈના જાણીતા વક્તાઓનાં પ્રવચનો યોજાયાં હતાં; પરંતુ આ બહિષ્કારપક્ષે સભાનો પહેલેથી જ કબજો લઈ લીધો અને સભાનો સમય થતાં જ પોતાના પ્રમુખ તરીકે વલ્લભભાઈ પટેલને નીમી દીધા! મુંબાઈના વક્તાઓએ ઘણીયે રકઝક કરી પરંતુ એમનું કાંઈ જ વળ્યું નહિ. ભરૂચના આ પહેલા જાહેર કાર્યક્રમથી ચંદુભાઈ ખૂબ ઉત્સાહમાં આવી ગયા. અગાઉ એમણે કદી ભાષણો કર્યાં નહોતાં. કૉલેજમાં યે ચર્ચાસભામાં ભાગ લીધો નહોતો. પણ હવે બોલવાના પ્રસંગ આવતા ગયા તેમતેમ આપસૂઝથી હૃદયની ભાષા દ્વારા તેમણે જનસમાજ પર ભુરકી નાખવા માંડી, જિલ્લામાં ઠેર ઠેર ફરીને તેમણે જિલ્લાની અસ્મિતા જગાડી. શરૂશરૂમાં તો સભામાં કોઈ જ ના આવ્યું હોય ત્યારે, 'ઓ મારા દેશનાં ઝાડ!' એમ ઝાડવાંને સંબોધીને ભાષણ શરૂ કરી દેતા. શ્રોતાઓ આવતા જાય તેમતેમ પાનો ચડતો જાય અને નીડર વાણીનો ધોધ વહેતો જાય.

પણ કેટલાક જૂના કાર્યકરોને એમની આગેવાની ખૂંચવા લાગી અને ફાવે તેવા આક્ષેપો કરવા માંડ્યા. ખટપટોથી અકળાઈને ચંદુભાઇએ ભરૂચ જિલ્લો છોડવાનો વિચાર કરી અમદાવાદ જઈને વલ્લભભાઈને કહ્યું: 'મારે તો કામ જ કરવું છે. અહીં નહિ તો બીજે કરીશ, પણ ત્યાંના જૂના માણસો સાથે ઘર્ષણ ઊભાં કરવાં તે ઠીક નથી લાગતું.' વલ્લભભાઈએ એમને યાદ દેવડાવ્યું કે 'ગાંધીજીએ તમને એ જિલ્લામાં કામ કરવાનો આદેશ આપ્યો છે એ કેમ છોડાય?' વલ્લભભાઇ પોતે ભરૂચ આવ્યા અને ફાટા તળાવમાં જાહેર સભા ભરીને આદેશ આપ્યો કે 'ચંદુભાઈ આ જિલ્લામાં જ રહેવાના છે અને ગુજ-

રાત પ્રાંતિક સમિતિને એમની સેવાઓની જરૂર છે.' જતાંજતાં વલ્લભભાઈ, તેમને જે મોરચો મળ્યો છે તે સંભાળી રાખવાનું કહેતા ગયા.

એવામાં લોકમાન્ય ટિળકનું અવસાન થયું અને ગાંધીજીએ અસહકારની લડત ઉપાડી. લોકમાન્ય સ્મારક ફંડમાં ગાંધીજીએ કરોડ રૂપિયા એકઠા કરવાનું નક્કી કર્યું અને સ્વરાજ્યપ્રાપ્તિ લગી સર્વસ્વ અર્પીને દેશહિતાર્થે કાર્ય કરે એવા દેશસેવકોની માગણી કરી. એ અંગે વિચારણા કરવા 'ગુજરાત પ્રાન્તિક સમિતિ'ની એક બેઠક ભરૂચમાં દિનકરરાવને ત્યાં મળી. ગાંધીજીએ તેમાં પોતાનો કાર્યક્રમ સમજાવ્યો, અને આમોદમાં બીજી સભામાં તો ચંદુભાઇએ દેશસેવક તરીકે જોડાવાનો પોતાનો નિર્ણય જાહેર કરી દીધો. ગુજરાતમાંથી એ વેળા કલ્યાણજી, દયાળજી, ચદુભાઈ વગેરે ચાર જણનાં નામ જાહેર થયાં. ગાંધીજીએ એનો હર્ષ વ્યક્ત કરતાં જણાવ્યું કે 'આ ચાર જણાના જોરે કરોડ રૂપિયા એકઠા કરવાની મને હિંમત મળી છે.' પછી તો જિલ્લામાં ગુજરાત પ્રાન્તિક પરિષદ ભરાઈ. સ્વાગત પ્રમુખ તરીકે એક જૂના કાર્યકર્તાને પસંદ કરવામાં આવ્યા, પણ એ તો માથેરાન જઈ બેઠા. પરિષદનો બધો કારભાર ચંદુભાઈ અને એમના સાથીએ એ ઉઠાવી લીધો.

ઈ ૧૯૨૩ના મે માસમાં નાગપુરના કૅન્ટોનમેન્ટ વિસ્તારમાં અંગ્રેજોના વર્ચસ્વનો વિરોધ કરવા 'ઝંડા સત્યાગ્રહ' શરૂ થયો. એમાં બહારની મદદની જરૂર પડતાં ગુજરાતમાંથી સત્યાગ્રહીઓની ટુકડીઓ મોકલવાનું નક્કી થયું. તેમાં નડિયાદથી રવાના થએલી પહેલી ટુકડીની આગેવાની મોહનલાલ પંડ્યાએ અને અમદાવાદની બીજી ટુકડીની આગેવાની ચંદુભાઇએ લીધી. ભરૂચથી અમદાવાદ આવ્યા બાદ સ્ટેશનથી નદીની રેત સુધી હાથમાં ઝંડો લઇને ખરા બપોરે તડકામાં ચાલતા લાલચોળ મોંવાળા ચંદુભાઈ અને તેમના સાથીદારો જાણે કે રજપૂતો કેસરિયાં કરવા નીકળ્યા હોય એવું દૃશ્ય લાગતું. અમદાવાદથી નાગપુર જતાં સ્ટેશને સ્ટેશને એ ટુકડીનું સ્વાગત થયું. નાગપુરના સ્ટેશને સૌને પકડી લેવામાં આવ્યા. રાત્રે વરસાદમાં સૌ પલળી ગયા, ખાવાનું પણ મળ્યું નહિ અને મરડિયાવાળી ખરબચડી જમીન પર એક કામળા સાથે સૂવાનું મળ્યું. અંગ્રેજ અધિકારીએ કહ્યું: 'તમે ભણેલા થઈને આ ટલે દૂર શા માટે આવ્યા?' ચંદુભાઇએ સામો પ્રશ્ન કર્યો: 'પાંચ હજાર માઈલ છેટેથી તમે અહીં આવવાની તસ્દી શા માટે લીધી?' આમ અધિકારીઓને ચંદુભાઈ તડાતડ જવાબ આપતા. નાગપુરના એ સત્યાગ્રહમાં ગુજરાતે રંગ રાખ્યો.

દાંતનું દવાખાનું જિલ્લાભરના લોકોને આશીર્વાદરૂપ થઈ પડયું હતું એટલે ઇ. ૧૯૨૬માં દવાખાનાનું સ્વતંત્ર મકાન બાંધવામાં આવ્યું અને ૧૯૨૯માં આંખની હૉસ્પિટલ માટે બીજા મકાનનું બાંધકામ શરૂ થયું. એમાંથી એક જનરલ હૉસ્પિટલ ઊભી કરવાની જરૂરિયાત જણાઈ એટલે તે અર્થે નાંમોટાં દાન મેળવ્યાં. એમના નિકટના સાથી દિનકરરાવ દેસાઈ એ હૉસ્પિટલના ટ્રસ્ટી થયા. અમદાવાદના ધનાઢ્ય શેઠ મફતલાલ ગગલભાઈના પુત્રો તરફથી સૌથી મોટું, ત્રણ લાખ રૂપિયાનું દાન મળ્યું અને 'ભગુભાઇ મફતલાલ હૉસ્પિટલ'ની ભવ્ય ઇમારત ખડી થઈ. એનું વર્ષોજૂનું લોકપ્રિય 'સેવાશ્રમ' નામ તો ચાલુ જ રહ્યું. ૧૨૫ જેટલા દરદીઓને સારવાર આપી શકે એવી, અદ્યતન સુવિધાઓથી સુસજ્જ, આ હૉસ્પિટલનું ઉદ્ઘાટન ૧૯૫૨ની ૧લી માર્ચે, ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે કર્યું. 'સેવાશ્રમ' એ ચંદુભાઈના સેવાયજ્ઞમાંથી સાંપડેલું એક સુફળ છે. હૉસ્પિટલના ચીફ મેડિકલ ઑફિસર શ્રી રસિકલાલ પરીખ એની સ્થાપનાથી માંડીને આજ લગી એનું સફળ સંચાલન કરી રહ્યા છે.

ઈ. ૧૯૨૮માં સરદાર વલ્લભભાઈની આગેવાની નીચે બારડોલી સત્યાગ્રહની રણભેરી વાગી એમાં ગુજરાતના કાર્યકરોએ કામગીરી ઉપાડી લીધી. ચંદુભાઇને વાલોડ મહાલ સોંપાયો. એનાં ૨૯ જેટલાં ગામમાં સતત ફરીને તેમણે બીરુ પ્રજામાં પ્રાણસંચાર કર્યો અને જેલ, દંડ, જપ્તી, હરાજી, લાઠીમાર કે ગોળીબાર એ સર્વ શસ્ત્રોની સામે પ્રજા નિર્ભય થઈને રહે એવો મર્દાનગીનો રંગ ચડાવ્યો ચંદુભાઇએ એ દિવસોમાં એક સૂત્રને ખૂબ પ્રચલિત બનાવ્યું: 'મર્દ માથું આપે, નાક નહિ!' ચંદુભાઈનો જુસ્સો જોઈને એમના સાથીદાર કલ્યાણજી મહેતાએ તેમને 'છોટે સરદાર'નું બિરુદ આપ્યું ને પછી તો ગુજરાતભરની પ્રજા તેમને એ નામે જ ઓળખવા માંડી. બારડોલી સત્યાગ્રહમાં પકડાએલા ચંદુભાઇને એક વર્ષની સખત મજૂરીની સજા થઈ.

ઈ.સ. ૧૯૨૯ની શરૂઆતમાં ચંદુભાઈએ 'સેવાશ્રમ'માં 'કાંગ્રેસ પ્રેસ' સ્થાપીને 'વિકાસ' નામે એક સાપ્તાહિક પત્ર શરૂ કર્યું. એના મથાળે 'મર્દ માથું આપે, નાક નહિ.' એ સૂત્ર છપાતું દર ગુરુવારે એક આનાની કિંમતે પ્રગટ થતા એ પત્રમાં ગુજરાતમાં ચાલતી સત્યાગ્રહની લડતનો સિલસિલાબંધ અહેવાલ છપાતો અને ચંદુભાઈની તીખી તેજીલી કલમે લખાએલા લેખો મુડદાંઓને પણ શૂર ચડાવતા. વાઇસરૉયનું જાહેરનામું, સરકારની ધમકી, ગાંધીજી જવાહરલાલ અને સરદારની પ્રવૃત્તિ અને તેમનાં ભાષણો, ખાદી, રેંટિયો, દારૂનિષેધ, સ્વરાજ્ય વગેરે ગાંધીવાદી વિચારસરણીના લેખો ઉપરાંત સમાજ, આરોગ્ય, કેળવણી અને વ્યાયામ એમ વિવિધ ક્ષેત્રની લેખસામગ્રી એમાં છપાતી. 'વિકાસ'માં છપાતા સમાચારો તરફ આસિસ્ટન્ટ કલેક્ટરનું ધ્યાન ખેંચાતાં તેમણે ચંદુભાઈને કાયદાની ધાક બતાવી. ચંદુભાઈએ એમને આગળ બોલતાં અટકાવીને કહ્યું: 'No threats to me.' (મને ધમકી આપશો નહિ.) આટલું કહીને તે ઊભા થઈ ગયા અને બોલ્યા: 'તમે કાયદા વાપરજો; હું તો જે કરું છું તે કરીશ.' એ સાંભળીને અમલદાર ઠંડો થઈ ગયો! ઈ. ૧૯૩૦ની લડત ઉગ્ર બની ત્યારે સરકારે એ પત્ર પાસે રૂપિયા છ હજારની જામીનગીરી માગી. સ્વમાની ચંદુભાઈએ એ રકમ ભરવાને બદલે છાપું બંધ કરવાનું વધારે પસંદ કર્યું.

વળી નગારે દાંડી પડી: 'ચલો દાંડી!' મીઠાના સત્યાગ્રહની આ ઐતિહાસિક દાંડીકૂચ વેળાએ ગાંધીજી ૭૫ જેટલા સાથીદારો સાથે ૧૯૩૦ની ૧૨મી માર્ચે અમદાવાદથી નીકળી, મહી નદી પાર કરીને જંબુસર થઈ ભરૂચ આવ્યા. ચંદુભાઈના આગ્રહથી તેઓ ભરૂચમાં રોકાયા. ત્યારની જાહેર સભાને સંબોધતાં ગાંધીજીએ કહ્યું: '...ચંદુભાઇએ મૂછોઈ મારીને કહ્યું કે ભરૂચ જિલ્લો આ લડતમાં વધારેમાં વધારે ફાળો આપશે અને પ્રાણ જશે પણ લોકોની સેવા કરવાનું તેઓ ચૂકશે નહિ. મારી આશા છે કે અહીં આવેલાં ભાઈબહેનો ભાઈ ચંદુભાઇની આશા બર આણશે. તેઓ બધાં પોતાનું નામ નોંધાવશે તો ભાઈ ચંદુભાઈનું પેટ ભરાઈ જશે અને મને તો માગ્યા કરતાં વધારે મળ્યું માનીશ...'

મીઠાના એ સત્યાગ્રહમાં જિલ્લાની પહેલી ટુકડીની આગેવાની ચંદુભાઇએ લીધી. તેમણે વેડચ ગામ પસંદ કર્યું. ત્યાં જતાં પહેલાં ભરૂચની જાહેર સભામાં તેમણે ભાષણ કર્યું: '...કાલે હું વેડચમાં મીઠું લઈશ, અને પછી એ હું છોડવાનો નથી. જોઈએ તો મારો હાથ કાપીને મીઠું લઇ લે. કાંડું કાપી નાખે પણ મીઠું ન છૂટે. સત્યાગ્રહી મીઠું મૂકે નહિ... મૂછોથી મરદ નહિ; મરદાનગી બતાવતે મરદ ટોપી વાંકી મૂકી ચાલે તે મરદ નહિ; બલિદાન આપે, કુરબાની કરે તે મરદ...' એકવીસ માણસોની ટુકડી સાથે તેઓ વેડચ ગયા. ત્યાં જુસ્સાભરી વાણીમાં કરેલા પ્રવચનનો થોડોક ભાગ: 'બહેનોને કહેવાનું છે કે જો છોકરો

પાછો પડે તો કદી મૂકજો, અને ધણી જો કાયર બને તો તેને પણ સંભળાવી દેજો કે કાયરની સાથે સગપણ કેવાં? જો નામર્દ બને તો કહેજો કે મારે તો દુનિયામાં નામ કરે એવો મર્દ જોઈએ... વેડચમાં એવા મરદ પાકે કે જેવાના આજે ગામની બહાર પાળિયા ઊભા છે...'

વેડચ પાસેની ખાડીમાંથી તેમની ટુકડીએ મીઠું લીધું. એ પ્રસંગે ગામનાં અને બહારનાં ચારેક હજાર માણસ એકઠાં થએલાં. સરકારે ચંદુભાઈ અને તેમના પાંચ સાથીઓને પકડીને ૮મી એપ્રિલે જંબુસરમાં આસિ. કલેક્ટરની કચેરીમાં મુકદ્દમો ચલાવ્યો. બચાવમાં કાંઈ કહેવાનું કોર્ટ તરફથી પુછાતાં ચંદુભાઈએ જણાવ્યું કે 'હું કોર્ટની સત્તા સ્વીકારતો નથી અને કાંઈ પણ જવાબ આપવા માગતો નથી.' સાથીઓએ પણ એ જ કહ્યું. ચંદુભાઈને અઢી વર્ષની સખત મજૂરીની સજા થઈ.

જેલમાંથી છૂટીને એમણે સૌપ્રથમ સત્યાગ્રહી ખેડૂતોને સંભાર્યા. નાકરની લડતમાં કેટલાં યે ખેડૂતકુટુંબોએ ખેતી પડતી મૂકીને હિજરત કરી હતી. વીરતાથી આવો ત્યાગ કરનાર ખેડૂતોને રાહત પહોંચાડવા માટે એમણે કાર્યકરોની પરિષદ બોલાવીને પાંચ લાખ રૂપિયા એકઠા કરવાનો ઠરાવ પસાર કર્યો અને ફાળાનું કામ શરૂ કરી દીધું. સરદાર એ વેળા જેલમાં હતા. એ છૂટીને આવ્યા ત્યારે એ 'ખેડૂત રાહત સમિતિ'નું પ્રમુખપદ એમણે સરદાર સામે ધરી દીધું; પરંતુ સરદારે એમને જ એ પદે ચાલુ રાખ્યા અને પોતે તમામ મદદ કરી.

ઈ. ૧૯૩૦થી માંડીને ૧૯૪૨ સુધીની સર્વ લડતોમાં એમણે ભરૂચ જિલ્લાની આગેવાની સાચવી. નાગપુર, સાબરમતી, યરવડા, નાસિક, એમ જુદીજુદી જેલોમાં તેમણે જેલના એક આદર્શ કેદી તરીકે સજાઓ ભોગવી. જેલમાંથી તેઓ કદી પેરોલ પર બહાર આવ્યા નથી, તેમ પોતાની સેવાભાવનાને તેમણે કદી પદવી કે સત્તાથી મૂલવી નથી. ઈ. ૧૯૩૭માં પ્રાન્તિક સ્વરાજ માટે ચૂંટણીઓ આવી ત્યારે ભરૂચના પ્રતિનિધિ તરીકે ચંદુભાઈ જ હોય એમ સૌએ માન્યું. પણ ધારાસભામાં જવાની એમણે પોતે જ ના પાડી. સ્વરાજ્યપ્રાપ્તિ બાદ પણ તે ખુરશીપ્રાપ્તિની કોઈ લાલચમાં પડ્યા નથી. ઈ. ૧૯૩૫ના અરસામાં તેઓ પૉંડિચેરીમાં શ્રી અરવિંદ અને માતાજીનાં દર્શને ગએલા. શ્રી મોરારજીભાઈ દેસાઈ ત્યારે તેમની સાથે હતા. શ્રી માતાજીએ ચંદુભાઈને આશીર્વાદ આપતાં કહ્યું કે 'તમે સાચા માર્ગે છો. તમને વિશેષ કહેવાની જરૂર નથી. આગળ વધો.' ખરેખર, ચંદુભાઈ ગાંધીજીચીંધ્યા સાચા માર્ગે આગળ વધી રહ્યા છે અને દેશની સાથે પોતાના શ્વાસ–પ્રાણ એક કરીને એક લગનીથી સેવા કરી રહ્યા છે.

એમની સૌથી વિશેષ સ્પષ્ટ છાપ એક નીડર સૈનિકની છે. જ્યારે જ્યારે સેવાની તકો સાંપડી છે ત્યારે ત્યારે સમય કે સંયોગોની પરવા કર્યા વિના તે હસતા મોંએ જવાબદારી ઉપાડવા તત્પર રહ્યા છે. શરૂઆતમાં મુંબાઈ હતા ત્યારે મજૂર-આંદોલન વેળાએ તેમણે ડૉ. સાઠે અને અન્ય સાથીઓ સાથે મળીને વરસાદની ઝડીઓમાં ભીના કપડે કલાકો સુધી ખડા પગે રહીને ૧૫,૦૦૦ માણસોને મદદ આપવાનું કાર્ય વ્યવસ્થિત રીતે કર્યું હતું. ઈ. ૧૯૨૭માં ગુજરાતમાં રેલસંકટ વેળા જિલ્લાનાં રાહતકાર્યો માટે નીકળી પડેલી એમના સેવાશ્રમની ટુકડીએ સરકારી અધિકારીઓ કરતાં યે વધુ નિષ્ઠાથી કામ કરેલું. ભરૂચ જિલ્લામાં અનાજની અછતની પરિસ્થિતિ હોય ત્યારે પણ ચંદુભાઈની મંડળી આદિવાસીઓની વચ્ચે ઘૂમતી થઈ જતી.

એક વાત મનમાં ઊગી અને સાચી લાગી કે બેધડક તેને અમલમાં મૂકવી એ ચંદુભાઈનો સ્વભાવ થઈ પડ્યો છે. લાગ્યું તેવું કહી દેવું એવી ટેવથી સ્પષ્ટવક્તા અને આખાબોલા તરીકે તેમની છાપ પડી છે. દેવોના અભિપ્રાયની પણ દરકાર ન કરે એવા બેપરવા ચંદુભાઈ છે. ચુસ્ત મહાસભાવાદી અને દ્વિભાષી પ્રાન્તરચનાના હિમાયતી હોવા છતાં તેમણે દ્વિભાષી રાજ્યરચનાની નીતિઓ અંગે ઈ. ૧૯૫૮ના એપ્રિલમાં જાહેરમાં ટીકાત્મક લખાણ લખ્યું હતું. ગુજરાતની ગૌરવગાથા ગાનારા ચંદુભાઈએ મહાગુજરાતના આંદોલન વેળાએ મહાગુજરાતને નામે શિસ્તશૂન્યતા અને જાહેર જીવનની ગૂંગળામણ અંગે પોતાના વિચારો સ્પષ્ટ રીતે પ્રગટ કર્યા હતા. સમય આવ્યે ચાલુ સરકારી તંત્રની આકરી ટીકા કરતાં પણ તેઓ અચકાયા નથી. નર્મદા ને ઉકાઈની યોજના વિષે તેમણે ઈ. ૧૯૫૯ના એપ્રિલમાં ટંકાર કર્યો; 'ગુજરાતમાં અસંતોષ છે. એ બાબત જો યોગ્ય પગલાં નહિ લેવાય તો ભડકો થશે એમ કહેનારો હું પહેલો જ હોઈશ...ગુજરાતની મોટામાં મોટી નદી નર્મદાનો છેદ ઊડી ગયો છે. કાકડાપાડનું ઠેકાણું નથી. મહી-યોજના મંદ ગતિએ ચાલે છે, અને તેવું જ લગભગ સાબરમતીનું છે...વધુપડતા શિસ્તપાલનમાં માનતા ગુજરાતીઓ હજુ પણ ખોટો વિવેક અને શરમ છોડી સરકાર સમક્ષ દૃષ્ટિબિંદુ રજૂ કરે.'

લાંબી બાંયવાળા, ઢીંચણ સુધી લાંબી ચાળવાળા ખાદીના ઝભ્ભામાં શોભતો ઊંચો ગૌર દેહ અણિયાળું લાંબું નાક, બેપરવાઈના પ્રતીક શી વાંકડી મૂછો અને મોં પર મલકાતા ધરાવતા ચંદુભાઈની છાતી આજ ચોર્યાશી વર્ષે પણ એવી જ અક્કડ છે. આજે પણ તેઓ ઊભા ઊભા ધારદાર વાણી ઉચ્ચારે છે,—તેમને ખુરશીમાં બેસીને બોલવું પડતું નથી. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસને વર્ષો સુધી તેમનું માર્ગદર્શન મળ્યા કર્યું છે, ને હજી પણ કૉંગ્રેસની હાકલ પડે ત્યાં જાય છે. છતાં પોતાની સેવાનાં કશાં ય ડિમડિમ વગાડ્યાં નથી કે વગાડવા દીધાં નથી. પોતા માટેની ઉજવણીનો તેઓ સતત વિરોધ કરતા રહ્યા છે. તેમને ૭૫ વર્ષ પૂરાં થયાં ત્યારે ગુજરાતમાં એ પ્રસંગ ઊજવવાની અપીલ તેમના સાથીઓ તરફથી બહાર પડતાં, તેમણે આવો ઉત્સવ ઉજવવાની મનાઈ કરીને, સાથીઓના ઉત્સાહ પર ઠંડું પાણી રેડ્યું હતું.

આજે ભરૂચની સેવાશ્રમ હૉસ્પિટલના પાછળના ભાગમાં આવેલી સાદી કુટીરમાં તેમનો નિવાસ છે. એની દીવાલો પર એકે ય ફોટો કે ચિત્ર જોવા ન મળે. પોતાને ગાંધીજીના અદના સૈનિક તરીકે ઓળખાવતા હોવા છતાં ગાંધીજીનું ય એકે ચિત્ર કે ફોટો એમની પાસે નથી એટલા એ સાદા છે. 'સેવાશ્રમ' તેમનું જીવંત સ્મારક છે. તેમણે દાંતના દાક્તર તરીકેની કારકિર્દી દરમ્યાન સંશોધિત કરેલી 'થાયમોસિન' નામની દવાનો જે વેચાણહક ટી. એમ. ઠાકોરની કંપનીને આપ્યો છે એના પુરસ્કાર તરીકે વાર્ષિક પાંચેક હજાર રૂપિયાની રકમ એ 'સેવાશ્રમ'ના ફંડમાં જમા થાય છે. તેઓ નિર્મોહી તો એટલા છે કે હાલ તેમની પાસે અંગત કહેવાય એવું કશું જ નથી. અત્યારની પળે ભગવાં પહેરીને નીકળી પડે એટલી માનસિક તૈયારી તેઓ ધરાવે છે. ભગવાં વસ્ત્રની એક જોડ તો આજે ય તેમની પાસે પડેલી છે!

આ અનંત ચતુર્દશીએ તેમને ૮૪ વર્ષ પૂરાં થઈને ૮૫મું બેસશે. વર્ષોજૂની શિરોવેદના, મોંની પિત્તની કડવાશ, દૃષ્ટિની ઝાંખપ ને વૃદ્ધાવસ્થાનો થાક વેઠતા છતાં એ જ મુક્ત હાસ્ય અને નિત્ય યૌવનનો ઉત્સાહ આજે પણ જોવા મળે છે. સ્વભાવ આનંદી ને સરળ તો એવો, કે ગમે તેવા નાના માનવી સાથે તેઓ આસાનીથી વાતોમાં ડૂબી જાય. નેતાનું ભારેખમપણું તેમના પર હજી લગી સવાર થઈ શક્યું નથી.

ગાંધીયુગની નેતાગીરીના ગૌરવભર્યા અવશેષ ને અડગ યોદ્ધાસમા ચંદુભાઈનું જીવન સેવા સાદાઈ ને સ્વાર્પણનું અનન્ય ઉદાહરણ છે.





આસમાને નજર જાય મારી છતાં પાય મારા રહે છ જમીને,
કોઈ પણ રાગ છેડું છતાં અંગુલી હોય ફરતી સદા જેમ બીને.
વ્યોમને શ્વાસ સોંપી દઈ,હે ધરા!અંકમાં તુજ સમાવીશ સારું જીવન;
હું તને પ્રેમ કરતો રહ્યો હે ધરા ! રોજ બોલાવતું રહી ગયું આ ગગન.

—હરીન્દ્ર દવે

## ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ: સ્વર્ગસ્થ વિદ્યાવિભૂતિ


ભારતીય સંસ્કૃતિ અને વાઙ્મયના પ્રકાંડ પંડિત ડૉ. વાસુદેવશરણ અગ્રવાલના ગઈ ૨૭મી જુલાઇને દિવસે વારાણસીમાં થએલા અવસાનથી હિંદી સાહિત્યને એક અત્યંત લોકપ્રિય લેખકની અને દેશને પોતાની સંસ્કૃતિના એક પ્રખર વિદ્વાનની ન પુરાય એવી ખોટ પડી છે.

રાજસ્થાનની ઉત્તરે, જ્યાં પંજાબની હદ શરૂ થાય છે ત્યાં આવેલા અગ્ગરા ગામ ઉપરથી ઓળખાતી, મૂળ ક્ષત્રિય પણ પછીથી વૈશ્ય બનેલી અગ્રવાલ જ્ઞાતિમાં એમનો જન્મ સં. ૧૯૬૧ની શ્રાવણ વદિ ૧૧ને દિન અલ્લાહાબાદમાં થએલો. લખનૌમાં 'અગ્રવાલ કંપની'ને નામે એમના કુટુંબનો લોખંડનો સારો વ્યાપાર ચાલતો હતો. પણ જન્મે વૈશ્ય હોવા છતાં એમણે તો ભારતીય સંસ્કૃતિની ઉપાસના ને વિદ્વત્તાભર્યા બ્રાહ્મણજીવનને અપનાવ્યાં. લખનૌ અને કાશીમાં અભ્યાસ કરીને એમ. એ. થયા. વિદ્યાર્થીકાળથી જ ગહન અભ્યાસી. ઈતિહાસ અને પુરાતત્ત્વ એમના પ્રિય વિષયો. ઉત્કટ વિદ્યાપ્રેમ, સૂક્ષ્મદર્શી તીવ્ર બુદ્ધિશક્તિ અને તદ્દન સાદી જીવનરીતિથી તેઓ એક આદર્શ વિદ્યાવિભૂતિ બની રહ્યા. 'સરસ્વતી', 'માધુરી', 'સુધા', 'વિશાલ ભારત' આદિ સામયિકોમાં પ્રકટ થતા એમના લેખોએ વિદ્વાનોમાં તેમજ સાહિત્યકારોમાં ઘણી સારી છાપ પાડી હતી.

એમ. એ. થયા પછી તેઓ હિંદી સરકારના પુરાતત્ત્વ ખાતામાં જોડાયા. મથુરા મ્યૂઝિયમના સંવિધાતા બન્યા પછી એમણે ત્યાંના પુરાવસ્તુ સંગ્રહને સુવ્યવસ્થિત કરી તે પર ઉત્તમ લેખો લખી ઘણો પ્રકાશ પાડ્યો. દેશનાં સંગ્રહસ્થાનોમાં મથુરાના મ્યૂઝિયમનું સ્થાન જે ઘણું આગળપડતું ગણાય છે એ એમના જ પ્રયત્નોને આભારી છે. મથુરાની આજુબાજુથી એમણે મેળવીને સંઘરેલા કુશાણ, શુંગ, ક્ષત્રપ અને ગુપ્ત સમયનાં મહાકાય શિલ્પોએ એ સંગ્રહાલયને જગતખ્યાતિ અપાવી છે. ત્યાર બાદ લખનૌ મ્યૂઝિયમના ક્યુરેટર તરીકે પણ એમણે ભારે યશસ્વી કામગીરી બજાવેલી. એમની સંશોધનશક્તિ તથા પુરાતત્ત્વના સાંસ્કૃતિક અંકોડાઓને જોડવાની એમની આગવી અંર્તદૃષ્ટિ ત્યાં વિકાસ પામતી ગઈ, અને ત્યાં જ એમણે વિશેષ અધ્યયન કરીને પીએચ.ડી અને ડી. લિટ.ની ઉપાધિ પણ મેળવી. ત્યાંથી દિલ્હીના 'સેન્ટ્રલ એશિયન ઍન્ટિક્વિટીઝ મ્યૂઝિયમ'ના સુપરિન્ટેન્ડેન્ટના હોદ્દા પર તે ગયા. ડૉ સર ઑરેલ સ્ટાઈન મધ્ય એશિયાના રણપ્રદેશમાંથી અજંટાના ચિત્રફલકોની શૈલીનાં જ બૌદ્ધ ભીંતચિત્રો આખાં ને આખાં ઉખાડી લાવ્યા હતા તેનું અર્થઘટન ડૉ. અગ્રવાલે ગોઠવ્યું. સંગ્રહસ્થાનો અને એમાં રસ ધરાવતી વ્યક્તિઓ તથા સંસ્થાઓ માટે સ્થપાએલા 'મ્યૂઝિયમ એસોસીએશન ઑવ ઇન્ડિયા'ના ત્રૈમાસિકના એ સંપાદક પણ હતા. દિલ્હીના સરકારી મ્યૂઝિયમમાં કેટલાંક વર્ષ કામ કર્યા બાદ તેઓ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં સ્થિર થયા હતા અને છેવટ સુધી ત્યાં જ રહી તેઓ એક યા બીજાં સ્થાનો દ્વારા પોતાના વિદ્યાવ્યાસંગને સતત વધારતા રહ્યા હતા.

ભારતીય સંસ્કૃતિ ને ભારતીય વિદ્યાનો એવો કોઈ વિષય કે એનું કોઈ અંગ એવું નહોતું જેનું અવગાહન ડૉ. અગ્રવાલજીએ ન કર્યું હોય. બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ એ ભારતની ત્રણે મુખ્ય ધર્મસંસ્કૃતિ. એનાં શાસ્ત્રો ને એની ભાષાઓ-સંસ્કૃત, પ્રાકૃત અને પાલિના તેઓ ઊંડા અભ્યાસી હતા. વળી ઇતિહાસ, પુરાતત્ત્વ અને કળાના મર્મજ્ઞ વિદ્વાન

### તારા-પરિચય-૯




આકાશગંગાના પટ પર ઊડતા 'હંસ' તારામંડળને ઘણા જાણતા હશે. એમાંના હંસપુચ્છ (Deneb) તારાને 'મહાત્મા'નું નામ આપવાનું સૂચન થયા પછી અખબારો અને સામયિકો દ્વારા આ મંડળ ઠીકઠીક ખ્યાત થઈ ગયું છે. ('કુમાર' અંક ૫૧૦) 'ગરુડ' (Aquilo) અને 'વીણા' (Lyra)ને આધારે ઉપરના નકશાની મદદથી એ તુરત પારખી શકાશે.

હંસમંડળ (Cygnus)નો આકાર ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ (†) જેવો પણ લાગતો હોઈ અંગ્રેજીમાં એને 'નોર્ધર્ન ક્રૉસ' પણ કહે છે. હંસપુચ્છ સૂર્ય કરતાં ૬૦,૦૦૦ ગણો તેજસ્વી અને એ ૧૫૦૦ પ્રકાશવર્ષ દૂર છે. હંસના મસ્તકનો તારો (Albireo) યુગ્મ તારો છે. દૂરબીનમાં તો નારંગી ને આસમાની રંગની દેખાતી એ તારા-જોડ બહુ સુંદર લાગે છે.

હંસ અને ગરુડની વચ્ચે બીજાં બે નાનાં તારામંડળ છે: 'શર'(Sagitta)અને 'ઉલૂપી' (Delphinus). શરને અંગ્રેજીમાં જૉબની શબપેટી (Job's Coffin) પણ કહે છે. ઉલૂપીમાં પૂછડીવાળા પતંગના આકારે જે પાંચેક તારાઓ સ્પષ્ટ દેખાય છે તેમાં ડૉલ્ફિન-ઢેલનો આકાર કલ્પવામાં આવે છે. આપણે એને 'ધનિષ્ઠા નક્ષત્ર' તરીકે ઓળખીએ છીએ.

હંસની ઈશાનમાં ઝાંખા તારાઓનું એક બીજું નાનું મંડળ છે.એ છે 'શરટ'(Lacerta). શરટ એટલે ગરોળી.

હંસમંડળ અને ધનુરાશિની વચ્ચેના આકાશમાં આકાશગંગા પણ ઘણી પ્રેક્ષણીય છે. એમાં જેમ સંખ્યાબંધ તારાઓ દેખાય છે એ જ રીતે વચ્ચેવચ્ચેનાં કાળાં ધાબાં પણ ખાસ ધ્યાન ખેંચે છે. હંસની પાછળ તો આપણાથી બે લાખ પ્રકાશવર્ષ જેટલે દૂર સુધી પથરાએલાં અનેક તારાવિશ્વો છે.

હતા. વેદ, ઉપનિષદ, ભારતીય દર્શનો, ધર્મશાસ્ત્રો, મૂર્તિશાસ્ત્ર કે પ્રાચીન સિક્કાઓ વગેરે સંસ્કૃતિના લગભગ પ્રત્યેક અંગનો એમને અભ્યાસ હતો, અને એ પ્રાચીન કે પરંપરાગત કોઈ પણ ક્ષેત્રમાં એમના વિચારો મૌલિક તથા એમનું અર્થઘટન અનોખું જ રહેતું. એ બધાંને આત્મસાત્ કરી લેવાની એમની ગ્રહણશક્તિ અને જબાન કે કલમ દ્વારા એને રજૂ કરવાની એમની નિરૂપણશક્તિમાં સંવેદનશીલ અને સમર્થ સર્જકની વિરલ પ્રતિભા ચમકી ઊઠતી. હિંદીમાં કે અંગ્રેજીમાં એમનું લખાણ મધુર, મર્મસ્પર્શી અને હૃદયંગમ જ રહેતું.

મહાન વૈયાકરણ પાણિનિના વ્યાકરણના આધારે એમણે એ કાળના ભારતનું દર્શન કરાવતો એક દળદાર ગ્રંથ 'પાણિનિકાલીન ભારત' અંગ્રેજી તથા હિંદીમાં લખ્યો છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ હર્ષચરિતનું અવલોકન, કાદંબરીનું નિરૂપણ અને કળાને લગતાં અનેક નાનાંમોટાં પુસ્તકો એમણે લખ્યાં છે. લગભગ ૮૮ જેટલાં પ્રકાશિત પુસ્તકો તથા બીજાં ૪૪ જેટલાં અપ્રકટ પુસ્તકોમાં પથરાએલી એમની લેખિત સામગ્રી એમની વિદ્વત્તાના વ્યાપની દ્યોતક છે. એમની વિદ્વત્તાને ભારેખમ ભાષાનો બોજ નહોતો. તુલસી-કાલીન ભારતનું સાંસ્કૃતિક અધ્યયન પણ આવી જાય એ રીતે વર્ષોથી તેઓ રામચરિતમાનસ પર એક ટીકા તૈયાર કરી રહ્યા હતા. 'પૃથ્વીપુત્ર' અને 'કલા ઔર સંસ્કૃતિ' જેવા એમના નિબંધસંગ્રહ તો કોઇ પણ વાચકને જ્ઞાન અને તાજગી આપી રહે એવા છે. એમનું 'પાણિનિકાલીન ભારતવર્ષ' એ 'અષ્ટાધ્યાયી'નું સાંસ્કૃતિક અધ્યયન છે. આ ગ્રંથમાં એમણે ઈ.સ. પૂર્વે પાંચમા શતકની ભૂગોળ, સામાજિક જીવન, આર્થિક પરિસ્થિતિ, શિક્ષણ, સાહિત્ય, ધાર્મિક વ્યવસ્થા, રાજતંત્ર, શાસનવ્યવસ્થા, જનપદવ્યવસ્થા આદિ વિષયો પર પ્રકાશ પાડયો છે.

ગુપ્તકાલીન સમૃદ્ધ સાંસ્કૃતિક જીવન વિષે પણ એમણે મૌલિક સંશોધન કરેલું છે. અઢાર પુરાણોમાંથી મત્સ્યપુરાણ, વામનપુરાણ અને માર્કંડેયપુરાણ એ ત્રણ ઉપર તેમણે ગ્રંથો રચી તેમાંના સાંસ્કૃતિક વિષયોની ચર્ચા કરી છે. આ જ રીતે 'હર્ષચરિત—એક સાંસ્કૃતિક અધ્યયન', 'કાદંબરી—એક સાંસ્કૃતિક અધ્યયન' એ બંને ગ્રંથો પણ હિંદી સાહિત્યમાં એક નવી જ દેણગી રૂપ છે.

એમના આ અને બીજા અનેક ઉત્કૃષ્ટ ગ્રંથોમાં, એમણે તથા ડૉ. મોતીચંદ્રે સાથે મળીને સંપાદિત કરેલાં ગુપ્ત સમયનાં સંસ્કૃત એકાંકી પ્રહસનોનો સંગ્રહ 'ચતુર્ભાણી' (શૃંગારહાટ) તો ઘણો જ પ્રશંસનીય ગ્રંથ છે. એમાં એમણે સંસ્કૃત નાટકો પરથી પ્રાચીન ભારતના રાજા, બ્રાહ્મણ, સરકારી અધિકારીઓ, વ્યાપારી, કવિ, વ્યાકરણાચાર્ય, બુદ્ધ ભિક્ષુ આદિ લોકો, એમની ભાષા વગેરે સાથે તત્કાલીન સમાજના નાચગાન, ઘરના ઉત્સવ, સ્ત્રીઓનાં આભૂષણો—પ્રસાધન, અભિસારિકાનું જીવન, સાર્થવાહનું જીવન, રમતગમતો, ગાયનવાદન ઇત્યાદિ જીવનનાં વિવિધ પાસાંઓને પ્રતિબિંબિત કર્યા છે.

પંદરમી સદીના 'રામચરિતમાનસ'ની પણ પહેલાં રચાએલા મલિક મહમ્મદ જાયસી કૃત 'પદ્માવત' નામના કાવ્યગ્રંથનું સંપાદન કરીને અગ્રવાલજીએ એક શ્રેષ્ઠ મુસલમાન સંતે લખેલા મહાકાવ્યની હિન્દી સાહિત્યમાં ઓળખ કરાવી. પ્રેમના પ્રભાવથી માનવોનો 'સીમાભાવ' દૂર થઈ તે ઈશ્વરનું સાન્નિધ્ય પ્રાપ્ત કરી શકે છે અને વિશ્વાત્મક જ્યોતિમાં તન્મય થાય છે એ આ ગ્રંથની ભાવના એમણે વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવનામાં સ્પષ્ટ કરી છે; સાથોસાથ અપભ્રંશ અને દેશી ભાષાના વિકાસ પર માહિતીપૂર્ણ વિવેચન આપ્યું છે; અને એ રીતે 'જાયસી' માત્ર ભારતીય નહિ પણ 'પૃથ્વીપુત્ર' હતો એવો ભાવ એમણે વ્યક્ત કર્યો છે. એ ગ્રંથ પર એમને સાહિત્ય અકાદમીનો રાષ્ટ્રીય પુરસ્કાર મળેલો.

ભારતીય કલા, શિલ્પ, સ્થાપત્ય, ઇતિહાસ આદિ વિષયો પર એમણે અનેક સંશોધનાત્મક લેખ અને ગ્રંથ લખ્યા છે. અહિચ્છત્ર તથા ગંગાકાંઠે રાજઘાટના ખોદકામથી મળેલી માટીની મુદ્રાઓ સંબંધી એમના અભ્યાસલેખો બહુમૂલ્ય છે. આનંદ કુમારસ્વામી પછી ભારતીય સંસ્કૃતિ પર અધિકારપૂર્વક લખી શકનારા પંડિત અગ્રવાલનું સ્થાન એમનાથી જરા યે ઊતરતું નથી. આખરનાં વર્ષોમાં એમને વૈદિક વાઙ્મયની મોહિની લાગી હતી. 'સ્પાર્ક્સ ફ્રોમ ધ વૈદિક ફાયર: એ ન્યૂ એપ્રોચ ટુ વૈદિક સિમ્બૉલિઝમ' તથા 'થાઉઝન્ડ સિલેબલ્ડ સ્પીચ' એ એમના વૈદિક તત્ત્વજ્ઞાન વિષેના બે ગ્રંથો છે.

મૂળથી નબળા બાંધાનું એમનું શરીર ઘણા સમયથી અસ્વસ્થ રહેતું હતું. આંખો પણ નબળી પડી હતી; પણ એમનાં કાર્યોમાં ક્યાં યે શિથિલતા પેસી શકતી નહિ. આરામને માટે શરીર ગમે તેટલું ઝંખતું હોવા છતાં એમનું મન તો કદી જાણે થાકતું જ નહોતું. અને એટલે જ બાસઠ વર્ષના આયુમાં તેઓ શતાયુ વિદ્વાન જેટલો સમૃદ્ધ અને અખૂટ વિદ્યાવારસો પોતાની પાછળ મૂકતા ગયા છે, જે દેશને માટે ગર્વ રૂપ અને પેઢીઓ સુધી અનુકરણીય બની રહેશે.

તેઓ મૂર્ધન્ય વિદ્વાન હતા. એમનું જીવન ઋષિજીવન હતું. ગ્રંથઅવગાહન અને ગ્રંથ લેખનનો અખંડ જ્ઞાન-યજ્ઞ એમને ત્યાં ચાલ્યા જ કરતો. ચોમેર ખીચોખીચ ભરેલી આલમારીઓવાળા ઓરડામાં એક મોટી વ્યાસપીઠ—પાટ ઉપર પથરાએલા ગ્રંથોના ઢગલા વચ્ચે સૂક્ષ્મકાય અને નિરાડંબરી અગ્રવાલજી બેઠા હોય અને તેમના મુખમાંથી અવિરત વહેતા વાણીપ્રવાહને સામે બેઠેલો સ્ટેનોગ્રાફર લઘુલિપિમાં કાગળ પર ઝીલતો જતો હોય. એમની પાસે જતાં આપણે પણ એ જ્ઞાનપ્રવાહમાં ખેંચાઈ જઈએ. એમનું નિવાસસ્થાન જ્ઞાનપિપાસુઓ માટે તીર્થ સમાન હતું. એક વાર એમની મુલાકાત પામનાર સદાયનો એમનો ભક્ત બની જતો.

પરિણત પ્રજ્ઞાવાળા અને ભારતીય સંસ્કૃતિના આર્ષદ્રષ્ટા બનેલા આ વિદ્વાનનું અંગત જીવન તદ્દન સાદું અને સરળ હતું. એમનાં વિચાર અને વાણી સ્પષ્ટ સરળ અને સુમધુર હતાં. ગાંધીજીના તેઓ ચુસ્ત અનુયાયી અને રાષ્ટ્રવાદી હોઈ મન, વચન અને કર્મથી એમના સિદ્ધાંતો પાળતા. તેઓ પોતાની પાછળ પત્ની, છ પુત્રો અને એક પુત્રીનો પરિવાર મૂકતા ગયા છે. (સંકલિત)

## જેઠીમધનાં જાદુ

ગાંધીને ત્યાંથી મળતું પૈસા-બે પૈસાનું જેઠીમધનું લાકડું કે એનો શીરો આપણા સમાજમાં જાણીતો છે. જેઠીમધ એ એક વનસ્પતિનાં મૂળિયાં છે અને ઇરાન, અરબસ્તાન, ચીન વગેરે દેશોમાંથી આયાત થાય છે. આ મૂળિયાંનો એવો એક વિશિષ્ટ ગુણ છે કે આઠ-દસ વર્ષ સુધી એ બગડતાં નથી. જેઠીમધ સ્વાદે મધુર છે. આયુર્વેદના ગુણશાસ્ત્ર પ્રમાણે મધુર રસ પોષણ આપે છે, જીવનશક્તિ વધારે છે અને પિત્તજદોષ દૂર કરી લોહીને ઠંડક આપે છે. આથી જ જ્યાંજ્યાં પોષણ તૂટતું હોય ત્યાં તેમ જ ક્ષયજન્ય રોગોમાં એનો મહત્ત્વપૂર્ણ પોષણ-ઔષધ તરીકે ઉપયોગ સ્વીકારાયો છે. એમાં ઘારાંને રુઝવવાનો ગુણ હોવાથી પંડિત ચક્રદત્તે જેઠીમધમાં પકાવેલું ઘી તુરતના ઘા ઉપર મલમ તરીકે લગાડવાનો નિર્દેશ કર્યો છે.

શીતળા નીકળ્યાં હોય ત્યારે જેઠીમધનું ચૂર્ણ હમેશાં પા-પા તોલો સવાર-સાંજ પાણી સાથે આપવાથી રોગની તીવ્રતા ઓછી થઈ જાય છે, અને કેટલીક વખત તો શરૂઆતમાં જ એનો ઉપયોગ થયો હોય તો રોગમાંથી જ બચી જવાય છે; કારણ કે પિત્ત-શોધક શામક જેઠીમધ લેવાથી આંતરડાંમાં સંગ્રહાએલો મળદોષ એમાં રહેલા મૃદુ રેચક

ગુણોથી દૂર થાય છે. આંતરડાંની ગરમીને પરિણામે આમના સંગ્રહને કારણે મોઢામાં ચાંદાં પડતાં હોય, અવાળુ ફૂલી જતાં હોય અને દાંતમાંથી લોહી નીકળતું હોય, તેવા દરદીઓ માટે જેઠીમધ ઉપકારક ઔષધી છે. ઝાડા વાટે, પેશાબ વાટે કે સ્ત્રીઓને લોહીવા દ્વારા લોહી જતું હોય તેમાં તો એ ખૂબ જ હિતકારી છે. આ રીતે રગતપિત્ત અને આંતરડાંની ગરમીમાં પણ હિતકારી છે. જેઠીમધ એ મૃદુ રેચક છે. જૂની કબજિયાતવાળા માટે જેઠીમધ ખૂબ જ ઝડપી મળદોષ દૂર કરનારી અને આંતરડાંને શક્તિ આપનારી ઔષધી છે. એ રક્તદોષને દૂર કરતી હોવાથી ચામડી અને લોહીવિકારનાં દરદોમાં છૂટથી વાપરી શકાય છે. એનાથી લોહીનું શુદ્ધિકરણ થાય છે અને જીવનશક્તિ મળે છે. વળી એ 'સદ્ય વીર્યકરા' ઔષધી છે, જેના સેવનથી વીર્યધાતુઓ વધે છે અને લાંબું નીરોગી આયુષ્ય મળે છે.

સગર્ભાવસ્થાની નબળાઈમાં જેઠીમધ બે હેતુ સારે છે: પોષણ અને પ્રસવકાર્યમાં સહાય; કારણ કે જેઠીમધથી શરીરમાં લાલ રજકણો વધે છે અને પાન્ડુતા દૂર થાય છે. સુશ્રુતાચાર્યે પાન્ડુરોગમાં મધ અને જેઠીમધ લેવાનો આગ્રહ કર્યો છે. જેને ધાવણ ન આવતું હોય કે ઓછું આવતું હોય તે સવાર-સાંજ જેઠીમધ અને શતાવરી મધમાં ચાટી ઉપર થોડું તાજું ગાયનું દૂધ પીશે તો ધાવણ છૂટશે.

જેને વાઈ(ફિટ) કે ફેફરું આવતું હોય તેને જેઠીમધનું ચૂર્ણ કોળાના રસમાં સવાર-સાંજ આપવાથી મગજના જ્ઞાનતંતુઓને બળ મળે છે.

માણસ આજે એક યા બીજા પ્રકારે માનસિક ને શારીરિક રીતે મૂંઝાએલો રહે છે. પરિણામે લોહીની તાકાત ઉપર અસર થાય છે. આંતરડાની ક્રિયાશક્તિ મંદ પડે છે અને ગૅસ તથા હૃદયરોગની દરદ પેદા થાય છે. આવાં દરદોમાં બે સ્થિતિનો વિચાર કરવાનો હોય છે: મળદોષને દૂર કરવાનો ને લોહીની પોષણશક્તિ વધારવાનો. મહર્ષિ ચરકે આથી જ હૃદયરોગના દરદીઓ માટે બે ઔષધીઓનું સુંદર સર્જન કર્યું છે. કડુ અને જેઠીમધ સાકર સાથે લેવાની તેમણે ભલામણ કરી છે.

ગરમીના કારણે પેશાબ અટકતો હોય, ઓછો આવતો હોય કે પેશાબના રોકાણના કારણે મૂત્રાઘાત કે મૂત્રકૃચ્છથી ઉદાવર્ત વાયુ જેવી સ્થિતિ પેદા થતી હોય તો જેઠીમધ અને કાળી દ્રાક્ષ દૂધમાં લેવાથી એની પીડા દૂર થઈ શકે છે. ગળાના કાકડા એ તો આજની સંસ્કૃતિનું સર્વસામાન્ય દરદ છે. જો કાકડાનાં દરદીઓ નિયમિત જેઠીમધનું ચૂર્ણ અને હળદર તોલો ૦।-૦। સવાર-સાંજ લેશે તો એમને કાકડાની ફરિયાદો નહિ વધે. આમ જેઠીમધ નાનાંમોટાં અનેક દરદો ઉપર સ્વતંત્ર રીતે કે અનુપાન ભેદથી જુદાજુદા પ્રયોગોમાં વાપરી શકાય છે. એમાંથી પિત્તજ, કફજ અને વાતજ દરદોમાં ફાયદો મળે છે.

(જન્મભૂમિ-પ્રવાસી) —'ચિકિત્સક'

## ભારતનું રાષ્ટ્રીય ગ્રંથાલય

દેશમાંનાં સર્વ જાહેર ગ્રંથાલયોમાં ગૌરવવંતુ સ્થાન ધરાવતા કલકત્તાના રાષ્ટ્રીય ગ્રંથાલયે સ્વરાજ્યપ્રાપ્તિ બાદ ગણનાપાત્ર પ્રગતિ સાધી છે. સ્વરાજ્યની શરૂમાં–૧૯૪૭માં ત્યાં પુસ્તકોની સંખ્યા ૫૦ હજાર હતી તે ૧૩ લાખ પર પહોંચી છે. સામયિકો ૪૨૫થી વધીને ૧૦,-૦૩૭, સરેરાશ દૈનિક વાચકો ૨૫ માંથી ૯૬૦, ને વાંચવા અપાતાં પુસ્તકોની વાર્ષિક સરેરાશ સંખ્યા ૧૪,૨૯૧ હતી તે વધીને ૭૮,૫૯૭ પર પહોંચી છે. પશ્ચિમ બંગાળના માજી રાજ્યપાલ ડૉ. એચ. સી. મુખરજીના શબ્દોમાં 'આ ગ્રંથાલય વિશાળ જળાશય જેવું છે. જળાશયના પાણીનો પ્રવાહ જેમ મબલખ પાક તૈયાર કરે છે, તેમ ગ્રંથાલયમાંનો જ્ઞાનનો પ્રવાહ દેશ માટે વિદ્વાન સ્ત્રી-પુરુષો તૈયાર કરે છે.'



કલકત્તાના એક કાળના જાણીતા અંગ્રેજી પત્ર 'ઇંગ્લિશમૅન'ના તંત્રી શ્રી જે. એચ. સ્ટૉકયુલરે ૧૯મી સદીના પ્રથમાર્ધમાં એ શહેરમાં બિનસરકારી સંસ્થા તરીકે થોડાં જાહેર ગ્રંથાલયો શરૂ કરેલાં. લૉર્ડ કર્ઝને તે ભેળવી દઈ ૧૯૦૧માં 'ઈમ્પીરિયલ લાયબ્રેરી'માં તેનું રૂપાંતર કર્યું, જે સ્વરાજ્ય મળતાં 'નૅશનલ લાયબ્રેરી' બન્યું. સર આસુતોષ મુખરજીએ આ ગ્રંથાલયને પોતાનાં પુસ્તકો ભેટ આપ્યા પછી તો ભેટોનો પ્રવાહ શરૂ થયો અને આ ગ્રંથાલય સમૃદ્ધ તથા યથાનામગુણ બન્યું.

પ્રાચીન હસ્તલિખિત પ્રતો અને નામી લેખકોનાં સર્જનોની હસ્તપ્રતો નાશ ન પામે એ માટે યુનેસ્કોનાં સાધનો ને નિષ્ણાતોની મદદથી એવા મહત્ત્વના તમામ ગ્રંથોની માઇક્રોફિલ્મ ઉતારી લઈ સંઘરવાની અહીં યોજના છે. ઉપરાંત વિદ્વાનોને સંદર્ભસૂચિ પૂરી પાડવા વિવિધ વિષયોની સંદર્ભસૂચિઓ તૈયાર કરવાનું પણ શરૂ થયું છે.

૧૯૬૦ના જાન્યુઆરીથી અહીં શરૂ થએલા બાળવિભાગમાં આજે બંગાળી, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, મરાઠી, તમિળ, ઉર્દૂ, ફ્રેન્ચ, રશિયન વગેરે અનેક ભાષાઓનાં ૧૩,૦૦૦ પુસ્તકો છે. ૧૯૫૪ના 'ડિલીવરી ઑવ બુક્સ' ધારા મુજબ દેશમાંના પ્રત્યેક પ્રકાશકે પોતાના પુસ્તક કે સામયિકની એક નકલ આ ગ્રંથાલયને ફરજિયાત મોકલવાની હોય છે.

## 'પર્વ'ના કેટલા બધા અર્થ!

પર્વ એટલે? પવિત્ર, પુણ્યકાર્યનો દિવસ; ઉત્સવ-દિન; તહેવાર. પણ એને 'પર્વ' શા માટે કહીએ છીએ?

સંસ્કૃતમાં મૂળ તો પર્વન એટલે શેરડી, વાંસ વગેરેમાં વચ્ચેવચ્ચે થોડેથોડે અંતરે દેખાય છે તે ગાંઠ, સાંધો. આ પરથી શરીરના હાડકાંના સાંધાવાળા ભાગ પણ પર્વ કહેવાયા છે, ને સાંધામાં થતો એક જાતનો રોગ પણ એ પરથી પર્વણી કે પર્વણિકા કહેવાયો છે. શિલાખંડોના સાંધાવાળો, ગાંઠાગાંઠા જેવો લાગતો પહાડ પણ પર્વ પરથી પર્વત કહેવાયો છે. વળી બે ગાંઠની વચ્ચેનો ગાળો પણ પર્વ કહેવાયો. એટલે તો આંગળીના બે સાંધાની વચ્ચેના ભાગને–વેઢાને પણ પર્વ કહે છે. હિંદીમાં એ 'પોર' કહેવાય છે તે પર્વ પરથી જ. શેરડી, વાંસ વગેરેની બે ગાંઠ વચ્ચેનો ભાગ પોરી કહેવાય છે તે પણ આ પરથી જ. એ જ રીતે અમુકઅમુક ગાળે આવતાં સીડીનાં પગથિયાં પણ સંસ્કૃતમાં પર્વ કહેવાયાં છે. મહાભારત જેવા મોટા ગ્રંથના વિભાગો— પ્રકરણો પણ આવા જ અર્થમાં પર્વ છે.

વૈદિક કાળમાં વરસના વિભાગો ચારચાર માસના થયા તે પણ આમ પર્વ કહેવાયા, અને આવા અર્થ પરથી સમયના નિશ્ચિત ગાળા કે નિશ્ચિત ગાળે બનતી, થતી આવતી બાબતો પણ 'પર્વ' કહેવાઈ. પૂનમ,

અમાસ, આઠમ, ચૌદશ આદિ ચંદ્રના પરિવર્તનના તિથિઓ, સંક્રાંત, ગ્રહણ વગેરે પણ આમ પર્વ કહેવાયાં. પખવાડિયાના ગાળાને પણ આપણે પર્વ કહ્યો છે. પર્વ પરથી આવા દિવસોને આપણે પર્વણી કે પરવણી પણ કહેતા થયા છીએ. ('જન્મભૂમિ-પ્રવાસી'માં 'સુદર્શન')

### નવતર ગાડી

ભારતમાં પણ હવે જ્યારે 'સુપર માર્કેટ'નો પ્રયોગ આરંભાયો છે ત્યારે બ્રિટનની સુપર માર્કેટમાં મુકાએલી આ નવતર ગાડી વિષે જાણવું




રસમય થશે. ૩૫૦ રતલ જેટલું વજન ઉપાડીને કે ૧૦૦૦ રતલ જેટલું વજન દોરીને લઈ જઈ શકે એવી આ ટચૂકડી મોટર-ગાડી માલની હેરફેર માટે કારખાનાં, ગોદામો કે ઇસ્પિતાલોમાં બહુ કામની છે. ચલાવવામાં એ ઘણી સરળ છે એટલું જ નહિ પણ એ બેટરીથી ચાલે છે. (અને એ બેટરી ખલાસ થઈ જાય તો તુરત બદલી શકાય યા એને રાતોરાત રીચાર્જ કરી લેવાય ) એટલે બળતણની એમાં ઉપાધિ નથી. વળી, વજનમાં એ એટલી હળવી છે કે બે માણસ એ સરળતાથી ઊંચકી શકે. ભારતમાં આવી ગાડી થશે ખરી? નાની મોટર ગાડી બનાવવાની યોજના પણ હમણાં અભેરાઈ પર મૂકવામાં આવી છે!

### લાંગ અને મસૂરની દાળ

દિલ્હીના એક સમાચારમાં ભૂલથી એમ જણાવાયું છે કે ભારતીય તબીબી સંશોધન સમિતિએ જાહેર કર્યું છે કે મસૂરની દાળથી લકવો થાય છે. પરંતુ આ સમાચાર લાંગની દાળ માટે છે, મસૂર માટે નહિ. લાંગને સંસ્કૃતમાં કલાય કહે છે. એના વધુ ઉપયોગથી પગ લંગડાય છે. ભરૂચ તરફ કહેવત છે કે 'લાંગ ભાંગે ટાંગ'. આયુર્વેદમાં લાંગને રુક્ષ અને ખૂબ વાયડી કહી છે. આ કારણથી લાંગ કેમ ખાવી એની પણ સલાહ આયુર્વેદે આપી છે: (૧) એને ત્રણ દિવસ પાણીમાં પલાળી રાખવાથી એનો આ અવગુણ દૂર થાય છે; (૨) એની સાથે લસણ અને તેલ બન્ને બહુ જ સારાં વાતઘ્ન દ્રવ્યો છે.

લાંગ મોટે ભાગે ઢોરને ખવડાવવા માટે ગુજરાતમાં (ખાસ કરીને ભરૂચ જિલ્લામાં) વપરાય છે. બંગાળ અને બિહાર તરફ આનું વાવેતર ઠીક પ્રમાણમાં થાય છે અને ગરીબ લોકો એનો વધુ ઉપયોગ કરતા હોવાથી ગરીબોમાં જ આ રોગ વધુ પ્રમાણમાં જોવામાં આવે છે. લાંગને હિંદીમાં ખેસરી અને બિહાર-બંગાળ તરફ કેસરી કહે છે. મસૂરની દાળનો રંગ કેસરી હોવાથી લોકો એને કેસરી દાળ પણ કહે છે. લાંગની દાળ કેસરી નહિ પણ કંઈક ચણાના રંગને મળતી આવે છે અને તેથી ચણાની જોડે આપણા વેપારીઓ એના ભેગ પણ કરે છે.


મસૂરની દાળનો ઉપયોગ ગુજરાતમાં જ ઓછામાં ઓછો થાય છે. સુશ્રુતે કઠોળમાં મગ અને મસૂરને શ્રેષ્ઠ ગણ્યા છે. મસૂરમાં ગંધક ખૂબ ઓછો હોવાને કારણે તે ઓછામાં ઓછો ગૅસ કરે છે. સામાન્ય રીતે કઠોળના જે દુર્ગુણો (પચવામાં ભારે, ગૅસ ઉત્પન્ન કરવો ઝાડા કરાવવા વગેરે) મસૂરમાં નથી, એટલે મસૂરની દાળનો ગુજરાતીઓએ છૂટથી ઉપયોગ કરવો જોઇએ. એમાં રહેલું લોહ ખૂબ ઊંચા પ્રકારનું છે. મૂત્રપિંડ ઉપર પણ એની સારી અસર છે. —ડૉ. પ્રફુલ્લભાઈ વૈદ્ય

### દેવનાગરીમાં તાર

હવે તો હિંદી ભાષામાં પણ તાર મોકલવાની વ્યવસ્થા થઈ છે એટલું જ નહિ, ભારતની કોઈ પણ ભાષામાં લખાએલા તાર આ દેવનાગરી (બાલબોધ) લિપિમાં મોકલી અપાય છે. અનુભવે જણાય છે કે અંગ્રેજીની સરખામણીમાં દેવનાગરીમાં ઓછા શબ્દોમાં તાર મોકલી શકાય છે અને તેથી ખર્ચ ઓછો આવે છે. આની જાણકારી માટે (દેવનાગરી મેં તાર) નામની હિંદી ચોપડી બહાર પડી છે. આ ચોપડીમાં સેંકડો શબ્દ અને વાક્યસમૂહોના દાખલા ટાંકવામાં આવ્યા છે તે જોઇને તાર લખવામાં તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે સહેલાઇથી જાણી શકાય છે. તે મંત્રી, કેન્દ્રીય સચિવાલય, હિંદી પરિષદ, એક્સ વાઇ ૬૮, સરોજિની નગર, નવી દિલ્હી ને દસ પૈસાની ટપાલટિકિટ મોકલી હિંદીમાં પત્ર લખવાથી મોકલશે.

### ગાણિતિક કસરત

એડુઆર્ડ લ્યુકાસ નામના એક ફ્રેંચ ગણિતજ્ઞે ઇ. સ. ૧૮૮૩માં 'ટાવર ઑાવ હૅનોઈ' (હૅનોઇનો મિનાર)નામે આ ગણિત-ગમ્મત શોધી હતી એમાં ત્રણ ઊભા સળિયા પૈકી એકમાં ચડઊતર ક્રમમાં આઠ ચકરડીઓ પરોવેલી છે. એ આઠે ચકરડીઓને, આ જ ક્રમમાં, બાકીના બેમાંથી કોઈ પણ એક સળિયામાં, ઓછામાં ઓછી ચાલ ચાલીને ફરી પરોવવાની છે; પણ શરત એ છે કે એક ચાલમાં એક જ ચકરડી લેવી અને ફેરવણી દરમિયાન નાની ચકરડી ઉપર એનાથી મોટા કદની એકે ચકરડી મૂકવી નહિ!



ગણિત-ગમ્મતની આ એક મઝાની કસરત છે. આ આઠે ચકરડીને એ રીતે સ્થાનફેર કરતાં ઉપરની શરતે કેટલી ચાલ થશે? એનો જવાબ છે $૨^n - ૧$. (n= ચકરડીની સંખ્યા.) એ રીતે ત્રણ ચકરડી હોય તો ૨×૨×૨-૧ = ૭ ચાલ ચાલવી પડે. ચાર ચકરડી હોય તો ૧૫ ચાલ, પાંચ હોય તો ૩૧, અને એમ આગળ ગણતાં આ આઠ ચકરડી માટે ૨૫૫ ચાલ થશે! $૨^n - ૧$ નું આ ગાણિતિક સૂત્ર સાબિત કરવા માટે ખરી કસરત અને ગમ્મત થશે. ('યુનેસ્કો કુરિયર'માંથી)

# આ માસ(સપ્ટેમ્બર)ઇતિહાસમાં·વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

## વ્યક્તિવિશેષ: સેનાપતિ જોરાવરસિંહ



લદ્દાખની પૂર્વે તરફ પશ્ચિમ તિબેટમાં ૧૪૦૦૦ ફૂટની ઊંચાઈએ ટાયોં નામે સ્થાન પાસે એક સમાધિ છે. કાશ્મીર નરેશ ગુલાબસિંહના એક વીર સેનાપતિ જોરાવરસિંહની એ સ્મૃતિ છે.

હિમાલય પ્રદેશના બિલાસપુર ગામે એક રાજપૂત કુટુંબમાં ઈ. ૧૭૮૬ના સપ્ટેમ્બર માસમાં એનો જન્મ થયો. એ કાળના વિખ્યાત જ્યોતિષી ગંગારામજીએ એનું ભવિષ્ય ભાખેલું કે, 'આ બાળકના અસાધારણ વ્યક્તિત્વની ઇતિહાસમાં ખ્યાતિ થશે, પણ જન્મભૂમિની સેવા એ કરી શકશે નહિ. સોળ વર્ષની વયે અનાયાસ એના હાથે એવું કામ થશે કે એ ઘર છોડીને ચાલ્યો જશે'. અને ખરેખર વડિલોપાર્જિત મિલ્કતની વહેંચણીની તકરારમાં એના હાથે એક પિતરાઈનું મોત થયું. અચાનક થઈ ગએલા એ ગોઝારા કૃત્યના આઘાતથી જોરાવરસિંહ ઘર છોડી હરદ્વાર નાસી ગયા. ત્યાં રામબનના શાસક જશવંતસિંહે એનું હીર જોઈએને સૈનિક તરીકેની તાલીમ અપાવી. કોઈ સાધુ દ્વારા એમને આધ્યાત્મિક જ્ઞાન અને યોગાભ્યાસનું શિક્ષણ પણ મળ્યું.

આગળ જતાં જમ્મૂમાં ગુલાબસિંહની નજરમાં જોરાવરસિંહ વસી ગયા. આજના જમ્મૂ અને કાશ્મીરની રિયાસતના સ્થાપક એ ગુલાબસિંહે એમને પોતાના ખાસ માણસ કરીને રાખ્યા અને એમને કોઈ પણ મનપસંદ કામ સ્વીકારવા કહ્યુ. જોરાવરસિંહે સૈન્યના ભોજનની વ્યવસ્થાનું કામ માગ્યું. એ સમયે આ કાર્ય ઘણું વિકટ હતું. ખોરાક વિષે સૈન્યમાં ઘણો કચવાટ હતો. જોરાવરસિંહે તે દૂર કર્યો એટલું જ નહિ એક વર્ષની આખરે એના ખર્ચમાં એક લાખ રૂપિયાની બચત પણ કરી આપી. સૈન્યનો ખર્ચ વધાર્યા વિના યે એમણે ઘણી નવી સગવડો પણ કરી આપી. ગુલાબસિંહને મન તેઓ એક નોકરના બદલે આપ્તજન બનીને રહ્યા. કિસ્તવારના વઝીરને મદદ કરવા જતાં ગુલાબસિંહને ચીનતિબેટના હુમલા ટાળવા લદ્દાખની સહાયમાં જવાનું પણ આવી પડ્યું. હિમનદીઓ અને ઊંચા પર્વતોવાળી એ અજાણ ભૂમિમાં યે જોરાવરસિંહે માત્ર બે જ ચડાઈમાં જીત મેળવી એટલું જ નહિ, સ્કાર્દુને પણ જીતી લઈ ને એમણે ગુલાબસિંહના કબજામાં લાવી મૂક્યું.


લદાખ સામેના ચીન-તિબેટના હુમલા સામે રક્ષણની જવાબદારી જોરાવરસિંહની જ બની રહી. એમણે રોદોક જીતી લીધું અને તીરમાંતોમાંથી ચીન-તિબેટનો પગદંડો દૂર કરવા એમણે આગળ કૂચ જારી રાખી છેક માનસરોવર પહોંચ્યા. ત્યાં તક્લાકોટ પાસે એમણે પડાવ નાખવા પડયા. સૈન્ય છૂટું છવાયું હતું અને કાતીલ ઠંડીને કારણે સૈનિકો બરાબર લડી શકે તેમ નહોતા એવી સ્થિતિમાં ચીન-તિબેટે સાથે મળી એમને ઓચિંતા ઘેરી લીધા. ત્રણ દિવસ સુધી તો જોરાવરસિંહે ટક્કર ઝીલી પણ આખરે એક ગોળી વાગતાં એ ઘોડા પરથી ગબડી ગયા ને શત્રુઓએ એના પર તૂટી પડી એમની કતલ કરી. ૧૮૪૧ની ૧૨ ડિસેમ્બરે જન્મભૂમિથી દૂર અજાણ બર્ફીલી ભૂમિમાં એમનું મોત થયું. કોઈ પણ જાતની અંગત એષણા વિના દાખવેલી નિર્વ્યાજ સ્વામિભક્તિ તથા શૌર્ય અને એક અતિ સફળ સેનાનાયક તરીકેની જોરાવરસિંહની કારકિર્દી એ ઇતિહાસનું એક પ્રેરક પ્રકરણ છે.

## દિનવિશેષ

તા. ૨ તિબેટની રાજધાની લ્હાસામાં લાલચીનની ફોજનો પ્રવેશ, ૧૯૫૧.
તા. ૪ કૉંગ્રેસે પહેલવહેલો અસહકારનો ઠરાવ કર્યો, ૧૯૨૦.
તા. ૫ ભારતના શ્રેષ્ઠ અને જગતખ્યાત તત્ત્વજ્ઞ રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણનનો જન્મ, ૧૮૮૯.
તા. ૯ હિંદી વિપ્લવવાદી યતીન્દ્ર મુખરજીને કટકની ઇસ્પિતાલમાં ફાંસી, ૧૯૧૫.
તા. ૧૧ શિકાગોની સર્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદનું પહેલું યાદગાર ભાષણ, ૧૮૯૩.
તા. ૧૫ હિટલરે જર્મનીના રાષ્ટ્રચિહ્ન તરીકે સ્વસ્તિકનો સ્વીકાર કર્યો, ૧૯૩૫.
તા. ૧૮ કોમી દાવાનળની શાંતિ માટે ગાંધીજીના ૨૧ દિવસના પહેલા ઉપવાસ, ૧૯૨૪.
તા. ૨૨ શાંતિનિકેતનની વિશ્વભારતીનું કેન્દ્રસ્થ યુનિવર્સિટી તરીકે ઉદ્‌ઘાટન, ૧૯૫૧.
તા. ૨૫ શોધસફરી વાસ્કો નુમેઝ બાલ્બોઆએ પાસિફિક મહાસાગર શોધ્યો, ૧૫૧૩.
તા. ૨૮ દિલ્હીના છેલ્લા સમ્રાટ બહાદુરશાહ ઝફરનું રાજ્યારોહણ, ૧૮૩૭.
તા. ૩૦ પંજાબના ૧ લાખ ચોરસ માઈલ પર બિયાસ, સતલજ અને રાવીનાં પૂર, ૧૯૪૭.

## પ્રસંગવિશેષ: મુમતાજમહાલનો મકબરો બંધાઈ રહ્યો, ૧૦ સપ્ટેમ્બર ૧૬૪૩

સંખ્યાબંધ બેગમોથી ભરેલા ઝનાનખાનાંવાળા મોગલ શહેનશાહોમાં શાહજહાંનો મુમતાજમહાલ પ્રત્યેનો પ્રેમ જેટલો પ્રશંસનીય ગણી શકાય એટલું જ આશ્ચર્યભર્યું માન છેક જીવનના અંત સુધી બાદશાહને આકર્ષી રહેનાર મુમતાજ માટે પણ જાગે છે. અર્જોમન્દ બાનુ બેગમ એ એનું અસલ નામ. નવાબ અલિયા બેગમ અને ખાસ તો મુમતાજમહાલ બેગમ તરીકે એ શાહજહાંની માનીતી બેગમ બની રહી હતી. શાહજહાં સાથે દક્ષિણમાં ગએલી, આઠ પુત્રો અને છ પુત્રીઓની એ માતા ૩૯ વર્ષની વયે ઈ. ૧૬૩૧માં બુરહાનપુરમાં પ્રસૂતિમાં અવસાન પામી. છ એક માસ પછી શોકમગ્ન શાહજહાં આગ્રા પાછો ફર્યો ત્યારે એના શબને પણ સાથે લઈ ગયો ને ત્યાં જમના નદીને કાંઠે એને દફનાવી અને પત્નીની યાદમાં એણે સંગેમરમરનો એક ભવ્ય મકબરો બંધાવવા માંડયો. ચારે ખૂણે નજાકતભર્યા ચાર સુંદર પાતળા ઊંચા મિનારાવાળા સફેદ આરસના ઊંચા ઓટલા પર અસમભૂજ અષ્ટકોણાકારનો એ મકબરો એમાંની આરસની અતિ સુંદર જાળીઓ, કિંમતી પથ્થરોનાં જડતરવાળાં ફૂલપત્તીનાં શોભનો અને કાળા



આરસથી જડેલાં ધર્મવચનોથી સુશોભિત એ મકબરો ઈ.૧૬૪૩ની ૧૦મી સપ્ટેમ્બરે પૂરો થયો. આસપાસના નાજુક ફુવારાવાળા બગીચા તથા સુંદર ભવ્ય પ્રવેશદ્વાર સાથેની એની રચના અને બાંધણી સ્થાપત્યમાં સરતાજ સમી હોઈ 'તાજમહાલ'ના નામે આજે સદીઓ પછી યે મોગલકાળની ત્યારે ટાચે પહોંચેલી સમૃદ્ધિની યાદ આપવા સાથે એ બાદશાહ-બેગમના પ્રેમના અદ્વિતીય પ્રતીક તરીકે જમનાના કિનારે ઊભો છે.

જે જાયું તે જાય, ફૂલ ખીલ્યું તે ખરશે,
ભર્યું તેહ ઠલવાય, ચડયું તે તો ઊતરશે.

શાંતિનિકેતન કલાભવનમાં નવા આવેલા એક ગર્ભશ્રીમંત શિષ્યને હાથે કામ કરવાની ટેવ ન હોવાથી થોડા દિવસોમાં એની ઓરડીમાં એટલી ધૂળ ને જાળાં-બાઉઆં જામી ગયાં કે તેની બેચેનીથી ચિત્રકામ ન થઈ શકતું. એક દિવસ ભોજન બાદ પાછા ફરતાં તેણે પોતાની ઓરડી એકદમ સ્વચ્છ સુઘડ જોઈ, રંગ-પીંછી-જલપાત્ર યથાસ્થાને જોયાં ને એક અગરબત્તી પણ ધમકતી જોઈ! વાતાવરણથી પ્રસન્ન થઇ કામ કરતાં તેને વિચાર આવ્યો કે નોકર આમ ચાલુ રાખે તો તેને ઈનામ આપવું; ત્યાં તો સંદેહ જાગ્યો કે અદના નોકરમાં આવી સફાઇ અને સુરુચિ ન હોય. બીજે દિવસે ભોજન વહેલું પતાવી ઉતાવળે ઓરડીએ પહોંચ્યો તો ખુદ આચાર્ય નંદબાબુને જ સફાઈ કરતા જોઇ સ્તબ્ધ થઈ ગયો. તેને ભોંઠપથી વ્યાકુળ થએલો જોઈ નંદબાબુએ કહ્યુ: 'તમે મારા શિષ્ય છો; તમારા સર્વ પ્રકારના કલ્યાણની જવાબદારી મારી છે. તમે બચપણથી સ્વચ્છતામાં ઊછર્યા છો, પણ તે માટે નોકર પર આધાર રાખવાની ટેવ છે, એટલે સફાઈ ન થતાં તમારું ચિત્ત કામમાં ન ચોંટે. કલા એ કેવળ રંગ રેખાની રચનામાત્ર નથી. એને માટે જરૂરી સંવાદિતા જીવનમાં ન હોય તો ચિત્રમાં એ કયાંથી આવે? આથી તમારે માટે એવી યોગ્ય પરિસ્થિતિ સર્જવાની મારી ફરજ છે.' આ બોધપાઠ એ શિષ્યના મનમાં વજ્રલેપ થઈ ગયો. આજે તે એક કલાત્મક મુદ્રક તરીકે વિખ્યાત છે.

કહેવતોના અર્થ: 'ઘરજમાઈ જાચકા...' લાલચુ, તિતાલી ને ઉપરથી નગુણા એવા જમાઇને આપણામાં જ્યોતિષની ગ્રહદશાવાળા નવ ગ્રહની પેઠે નડનારો દશમો ગ્રહ કહ્યો છે. જેને આપ્યા કરેલું બધું એળે જ જાય છે એવાં ત્રણ પ્રકારનાં માણસો નિર્દેશતી એ આખી કહેવતનો દોહરો આ પ્રમાણે છે:

'ઘરજમાઇ, જાચકા પ્રથમ જાયી ધી;
એ ત્રણને જે ગુણ કર્યા તે ગધ્ધે પાયા ઘી.'

ઘરજમાઈ, યાચક (માગણ) અને પહેલા ખોળાની દીકરી, એ ત્રણ ઉપર કરેલા ગુણ બધા ગધેડાને ઘી પાયા બરાબર નિરર્થક છે. મિથ્યા જતી મહેનત દર્શાવવા વપરાતી આને લગભગ મળતી બીજી ઘણી કહેવતો છે. શોધી કાઢો.

પીનાંગ બંદરના નામનો અર્થ 'પૂર્વનું જવાહર' એવો થાય છે!

ગણિત-ગમ્મત

(૧) ૧૦ થી ઓછી હોય એવી એક સંખ્યા ધારો. તેને ૨ વડે ગુણો. પછી ૩ ઉમેરો. હવે આવેલા પરિણામને ૫ વડે ગુણો. હવે ૧૦ થી ઓછી હોય એવી બીજી સંખ્યા ઉમેરો. ૧૫ બાદ કરો. શું પરિણામ આવ્યું? તમે ધારેલી સંખ્યા દશકનો આંકડો હશે અને ઉમેરેલી સંખ્યા એકમનો આંકડો હશે.

જો તમે અ ધાર્યા હોય અને ત્ર ઉમેર્યા હોય, તો (૨ અ + ૩)૫ + ત્ર થશે અને ૧૫ બાદ કરવાથી ૧૦ અ + ત્ર વધશે. —ર. મો. ધુંટલા



લગભગ ચારેક હજાર વર્ષ પરના પ્રાચીન નમૂનાના આધારે બનાવેલું આ પંદર ઈંચ ઊંચું તામ્રપાત્ર ભારત આવેલા તુર્કી પ્રતિનિધિમંડળે ડૉ. રાધાકૃષ્ણનને ભેટ આપ્યું છે.

દેલગુર ગામના પાદરે એક દરગાહ સામેના ચબૂતરાની રાંગ પંર સાત શિલા ગોઠવેલી છે, જેના પર નાનો પથ્થર મારતાં દરેકમાંથી 'સારેગમ'ના સાત સૂર પ્રગટે છે.

પુસ્તક છાપતાં ગમે તેટલી કાળજી રાખવામાં આવે તો પણ એમાં કોઇક ને કોઈક ભૂલ રહી જ જાય છે. આ સંજોગોમાં શુદ્ધિપત્રક છાપવું કે વાચકોની ક્ષમા યાચવી એ બે માર્ગ જ શક્ય હોય છે. ન્યૂ યૅાર્કના એક પ્રકાશકે આવી ભૂલનો ઉપયોગ કરી લેવાનો નિર્ણય કરી એક ભૂલવાળા એક નવા પુસ્તક સાથે જાહેરાત કરી કે જે કોઈ આ ભૂલ સૌથી પહેલાં બતાવશે એને ૨૫,૦૦૦ ડૅાલરનું ઈનામ મળશે. આ જાહેરાત થતાં પુસ્તકની ૨,૭૦,૦૦૦ નકલો તરત જ ઊપડી ગઈ. ઈનામ એક લિફ્ટ ચલાવનાર છોકરાને મળ્યું અને એણે એમાંથી એક પ્રકાશનસંસ્થા શરૂ કરી!


ૠતુઓના ફેરફારો તમે ન ખમી શકો એ ખાનદાનીની નહિ પરંતુ નિર્વીર્યતાની નિશાની છે.

એકાક્ષરી પણ અનેકાર્થી શબ્દ

**ભા** = પિતા, પિતામહ, માતામહ કે વૃદ્ધ વડીલ; અગ્રણી કે મુખી; રાજપૂતોમાં નામને છેડે લગાડાતો માનવાચક પ્રત્યય; નાનેરાં માટેનો લાડભર્યો ઉદ્‌ગાર; ભાઇ; મળતાપણું; પડછાયો કે છાંયો; સૂર્ય; પ્રકાશ કે આભા.

કોની કેટલી ગતિ?

| | | | |
|---|---|---|---|
| આંગળીના નખ | (વર્ષમાં) | ૨½ | ઇંચ વધે |
| માણસના વાળ | ,, | ૧૬ | ,, |
| વાંસ | ,, | ૩૩ | ,, |
| હવાની લહરી | (એક કલાકે) | ૫ | માઈલ |
| માણસની ચાલ | ,, | ૯½ | ,, |
| મચ્છી | ,, | ૧૨ | ,, |
| માણસની દોડ | ,, | ૧૪½ | ,, |
| હાથી | ,, | ૨૫ | ,, |
| ગ્રેહાઉન્ડ કૂતરો | ,, | ૩૬ | ,, |
| સંદેશવાહક કબૂતરો | ,, | ૪૦ | ,, |
| ઘોડેસવાર | ,, | ૪૧ | ,, |
| સામાન્ય વહાણ | ,, | ૫૬ | ,, |
| ગરુડ | ,, | ૧૨૫ | ,, |
| મોટરબોટ | ,, | ૧૨૫ | ,, |
| આગગાડી | ,, | ૧૨૫ | ,, |
| દરિયાઈ જહાજ | ,, | ૪૪૦ | ,, |
| ધ્વનિ | ,, | ૭૯૦ | ,, |
| વાવંટોળ | ,, | ૧૨૦૦ | ,, |
| બંદૂકની ગોળી | ,, | ૧૮૦૦ | ,, |
| પ્રકાશ | (એક સેકંડે) | ૧૮૬૩૨૫ | ,, |





**શિવનું વિષપાન**

કલાકાર · નંદલાલ વસુ

મહાન ચિત્રકારના સામર્થ્યની એક કસોટી તે કોઈ દેવના, ઇતિહાસ પાત્રની વિભૂતિ કે માનવશ્રેષ્ઠની લક્ષણમૂર્તિ (icon) કેવી સર્જી શકે છે તેમાં ગણાય છે. ભારતના શિલ્પીઓએ નટરાજ શિવ કે ભગવાન બુદ્ધની, પશ્ચિમના કલાકારોએ કારુણ્યમૂર્તિ ઈશુની એવી લક્ષણમૂર્તિઓ સર્જી છે જે કાળપરંપરાથી જનસમાજના હૃદયમાં અંકિત થઈ છે. આધુનિક યુગમાં એવી લક્ષણમૂર્તિ સર્જનારા વિરલ કલાકારોમાં નંદલાલ વસુનું અગ્રસ્થાન છે. એમણે સર્જેલી શિવની લક્ષણમૂર્તિ જૂન અંકમાં આપણે જોઈ છે. એ જ શિવનું વિષપાન સમયનું આ ભવ્ય ચિત્ર સંસારનાં ઝેર સારવીને પચાવવાનો પ્રબોધ કરતું ભારતની કલાપરંપરામાં અમર રહેવાને સર્જાયું છે.